ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 3 • JUNE 2018 • PAGES 64 • PRICE 30/-
ગુજરાતી–અંગ્રેજી વર્ષ – ૬ (કુલ વર્ષ ૬૬) અંક– ૩ • જૂન ૨૦૧૮ • પાનાં – ૬૪ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

लोभविजएणं भन्ते! जीवे किं जणयइ ?

लोभविजएणं संतोसं जणयइ। लोभवेयणियज्जं

कम्मं न बंधइ, पूव्वबद्धं च निज्जरेइ ।।

O Bhagavan ! What does the soul acquire by conquering greed?

By conquering greed the soul acquires the quality of contentment. He does not do any Karma caused by greed and becomes free from the past Karmas.

भन्ते। लोभ-विजय से जीव क्या प्राप्त करता है ?

लोभ-विजय से जीव संतोष को प्राप्त करता है।

वह लोभ ये उत्पन्न होनेवाला कर्मबंधन नहीं करता और पूर्वबद्ध कर्मों को क्षीण करता है।

હે ભગવાન! લોભને જીતવાથી જીવ શું પામે છે ?

લોભને જીતવાથી જીવ સરળતા પામે છે. લોભથી ઉત્પન્ન થતાં કર્મોને તે બાંધતો નથી અને પૂર્વે જે કર્મ બાંધ્યાં હોય તેનો ક્ષય કરે છે.

**ડૉ. રમણલાલ ચી. શાહ 'जिन वचन' ગ્રંથિત માંથી**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સમ્યકદર્શન : વિચાર, સમજણ, આચાર, પ્રાપ્તિ | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | અધ્યાત્મજીવનનું નંદનવન | ડૉ. કુમારપાળ દેસાઈ | ૭ |
| ૩. | સમ્યક્દર્શન | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૧૧ |
| ૪. | સમ્યક આચાર અને આહાર | હિંમતલાલ શાંતીલાલ ગાંધી | ૧૭ |
| ૫. | આચાર્યશ્રી વિદ્યાસાગર : એક વિભૂતિ | ઉષા નરેશ સંઘવી | ૨૦ |
| ૬. | ભક્તામર સ્તોત્ર | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૨૩ |
| ૭. | ઉપનિષદમાં રથવિદ્યા | ડૉ. નરેશ વેદ | ૨૮ |
| ૮. | એક વરદાનની નજીક જવા જેવું | ડૉ. ગુલાબ દેઢિયા | ૩૦ |
| ૯. | Building Strong Character Through Twelve+Four Reflections-concepts - ભાવના | Bakul Gandhi | ૩૧ |
| ૧૦. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૯ | કિશોરસિંહ સોલંકી | ૩૯ |
| ૧૧. | સ્વમાન અને અભિમાન | શ્રી નટવરલાલ દેસાઈ | ૪૨ |
| ૧૨. | સમાજને ગ્રંથ મંદિરોની જરૂર છે.. | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૪૩ |
| ૧૩. | અક્ષરના અનન્ય અને અનોખો આરાધક : ડૉ. હરિવલ્લભ ભાયાણી | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૪૪ |
| ૧૪. | દાદા ધર્માધિકારીનું સુંદર પુસ્તક : 'ગાંધી કી દૃષ્ટિ' | સોનલ પરીખ | ૪૬ |
| ૧૫. | સત્યનું આચરણ એજ ધર્મ | ત્વચચિંતિંતક વિઠ્ઠલભાઈ પટેલ | ૪૭ |
| ૧૬. | કચ્છી ભવન પાલીતાણામાં નિર્માણ થતા 'રૂપકડા જિનાલયની ઝલક' | હંસા ખુશાલ રાંભિયા તથા ચંદુલાલ ગાંગજી ફેમવાલા | ૪૯ |
| ૧૭. | જ્ઞાન-સંવાદ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૫૦ |
| ૧૮. | ભાવ-પ્રતિભાવ | વાચક મિત્રો | ૫૨ |
| ૧૯. | ડૉ. કલાબેન શાહ - સ્મરણાંજલિ | ડૉ. રેખા વોરા | ૫૫ |
| ૨૦. | The True Perception... The Right Faith.. "Samayk Darshan" | Prachi Dhanvant Shah | ૫૮ |
| ૨૧. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૬૦ |
| ૨૨. | અતીતની બારીએથી આજ | શ્રી બકુલ ગાંધી | ૬૩ |
| ૨૩. | જો હોય મારો અંતિમ પત્ર તો... | ડૉ. ગંભીરસિંહ ગોહિલ | ૬૪ |


આ અંકના અવતરણો આરોહ અવરોહ અને.... અરિહંત! - પુસ્તકમાંથી લીધાં છે. : રચયિતા : વિજય દોશી

મુખપૃષ્ઠ પર આપેલું ચિત્ર જાણીતા બંગાળી ચિત્રકાર શ્રી નંદલાલ બોઝનું છે. તેઓ આધુનિક ભારતીય ચિત્રકળાના મહત્વના સર્જક હતા. ભારતીય બંધારણની મૂળ પ્રત પર તેમના ચિત્રો છે.

ઉચ્ચ સ્તરનું જ્ઞાન ગ્રહણ કરવા માટે ઉપાસક માટે નિરંતર સાધના કરવાનું ઘણું આવશ્યક છે. સાધનાથી જ્ઞાન ગ્રહણ કરવાની ક્ષમતા વધે છે. જ્ઞાનના યોગ્ય ઉપયોગ માટે સાત્ત્વિક બુદ્ધિ પણ




સાધના દ્વારા જ સંભવ છે. 'વિદ્યા વિનયેન શોભતે।' ઉક્તિ અનુસાર શ્રી સરસ્વતીદેવીને 'ઓછો અહં' ધરાવતો ઉપાસક વધારે પ્રિય છે. વિનમ્ર, શરણાગત અને કૃતજ્ઞતાભાવથી સંપન્ન ઉપાસક ભલે કાંઈ ન માગે, તેમ છતાં પણ શ્રી સરસ્વતીદેવી તેને સ્વયં વિદ્યા પ્રદાન કરે છે.

શ્રી સરસ્વતીદેવીને સંકુચિત મનોવૃત્તિના ઉપાસકને બદલે વ્યાપક પ્રવૃત્તિના ઉપાસક વધારે પ્રિય છે. આવા ઉપાસકોને જ્ઞાન આપવાથી તે જ્ઞાન કેવળ તેના સુધી જ સીમિત રહેવાને બદલે, સર્વ જીવો સુધી તે જ્ઞાન પહોંચી જાય છે.

**સૌજન્ય : શ્રી રમેશ બાપાલાલ શાહ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)


# પ્રબુદ્ધ જીવન


વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- | વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • જેઠ વદ -૩

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ


### તંત્રી સ્થાનેથી...

## સમ્યક્દર્શન : વિચાર, સમજણ, આચાર, પ્રાપ્તિ

જીવનની રાહ જોઇને ઊભેલાને જીવન મળે અને જાત સાથે સંવાદ મંડાય છે. ''પૃથ્વી પર મારું અવતરણ માત્ર મેં સેવેલા મનોરથોને પુરા કરવા માટે છે? મનુષ્ય ખુશ રહેવા ઇચ્છે છે, નાની-નાની ઇચ્છાઓ પૂરી થાય છે અને અને લાગે છે કે એ નસીબદાર છે. મનોરથ શું છે? ભૌતિક સગવડોનો ખ્યાલ આવે, જેની ખેવના સતત વધ્યા જ કરે, સૌથી લલચામણી અને દુ:ખી કરનારી બાબત. એમાં જો સંતુષ્ટિ મળી જાય તો અર્ધું જગત જીત્યા. કેવું છે મનુષ્ય મનનું? શોધમાં છે સુખની અને શોધી લાવે છે, દુ:ખ. સહજ, સરળ, સંવેદનશીલ જીવનના કપરાં વમળો ફરી ફરી સતાવે છે. મન પૂછે છે,

ૠતુ બદલાઈ છે, પણ વૃત્તિ બદલાઈ કે નહીં?
વૃત્તિ બદલાઈ પણ, એ ટેવમાં પરિણમી કે નહીં?
જો ટેવ પડી ગઈ તો એની સહજતા ન ખોરવાય,
સહજ હોય એનું ગૌરવ ન હોય, હોય માત્ર ઉત્સવ

જરાક ઘસરકા જેવું પડે અને મનુષ્ય સંબંધો પર્વતની ટોચ પરથી ખાઈમાં ઘસી પડે છે. જરાક અમથી વાત, હૃદયના તારને રંજાડી દે છે. પોતાની જ ઇન્દ્રિયો પોતાના કાબુમાં ન હોય ત્યારે મન વિચલિત થાય અને જાતે દુ:ખી થવાના અનેક કારણો મળી જાય. બધાને જ સુખ જોઈએ પણ સુખ તરફના પ્રયત્નો કયાં? સુખ ઘરને નાકે આવીને મળે છે ત્યારે એની ઓળખ ન પડે એવુંયે બને છે.

આટલું સમજવામાં એક આખું આયખું નીકળી ગયું, મારું સુખ મારામાં જ હતું અને હું સતત એને તારામાં શોધતો રહ્યો. પરમાત્માના મુખ પર જે હાસ્ય હોય છે, તેને ધ્યાનથી જોજો. કૃષ્ણ, મહાવીર કે બુદ્ધ ના મુખ પર મલકાટ હોય છે, તે આપણી અણસમજ પર તેમની કરૂણાભીની દ્રષ્ટિનો પ્રતિભાવ છે. આ મલકાટ, જેને સંસારને સમજી તેના રહસ્યને સ્ફુટ કરી લીધું છે, તો બીજી તરફ કેટલાક અધ્યાત્મ ગુરૂ જેને આ સત્ય સમજાઈ ગયું છે, તેમને પોતાના માર્ગને શોધી લીધો છે અને તેમનાં મુખ પર કોઈ અપેક્ષા નથી. તેમની શોધને મંજિલ મળી ગઈ છે એટલે તેઓ માર્ગના પ્રવાસી બની ગયા છે. આ કોઈ છટપટાહટ નથી.


આ અંકના સૌજન્યદાતા

જાસુદબેન કાન્તિલાલ સોનાવાલા


હમણાં એક ક્લિનીકમાં ડોક્ટર અને દર્દીની વાત સાંભળવાનું બન્યું. ડોક્ટરે, 'કઈ મુશ્કેલીઓ પડે છે', એમ પૂછ્યું એટલે દર્દીએ એક આખું લાંબુ લીસ્ટ કહી દીધું. ત્યારે એના મોઢા પર આટલી મુસીબતો તેની પાસે છે, તેનો ગર્વ અને એમાંથી છૂટવા માટેની લાચારી બંને હતા. એક ચેલેન્જ પણ હતી કે આટલી મુસીબતોથી, તમે મને કઈ રીતે બચાવશો? ડોક્ટર પેલા સંન્યાસી જેવું હસ્યા અને પૂછ્યું કે 'બોલો શું કરવું છે, શરૂઆત ક્યાંથી કરવી છે, મારી તો ક્ષમતા જ નથી કે હું આટલાં પ્રશ્નોના સાથે જવાબ આપી શકું.' પેલા માણસનો ગર્વ વધુ ખીલ્યો અને બોલ્યો 'તમે એમ કરોને સાહેબ, હું પરેજી પાળીશ એટલે આટલી બીમારી તો મટી જશે, બાકીનું જે સમજાતું નથી, તેમાં તમે જરા ઉપાય બતાવોને!' ડોક્ટર ફરી પેલાં સંન્યાસી જેવું હસ્યાં. મનમાં જ બોલ્યાં કે 'જો હું કહેત, આમ ન કરો તો કદાચ


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

બહાનાં બતાવત, પોતે ઉપાય જાણે છે, પણ જ્યાં સુધી હું મારી અક્ષમતા નથી દર્શાવતો ત્યાં સુધી પોતે નહી કરે.'

મોટેભાગે એવું બનતું હોય છે કે ઉપાય માણસમાં જ પડ્યો હોય છે અને જાણતા પણ હોય પરંતુ જ્યાં સુધી સ્વ અહંકાર ન સંતોષાય ત્યાં સુધી કાર્ય કરવાની પ્રેરણા ન થાય. મુસીબત એ છે કે દરેક બાબતને આજે આપણે આપણા અહંકારનો ભાગ બનાવી દીધો છે. **'અરીસાની સામે ઊભા રહીએ, તો પોતાનું ચિત્ર દેખાય અને ત્યારે મન શોધે કે મારામાં શું ઉત્તમ છે અને અન્યની સામે ઊભા રહીએ ત્યારે મન શોધે કે શું-શું ખરાબ છે ?'** આ વૃત્તિથી મુક્ત થવું અને જાતને સમજાવી, મારા સુખ નહીં પણ સંતોષના સ્વામી પોતે જ બનવું છે.

જીવનના, મૂંઝપણ કે મુસીબતોના રસ્તા આપણામાં જ પડ્યાં હોય છે, ધર્મ એ જીવનથી વેગળી બાબત નથી, આ અંકમાં સમ્યકદર્શનની વિશે વાતો પણ કરવાનું ધાર્યું, નિમિત્ત છે **સત્ય વિજ્ઞાન ફાઉન્ડેશન**. મનુષ્યની શોધ છે **સત્યની**, એને જોઈએ છે **શાંતિ.** આ બે બાબતો સમજવા માટે જરૂરી છે દ્રષ્ટિની અને દ્રષ્ટિ આચારમાં ભળે, સમજ કેળવાય. જે મિથ્યાત્વ છે, તેની સમજ સામે તટસ્થ રહેતાં શીખાય એ **સમ્યક દ્રષ્ટિ.** એ દ્રષ્ટિથી વ્યવહાર શુધ્ધ બને, અને પોતાનાં આચારમાં શુદ્ધત્વ આવે, મુક્તિનાં સોપાનને સમજી શકાય. મોક્ષ એ ભૌગોલિક સ્થાનનું નામ માત્ર નથી. મોક્ષ આત્માની પૂર્ણ અને શુદ્ધ દશાનું નામ છે. આ પૂર્ણ શુદ્ધ દશા માટે આત્માનું નિર્મળ પરિણમન હોવું જોઈએ. એ સમ્યક્ દર્શન છે. આપણે અનંત જન્મોમાં અનેકવાર શુભ ક્રિયાઓ કરી પણ આ બધું જ આત્મભાવના લક્ષ્ય વિના કર્યું એટલે અર્થ ન સર્યો.

હમણાં જ એક ભાઈની વિનંતીથી એમને પત્રનો ડ્રાફ્ટ જોઈતો હતો, તે લખી આપ્યો, પછી એ ભાઈ એ કહ્યું કે આને બદલાવીને આમ લખો. બદલાવ્યો, પછી પાછું કહે કે આ બરાબર નથી. એટલે લખનારે આખા પત્રમાં માત્ર એમનું નામ લખીને જ મોકલાવ્યો અને કહ્યું કે આગળ પાછળ તમે લખી લો ને, અને ખરેખર એ જગ્યા ભરાઈ ગઈ. દરેક વ્યક્તિ સૌથી વધુ પોતાના નામને ચાહે છે. પોતાનું નામ જોઇને, વાંચીને તેને અનહદ આનંદ થાય છે, ઘણીવાર એવું લાગે છે કે નામ જોઇને જ એને પોતાના અસ્તિત્વ પર વિશ્વાસ બેસે છે! આ નામના મોહથી મુક્ત થવાય ત્યારે નામ સિવાય અન્ય જગ્યામાં પોતાના અસ્તિત્વની શોધ આરંભાય છે. આ શોધનો આરંભ કરી શકીએ, પોતાને સમજી શકીએ અને પોતાનું સુખ પોતાનામાં વાંચતાં જોઈ શકીએ, એ સમ્યકત્વ દ્રષ્ટિ કેળવાય એ માટે આપણે, આપણી જાત સાથે વાત કરવાની શરૂઆત કરવી પડે અને એ શરૂઆત કરવા માટે કોઈ ઉપક્રમ જોઈએ. સત્ય વિજ્ઞાન ફાઉન્ડેશન અને શ્રુત રત્નાકર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સમ્યકત્વ શિબિરનું આયોજન કરાયું છે અને આજે ભારતભરમાં ૩૦થી વધુ શિબિર આયોજિત થઇ ગઈ છે, આ શિબિર વિશેની વાત કરતાં કરતાં થોડી વાત સમ્યકત્વ વિષે.

સત્ય વિજ્ઞાન ફાઉન્ડેશન ઉદ્યોગપતી શ્રી વલ્લભભાઈ ભણસાલીનું માનસ સર્જન છે. વલ્લભભાઈ અને મંગળભાઈ બન્ને ભાઈઓ જૈન સમાજના ભેખધારી શ્રાવકો. જૈન શ્રુત જ્ઞાનના સાચા ઉપાસક અને સેવાનો ભેખ ધારણ કર્યો છે. જૈન સમાજના પરિસંવાદો, શિબિરો, પુસ્તકો ઉપરાંત બીજી અનેક શ્રુતજ્ઞાનના સેવા સાથે જોડાયેલા છે. સમાજલક્ષી પ્રવૃત્તિ દ્વારા મૂલ્યો અને ધર્મ શ્રધ્ધાને દ્રઢ કરવા માટે અનેકોનેક કાર્ય કરે છે. સત્ય-વિજ્ઞાન ફાઉન્ડેશન, એ સત્ય અને વિજ્ઞાનનો સુમેળ છે. પ્રત્યેક મનુષ્યની સત્યની શોધ અને બીજી તરફ એની એ શોધને આધાર દે, તે વિજ્ઞાનની તાર્કિક ભૂમિકા. આ બંનેના સુમેળની સંકલ્પના છે સત્યવિજ્ઞાન ફાઊન્ડેશન. તેઓ માને છે, સત્ય અને જ્ઞાન આ બે જીવનના બહુ જ અગત્યના મૂલ્યો છે, જે વ્યક્તિના જીવનનો આધાર જ સત્ય હોય તે જીતે છે અને જે જ્ઞાનનો આધાર લે છે તેનો સ્વ વિકાસ થાય છે. બંને આત્માના વિકાસ માટે અગત્યના છે. સત્યને જાણવા-સમજવા સમ્યક્ દર્શન મહત્વનું છે.

આ વિજ્ઞાન માત્ર વ્યવહારના વિજ્ઞાન સુધી સીમિત નથી. શાસ્ત્રની અંદર જે વિજ્ઞાન છે તે પરમજ્ઞાનનો વિસ્તાર છે. બે જ્ઞાન પૈકી વિશેષ જ્ઞાન functional જ્ઞાન છે, જ્યારે વિસ્તાર જ્ઞાન માત્ર વિગતો આપીને અટકી જતાં વિજ્ઞાનથી વધુ આગળ જઈ વિસ્તૃત માહિતી આપે છે. આ સંસ્થાના વૈચારિક મૂળ સ્પષ્ટતાથીભર્યા ઊંડા છે. સત્યને જાણીને સત્ય કઈ રીતે કાર્ય કરશે, સમજનું, સમજાવવું અને તે સમજણનો વ્યાપ કરવો છે. સત્ય વિજ્ઞાન ફાઉન્ડેશન આવા અનેક નવા પંથે આપણને લઈ જવા માંગતું હોય ત્યારે, આપણને રોકવાવાળાં આપણે કોણ?

સત્યને સમજવા માટે દર્શન જરૂરી છે. સત્ય વિશેના અનેક લોકોના વિચારો જુદી રીતે વ્યક્ત થયા છે માર્ક ટ્વેઇનના માટે It's no wonder that truth is stranger than fiction, Fiction has to make sense. મહાન વાર્તાકાર ફ્રાન્ઝ કાફકાએ સત્યને ચૂપકીદીમાં જોયું છે. રવીન્દ્રનાથ ટાગોરે જીવન સાથે જોડીને સત્યની વ્યાખ્યા કરતાં કહ્યું કે Facts are many, but the truth is one. બુદ્ધએ કહ્યું છે કે જગતમાં ત્રણ બાબતો કદી લાંબા સમય માટે છુપાયેલી નથી રહી શકતી, એ છે - સૂર્ય, ચંદ્ર અને સત્ય. બીજી તરફ સત્‌ના માર્ગ વિશેના બુદ્ધના વચનને પણ યાદ કરવા જરૂરી છે, The buddha called suffering a holy truth, because our suffering has the capacity of showing us the path to liberation. Embrace your suffering and let it reveal to you the way to peace. આ સાથે અહીં કૃષ્ણમૂર્તિને યાદ કરીએ જેમને કહ્યું છે કે સત્ય એ પરિણામમાં નહીં, એની

પ્રક્રિયામાં વધુ રહેલું છે, Truth is more in the process than in the result. Truth is more in the process than in the result. આ સત્યને પોતાના આત્મા, પોતાની ચેતનામાં શોધવાની વાત ગાંધીજી એ પણ કરી હતી.

સમ્યક દૃષ્ટિ અસત્ય/મિથ્યાદશા પર બાઝેલા પડને દૂર કરે છે, મિથ્યાદશામાં જ્ઞાન જે પ્રવર્તતું હતું, તેને કારણે કુમતિમાં જીવતા હતા. તેમાંથી મુક્તિ થાય છે. વાદળો થોડા પણ દુર થાય તો પ્રકાશ વર્તાય, વાત એટલી જ છે કે અંદર, સ્વાનુભૂતિનો રંગ ચડી જાય, ને રાગનો રંગ ઊતરી જાય. **આત્માની શુદ્ધ અનુભૂતિ રાગના રંગ વગરની છે, જેને આવી અનુભૂતિનો રંગ છે, તે રાગથી રંગાઈ જતો નથી. એકવાર આત્મામાંથી રાગનો રંગ ઊતારીને સ્વાનુભૂતિનો રંગ ચડે, સ્વાનુભૂતિપૂર્વક થતું સમ્યકદર્શન તે મોક્ષનું દ્વાર છે.**

એક ક્ષણભરના સ્વાનુભવથી જ્ઞાનીનાં જે કર્મો તૂટે છે, અજ્ઞાનીનાં લાખો ઉપાય કરતાં તે તૂટતાં નથી. આમ સમ્યક્ત્વનો-સ્વાનુભવનો અચિંત્ય મહિમા છે.

હજારો વર્ષના શાસ્ત્રભણતર કરતાં એક ક્ષણનો સ્વાનુભવ વધી જાય છે. જેને ભવ સમુદ્રથી તરવું હોય તેણે સ્વાનુભવની વિદ્યા શીખવા જેવી છે. ઉપદેશછાયા-૧૦માં પરમકૃપાળુદેવ કહે છે, સમ્યગદ્રષ્ટિ જીવને 'કેવળજ્ઞાન' કહેવાય. વર્તમાનમાં ભાન થયું છે માટે 'દેશે કેવળજ્ઞાન' થયું કહેવાય; બાકી તો આત્માનું ભાન થયું એટલે કેવળજ્ઞાન.

જ્યારે રત્નની ખરીદી કરવા ગયા ત્યારે અનેક પ્રકારના રત્ન જોઈને અંદર ઘણા વિચાર પ્રવર્તતા હતા કે, કયું લેવું ? પણ જ્યારે નક્કી કરીને ખરીદી લીધું, પૈસા આપી દીધા પછી તેને પહેરવાનું જ સુખ હોય છે. પછી વિકલ્પ રહેતાં નથી. તેમ આત્માના લક્ષણોનું કે ગુણોનું ચિંતન કરે છે, ત્યાં સુધી વિકલ્પ છે પણ પછી જ્યારે એ વિકલ્પ છૂટી જાય છે ત્યારે તે નિર્વિકલ્પ થાય છે અને આનંદ અનુભવાય છે.

**તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ.**
**તેમ મિથ્યાભાવની ઓથે આતમ રે, આતમ કોઈ દેખે નહિ.**

આત્માને ચૈતન્યને ઓળખવા માટે ઇન્દ્રિયો અને રાગથી પર થવાનું છે. આ જીવત્વ શક્તિ જેને સમજાઈ અને પ્રગટાવી, તેને માટે એ જડીબુટ્ટીનું કાર્ય કરે છે. જે તેને હસ્તગત કરે છે, તે માનો અમર બની જાય છે. શ્રીમદ્ આનંદઘનજી એક પદમાં કહે છે કે,

**અબ હમ અમર ભયેં ન મરેંગે,**
**યા કારણ મિથ્યાત્વ દિયો તજ,**
**ક્યોં કર દેહ ધરેંગે ?**
**અબ હમ અમર ભયે ન મરેંગે.**

રાગ અને પુણ્યને ભલાં માનીને સૂતાં માનવીને જગાડવાના છે. મિથ્યાભાવને માથે ચડાવી રહેલા માટે કહે છે,

**સહજાનંદી રે આત્મા સૂતો કંઈ નિચિંત રે;**
**મોહતણા રણિયા ભમે, જાગ જાગ રે મતિવંત રે.**

આ વિષય પર વિસ્તૃત રીતે સમજાવતાં શ્રી વલ્લભભાઈ કહે છે કે સ્વાનુભવ એ અત્યંત મહત્વનો છે. આપણે જેને જોયો નથી એની વાતો કરીએ છીએ તે બદલે આપણે અનુભવ પણ કેન્દ્રિત કરીયે. સમ્યકત્વની સ્થિરતા જાણીને, સમજીને આચારમાં ઉતરશે રહે પછી એને પામી શકાશે. આ પ્રત્યેક તબક્કાની વ્યવહારીક અને તાત્વીક/શાસ્ત્રીય ભૂમિકા આ શિબિરનો પ્રાણ છે.

શિબિરના આયોજન પાછળ ધર્મ અને વિજ્ઞાનના તર્કનું ઊંડાણ અને એની વ્યવહારિક અને વિસ્તૃત ભૂમિકા મહત્વની છે.

શ્રી વલ્લભભાઈ પાસેથી (સમ્યક્‌ની સમજ વિશેનો વિસ્તૃત લેખ મળશે. ત્યારે અનેક નવી દિશા ઉઘડશે તેમાં કોઈ અંક્ષ જ નથી) શ્રીમદ્‌જી કહે છે કે સત્ સરળ છે, સુગમ છે, સહજ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, **પણ સત્‌ને પ્રાપ્ત કરાવનાર 'સત્' મળવા દુર્લભ છે.**

જેમ જાણવું, એ જ્ઞાનનું લક્ષણ છે તેમ અનુકૂળતા સુખશક્તિનું લક્ષણ છે. રાગ વિકાર તો આકુળતા છે, દુઃખરૂપ છે. બાહ્યભાવોની ઈચ્છામાત્ર દુઃખરૂપ છે, દુઃખનું મૂળ છે. શ્રીમદ્‌જી કહે છે,

**હે જીવ ! ક્યા ઈચ્છત હવે ? હે ઈચ્છા દુઃખમૂલ.**
**જબ ઈચ્છા કા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.**

માટે ઈચ્છામાત્રથી વિરામ પામી, સુખના ભંડાર એવા સ્વરૂપમાં તન્મય થઈ જા.

ધ્યાન આપણી જિંદગીમાં ડાયમેન્શન, આયામની એક શોધ છે, જ્યાં આપણે પ્રયોજન વગર ફક્ત હોવાથી જસ્ટ ટૂ બી - હોવા માત્રથી આનંદિત થઈએ છીએ અને જ્યારે પણ આપણા જીવનમાં ક્યાંયથી પણ સુખનું કોઈ કિરણ ઊતરે છે, તો તે જ ક્ષણ હોય છે, જ્યારે આપણે ખાલી કામ વગર સમુદ્ર તટ પર, કે કોઈ પર્વતની ટોચ પર કે રાતના આકાશના તારાની નીચે કે પછી સવારના ઊગતા સૂર્યની સાથે, કે પછી આકાશમાં ઊડતા પક્ષીઓની પાછળ કે ખીલતા ફૂલોની પાસે, બિલકુલ બેકાર, એકદમ વ્યર્થ ક્ષણમાં હોઈએ છીએ, ત્યારે આપણા જીવનમાં સુખનાં થોડાંક ધ્વનિ ઊતરે છે.

દૃષ્ટિ સમ્યક હશે, તો વ્યવહાર સમ્યક બનશે અને વ્યવહાર સમ્યક બનશે, તો ફરિયાદ ઓછી થશે અને પછી સ્વને સમજવાના માર્ગ પર વ્યવધાન ટાળવા સરળ બનશે. આત્માને ભૂલીને થતાં કાર્યો સમ્યક નથી. આત્માને ભૂલીને થતાં કાર્યોનો માર્ગ સમ્યકત્વ તરફ નથી લઇ જતો.

આત્માની રુચિ સમ્યક દર્શન માટે જરૂરી છે. બાહ્ય ઉપચારે કશું નહીં વળે, કારણ એ ક્રિયા તો યંત્રવત થઇ જશે, આત્મભાવ વિનાની શુભ પ્રવૃત્તિ પણ શું કામની?

સમ્યક દર્શન નવ તત્વોની સાચી સમજણ આપે છે. જીવ એટલે જેનામાં સંવેદના કરવાની શક્તિ છે, અજીવ એટલે જે નાશવંત ચીજો છે તે, પુણ્ય જે શુભ ક્રિયાનું પરિણામ છે. પાપ જે અશુભ ક્રિયાનું પરિણામ છે, આશ્રવ જે કર્મોને આવવાનો દ્વાર છે, સંવર જે કર્મોને રોકનાર છે, નિર્જરા એટલે સંચિત કર્મોને બહાર કાઢવાની વિધિ છે, બંધ એટલે આત્માનું કર્મોથી બંધાવું અને મોક્ષ એટલે આત્માનો અનુભવ કરીને મોહથી સદા માટે મુક્ત થવું તે છે. આત્માની અનુભૂતિ થાય એટલે જીવને શરીર અને આત્માનું ભેદજ્ઞાન થાય છે. શરીર અને આત્મા જુદા છે એવો બોધ થાય છે. જીવની આસક્તિ છૂટી જાય છે. આ નવ તત્વોની સમજણ આવે એટલે જીવ બધું જ કરતો હોવા છતાં આત્મ ભાવ પ્રત્યે જાગૃત રહેશે.

આજે અનેક નાની બાબતો જીવને સતાવે છે ત્યારે ધ્યાન તરફનો માર્ગ પણ વિચારવા જેવો છે. પોતાના દુઃખ અને સુખનું કારણ પોતાનામાં જ છે. સમ્યક દર્શનની સાધના માટે જરૂરી છે કે હું મારી જાતને બહારના પ્રભાવોથી મુક્ત રાખું. નાની નાની બાબતોમાં, ખિન્ન થઇ જાઓ તો તમારી કિંમત શું? બીજો એક અભ્યાસ કરો કે 'મારા સુખ દુઃખનું કારણ હું છું, અન્ય કોઈ નહિ.' બીજા લોકોને કે બહારી પરિસ્થિતિને દુઃખનું કારણ માનવું એ મિથ્યાત્વ છે. સમ્યક દર્શન ન આવે ત્યાં સુધી શાસ્ત્ર જ્ઞાન પણ અજ્ઞાન- મિથ્યા છે અને આવા જીવનું ચરિત્ર પણ મિથ્યા છે. સમ્યક દર્શન એટલે સાચું દર્શન, જે વસ્તુ જેવી છે, એને એના એ સ્વરૂપમાં જ જોવી. આવું દર્શન ઉઘડ્યા પછી બધા ભ્રમો નાશ પામે છે. જીવ બંધનથી મુક્તિના માર્ગે ગતિ કરે છે.

સમ્યક દર્શનની વધુ સ્પષ્ટ સમજ અને એને જીવનનો લય બનાવવા, ચાલો, આપણે શિબિરના પ્રવાસી બનીએ.

❑ **ડૉ. સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

**નોંધ :- આ વખતના અંકમાં કેટલાંક વિશેષ લેખો સમ્યકત્વ પર લીધાં છે. વાચકોને રસ પડશે. એ આશા સાથે...**

## સમ્યગ્દર્શન શિબિર

માનવી પોતાના અભિગમો, માન્યતાઓ અને ટેવો ને કારણે પદાર્થ જેવો છે તેવો જ જોવા ને બદલે પોતાના વિચારોને લીધે ભિન્ન ભિન્ન રૂપે જુએ છે તેના કારણે દુઃખી થાય છે. વિવાદો ઉભા થાય છે અને પરેશાન થાય છે તેમાંથી મુક્તિ મેળવવા માટે વસ્તુ જેવી છે તેવી જ જોવાનો અભ્યાસ કેળવવો જરૂરી છે. જેનાથી આજના જીવનના આપણે જ ઉભા કરેલા પ્રશ્નો શમાવી અનહદ શાંતિ અને સત્ય સુધી પહોંચવાનો માર્ગ સમ્યગ્દર્શન વિષયક ત્રણ દિવસની શિબિરમાંથી પ્રાપ્ત થાય છે. જાણવું-સમજવું-આચરવું અને પામવું એ આ શિબિર દ્વારા મળે છે.

સત્ય વિજ્ઞાન ફાઉન્ડેશન દ્વારા ત્રણ દિવસની શિબિરનું આયોજન સમગ્ર ભારતમાં જુદા જુદા શહેરોમાં થઈ રહ્યું છે. આવા ૨૫ થી વધુ આયોજનો થઈ ચૂક્યા છે. અમે આટલાંજ બીજા આયોજનો માટે આમંત્રણો મળ્યા છે. શિબિરના મુખ્ય સંચાલક, વિચારક, શિલ્પી એટલે વિદ્વાન ડૉ. જિતેન્દ્રભાઈ શાહ અને શ્રી વલ્લભભાઈ ભંશાલી. ખૂબ જ વિશાળ વાંચન, સઘન સંશોધન અને વિશિષ્ટ અનુભવના આધારે આ કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે. આ શિબિરમાં સમ્યક્ત્વ જે જીવનનો પાયાનો સિદ્ધાન્ત છે તેનો તથા આત્મા અને પદાર્થના સત્ ને સમજવાનો તથા પામવાનો પ્રયત્ન પણ કર્યો છે.

અમદાવાદ, મુંબઈ, બેંગ્લોર, લુધિયાના, જમ્મુ, હરિદ્વાર, કલકત્તા આદિ અનેક શહેરોમાં સફળ આયોજનો થયા છે. ખૂબ જ ભાવભર્યા, આવકાર દાયક પ્રતિભાવો પ્રાપ્ત થયો છે. આ શિબિરના આયોજન માટે અને શિબિરમાં કાર્યકર્તા તરીકે જોડાવા - સહયોગ કરવા ઈચ્છતા સહુ કોઈ સંપર્ક કરો.

**હિતેશભાઈ મુથા - ૯૮૨૧૩૬૦૪૦૫**
**શ્રી જીતેન્દ્ર શાહ - ૯૮૨૫૮૦૦૧૨૬**

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# અધ્યાત્મજીવનનું નંદનવન

## ડૉ. કુમારપાળ દેસાઈ

જૈનદર્શનના વિરાટ આકાશમાં સ્વાધ્યાય વિશેનું ચિંતન-મનન આપણા અંતર અને આત્મા બંનેને પુલકિત કરે છે. સાધુ હોય, શ્રાવક હોય કે સાધક હોય, સહુના આત્મામાં એક સાથે સો સૂરજનું અજવાળું પાથરનાર સ્વાધ્યાય છે. એ સ્વાધ્યાયની નિર્યુક્તિ પર દૃષ્ટિપાત કરીએ તો એનો પહેલો અર્થ પ્રાપ્ત થાય છે તે સ્વ + અધ્યાય. 'સ્વ' એટલે આત્માને માટે હિતકારક અને 'અધ્યાય' એટલે અધ્યયન, અર્થાત્ આત્મહિતકારક શાસ્ત્રોનું અધ્યયન તે સ્વાધ્યાય. આજે અધ્યયન શબ્દ જુદા જુદા વિષયોના ગ્રંથોના અભ્યાસ માટે પ્રયોજાય છે, પરંતુ અહીં સ્વાધ્યાય શબ્દથી 'સ્વ' એટલે કે 'પોતાના આત્માને ઉપકારક' એવા ગ્રંથની વાત કરવામાં આવી છે. આ સંદર્ભમાં સ્વાધ્યાય કરનારે લક્ષ પર દૃષ્ટિ ઠેરવીને ગ્રંથનો સ્વાધ્યાય કરવો જોઈએ એટલે કે આત્માના મૂળ સ્વરૂપની ઓળખ આપે તેવાં અને તેને હિતકારક એવા ગ્રંથોનું વાચન કરવું જોઈએ.

આજે સમાજમાં એવા ઘણા ગ્રંથો પ્રગટ થાય છે જે વ્યાવહારિક દૃષ્ટિએ આપણને ઉપયોગી બને છે. 'સ્ટ્રેસ' દૂર કરવાથી માંડીને પ્રભાવશાળી વ્યવસાયી જીવન જીવવા સુધીના આવા ગ્રંથોનું વાચન એ અધ્યયન કહેવાય, સ્વાધ્યાય સહેજે નહીં. આવા ગ્રંથો સંસાર પ્રત્યેની આસક્તિ, આત્મામાં ક્લેશભાવ અને જીવનમાં વ્યાકુળતા જન્માવે છે, આથી સ્વાધ્યાય કરનારે આત્મા સિવાયના અન્ય બાહ્ય પદાર્થો કે વિકારી ભાવોને ઉત્તેજનારા ગ્રંથોનો ત્યાગ કરવો જોઈએ અને એ 'હેય'ને સમજીને આત્માની સર્વવિશુદ્ધ દશા પ્રગટ કરનારા ગ્રંથોને જ 'ઉપાદેય' માનવા જોઈએ.

આમ સ્વાધ્યાય સમયે સાધકે જે ગ્રંથ છોડવા યોગ્ય છે તેનો અને જે ગ્રહણ કરવા યોગ્ય છે તેનો સર્વપ્રથમ વિચાર કરવો જોઈએ. સ્વાધ્યાય સમયે એ ધ્યેય હોવું જોઈએ કે આવા ગ્રંથોના શ્રવણ અને સ્વાધ્યાય દ્વારા મારે મારા આત્મામાં અનંત, શાશ્વત આનંદ પ્રાપ્ત કરવો છે અને એ સ્વાધ્યાય પ્રગટતાં આપણા અંતરમાં આત્મભાવોનો એવો પ્રકાશ પથરાશે કે 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'ની એ ગાથા ચિત્તમાં ગુંજારવ કરશે -

सज्झायं च तओ-कुज्जा, सव्वभावविभावणं।

(સ્વાધ્યાય સર્વ ભાવોને પ્રકાશિત કરે છે.)

પરંતુ સામાન્ય સાધકે તો સ્વાધ્યાયશીલ બનવા માટે જીવનમાં ત્રણ આરાધના-સોપાન પર આરોહણ કરવું પડે છે.

એનું પહેલું સોપાન છે, કે એ ગ્રંથોના સ્વાધ્યાય કાજે વ્યવહાર અને સાંસારિક કાર્યોમાંથી નિવૃત્તિ મેળવીને ગ્રંથોના અધ્યયન તરફ વળવું પડશે. આજના સમયનો સૌથી મોટો વ્યાધિ એ આધુનિક માનવીની વ્યસ્તતા છે. ઘણી વ્યક્તિ એવી ફરિયાદ કરતી હોય છે કે, 'માથે કામનો એટલો મોટો બોજો છે કે મરવાનો પણ સમય નથી' અથવા તો ઘણી વ્યક્તિ એમ વિચારતી હોય છે કે 'વૃદ્ધાવસ્થામાં આ બધું નિરાંતે કરીશું, બાકી હાલ તો એક ઘડીનીય ફુરસદ નથી.' હકીકતમાં આવી વ્યસ્તતા ધરાવનારા માનવીના આત્માની વાત તો ઘણી દૂર રહી, પણ એ એના હૃદયનાં-ભીતરનાં - દ્વાર બંધ રાખીને બહિર્મુખતાથી ભૌતિક જગતમાં આંધળી દોડ દોડતો રહે છે. એની 'પર' પ્રત્યેની દોડ એને 'સ્વ'થી સર્વથા વિમુખ રાખે છે, ત્યારે 'નિજ તત્ત્વ' પર નજર ઠેરવવી એ સ્વાધ્યાયનું પહેલું સોપાન છે.

નિયમિત રીતે સદ્‌ગ્રંથોનું વાંચન કરવું તે બીજું સોપાન. જેમ કુશળ ગવૈયો રોજેરોજ નિયમિત રિયાજ કરતો હોય છે, તેમ સાધકને માટે નિયમિત સ્વાધ્યાય જરૂરી છે. જો ઘોડાને અશ્વશાળામાં એક જ જગાએ બાંધી રાખો, તો સમય જતાં એની ચપળતા ઘટી જાય છે. એને રોજ જુદી જુદી જગ્યાએ ફેરવવો પડે છે. એ જ રીતે પાનદાનીમાં રાખેલાં પાન વારંવાર ફેરવવાં પડે છે. આથી નિયમિત સ્વાધ્યાયની એ માટે જરૂર છે કે જેને પરિણામે આપણી શાસ્ત્રોપાસના સતત જાગ્રત અને જીવંત રહે. આ સમય સ્વરૂપપ્રાપ્તિના મુખ્ય હેતુને લક્ષમાં રાખીને સાધક સદ્‌ગ્રંથોનું વાંચન કરે છે. વીતરાગતાનું મહાત્મ્ય વર્ણવતા, આત્માર્થ આરાધનાને દૃઢ કરાવે તેવા અને વૈરાગ્ય તથા ઉપશમને પોષક એવા ગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ.

નિયમિત સ્વાધ્યાય એ મહત્ત્વની બાબત છે. સાધુજીવનને માટે તો એમ કહેવામાં આવ્યું છે કે સાધુઓએ દિવસનો પ્રથમ પ્રહર સ્વાધ્યાયમાં વિતાવવો. બીજો પ્રહર ધ્યાનમાં, દિવસનો ત્રીજો પ્રહર ભિક્ષામાં અને ચોથા પ્રહરે પુનઃ સ્વાધ્યાય કરવો. એ જ રીતે રાત્રે પણ પ્રથમ પ્રહરે સ્વાધ્યાય, બીજા પ્રહરે ધ્યાન, ત્રીજા પ્રહરે નિદ્રા અને ચોથા પ્રહરે સ્વાધ્યાય કરવો જોઈએ. આમ સાધુઓએ દિવસ-રાત દરમિયાન ચાર વાર સ્વાધ્યાય કરવો જોઈએ અને જો તે ન થાય તો પ્રતિક્રમણમાં એને માટે ક્ષમાનું વિધાન છે.

સ્વાધ્યાયની સાથે ધ્યાન અને જપને જોડીને તેમજ એને ઉત્તમ પ્રકારનું તપ કહીને જૈનદર્શને એક અનેરી ગરિમા આપી છે અને 'ચંદ્રપ્રજ્ઞપ્તિ'માં કહ્યું છે કે

बहुभवे संचियं खलु,<br>सज्जाएण खणे खवेइ।

''અનેક ભવોનાં સંચિત કર્મોનો સ્વાધ્યાય દ્વારા ક્ષણભરમાં ક્ષય કરી શકાય છે. એમાં પણ વિશેષપણે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.''

સ્વાધ્યાયની નિયમિતતા એ સ્વાધ્યાયતપનો પાયો છે અને નિયમિત તપ હોય, તો જ સ્વાધ્યાયથી એકાગ્રતાની પ્રાપ્તિ થઈ

શકે છે. આવી નિયમિતતા હોય તો જ ગ્રંથના વિચારોના સળંગસૂત્ર પામી શકીએ અને એ ગ્રંથમાં રહેલું જ્ઞાન સાધકના આત્માની લિપિ બને છે. કેટલા ગ્રંથો વાંચ્યા તે સંખ્યા મહત્ત્વની નથી, પણ એ ગ્રંથો કેટલા જીવનમાં ઊતર્યા અને એની ભાવનાઓના આચરણનો આપણને કેવો ગાઢ રંગ લાગ્યો તે મહત્ત્વની બાબત છે.

એનું ત્રીજું સોપાન એ છે કે સ્વાધ્યાયથી જે કંઈ જ્ઞાનપ્રાપ્તિ થઈ, જે સ્વરૂપની ઓળખ મળી, તેને આચરણમાં ઉતારીને પોતાના જીવનની પ્રયોગશાળામાં એના પ્રયોગો કરતા રહેવું. ગ્રંથોના ઉચ્ચ વિચારો કે આદર્શો જાણવા એ પૂરતું નથી. એના શબ્દોના અર્થો ઉકેલવા એ પણ પર્યાપ્ત નથી, પરંતુ એમાં આપેલા વિચારોનું આચરણમાં રૂપાન્તર કરવું જરૂરી છે. સ્વાધ્યાય કરતી વખતે વ્યક્તિ એ શાસ્ત્રનું વાચન કરતો નથી, પરંતુ શાસ્ત્રકારની મનોસૃષ્ટિમાં પ્રવેશ કરવા પ્રયત્ન કરે છે. ગ્રંથનો પ્રત્યેક શબ્દ પામવાનો અને ઉકેલવાનો પ્રયાસ કરે છે. જેમ બંધ કમળપુષ્પની એક પછી એક કોમળ પાંદડીઓ ખૂલે, એ રીતે એને વિશે ઊંડું ચિંતન કરીને એના અર્થને સમજવા કોશિશ કરે છે. કદાચ સફળતા ન મળે તો એ માર્ગના અભ્યાસી કે મહાત્માને મળે છે અને એમની પાસેથી એનો મર્મ પામવા પ્રયત્ન કરે છે.

આ રીતે સ્વાધ્યાય સાથે જોડાયેલી એક મહત્ત્વની બાબત તે ગ્રંથવિશ્વનું ઊંડાણભર્યું ચિંતન છે. આજના માનવી પાસે માત્ર ચિંતા રહી છે, ચિંતન રહ્યું નથી, ત્યારે ગ્રંથોના સ્વાધ્યાયમાંથી સાંપડેલી ભાવનાઓ વિશે સતત ચિંતન કરવું જોઈએ અને જીવનમાં એનું આચરણ કરવા સંકલ્પ કરવો જોઈએ. સાચી સમજણનું પુષ્પ ખીલે, તો જ સ્વાધ્યાય સાર્થક બને. તેથી ગ્રંથના સ્વાધ્યાય સાથે અનિવાર્યપણે જોડાયેલી બાબત એ છે કે સાધકે ગ્રંથની ભીતરમાં વધુ ને વધુ ઊંડા ઊતરવું પડે. જેમ મહાસાગરમાં મરજીવો પાણીમાં ખૂબ ઊંડે સુધી ડૂબકી મારીને પાણીદાર મૌક્તિક લઈ આવે છે, તે રીતે સાધકે તે ગ્રંથના શબ્દ, અર્થ, ભાવ અને મર્મ વિશે ગહન ચિંતન કરીને એને પામવા જોઈએ.

કેટલાક સાધક ઉદાસીનતાથી શાસ્ત્રગ્રંથોના સ્વાધ્યાય તરફ વળતા હોય છે. બને છે એવું કે જેમ જેમ એ ગ્રંથોનું અધ્યયન કરે છે, તેમ તેમ એમની ઉદાસીનતા, નિષ્ક્રિયતા અને નિરાશામાં વૃદ્ધિ થતી જાય છે. જ્યારે હકીકત એ હોવી જોઈએ જેમ આપણા આંગણે આવેલા અતિથિનું આપણે ભાવભરી વાણીથી અને હૃદયના ઉમળકાભેર સ્વાગત કરીએ છીએ, તે રીતે શાસ્ત્રગ્રંથનું જિજ્ઞાસા, આતુરતા અને ઉષ્માભેર સ્વાગત કરવું જોઈએ. આથી તો આપણે શાસ્ત્રોની પૂજા કરીએ છીએ. સાથોસાથ એ વિચારવું જોઈએ કે આ ગ્રંથ આપણા જીવનમાં ઊગનારા આત્મપ્રભાતનું દુંદુભિગાન કરનારો છે. આપણા મનના પ્રદેશો પર જામેલી મલિનતાને ઓગાળી નાખનારો છે અને આપણા ભીતરમાં વસેલા આત્મજ્ઞાન, આત્મસમાધિ અને આત્માનંદને સંકોરનારો છે. આવા પ્રબળ ઉત્સાહ સાથે શાસ્ત્રગ્રંથોના સ્વાધ્યાય તરફ જવું જોઈએ. સંસારથી તારનારા સ્વાધ્યાય વિશે ભોલેબાબાની પંક્તિઓ યાદ કરીએ -

પઢ ગ્રંથ નિત્ય વિવેક કે મન સ્વચ્છ તેરા હોયગા।
વૈરાગ્ય કે પઢ ગ્રન્થ તૂ બહુજન્મ કે અઘ ધોયગા।।
પઢ ગ્રંથ સાદર ભક્તિ કે, આલ્લાદ મન ભર જાયગા।
શ્રદ્ધા સહિત સ્વાધ્યાય કર, સંસાર સે તર જાયગા।

સ્વાધ્યાયની એક બીજી વ્યાખ્યા તરફ પણ દૃષ્ટિપાત કરીએ. ‘શ્રી સ્થાનાંગ સૂત્ર’ની ટીકામાં સ્વાધ્યાય વિશે આ પ્રમાણે કહ્યું છે –

शोभनं आ-मर्यादया अध्ययनश्रुतस्याधिकमनुसरणं स्वाध्यायः।

વિધિ અનુસાર, મર્યાદા સહિત શ્રુતનું અધ્યયન કે અનુસરણ તે સ્વાધ્યાય.

अध्ययनमध्यायः सु सुन्दरो ध्यायः स्वाध्याय।

સુંદર અધ્યયન અર્થાત્ સત્ શાસ્ત્રનું મર્યાદાપૂર્વક અધ્યયન તે સ્વાધ્યાય.

सुष्टु आ-मर्यादया अधीयते इति स्वाध्यायः।

સત્ શાસ્ત્રનું મર્યાદાસહિત અધ્યયન કરવું, તેનું નામ સ્વાધ્યાય.

અહીં એ બાબત પર ભાર મુકાયો છે કે સ્વાધ્યાયમાં શાસ્ત્રોનું વિધિપૂર્વક અને મર્યાદાસહિત અધ્યયન થવું જોઈએ.

અર્થાત્ એ શાસ્ત્રગ્રંથોના વાચનને માટે યોગ્ય કાળ, સ્થળ અને આજ્ઞા દર્શાવવામાં આવ્યાં છે અને એ જ રીતે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની દૃષ્ટિએ કેટલાક નિષેધ પણ ફરમાવવામાં આવ્યા છે. આમ શાસ્ત્રગ્રંથનો સ્વાધ્યાય સાધકની પાસે એક વિશેષ સજ્જતા અને સ્વાધ્યાય માટેનું ઉચિત વાતાવરણ અને સ્વાધ્યાય માટેનો યોગ્ય સમય અને સવિશેષ તો કાળ, દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ એ ચાર શુદ્ધિઓની અપેક્ષાની સાથોસાથ યોગ્ય સમયનો પણ નિર્દેશ કર્યો છે. જો આ વિશુદ્ધિઓ વિના શાસ્ત્રીય સૂત્ર કે અર્થની શિક્ષા ગ્રહણ કરવામાં આવે, તો સ્વાધ્યાય સમ્યક્ત્વની વિરાધનારૂપ અસમાધિ, અસ્વાધ્યાય, અલાભ, કલહ, વ્યાધિ અને વિયોગ જેવાં અનિષ્ટો સર્જનારું બને.

પ્રતિષ્ઠા મેળવવા માટે કે પુણ્યની પ્રાપ્તિ માટે ઝડપથી શાસ્ત્ર વાંચવાં નહીં. સુ + આ + અધ્યાય એટલે ‘સુ’ એટલે સમ્યક શાસ્ત્રોનું ‘આ’ મર્યાદા પૂર્વક, ‘અધ્યાય’ અર્થાત્ અધ્યયન. એનો અર્થ એ કે આ શાસ્ત્રોને જલદી જલદી અથવા તો વિલંબ કરીને વાંચવાં નહીં, કોઈ અક્ષર કે પદ છોડીને વાંચવાં નહીં અને એનું અર્થસિદ્ધિ અને વચનસિદ્ધિપૂર્વક અધ્યયન કરવું. આ રીતે આ શાસ્ત્ર અધ્યયનની પણ એક વિધિ હોય છે અને એ દ્વારા સાધક આત્માનુસંધાન સાધી શકે છે.

સ્વાધ્યાયનો એક બીજો અર્થ છે : સુ + અધિ + આય એટલે કે ‘સમ્યગ્ રીતે ચારે બાજુનું અધ્યયન.’ અર્થાત્ એ અધ્યયન એવું હોય કે જેનાથી વ્યક્તિ આત્મપ્રદેશમાં રમણ કરે. આ ગ્રંથો એક બીજું કામ પણ કરતા હોય છે અને તે આપણી ગ્રંથિઓ ઉકેલવાનું.

આમ આ ગ્રંથોના વાચનની સાથોસાથ આપણા ચિત્તમાં પડેલી ગ્રંથિઓ પણ સ્વાધ્યાયથી ઉકેલાવવી જોઈએ.

સ્વાધ્યાયનો એક અન્ય અર્થ એ છે કે જે કંઈ તમે અધ્યયનથી પ્રાપ્ત કરો છો, એનો તમારા જીવનમાં અનુવાદ કરો. રામાયણમાં મંથરાની કાનભંભેરણીથી ગુસ્સે થયેલી કૈકેયીએ કામાતુર દશરથ પાસેથી બે વરદાન લીધાં અને એને પરિણામે અયોધ્યામાં અતિ પ્રિય એવા રાજકુમાર રામને વનવાસ મળ્યો. મંથરાનો દ્વેષ, કૈકેયીનો ગુસ્સો અને દશરથનો કામ એ ત્રણે દુર્વૃત્તિ એકત્રિત થતાં કેવો મહાઅનર્થ સર્જાયો. આ ઘટના જાણીને સાધક એ વિચારશે કે મારે મારા જીવનમાંથી દ્વેષ, ક્રોધ અને કામ ઓછા થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

આનું કારણ એ છે કે જો વ્યક્તિનો આત્મા બલહીન હશે, તો એનું જીવન વ્યર્થ છે. જો એનો આત્મા દૃષ્ટિહીન હશે, તો એનું જીવન દિશાવિહીન બનશે. આથી એણે જે કોઈ સ્વાધ્યાય કર્યો છે, એને જીવનમાં ઉતારવાનો છે. માત્ર વાંચવાથી કશું ન વળે, એનું જીવનમાં રૂપાંતરણ આવશ્યક છે. કામ વિજેતા વિશે વાંચો, તેથી પોતાની કામવાસના પર વિજય આવતો નથી; પરંતુ વ્યક્તિએ એના હૃદયમાં પડેલા કામને ઓળખીને એના પર વિજય મેળવવાનો જાગૃત અને સબળ પ્રયત્ન કરવો જોઈએ. જેમ કરુણાના પ્રસંગો જાણવાથી સાચી કરુણા પ્રાપ્ત થતી નથી, વર્તનમાં ઉતારવાથી એ કરુણા શોભે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં તો સ્વાધ્યાયને વાણીના તપ તરીકે ઓળખાવ્યું છે અને તેથી જ ક્યાંક તો આ બાબતનો એટલો બધો ભાર મૂકવામાં આવ્યો કે 'આળસનો ત્યાગ કરી જ્ઞાનની ભાવના કે આરાધના કરવી, એ સ્વાધ્યાય છે.'

ક્વચિત્ વ્યક્તિ બહાનું કાઢે છે કે શાસ્ત્રોનો સ્વાધ્યાય કરીએ છીએ, પણ કશું યાદ રહેતું નથી. હકીકતમાં વ્યવહારજીવનમાં વર્ષો પૂર્વે બનેલી ઘટનાઓ કે વાતો અકબંધ યાદ રહેતી હોય છે. આવે સમયે એ વિચારવું જોઈએ કે સ્વાધ્યાય માટે રુચિ કેળવવી અને વ્યાખ્યાનોનું શ્રવણ કરવું એ આની ભૂમિકા સર્જવા માટે આવશ્યક છે.

સ્વાધ્યાયનો એક બીજો પણ અર્થ છે : ''સ્વસ્ય સ્વસ્મિન અધ્યયન'' એટલે કે વ્યક્તિએ આત્મ-અધ્યયન કરવું જોઈએ. જેમ ગ્રંથનાં પૃષ્ઠો ખૂલતાં જાય, એમ એનું જીવન પણ ખૂલતું જવું જોઈએ. સ્વાધ્યાય સમયે વ્યક્તિએ પોતાની જીવન-કિતાબ ખોલીને એમાં નજર કરવી જોઈએ. એક કિતાબ (ગ્રંથ) બહાર હોય છે અને બીજી કિતાબ આપણી ભીતર હોય છે. બહારની કિતાબથી આપણે અંતરમાં કશુંક પામીએ છીએ અને અંદરની કિતાબ ખોલીને બહારથી મળેલા જ્ઞાનને ચકાસીએ છીએ. આ એક વિલક્ષણ પ્રક્રિયા છે.

આત્મઅધ્યયનનો પ્રારંભ કરીએ, ત્યારે પહેલો પ્રશ્ન એ હોય છે કે 'હું કોણ છું?' ધર્મગ્રંથ હોય કે અન્ય કોઈ પુસ્તક હોય, તો એની ઓળખ આપણી પાસે હોય છે. એના પર લખ્યું હોય છે કે આ સમાધિ વિશેનો ગ્રંથ છે અથવા તો આ પુસ્તકમાં જીવનચરિત્ર આલેખાયું છે. પુસ્તક તો પોતાના સ્વરૂપ વિશે પ્રત્યક્ષપણે કહી દે છે; પરંતુ વ્યક્તિનું આંતરસ્વરૂપ કેવું છે એ ઓળખવું કઠિન છે. 'હું કોણ છું?' 'મારું મૂળ સ્વરૂપ શું છે?' અને 'મારું અંતિમ ધ્યેય શું છે?' એવા પ્રશ્નો સ્વાધ્યાય કરનારે પોતાની જાતને અહર્નિશ પૂછવા જોઈએ અને પછી એ પ્રશ્નોનો ઉત્તર પોતાના સાધકજીવન દરમિયાન સતત ચિત્તમાં ધારણ કરવા જોઈએ. માત્ર એક વાર 'હું કોણ છું?' નો ઉત્તર મેળવ્યા પછી અટકી જવાનું નથી; પરંતુ જીવનમાં પ્રતિક્ષણ પ્રત્યેક પ્રવૃત્તિ કરતી વખતે એણે એનો ઉત્તર પોતાના ચિત્તમાં અકબંધ રાખવાનો હોય છે. એક વાર 'હું કોણ છું?'નું સરનામું મળી જાય એટલે કામ પૂર્ણ થતું નથી. પછી તો તમારા ઉત્તરના પ્રત્યેક કાગળો એ કવરમાં નાખીને જ પોસ્ટ થવા જોઈએ.

સૌથી મોટી મુશ્કેલી તો એ છે કે વ્યક્તિ 'હું કોણ છું?' એ પ્રશ્નનો ઉત્તર આપવામાં મૂંઝાઈ જતી હોય છે. એ વિચારે છે કે એ કારખાનાનો માલિક છે, મજૂરોનો આશ્રયદાતા છે, એના ઘરસંસારનો મુખ્ય મોભી છે અથવા તો અમુક સ્ત્રીનો પતિ છે; પરંતુ એ જરા ભીતરમાં જઈને વિચારશે તો ખ્યાલ આવશે કે શું એનું આખુંય અસ્તિત્વ કારખાનાના માલિકમાં સીમિત છે ખરું? શું એ માત્ર એના નોકરોનો જ આશ્રયદાતા છે કે પછી એ એના પુત્રોનો અને પરિવારનો આશ્રય દાતા છે? વળી આગળ વધતાં એ વિચારશે કે એ એના પરિવારનો મુખ્ય માણસ છે; પરંતુ એટલી જ એની ઓળખ છે? એથીયે વિશેષ એની પાસે એનું પોતીકું એવું કશુંય નથી? અરે! એની પાસે તો કેટલાય નિકટના મિત્રો છે. સમાજના મોટા મોટા અગ્રણીઓ સાથે એનો ઘરોબો છે, પ્રખ્યાત ગુરુનો એ પરમ શિષ્ય છે. આ બધાનું શું? અને પછી વિચારશે કે 'એ કોઈનો પતિ છે' પણ શું એની એટલી જ ઓળખાણ પૂરતી છે? વળી આ બધી ઓળખાણોનો એના આત્મા સાથે કોઈ સંબંધ ખરો? એ એના આત્મસ્વરૂપને દર્શાવે છે ખરી?

એ જન્મ્યો ત્યારે કારખાનાનો માલિક નહોતો, એણે અભ્યાસ કર્યો ત્યારે એ મજૂરોનો આશ્રયદાતા નહોતો, એનો પરિવાર એ તો આમ જ વિકસતો ગયો અને એની પત્ની એ તો એને સંબંધે મળી. તો પછી આ બધી વસ્તુઓ બાહ્ય પ્રયાસથી ઉપાર્જિત કરેલી છે. તેને પોતાના સ્વરૂપ તરીકે કઈ રીતે બતાવી શકાય? આમાં કેટલીક વ્યક્તિ સંબંધથી જોડાયેલી છે, કેટલીક શરીરથી જોડાયેલી છે. એને મારા આત્મસ્વરૂપ સાથે કેવી રીતે જોડી શકું? આ તો અશક્ય વાત છે.

મારી સિદ્ધિ, પ્રસિદ્ધિ, પ્રાપ્તિ, પરિવાર આ સઘળું સંપાદિત કરેલું છે, બહારથી મેળવેલું છે, મારા વ્યક્તિત્વ પર લાદેલાં આવરણો છે. એ મારું મૂળ સ્વરૂપ નથી અને જ્યારે એ મારું આત્મસ્વરૂપ ન હોય, ત્યારે મેં એને વિશે કેટલી બધી ભ્રમણાઓ

સેવી છે. ક્યાંક તો એને જ આત્મા સાથે જોડાયેલી બાબત માનીને ચાલ્યો છું, તો કયાંક એની પાછળની દોડમાં અજાણ્યા પ્રદેશમાં આમતેમ અથડાઈ રહ્યો છું. આને પરિણામે મેં કેટલાંય સ્વચ્છંદી આચરણો કર્યાં, મન ફાવે તેમ વર્ત્યો, શાસ્ત્રોએ આત્માનું કલ્યાણ થાય એવા જે માર્ગો બતાવ્યા હતા એની ઉપેક્ષા કરી.

આ જીવ, મન અને ઇંદ્રિયોને સ્વચ્છંદથી વર્તવા દીધી અને તેને પરિણામે વ્યક્તિને ખ્યાલ પણ ન આવે એ રીતે એના જીવનમાં પરાધીનપણું આવી ગયું. આથી 'હું કોણ છું?'નો ઉત્તર મેળવતાં પહેલાં વ્યક્તિએ સ્વચ્છંદનિરોધ કરવો જોઈએ અને સ્વચ્છંદનો નિરોધ કરવા માટે એણે યથાર્થ જ્ઞાન કે સાચા બોધને પામવો જોઈએ. સ્વચ્છંદ કે સ્વેચ્છાચાર સામાજિક દૃષ્ટિએ પણ શાંતિ, સુલેહ અને વ્યવસ્થાનો ભંગ કરનારો છે. એવો સ્વચ્છંદ જો જીવનમાં વ્યાપે તો આત્મસ્વરૂપની પ્રાપ્તિ ક્યાંથી થાય? આથી સ્વચ્છંદમાંથી મુક્ત થવા માટે વ્યક્તિએ સત્ સમાગમનો વિચાર કરવો જોઈએ. મહાન ગ્રંથોના મર્મોને પામવા જોઈએ અને આમ કરે તો જ એનામાં સ્વાધ્યાય માટેની યોગ્ય ભૂમિકા ઉત્પન્ન થાય. કારણ એટલું કે સ્વચ્છંદને પરિણામે શરીર, મન અને ઇંદ્રિયના નિરંકુશ આવેશો એના જીવનને ભ્રષ્ટ કરશે અને એને નીચ ગતિ અપાવશે.

આ રીતે જુઓ તો બહાર ગ્રંથ અને ભીતરમાં આત્મા - એમ બન્ને વચ્ચે સ્વાધ્યાયથી એક સેતુ સર્જાય છે એટલે કે બહાર એક ક્રિયા થતી હોય અને એનું રૂપાંતર થઈને ભીતરમાં બીજી ક્રિયા થાય છે. સ્વાધ્યાય એ સ્વયં શબ્દસ્થને હૃદયસ્થ કરવાની સતત ચાલતી ક્રિયા અને પ્રક્રિયા છે. કોઈ એમ કહે કે સ્વાધ્યાયમાં ક્રિયા નથી, તો તે મોટી ભૂલ કરે છે અથવા તો એની નજરે ક્રિયાનો અર્થ માત્ર બાહ્ય ક્રિયા છે. આંતર ક્રિયાને એ ભૂલી જાય છે. હકીકતમાં આ બાહ્યમાંથી આંતરજગતમાં જવાની ક્રિયા છે, સફર છે અને એ ક્રિયા હોવાને કારણે જ સ્વાધ્યાય તપના વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એવા પાંચ ભેદ બતાવ્યા છે. અહીં માત્ર ક્રિયાપદોથી એની વાત કરવામાં આવી છે, તો એ ક્રિયા તો હોય જ ને!

સ્વાધ્યાયની ક્રિયાની એક વિશેષતા એ છે કે કદાચ અન્ય ક્રિયાઓમાં ચિત્ત અન્યત્ર ભટકે એવી શક્યતા રહે છે, પરંતુ સ્વાધ્યાય તો ત્યારે જ શક્ય બને જ્યારે સમગ્ર ચિત્ત શાસ્ત્રાધ્યયનમાં એકાગ્ર બન્યું હોય. આથી જ આપણે ત્યાં કહેવાયું છે કે આ જગતમાં જ્ઞાનસમાન બીજી કોઈ પવિત્ર વસ્તુ નથી. જેમ મેલું કપડું પાણીથી સ્વચ્છ થાય છે તે રીતે રાગ (દ્વેષ-અજ્ઞાન) વગેરે દોષોથી મલિન થયેલું મન શાસ્ત્રથી સ્વસ્થ (દોષરહિત) થાય છે. સાચો સ્વાધ્યાયી સંસારમાં ભૂલો પડતો નથી. આવા સ્વાધ્યાય તપની વાત કરતાં કહ્યું,

परतप्तिनिरपेक्षः दुष्टविकल्पानां नाशनसमर्थः
तत्त्वविनिश्चयहेतुः स्वाध्यायः ध्यानसिद्धिकरः।।

(સ્વાધ્યાયરૂપી તપ પરનિંદાથી નિરપેક્ષ હોય છે, ખોટા વિકલ્પોનો નાશ કરવામાં સમર્થ છે, તત્ત્વોનો નિર્ણય કરવામાં કારણરૂપ છે અને ધ્યાનની સિદ્ધિ કરવાવાળું છે.)

વળી, કોઈ અન્ય ક્રિયાના લક્ષે ચિત્તમાં કોઈ પ્રયોજન હોય, પરંતુ સ્વાધ્યાય તો જ્ઞાનના પ્રકાશથી આત્મામાં અજવાળું પાથરવાનો પુરુષાર્થ હોવાથી અન્ય માર્ગે ફંટાઈ જવાની કોઈ દહેશત રહેતી નથી અને વળી એક જ ગ્રંથનો પુનઃ પુનઃ સ્વાધ્યાય પણ મૌલિક અને અનુપમ આત્મભાવો જગાડતા હોય છે. ક્યારેક સાધક પ્રથમ વાર ગ્રંથનો અભ્યાસ કરે તો એના માત્ર સપાટી પરના અર્થો મેળવે છે. બીજી વાર વિશેષ મનન કરીને ગ્રંથ વાંચે તો એને પ્રાપ્ત થયેલા અર્થના ઊંડાણમાં ઊતરે છે. ત્રીજી વાર એ ગ્રંથ વાંચે ત્યારે એના ચિત્તમાં ગહન અધ્યાત્મિક અર્થોનો ઉઘાડ થતો જાય છે અને એનો આત્મા સાથે સંપર્ક થતાં એનું ભીતરી પરિવર્તન થયા કરે છે.

આથી જ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'માં જ્યારે ભગવાન મહાવીરસ્વામીને પૂછવામાં આવે છે, 'सज्जाएणं भंते जीवे किं जणयइ?' (હે ભગવંત, સ્વાધ્યાયથી જીવ શું મેળવે છે?) ભગવાન કહે છે, 'सज्जाएणं नानावरणिज्जं कम्मं खवेइ।' (સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીય કર્મ ખપાવે છે.)

અને એથી તો શ્રી ભગવતી સૂત્રમાં ગુરુ ગૌતમસ્વામીએ જિજ્ઞાસા દાખવી કે 'ભગવન્, આ જ્ઞાન આ ભવ સુધી સીમિત રહે છે કે પરભવ સુધી જાય?' ત્યારે ભગવાને કહ્યું, 'ગૌતમ, આ ભવ પણ રહે છે અને પર ભવમાં પણ જાય છે. બંને ભવોમાં સાથે રહે છે.'

સ્વાધ્યાય સાથે કેટલીક બાબતોનું વિશેષ ચિંતન કરવાની જરૂર છે. સ્વાધ્યાય સાથે જપનો એક સર્જનાત્મક સંબંધ છે. સ્વાધ્યાય સાથે ધ્યાનનો એક યોગ છે અને આ સ્વાધ્યાયની સાથોસાથ આવતી શ્રુતસમાધિ અવર્ણનીય હોય છે. સ્વાધ્યાયથી ધ્યાનની સિદ્ધિ થાય છે અને ધ્યાનથી સર્વ કર્મો ખરી પડતાં મોક્ષ થાય છે.

બાહ્ય દૃષ્ટિએ જોઈએ તો સ્વાધ્યાય આપણને અલ્પકષ્ટથી પ્રાપ્ત થયેલું લાગે પરંતુ વાસ્તવમાં એના જેવું ઉત્તમોત્તમ ફળ અન્યત્ર મળતું નથી. આથી જ સ્વાધ્યાય જેવું બીજું કોઈ તપ નથી, હતું નહીં અને હશે પણ નહીં એમ કહેવામાં આવ્યું છે.

આ રીતે સ્વાધ્યાય એ અધ્યાત્મજીવનનું નંદનવન છે, જેમાં શાસ્ત્રોવૃક્ષ પાસેથી ઉત્તમ વિચારફળ, મધુર આચારફળ અને વિરલ આત્મદૃષ્ટિ મળે છે. માનવઆત્માને શાંતિ આપે એવાં વિચારદાયક પુષ્પો પ્રાપ્ત થાય છે. પૂર્વજીવનની મલિનતાને દૂર કરીને નવા જીવનનો વળાંક આપે એવી ડાળીઓ દૃષ્ટિગોચર થાય છે અને એના વિરલ શાંતિદાયક એવો આત્માનંદદાયી છાંયડો પ્રાપ્ત થાય છે. ❑❑❑

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭. ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫

# સમ્યક્દર્શન

**સુબોધીબેન સતીશ મસાલીઆ**

વૃત્તિના પરિવર્તન વિનાની, પ્રવૃત્તિની ફેરબદલીનું એટલે કે સમ્યક્દર્શનના સાથ વિનાના ચારિત્રનું બહુ મુલ્ય જ્ઞાનીઓએ આંક્યું નથી. સમ્યક્દર્શન એ ચારિત્રનો પાયો છે. મુક્તિનું એ બીજ છે. એ કોઈ અમુક મત, પંથ, સંપ્રદાય કે ધાર્મિક જૂથમાં જોડાવાથી પ્રાપ્ત થઈ જતી ચીજ નથી. અથવા તો જે સંપ્રદાયમાં વ્યક્તિ જન્મી છે તે સંપ્રદાયના સાધુ સંતો સિવાય અન્ય સાધુ-સંતોને સન્માન-સત્કાર-સમાગમ ન કરવાના શપથ લેનારને સમ્યક્ દર્શન પ્રાપ્ત થઈ જતું નથી. ''પારમાથિક સમ્યદર્શન-જેનાથી ભાવભ્રમણ'' સીમિત થઈ જાય છે તે શું છે? તે જાણવા માટે આત્માર્થીએ સારાસારના વિવેક વિનાની અમુક મત, પંથ, સંપ્રદાય કે વ્યક્તિ પ્રત્યેની અંધશ્રધ્ધા અને સમ્યકશ્રધ્ધાનો ભેદ પારખવો પડે. સમ્યકશ્રધ્ધા અને સમ્યક્દર્શનની વચ્ચે અમાપ અંતર છે. શ્રધ્ધા આપ્તજનના વચનના આધારે પાંગરી શકે, પણ દર્શન તો પોતાની સગી આંખે જોયા વિના કેમ સંભવે?

નિરાશંક્ર ભાવે જીનાજ્ઞા આરાધવાની રુચિ હોય, વિતરાગે ચીંધેલ મોક્ષમાર્ગમાં ને સદાચારમાં ઉપાદેય બુધ્ધિ હોય, આત્મજ્ઞાની નિર્ગ્રન્થ ગુરૂઓનું માર્ગદર્શન હોય, ને આત્મવિશુધ્ધિ કાજે વિતરાગનું આલંબન સ્વીકારીને યથાશક્તિ પ્રયત્ન કરતો હોય ત્યાં સમ્યક્ શ્રધ્ધા પાંગરે છે. એ રીતે ક્રમશઃ આંતરિક નિર્મળતા વધતાં, વિષય-કષાયનો વેગ મંદ પડે છે, ખોટા અભિનિવેશો અને કદાગ્રહો છૂટી જાય છે. નિરાગ્રહ વૃત્તિ અને ગુણગ્રાહી મધ્યસ્થ બુધ્ધિનો ઉદય થાય છે. પોતાના શુધ્ધ સ્વરૂપ તરફ સાધકની દૃષ્ટિ જાય છે તેને ભાન થાય છે કે હર્ષ-શોક, સુખ-દુઃખ, રાગ-દ્વેષ અને વિકલ્પ માત્રથી અલગ નિર્વિકલ્પ શુધ્ધ જ્ઞાન અને આનંદ એજ પોતાનું સ્વરૂપ છે. એ બૌધિક ભાન યોગ્ય સાધના દ્વારા જ્યારે અનુભૂતિમાં પરિણામે છે. ત્યારે સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે. સમ્યક્દર્શન જાત અનુભવમાંથી જન્મતી, સ્વ-પરના ભેદની પ્રતીતિ છે. જેની ઉપલબ્ધિ થતાં અચાનક એક નવુજ જગત દૃષ્ટિ સમક્ષ છતું થાય છે. પહેલાના બધા જ મૂલ્યાંકનો બદલાઈ જાય છે અને વિશ્વના સર્વ જીવો પ્રત્યે અંતરમાં આત્મિયતાનો ભાવ ઉદય પામે છે. આપણા મને ઉભી કરેલી કુટુંબ-ગામ-દેશ-નાત-જાત-મત-પંથ-સંપ્રદાયની દિવાલો તૂટી જાય છે. પરસ્પર વાત્સલ્ય, પ્રેમ, સૌજન્ય, સહાનુભૂતિ, મૈત્રી, ઉદારતા અને સહિષ્ણુતાનું વાતાવરણ સ્વયં સર્જાય છે. આ સ્વયં અનુભવ, આત્માનો અનુભવ, નીજ સ્વરૂપનું અનુભવ દર્શન એજ છે સમ્યક્દર્શન.

*નિજ અનુભવ લવલેશથી, કઠિણ કર્મ હોય નાશ*
*અલ્પભવે ભવિ તે લહે, અવિચલ પૂરકો વાસ*

*ચિદાનંદજી મહારાજ સ્વરોદયજ્ઞાનદુહો-૫૩*

ઉપર્યુક્ત ઉદ્ગારમાં એક વાત તરી આવે છે કે નિજ સ્વરૂપનો 'અનુભવ' (સમ્યક્દર્શન) ભવભ્રમણને અત્યંત ટૂંકાવી દે છે. એનું રહસ્ય એ છે કે 'અનુભવ' દ્વારા એક પલકારામાં આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન મળે છે. નિજની એ અનુભૂતિ વ્યક્તિની જીવનદૃષ્ટિમાં જબરદસ્ત ક્રાંતિ લાવે છે. શ્રુત-શ્રવણ-વાંચન વગેરે થી પ્રાપ્ત થતું બૌધિક સ્તરનું જ્ઞાન આવી ધરમૂળની ક્રાંતિ સર્જી શકતું નથી.

શ્રુત દ્વારા સ્વરૂપનો બોધ થતા અને તેના વડે ચિત્ત ભાવિત થતાં, ક્રમશઃ મોહની પક્કડ ઢીલી પડતી જાય છે અને વિષય-કષાયના આવેગો કંઈક મોળા પડતા જાય છે. પણ આપણને અનાદિકાળથી વિષયોમાંજ રસ છે, વિષયોમાં જ સુખ છે તે ભ્રમ છે. આ ફક્ત શ્રુતથી ટળતું નથી. આ ભ્રમ, અનુભવથી ખસે છે. અનુભવ દ્વારા નિજના નિરુપાધિક આનંદનો આસ્વાદ મળતાં વિષયો-ઈન્દ્રિયોના ભોગો-યથાર્થપણે નીરસ લાગે છે. એટલુંજ નહિ સર્વ પુદ્ગલ ખેલ ઈન્દ્ર જાળ ની જેવો સમજાય છે તેથી સમ્યક્દર્શીને મન જગતના બનાવોનું મહત્ત્વ સ્વપ્નના બનાવોથી કંઈ અધિક રહેતું નથી. આમ આત્માનુભવ જીવન પ્રત્યેનો સમગ્ર દૃષ્ટિકોણજ પલટી નાખે છે.

બૌધિક પ્રતિતિ વિચારમાંથી જન્મે છે. પણ વિચાર પોતેજ અવિદ્યા પર નિર્ભર છે. તેથી આમસ્વરૂપની નિર્ભ્રાંત પ્રતીતિ વિચારથી મળતી નથી. એ પ્રતીતિ વિચાર શાંત થાય ત્યારેજ મળે છે. મનની ઉપશાંત અવસ્થા, કે તેનો નાશ એ ઉન્મની અવસ્થા છે. એ અવસ્થામાં અનુભવ મળે છે માટે આત્મજ્ઞાનની - સમ્યક્દર્શનની પ્રાપ્તિ ઈચ્છતા મનુષ્યે પ્રથમ ચંચળ ચિત્તને પોતાની ઈચ્છાઅનુસાર પ્રવર્તાવવાનું સામર્થ્ય મેળવવું પડશે. પછી એકાગ્ર બનેલ એ ચિત્તને આત્મવિચારમાં જોડી એનો નાશ કરવો જોઈએ. મોહનાશનો આ અમોઘ ઉપાય છે.

ચિદાનંદજી મહારાજે અનુભવની ઓળખાણ આપતાં કહ્યું છે કે

*આપે આપ વિચારતા, મન પામે વિસરાય*
*રસાસ્વાદ સુખ ઉપજે, અનુભવ તાકો નામ*
*આતમ અનુભવ નીરસે, મીટે મોહ અંધાર*
આપ રૂપમેં ઝલહલે, નહિ તસ અંત અપાર,

અધ્યાત્મભાવની નિજના જ શુધ્ધ આત્મસ્વરૂપમાંજ ઉપયોગ રાખતા કોઈ ધન્યપળે મન શાંત થઈ જાય છે અને ધ્યાતા-ધ્યેયની સાથે તદાકાર બની, શુધ્ધ આત્મસ્વરૂપમાં ખોવાઈ જઈ, પોતાના યથાર્થ સ્વરૂપનું અને આંતર વૈભવનું 'દર્શન' પ્રાપ્ત કરે છે. પોતાના અલૌકિક, શાશ્વત આનંદસ્વરૂપની આ અનુભૂતિથી મોહ અંધકાર

ખસી જવાથી ધ્યાતાને તત્કાલ આત્મજ્ઞાનનો પ્રકાશ લાધે છે. આ અપૂર્વ ઘટનાને શાસ્ત્રની ભાષામાં 'આત્મજ્ઞાન', 'અનુભવ', કે 'સમ્યક્દર્શન' કહે છે.

સૂર્યોદય થાય એ પહેલા જેમ અરૂણોદય આવીને રાત્રિનો અંધકાર હટાવી દે છે, તેમ કેવળજ્ઞાનનો સૂર્ય પ્રકાશે એની પહેલા અનુભવ (સમ્યક્દર્શન) આવીને મોહનો અંધકાર ઉલેચી નાખે છે. જેમ સવારમાં પ્રકાશ આવીને આખી રાતની આપણી ઉંઘ કે સપનાનો એક પળમાં અંત લાવી દે છે તેમ અનુભવનું આગમન દેહ અને કર્મકૃત વ્યક્તિત્વ સાથેના આપણા અનાદિના તાદાત્મ્યને એક ક્ષણમાં ચીરી નાખે છે. આ 'દેહ' અને એમાં વસતો 'હું' બંને ભલે એકરૂપ ભાસે પણ વાસ્તવમાં બંન તદ્દન અલગ છે. અનુભવના પ્રકાશમાં આ હકીકત માત્ર બૌધિક સમજ ન રહેતા, જીવંત સત્ય બની જાય છે. પહેરેલ કપડા પોતાથી જૂદા છે એ ભાન દરેક માનવીને જેટલું સ્પષ્ટ છે, તેટલીજ સ્પષ્ટતાથી સમ્યક્દર્શન પામેલી વ્યક્તિ દેહને પોતાથી અલગ અનુભવે છે.

જેને પ્રત્યક્ષ અનુભવ થયો નથી કે અણસાર પણ મળ્યો નથી. તેમને સ્વઅનુભૂતિની દશા વાણી દ્વારા સમજાવી મુશ્કેલ છે. જન્માંધને વાણીથી રંગોનો ભેદ કેવી રીતે સમજાવવો ? કે જેણે કદી ઘી કે માખણ ચાખ્યાજ નથી, એને ઘીના સ્વાદનો ખ્યાલ આપવા શું કહેવું ? અનુભવની અવસ્થાનો પ્રયાસ કરતાં અનુભવીઓને આજ મુંઝવણ રહે છે, જે સ્થિતિ વાચાથી પર છે તેને વાણી દ્વારા શી રીતે વ્યક્ત કરવી? તેથી અનુભવ વિષયક કોઈ પણ નિરૂપણ અધરૂં લાગે એ સ્વાભાવિક છે. જ્ઞાનીઓએ અનુભવને 'તુર્યા' એટલે કે ચોથી અવસ્થા કહી છે. ત્રણ અવસ્થા છે; જાગૃત અવસ્થા, ગાઢનિદ્રા અવસ્થા અને સ્વપ્ન અવસ્થા. 'અનુભવ'ની આ ચોથી અવસ્થા એ ત્રણેથી જુદી છે એને પોતાનું આગવું વ્યક્તિત્વ છે. તુર્યાના આ અનુભવ વખતે બાહ્ય જગતનું ભાન ન હોવા છતાં સાવધાની, જાગૃતિ પૂર્ણ હોય છે અને પોતાનું આનંદપૂર્ણ અસ્તિત્વ સત્તા પ્રબળતાથી અનુભવાય છે. એક સંતે આ અવસ્થાની ઓળખાણ આ રીતે આપી છે. ''જાગૃતિમાંની ગાઢ નિદ્રા. એટલે કે ઇંદ્રિયો, મન બુધ્ધિ, અહંકાર બધું નિદ્રાધિન હોય છે અને દેહમાં પરમેશ્વર જાગે છે.''

આ અનુભવ આવે છે ત્યારે ઓચિંતો આવે છે. અચાનક જ ચિત્ત વિચાર તરંગોરહિત શાંત થઈ જાય છે. દેહનું ભાન જતું રહે છે અને આત્મપ્રકાશ ઝળહળી ઉઠે છે જેમકે અંધારી મેઘલી રાતે તદ્દન અજાણ્યા સ્થળે ઉભા રહેલાને અચાનક ત્રાટકતી વિજળીના ઝબકારામાં પોતાની આજુબાજુનું દૃશ્ય દેખાઈ જાય છે. તેમ આ અનુભવથી સાધકને એક પલકારામાં આત્માનાં નિશ્ચય શુધ્ધ સ્વરૂપનું 'દર્શન' લાધે છે. પોતાનું અકલ, અબધ્ધ, શાશ્વત શુધ્ધ સ્વરૂપ અનુભવાય છે. એની પ્રતીતિ મળે છે. શ્રુતની જેમ અહીં ક્રમે ક્રમે જ્ઞાનની વૃધ્ધિ નથી થતી પરંતુ ક્ષણવારમાંજ પૂર્વના અજ્ઞાનનું સ્થાન આત્માનું નિભ્રાંત જ્ઞાન લે છે. વર્ષોના શાસ્ત્રધ્યયનથી પ્રાપ્ત થાય એથી અધિક, સ્પષ્ટ, નિશ્ચિત અને ઊંડાણવાળું જ્ઞાન આ થોડી શ્રણોમાંજ મળી જાય છે.

આ અનુભવ અત્યંત સુખદ હોય છે. એ વખતે વચનાતીત શાંતિ લાધે છે. પરંતુ એકલી શાંતિ કે આનંદના અનુભવને સ્વાનુભૂતિનું લક્ષણ ના કહી શકાય. ચિત્ત કંઈક સ્થિર થાય ત્યારે પણ શાંતિ અને આનંદ તો અનુભવાય છે. પરંતુ અહીં જ્ઞાતા અને જ્ઞેયનો ભેદ રહેતો નથી. ધ્યાતા-ધ્યેય સાથે એકાકાર બની રહે છે. પરમાત્મ તત્વ સાથે ઐક્ય અનુભવાય છે. આનંદ વચનાતીત હોય છે. વીજળીના ઝબકારાની જેમ એકાએક ત્રાટકતો જ્ઞાનપ્રકાશ રેલાય છે. અને સાધકને વિશ્વનું રહસ્ય પોતાની સમક્ષ ખુલ્લું થઈ ગયેલું લાગે છે. અને તેને એ જ્ઞાન, વિશ્વાસ અને નિશ્ચય થઈ જાય છે કે ભવિષ્ય અંધકારમય નથી. પરંતુ ઉજ્વળ છે. એ વિશ્વાસ સાથે મૃત્યુનો ભય પણ નાશ પામે છે. મૃત્યુથી પર પોતાનું શાશ્વત અસ્તિત્વ છે એની એને પ્રતિતિ મળે છે. અને એના અંતરમાં સમસ્ત વિશ્વને આલિંગતો પ્રેમ ઉમટે છે. જેણે આ દશા અનુભવી છે, તે બધાજ એમ કહે છે કે પોતે જે અનુભવ્યું, તેને વાણીમાં વ્યક્ત કરવા પોતે અસમર્થ છે. શબ્દ દ્વારા 'અનુભવ' વિષે આપણે જે જાણી શકીએ છીએ તે. 'અનુભવ'નું આપણા મને દોરેલું ચિત્ર છે. અનુભવ વખતે તો જ્ઞાતા-જ્ઞેયનો ભેદ કરનારૂં મન 'ઊંઘી ગયું' હોય છે અને આત્મા જ્ઞેયની સાથે તદાકાર હોય છે. પછીથી મન જાગૃત થાય છે ત્યારે અનુભવ વખતે જે બન્યું એની નોંધ લેવા તે પ્રયાસ કરે છે. જેમાં તે ભાગ્યે જ સફળ થાય છે. અનુભવ શું છે એની કંઈક વધુ સ્પષ્ટ કલ્પના વાચકને આવી શકે તે માટે મહાનુભવોના ઉદ્ગારો એમનાજ શબ્દોમાં અહીં ટાંકુ છું.

ડૉ. રાધાકૃષ્ણનના શબ્દોમાં :-

એ દર્શનની સાથે નિરવધિ આનંદ આવે છે. જેને બુધ્ધિ પહોંચી ન શકે એવું જ્ઞાન આવે છે.. ખુદ જીવનના કરતાંય તીવ્રતર એવું સંવેદન થાય છે ને અપાર શાંતિનો અનુભવ થાય છે. એ શાશ્વત તેજના સ્મરણની અસર કાયમ રહી જાય છે અને એવો અનુભવ ફરી મેળવવાને મન ઝંખે છે.

એક અધ્યાત્મ યોગીનો અનુભવ :-

ખરેખર એ મારા જીવનની નવજાગૃતિ હતી. મારી સમસ્ત દૃષ્ટિ બદલાઈ ગઈ. એક અંધારી બંધિયાર ઓરડીમાં માટું બાકોરૂં પડી જાય અને બહાર જોઈ શકાય તથા જઈ આવી શકાય આવી શકાય એવુંજ કાંઈક આ શરીરમાં થયું. આગળ જેની કલ્પના નહિ એવી વિરાટ ચેતના મેં મારા વ્યક્તિત્વમાં અનુભવી મારા અંતરનું કમળ જાણે સહસ્ત્રદલે વિકસિત થઈ ગયું હતું.

લગભગ પ્રારંભિક અનુભવ થોડી ક્ષણો માટેનોજ હોય છે.

જાણે વીજની માફક એક ક્ષણમાં પરમાત્માના દર્શન થાય છે પણ એ થોડી પળો વ્યક્તિના માનસિક વલણમાં ક્રાન્તિ આપી દે છે.

''અંશે હોય ઇહાં અવિનાશી પુદ્ગલ જાલ તમાસી'' આ ઉક્તિમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ અનુભવવાળી વ્યક્તિનું ચિત્ર આબાદ ઉપસાવે છે.

ભયાનક સ્વપ્નમાં ભયભીત બનેલ ઊંઘતી વ્યક્તિની માનસિક અવસ્થા અને ઊંઘમાંથી જાગી જતાં હળવાશ અનુભવતી તે વ્યક્તિની માનસિક અવસ્થા વચ્ચે જેવું અંતર છે તેવું જ અંતર સમ્યક્દર્શન પ્રાપ્ત કરનાર વ્યક્તિની અનુભવ પહેલાની પછીની માનસિક સ્થિતિ વચ્ચે પડી જાય છે. ઉંઘમાંથી જાગી જનારને સ્વપ્નની સૃષ્ટિએ માત્ર માનસિક ભ્રમણા હતી એ જ્ઞાન થઈ જાય છે અને એ થતાં, એને મન સ્વપ્નના બનાવોનું કોઈ મહત્વ રહેતું નથી. તેમ આત્માના જ્ઞાન-આનંદમય શાશ્વત સ્વરૂપની સ્વાનુભવ સિધ્ધ પ્રતીતિ મળતાં ભવ ભ્રમણા ભાંગી જાય છે અને બાહ્ય જગત સ્વપ્નના તમાશા જેવું સાર વગરનું સમજાય છે.

રાત્રીના અંધારામાં દોરડું પડ્યું હોય તો સાપ છે એવું લાગે છે. ને ચિત્તમાં ભય જન્માવે છે. કોઈ ગમે તેટલું સમજાવે કે આ સ્થાનમાં સાપનો ભય નથી.'' છતાંપણ સમજાવટથી ભય જતો નથી. પણ ટોર્ચ લાવીને એ સાપ ઉપર ધરતાંજ દોરડું દેખાય છે અને ભય ગાયબ થઈ જાય છે. ''તેમ ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ અનુભવાતા ભવભ્રમમાં થતી સત્યતાની બુધ્ધિ બહોળા શ્રુતજ્ઞાનથી પણ ખસતી નથી. પરંતુ અનુભવની નિર્મળ જ્ઞાન જ્યોતિમાં આત્માનું શુધ્ધ આનંદ સ્વરૂપ પ્રત્યક્ષ જોવા મળતાં એ ભ્રમ ભાંગી જાય છે ને જાગ્રત અવસ્થામાં અનુભવાતા જગતનું સાચું મુલ્ય સમજાઈ જાય છે તથા પરમાત્મા સાથેના પોતાના અભેદ-સંબંધનું ભાન થાય છે. એટલે કે એટલો વિશ્વાસ થઈ જાય છે કે પરમાત્માની અક્ષયસત્તા-અખંડ આનંદ અને અનંત જ્ઞાન સાથે પોતાને એકતાનો સંબંધ છે. તેથી સમ્યક્દર્શન મેળવી ચૂકેલી વ્યક્તિના અંતરના ઉંડાણમાં પ્રતિકૂળ દેખાતા બાહ્યસંજોગોમાં પણ, પ્રસન્નતાનો એક શાંત પ્રવાહ વહેતો રહે છે. એની ચેતનાના ઉપલા થરોમાં ભલે ક્ષોભની થોડી લહેરો આવી જતી હોય, પણ આધ્યાત્મિક પથનો યાત્રિક આત્મદર્શન પછી સ્વસ્થતા ને નિશ્ચિંતતા અનુભવે છે, અને આગળનો પથ વિશ્વાસપૂર્વક કાપી શકે છે. આત્મઅનુભવ પહેલાના ભય, ગભરાટ, આશંકા, અનિશ્ચિતતા એના ચિત્તમાંથી વિદાય લે છે.''

અનુભવ પહેલાની દૃષ્ટિને પછીની દૃષ્ટિમાં આકાશ-પાતાળનું અંતર પડી જાય છે. પહેલાની દૃષ્ટિ અનુભવની ભૂમિકાએ ખોટી-મિથ્યા જણાય છે. અનુભવ મળતાં આત્માના શાશ્વત અસ્તિત્વની એવી દૃઢ પ્રતીતિ થાય છે કે મૃત્યુનો ભય એ પછી એ વ્યક્તિને કદી સ્પર્શતો નથી. જીવનમાં પણ ''પોતે સુરક્ષિત છે'' એવો માનસિક અનુભવ તે કરે છે. બાહ્ય પરિસ્થિતિ અને સંયોગોમાં આવનાર અનિવાર્ય પરિવર્તનથી એ વ્યક્તિ વધુ પડતી ચિંતિત નથી થતી. બાહ્ય ઉણપથી કોઈ દીનતા અનુભવતી નથી કેમકે એને પોતાના અંતરવૈભવની પ્રતીતિ હોય છે. એજ રીતે આત્માના નિરુપાધિક, નિરતિશય આનંદનો પ્રત્યક્ષ અનુભવ મળતા તેનો વિષય સુખનો ભ્રમ પણ ભાંગી જાય છે અને સ્વરૂપમાં સ્થિર થવાનું અદમ્ય આકર્ષણ જાગી ઉઠે છે એનું જીવન સ્વસ્થતા, શાંતિ અને પ્રસન્નતાથી સભર બની રહે છે. પોતાના ચૈતન્ય સ્વરૂપના દર્શન થતાં એ વ્યક્તિના અંતરમાં વસુધૈવ કુટુમ્બકમ્બની ભાવનાનો ઉદય થાય છે, એનો પ્રેમ કોઈ ભેદભાવ વિના સર્વપ્રત્યે વહે છે કારણકે તે હવે સર્વમાં રહેલ ચૈતન્યને જ જુએ છે અને તેનો આદર કરે છે.

કોઈનો અનુભવ ઊંડો અને વધુ સમય સુધી રહેનારો હોય છે. તો કોઈનો ક્ષણ જીવી હોય છે. આત્મઅનુભવ પ્રાપ્ત થયા પછી કોઈના બાહ્યજીવનમાં જબરૂં પરિવર્તન આવે છે. તો કોઈનું બાહ્યજીવન પહેલાની જેમજ વહયે જતું દેખાય છે. અનુભવ પછી વ્યક્તિનું બાહ્યજીવન બદલાય કે ન બદલાય. પણ તેનું અંતર અવશ્ય પલટાઈ જાય છે. ક્ષણિક અનુભવ પણ એની છાપ વ્યક્તિના માનસપટ અમૂક મૂકી જાય છે. જાણે પોતાનો નવોજ જન્મ થયો હોય એવો તફાવત વ્યક્તિ પોતાની પહેલાની અને પછીની દૃષ્ટિમાં અનુભવે છે.

આ સમ્યક્દર્શન ધ્યાન વખતે જ પ્રાપ્ત થાય એવું નથી. જીવનની કોઈપણ ક્ષણે કોઈપણ સ્થળે, કોઈપણ પ્રસંગે, કોઈપણ ઘડીએ ચિત્ત સ્તબ્ધ થઈ જાય, દેહનું ભાન જતું રહે, અને આત્મજ્યોત જળહળી ઉઠે જન્માંતરની સાધનાના સંસ્કારો જાગી જતાં કોઈને આ જીવનના કોઈ પ્રયત્ન કે કશીજ પૂર્વતૈયારી કે કોઈ બાહ્ય નિમિત્ત વિના પણ તત્વદર્શન લાધે છે. કોઈ વાર તો જેનું બાહ્ય જીવન પાપ અને અનાચારના માર્ગે વળેલું હોય તેવી વ્યક્તિને પણ આ રીતે ઓચિંતો આત્માનુભવ સાંપડે છે. અને એના જીવનની દીશા તદ્દન નવોજ વળાંક લે છે ને રીઢા ગુનેગારમાંથી મહાન સંત સર્જાય છે.

ગમે તે રીતે અનુભવ મળ્યો હોય પણ બધા 'આત્મઅનુભવીઓ'ની ન્યાત એકજ છે. પોતાની તાત્વિક સત્તા દેહથી અને જગતથી પર છે અને એ સત્તામાં ઠરવું એ જ મુક્તિ છે એ વાત દરેક અનુભવીઓના અંતરમાં વસી ગઈ હોય છે. તેની દૃષ્ટિ ઉપરછલ્લી મટી તત્વગ્રાહી બને છે. બાહ્ય દેખાવોથી તે ભરમાઈ નથી જતી. કે ગાડરીયા પ્રવાહમાં તણાતી નથી. ધર્મ-નીતિ, દેશપ્રેમ, જીવન ધોરણ, આદિ કોઈપણ બાબતમાં પ્રચલિત માન્યતાઓ કે ધોરણો ને એ પોતાની વિવેકબુધ્ધિ થી નાણી જુએ છે શાસ્ત્રવચનોનું હાર્દ પણ એ શીઘ્ર પકડી લે છે. નિરર્થક વાદ-વિવાદનો એને રસ નથી હોતો. પરિણામે બીજાઓ જ્યાં ઉગ્ર

ચર્ચામાં ઘસડાઈ જતા હોય છે ત્યાં એ શાંત રહે છે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના ઉદ્ગારો :-

*જિનહી પાયા તિનહી છિપાયા*
*ન કહે કોઉ કે કાનમેં*
*તાલી લાગી જબ અનુભવકી*
*તબ સમજે કોઈ જ્ઞાનમેં*
*હરિહર બ્રહ્મ પુરંદર કી રિધ્ધી*
*આવત નહી કોઈ માનમેં*
*ચિદાનંદકી મોજ મચી હૈ*
*સમતારસ કે પાનમેં*

સમ્યક્ દર્શનનો ક્ષણિક અનુભવ મળવો એ પણ કોઈ નાની સૂની પ્રાપ્તિ નથી. એનો પ્રભાવ પણ વ્યક્તિના સમગ્ર જીવનને સ્પર્શી જાય છે. અનુભવ પ્રાપ્તિ વખતની ધ્યેય સાથેની તન્મયતા, આનંદ, આશ્ચર્ય, કૃતકૃત્યતા તથા આત્મદર્શન દ્વારા મોહ પર લાધેલી જીતની ખુમારીની ઝલક ઉપાધ્યાય યશોવિજયજીના આ ઉપર ટાંકેલા ઉદ્ગારોમાંથી પામી શકાય છે.

સૂર્યોદય પહેલા રાત્રીના અંધકારની ઘનતાને ઓગાળતી ઉષા આવે છે. તેમ આધ્યાત્મિક સાધકોના જીવનમાં અનુભવના આગમન પહેલાં બહિરાત્મ ભાવને મોળો પાડતી આત્મજ્ઞાનની પ્રભા પથરાય છે. સ્વરૂપનું કાંઈક ભાન થાય છે. પરંતુ અનુભવ દ્વારા તેને સ્વરૂપની પાકી પ્રતીતિ મળે છે ત્યારેજ તેની બહિરાત્મદૃષ્ટિ પૂર્ણપણે હટે છે ને અંતર્દૃષ્ટિ ખીલી ઉઠે છે. કહ્યું છે કે....

*''જ્ઞાન તણી ચાંદરડી પ્રગટી, તબ ગઈ કુમતિકી રયણી રે.''*
*અકળ અનુભવ ઉદ્યોત થયો જબ, સકળ કળા પિછાણી રે...''*

અનુભવ પહેલાના, મોહના અંધકારના ક્રમશઃ નાશવાળા આ આત્મવિકાસને હરિભદ્રસૂરી મહારાજે યોગની પ્રથમ ચાર દૃષ્ટિઓમાં આવરી લીધાં છે. ''અનુભવ'' પ્રાપ્ત થતાં સાધક પાંચમી કે તેની ઉપરની યોગદૃષ્ટિમાં પ્રવેશે છે. ગુણ સ્થાનકની અપેક્ષાએ જોઈએ તો અનુભવની પહેલાના પ્રથમ ચાર યોગદૃષ્ટિ સુધીના આત્મવિકાસનો સમાવેશ પહેલા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકમાં થાય છે. અનુભવની પ્રાપ્તિ થતાં આત્મા પહેલા ગુણસ્થાનકથી સીધોજ ચોથા-અવિરત સમ્યક્ દૃષ્ટિ-ગુણસ્થાનકની કે ક્યારેક તેથીય આગળ વધી. સાતમા-અપ્રમત ગુણસ્થાનકની સ્પર્શના કરે છે.

કેટલાક આધ્યાત્મિક વર્તુળો 'સમ્યક્દર્શન'ની પ્રાપ્તિ ને આત્મવિકાસની ચરમ અવસ્થા માની લે છે. તેનેજ જીવન મુક્તિ સમજે છે. પરંતુ જૈન આગમો અનુસાર આત્મવિકાસના ચૌદ ગુણસ્થાનકો જણાવાયા છે તેમાં તેર અને ચૌદમું ગુણસ્થાનક ક્રમશઃ જીવનમુક્ત અને વિદેહમુક્તિનું છે. જ્યારે ક્ષાવિક સમ્યક્દર્શનની પ્રાપ્તિ ચોથા ગુણસ્થાનકે હોઈ શકે છે.

સમ્યક્ દર્શનની પ્રાપ્તિ થતાં સાધકની જ્ઞાનધારા શુધ્ધ વહે છે. ચૈતન્ય સાથે તેનું અનુસંધાન અખંડ બને છે અને અંતરથી નિરાસક્ત રહી તે સર્વ પ્રવૃત્તિ કરી શકે છે. અંતરમા નિરાસક્ત હોવા છતાં આવી વ્યક્તિનું બાહ્ય આચરણ પૂર્વસંસ્કાર કે ચારિત્ર મોહનીયાદિ કર્મના આવરણને કારણે ઘણીવાર આસક્ત વ્યક્તિના આચરણ જેવું રહે છે. અંતર અનાસક્ત હોવા છતાં તેની પ્રવૃત્તિમાં, યોગધારામાં થોડી-ઘણી અશુધ્ધિ અને ચંચળતા રહે છે. તે દૂર કરવા દેશવિરતી કે સર્વવિરતિની તપ-ત્યાગમય સાધના શ્રી જિનેશ્વર દેવોએ ચીંધી છે. એ સાધના દ્વારા યોગપ્રવૃત્તિની અને જ્ઞાનની એ બંને ધારાને પૂર્ણ શુધ્ધ કરવી એ જૈન સાધનાનું લક્ષ્ય રહ્યું છે.

*ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુધ્ધ પ્રકાશ્યું રે...*
*શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે...*

**- શ્રીમદ રાજચંદ્ર**

ઉગ્યો સમકિત રવિ ઝળહળતો, ભરતિમિર સવિ નાઠો...
અનુભવ ગુણ આવ્યો નિજ અંગે, મિટ્યો નિજ રૂપ માઠો...

**શ્રીપાળરાસ, ખંડ-૪, ઢાળ-૧૩**

સમ્યક્દર્શન વિના કઠોરતપ, બહોળું શ્રુતજ્ઞાન અને ઉગ્રચારિત્ર પણ નિરર્થક કહ્યા છે.

''આત્મા છે'' એવી માત્ર શ્રધ્ધા કે ''દેહ અને કર્માદિ થી તદ્દન ભિન્ન એક સ્વતંત્ર આત્મદ્રવ્યનું અસ્તિત્વ છે'' એવી માત્ર બૌધિક સમજણ નહિ, પણ એ બે ની ભિન્નતાની સ્વ અનુભવ જન્ય પ્રતીતિ ઉપર સમ્યક્ત્વનું મંડાણ છે.

જેમ એકરૂપ થઈને રહેલા દૂધ અને પાણીને હંસની ચાંચ અલગ કરી દે છે તેમ અનાદિથી-અનંત જન્મોથી આપણને એકરૂપ ભાસતા આત્મા અને દેહને 'સમ્યક્દર્શન' અલગ પાડી બતાવે છે. ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે અંતર્મુહૂર્ત સુધી ચિત્ત દેહાભિમાનથી અલગ બની આત્મ જ્યોતિમાં લીન રહે છે. ત્યારે પોતાના નિરુપાધિક સહજ આનંદ, જ્ઞાન, સામર્થ્યની ઝલક આત્માને મળે છે. ''દેહાદિથી ભિન્ન 'હું' જ્ઞાન આનંદનો પિંડ છું'' એવો અભૂતપૂર્વ જ્ઞાનપ્રકાશ આત્મામાં પથરાય છે.

જન્માંધને દૃષ્ટિ પ્રાપ્ત થતાં, જેવો આનંદને વિસ્મય થાય, એનાથી અધિક આનંદ અને વિસ્મયની લાગણી સમ્યક્દર્શનની પ્રથમ પ્રાપ્તિ વખતે અનુભવાય છે. એ અપૂર્વ અનુભવથી જીવન અને જગત પ્રત્યેની દૃષ્ટિમાં અકલ્પ્ય પરિવર્તન આવે છે. તેથી પહેલાં જેવા તીવ્ર રાગ-દ્વેષ એ પછી જાગી શકતાં નથી. દેહાત્મ બુધ્ધિરૂપ અજ્ઞાનગ્રંથિ દૂર થતાં, રાગ-દ્વેષની આધાર શિલાજ ઉથલી પડે છે. એટલે કે 'નિબિડ રાગ-દ્વેષની ગ્રંથિ' ભેદાઈ જાય છે.

અહં, મમત્વ અને કષાયોનું મૂળ દેહાત્મ ભ્રમ છે. સંસારના સર્વ અનર્થ એમાંથીજ પાંગરે છે. ભેદજ્ઞાન થતાં, સંસારનું એ બીજ શેકાઈ જાય કે બળી જાય છે. તે પહેલાં રાગ-દ્વેષ ભલે ઉપર ઉપરથી મોળા પડી ગયેલા દેખાય પણ તેનું મૂળ કાયમ રહે છે. જેમ કોઈ ઝાડ ઠૂંઠૂ થઈ ગયેલું દેખાય પણ તેના મૂળીયા ધરતીમાં

સલામત હોય તો ફરી હર્યું ભર્યું થઈ જાય છે. પરંતુ જો તે મૂળથી જ ઉખડી ગયું હોય તો.. થોડા દિવસ ભલે પાંદડા વગેરે લીલા દેખાય પણ કાળક્રમે તે નિષ્પ્રાણ લાકડુંજ રહે છે. તેમ ''સ્વ અનુભૂતિ'' દેહાત્મ બુધ્ધિરૂપ રાગ-દ્વેષની જડને ઉખાડીને ફેંકી દે છે. તેની સાથે મોહનું આખુંય વિષવૃક્ષ મૂળથી તૂટીને પડી જાય છે. ને કરમાઈને, સુકાઈને નષ્ટ થઈ જાય છે. આથી, સમ્યક્દર્શનની પ્રાપ્તિ પછી જન્મ-મરણની પરંપરા અનિયત કાળ સુધી નભી શકતી નથી. ભવભ્રમણની સીમા અંકાઈ જાય છે. વધુમાં વધુ પંદર ભવે જીવ મુક્તિ પામે છે.

વ્યવહાર સમ્યક્દર્શન :-

પારમાર્થિક સમ્યક્દર્શન, સ્વરૂપના પ્રત્યક્ષ અનુભવ જન્ય શુભ આત્મપરિણામરૂપ છે. છતાં પણ સુદેવ-સુગુરૂ અને જિનેશ્વર દેવે બતાવેલ સત્ધર્મ ઉપરની શ્રધ્ધાને પણ સમ્યકત્વ કહ્યું છે. કારણકે તેના દ્વારા સ્વરૂપની અનુભૂતિ માટેની ભૂમિકા ક્રમશઃ સર્જાય છે. અને અંતે સ્વ અનુભૂતિ રૂપ સમ્યક્દર્શન પ્રાપ્ત થાય છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને, તે શ્રધ્ધાપણ વ્યવહારથી સમ્યક્દર્શન કહેવાય છે.

આગમ-યુક્તિ અને અનુભૂતિ એ ત્રિવિધ માર્ગે તત્વપ્રાપ્તિ થાય છે. તેથી જ્યાં વીતરાગનું અવલંબન, આત્મજ્ઞાની ગુરૂઓનું માર્ગદર્શન અને જીનાજ્ઞા આરાધવાની રુચિ છે ત્યાં દ્રવ્યસમ્યકત્વ કહ્યું છે.

વિતરાગ વચન ઉપરના વિશ્વાસથી અને તર્કદ્વારા મળેલું આત્મા અને પરના ભેદનું જ્ઞાન ગમે તેટલું ઉંડું હોય તોય, તે બૌધિક સ્તરનું હોવાથી, તે એ ભેદની એવી દૃઢ પ્રતિતિ જન્માવી શકતું નથી કે જેથી નિબિડ રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાઈ જાય. એટલે સ્વ અને પર ના ભેદનો, દેહ અને આત્માના ભેદનો સાક્ષાત્કાર કરાવતા અનુભવને સમ્યક્દર્શનનું પ્રથમ સ્થાન કહ્યું અને સમ્યક્દૃષ્ટિ એટલે કાયાથી ''હું'' ને અલગ જોનારી, અનુભવનારી દૃષ્ટિ માટે ભવભ્રમણને મર્યાદિત કરનાર પારમાર્થિક સમ્યક્દર્શનના અર્થીએ સુદેવ-સુગુરૂ-સુધર્મ પરની શ્રધ્ધા અને શ્રુત તથા તત્વચિંતન દ્વારા મળતાં તત્વાર્થના જ્ઞાન અને શ્રધ્ધા નથી, સંતોષ માની અટકી ન જતાં સ્વ અને પરની યથાર્થ પ્રતીતિ કરાવતાં, ભેદજ્ઞાન કરાવતા પ્રત્યક્ષ ''અનુભવ''ને પોતાની સાધનાનું લક્ષ્ય બનાવવું જોઈએ.

જ્ઞાન સહિત ક્રિયા એટલે જેને સમ્યક્દર્શન પ્રાપ્ત થયું છે, જેને આત્માનુભવ પ્રાપ્ત થયો છે, જેની ક્રિયામાં સ્વઅનુભવ જન્ય આવી પ્રતીતિ ભળી છે એવી ક્રિયા તે જ્ઞાન સહિત ક્રિયા કહેવાય છે. એવો આત્મ જ્ઞાની શ્વાસોશ્વાસમાં એટલી કર્મનિર્જરા કરી શકે છે, જે અજ્ઞાની પૂર્વ ક્રોડ વર્ષ સુધીમાં પણ માંડ કરે. આત્મસાધના માટે જ જેણે ભેખ લીધો છે. તેને તો એની પ્રાપ્તિ માટે તાલાવેલી હોવી જોઈએ.

ભાવિ ગણધર (શ્રી કુમારપાળ મહારાજ)ના ધર્મગુરૂ 'કલિકાલસર્વજ્ઞ' શ્રી આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ શું કહે છે તે જુઓ...

''જે દુ:ખ છે તે આત્મઅનુભવજ્ઞાન જેને પ્રાપ્ત થયું નથી તેને છે. જેને તમે કર્મ નિર્જરાનું મુખ્ય કારણ કહો છો, તે તપથી પણ આત્માના અજ્ઞાન જનિત દુ:ખ આત્મઅનુભવજ્ઞાન વિનાનાઓથી છેદી શકાતું નથી કારણકે સમ્યક્દર્શન વિનાના તપનું ફળ નહિવત છે માટે બીજી બધી આળપંપાળ મુકીને રત્નત્રયના પ્રાણભૂત આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરવો. આત્મજ્ઞાન, સમ્યક્દર્શન, એ સ્વાનુભૂતિનુંજ બીજું નામ છે.''

આપણાજ કાળના ને આપણાજ ક્ષેત્રના આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીજીએ વિવેકશીલ મુમુક્ષુને સ્વાનુભવપૂર્ણ જે સલાહ આપી છે તે વચનોમાંથી પ્રેરણા મેળવીને આત્માર્થી સાધકે આત્મદર્શનને પોતાનું લક્ષ્ય બનાવી તે માટેની આરાધનામાં લાગી જવું ઘટે.

જેને સમ્યક્દર્શન આત્માનુભવ થયો નથી એવા જીવો સદા દેહ અને પોતાના કર્મકૃત વ્યક્તિત્વ સાથે પોતાનું તાદાત્મ્ય-એકતા અનુભવતા હોય છે. નામ-રૂપથી અલગ એવી શાશ્વત આત્મસત્તા સાથે પોતાનું તાદાત્મ્ય અનુભવાતું નથી. પણ કર્મજન્ય ક્ષણિક પર્યાયો જે સતત બદલાતા રહે છે તેમાંજ ''હું'' ની બુધ્ધિ રહે છે. જ્યારે સ્વાનુભૂતિ પછી ભેદજ્ઞાનની જાગૃતિવાળી વ્યક્તિને એ પ્રતીતિ રહ્યા કરે છે કે, ''આ દેહાદિ 'હું' નથી. ખાતા-પીતાં, હરતા-ફરતાં, વગેરે દૈનિક પ્રવૃત્તિની વચ્ચે પણ સમ્યક્દૃષ્ટિ આત્માની વૃત્તિ સ્વરૂપ તરફ (આત્મા તરફ) વહેતી હોય છે. આત્મસત્તા સાથેની એકતાની સ્મૃતિ અન્ય પ્રવૃત્તિના કોલાહલની વચ્ચે પણ, તેના ચિત્તમાં ઝબક્યા કરતી હોય છે. ક્ષાવિક સમ્યકત્વ વાળાને એ ભાન અખંડ ટકે છે એના અંતરની ઝંખના શુધ્ધ જ્ઞાયકભાવમાં ઠરવાની હોય છે. તે સિવાયનું બીજું બધું તેને સ્વપ્નની ઘટના જેવું નિ:સાર લાગે છે. ચારિત્ર મોહનીયના ઉદયવશ બાહ્યરીતે વિષય ઉપભોગમાં તે પ્રવૃત્ત દેખાવા છતાં તેના અંતરમાં તેના અંતરના ઉંડાણમાં તો વિષયોના એ ભોગવટામાં આનંદ કરતાં બળાપો વિશેષ રહે છે. તેનું મન વિષયોપભોગ કે અન્ય પ્રવૃત્તિમાં તીવ્ર રસપૂર્વક ભળતું નથી.

જે સમ્યક્દર્શન વિના વિપુલ શ્રુતજ્ઞાન પણ 'જૂઠું' જ રહે છે એ અનુભવ જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રત્યેક મુમુક્ષુને કેવું આકર્ષણ હોવું જોઈએ? જેનો સંવેગ તીવ્ર હોય તે માત્ર શાસ્ત્રજ્ઞાનથી સંતોષ માની બેસી રહે નહિ. ભલે માર્ગદર્શન મેળવવા તે શાસ્ત્રનું અધ્યયન કરે પણ તેની ઝંખના તો અનુભવજ્ઞાનનો અમૃત ઓડકાર પામવાની જ હોય.

*''દિશી દેખાડી શાસ્ત્ર સર્વ રહે, ન લહે અગોચર વાત....*
*કારજ-સાધક બાધક રહિત એ, અનુભવ મિત્ત વિખ્યાત''*

આનંદઘનજી મહારાજ વિરજિન સ્તવન.

અનુભવ તરફ દોરી ન જાય. એની જીજ્ઞાસા પણ ન જગાડે, તે શાસ્ત્રઅધ્યયનથી જીવન કૃતાર્થ ન બને. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે....

*સંશય નવિ ભાંજે શ્રુતજ્ઞાને, અનુભવ નિશ્ચય જેઠોરે...*
*વાદવિવાદ અનિશ્ચિત કરતો, અનુભવ વિણ જાય હેઠો રે...*

સમ્યક્દૃષ્ટિ આત્માને સ્વઅનુભવજન્ય પ્રતીતિ હોવાનો કારણે સમગ્ર ભવચેષ્ટાને નાટકના ખેલની જેમ કંઈક અલિપ્તભાવે જુએ છે. શ્રીઆનંદઘનજી મહારાજ, સુમતિનાથજિન સ્તવનમાં કહે છે કે...

*''સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ...*
*અંતરથી ન્યારો રહે... જિમ ધાવ ખીલાવત બાળ..''*

જેમ ધાવમાતા બાળકને દૂધ આપે છે, રમાડે છે, પાળે છે પણ અંતરથી જાણે છે કે આ મારૂં બાળક નથી તેથી તેને મમત્વ નથી. તેમ સમ્યક્દર્શન પામેલો જીવ કર્મકૃત કુટુંબનું પરિપાલન કરે છે, વિષયોપભોગ કરે છે પણ તેમાં તેને રસ હોતો નથી. અંતરથી ન્યારો રહે છે.

સવાલ એ થાય કે સમ્યક્દર્શનની પ્રાપ્તિ, આત્મ અનુભવની પ્રાપ્તિ, આ ક્ષેત્રે વર્તમાનકાળમાં શક્ય છે ખરી? જવાબ છે હા, આપણા નિકટના કાળમાં થઈ ગયેલ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, ઉપાધ્યાય માનવિજયજી વાચક, યોગીશ્વર આનંદઘનજી અને ચિદાનંદજી મહારાજે પોતાને અનુભવ પ્રાપ્ત થયાના સ્પષ્ટ ઉલ્લેખો કર્યા છે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજને અનુભવની પ્રાપ્તિ શ્રીપાળ રાસની રચના કરતાં થઈ...જુઓ..

*માંહરેતો ગુરૂચરણ પસાયે, અનુભવ દિલમાંહિ પેઠો...*
*ઋધ્ધિ વૃધ્ધિ પ્રગટી ઘટમાંહિ, આતમ રતિ હુઈ બેઠો રે ...*

શ્રીપાળરાસ ખંડ-૪. ઢાળ-૧૩.

*અવધુ અનુભવ કલિકા જાગી,*
*મતિમેરી આતમ સમરન લાગી..*

*આનંદઘનજી મહારાજ*

*અહનિશ ધ્યાન અભ્યાસથી, મન થિરતા જો હોય...*
*તો અનુભવ લવ આજપન, પાવે વિરલા કોય,*

*ચિદાનંદજી મહારાજ...*

આથી એ સ્પષ્ટ થાય છે કે આત્મઅનુભવની પ્રાપ્તિ આ કાળે પણ સંભવિત છે. પણ તે માટે અખંડ પુરૂષાર્થ અને નિષ્ઠાપૂર્વકની સાધના જરૂરી છે ક્યારેક કોઈને અનાયાસ પ્રાપ્તિ થઈ જાય પણ તેની પાછળ પણ અનેક જન્મના પુરૂષાર્થ અને સાધના રહેલા હોય છે. માટે અવિનાશી ને નજરે નિહાળવા માટે, પોતાના લક્ષ્યથી જરાયે આડાઅવળા થયા વિના, તીરની જેમ લક્ષ્યની દિશામાં આગળ વધે તો આ જીવનમાંજ આત્મજ્ઞાનનો પ્રકાશ પામી શકે છે. આપણે પ્રદક્ષિણા ફરતાં દૂહો બોલીએ છીએ ને... ''જ્ઞાન વડું સંસારમાં જ્ઞાન પરમ સુખ હેત, જ્ઞાન વિના જગજીવડાં ન લહે તત્વસંકેત'' આમ શાસ્ત્રમાં જ્યાં જ્યાં જ્ઞાન નો મહિમા ગાયો છે. જ્ઞાન શબ્દનો ઉલ્લેખ છે તે આ ''આત્મજ્ઞાન''ની ''અનુભવ જ્ઞાન''ની વાત છે શાસ્ત્ર-શબ્દ જ્ઞાનની વાત નથી તે ધ્યાનમાં રાખવું... અલ્પ પણ અનુભવજ્ઞાન સાથે આવે છે, શાસ્ત્રજ્ઞાન નહિ. માટે શાશ્વતને પામવાનો પુરૂષાર્થ કરવો એજ આ માનવ જીવનનું ધ્યેય છે.

શું કહું સમ્યક્દર્શનનો મહિમા? સાગરને ગાગરમાં કેવી રીતે સમાવવું? એને કલમ લખી શકતી નથી કથન કહી શકતું નથી, મન જેને મનન કરી શકતું નથી જેના આવ્યે જીવની દૃષ્ટિ ફરી જાય. સમ્યક્દર્શન થયા પછી, ગમે તે વર્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી. અનંત સંસાર નથી. મોક્ષ નક્કી છે, અંતરંગ મોહીની નથી. સમકિત પામ્યાથી જીવન વધુમાં વધુ ૧૫ ભવે મોક્ષ થાય. જઘન્ય તે ભવે પણ મોક્ષ થાય ને જો સમકિત વમે તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ સુધી સંસાર પરિભ્રમણ કરીને પણ મોક્ષ પામે. સમ્યક્દર્શન ગમે તે ગતિમાં સાથે જાય. ક્ષયોપશમ સમકિત અથવા ઉપશમ સમકિત હોય તે જીવ વમી શકે પણ ક્ષાયિક સમકિત હોય તે વમાય નહિ. ક્ષાયિક સમકિત જીવ વધારેમાં વધારે ત્રણ ભવ કરે. અને કોઈ એક જીવની અપેક્ષાએ કવચિત ચાર ભવ થાય.

સમ્યક્દર્શન થયાં પહેલાં કોઈપણ પુન્ય કાર્ય, ક્રિયા, વિધિ કરો, બંધ ભલે પૂન્યનો પડશે પણ ૯૫% અનુબંધ પાપનો પડશે. તે પાપાનુબંધી પુણ્ય બનશે જે ઉદયમાં આવશે ત્યારે નવું બંધને અનુબંધ બંને પાપનું કરાવશે ને અંતે દુર્ગતીમાં પટકી દેશે. જ્યારે સમ્યક્દર્શન પામ્યા પછી બાજી આખી પલટી ખાઈ જશે. કાર્ય ભલે પુણ્યનું કરતાં હોય કે પાપનું પણ ૯૫% અનુબંધ તો પુણ્યનો જ પડશે. જે ઉદયમાં આવશે ત્યારે નવો બંધ અને અનુબંધ બંને પુણ્યનોજ પડશે. નવું કર્મ કેવું કરાવવું તે તાકાત બંધમાં નહિ પણ અનુબંધમાં છે માટે અનુબંધથી ચેતો અત્યારે આપણે આ કાળમાં આ સંઘયણ દ્વારા કેવળજ્ઞાન તો પામી શકીએ તેમ નથી પરંતુ જો સમ્યક્દર્શન માટે સમ્યક્ પુરૂષાર્થ કરવામાં આવે તો તે ઝલક જરૂર પામી શકાય માટે હે જીવ તું બીજું બધું છોડીને સમ્યક્દર્શન માટે સમ્યક્ પુરૂષાર્થ કર.

જો સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગ માં ઉતરી આર્ય મૌન ધારણ કરી કર્મની પ્રતરોને નિર્જરવાનો પુરૂષાર્થ કરવામાં આવે તો આત્મા પર લાગેલ કર્મની કાળ ઓછી થશે.. ને ઓછી થશે તો આત્માનો પ્રકાશ, જ્ઞાનપ્રકાશની ઝલક મળી જશે. આત્માનું જે સ્વરૂપ છે તે સ્વરૂપના વિજળીના ઝલક ની જેમ દર્શન થઈ જશે. સમ્યક્દર્શન થઈ જશે... અતિન્દ્રિય આનંદ રેલાસે. ભવભ્રમણ સિમિત થઈ જશે.

પહેલાના જમાનાના રાજા-મહારાજ-શ્રેષ્ઠીઓ પચાસ વર્ષ સંસારમાં વિતાવ્યા પછી, કુટંબ પરિવારની જવાબદારી છોકરાઓ ને સોંપી પોતે જંગલમાં ચાલ્યા જતા. તરત દિક્ષા નહોતાં લઈ લેતા સંન્યાસ લેતા પહેલા વાનપ્રસ્થાન હતો જંગલમાં રહી,

પરિસહ સમતાભાવે સહન કરી, સ્વાધ્યાય ધ્યાન ની સાધના કરતાં સ્વાધ્યાય કરતાં કરતાં જ્યારે સમ્યક્દર્શન ની ઝલક મળી જતી પછી સંન્યાસ ગ્રહણ કરતાં. સમ્યક્દર્શન વિનાના ચારિત્રની કિંમત શૂન્ય છે તેવું શાસ્ત્રમાં વાંચીએ છીએ, જાણીએ છીએ, વ્યાખ્યાનમાં પણ સમજીએ છીએ પણ એના માટેનો કોઈ સઘનતાથી પ્રયત્ન કરતા નથી.... ને એજ કારણ છે કે ખોટા હીરાના ચળકાટમાં સાચો હીરો ગુમાવી દઈએ છીએ....

*''ક્રિયા કષ્ટ ભી ન હુ લહે, ભેદજ્ઞાન સુખવંત*
*યા બિન બહુવિધ તપ કરે, તો બિનહી ભવ અંત''*

*સમધિશતક- ગાથા ૩૧*
*નિજ સ્વરૂપ જાણ્યા વિના, જીવ ભમે સંસાર...*
*જબ નિજ રૂપ પિછાણીયો, તબ લહે ભવકો પાર*
*સમાધિ વિચાર દુહો ૨૮૧*

દરેક આત્માને સમ્યક્દર્શની પ્રાપ્તિ થાય એવા ભાવ સાથે.

❑❑❑

- ૧૯ ધર્મપ્રતાપ, અશોકનગર,
કાંદિવલી (ઈસ્ટ),
મો. ૮૮૫૦૦૮૮૫૬૭ /૯૮૯૨૧૬૩૬૦૯

**નોંધ :** વિદ્વાનશ્રી સુબોધીબેન સતીશ મસાલીયા લિખીત લેખ 'અભ્યંતર તપ-સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ'નો અંતિમ મણકો સ્થળ સંકોચને કારણે આ અંકમાં લઈ શકાયો નથી. આવતા અંકમાં લેશું.

# સમ્યક આચાર અને આહાર

**હિંમતલાલ શાંતીલાલ ગાંધી**

શ્રમણ તીર્થંકર ભગવાન મહાવીરે બતાવેલા માર્ગે ચાલીને મોક્ષ પ્રાપ્તિ માટે નો રાજમાર્ગ એટલે ''સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર'' આ અંગે શાસ્ત્રો, વિશાળ સાહિત્ય તથા માર્ગદર્શક જ્ઞાની વિદ્વાન પંડિતો અને જ્ઞાની ગિતાર્થ ગુરૂભગવંતો મુમુક્ષુઓને જ્ઞાન આરાધના, સ્વાધ્યાય કરાવે છે.

મારે તો સમ્યક આચાર અને આહાર ઉપર થોડી વાતો કહેવી છે. મારી સમજણ મુજબ આ બારામાં બહુજ જૂજ પ્રમાણમાં લખાયું કે કહેવાયું છે.

ભગવાન મહાવીરે તેમનો ઉપદેશ મહદઅંશે તેમનાં જીવન તથા આચરણથી જ આપ્યો છે. એટલે જ કહેવાયું છે કે "Jainism is a way of Life" જૈન ધર્મ એટલે જીવન કેમ જીવવું - મુખ્યત્વે આચરણનો ધર્મ છે. જોકે તેમાં ક્રિયા સામેલ છે પરંતુ આજે મોટેભાગે ક્રિયાઓ, ક્રિયાકાંડને જ ધર્મ માની લેવામાં આવ્યો છે અને આચરણ-આચારને તથા તેનાં મહત્વને વિસારી દેવામાં આવ્યા છે તે કેટલે અંશે યોગ્ય છે તે તો જ્ઞાની ગીતાર્થ ગુરૂભગવંતો જ કહી શકે.

સમ્યક્ આચાર માટે આહાર અંગે સમજવું પણ અત્યંત જરૂરી છે. કહેવાયું છે કે ''જેવો આહાર તેવા વિચાર અને જેવા વિચાર તેવો આચાર'' આધ્યાત્મિક સાધનામાં માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સ્વાસ્થ્યનું મહત્વ વિશેષ છે અને તે માટે આહારવિવેકનો અભ્યાસ અનિવાર્ય બને છે.

આહાર એટલે માત્ર મોં વાટે આરોગાતા ખાન-પાન નહીં, બલ્કે આંખોથી જોવાતા દ્રષ્યો, કાનથી સંભળાતા શબ્દો, વાતો, ધની, સ્પર્શથી અનુભવાતા સ્પંદનો, મગજથી સ્ફુરતા વિચારો, સંવેદનાઓ, અનુભુતિઓ પણ આહાર છે. શ્વાસ દ્વારા લેવાતી હવા તથા સૂર્યપ્રકાશ પણ આહાર છે. આહાર માનવનાં શરીરને પોષણ આપે છે એટલું જ નથી, વધુમાં માનવ મનનું ઘડતર પણ કરે છે. આહાર વાસ્તવમાં વ્યક્તિનો સર્વાંગી વિકાસ સાધનારું સ્ત્રોત છે. આહારથી સર્જાતી અસરોનું બારીક નિરીક્ષણ થવાથી ''જેવું અન્ન તેવું મન''ની કહેવત સર્વમાન્ય બની છે.

આપણો આહાર કેવો હોવો જોઈએ? આ પ્રશ્ન વિશે મુખ્યત્વે બે દ્રષ્ટિકોણથી વિચાર-વિમર્શ થયો છે; સ્વાસ્થ્ય અને સાધના, સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આહારનું ઘણું બધું મહત્વ છે. શારીરિક સ્વાસ્થ્ય માટે આનું આટલું મહત્વ છે, પરંતુ માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે એનું કેટલું મહત્વ હશે, તે બધા નથી જાણતા. આહારવિજ્ઞાનની પહેલી નિષ્પતિ છે : સ્વાસ્થ્યઃ સ્વાસ્થ્યનો પ્રશ્ન ત્રણ સ્તરે ચર્ચી શકાય છે - ભાવ, મન અને શરીર. ભાવ સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય અને શારીરિક સ્વાસ્થ્ય. ભાવ સ્વાસ્થ્ય આધ્યાત્મિક સ્વાસ્થ્ય છે. મનનું સ્વાસ્થ્ય માનસિક સ્વાસ્થ્ય છે; અને શરીરનું સ્વાસ્થ્ય શારીરિક સ્વાસ્થ્ય છે. શરીર સ્થૂળ છે, મન તેનાથી સૂક્ષ્મ અને ભાવ તેનાથી પણ સૂક્ષ્મ છે. સ્થૂળ, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર, આ બધામાં સૌથી પહેલું શરીર આવે છે.

શારીરિક સ્વાસ્થ્યનો મૂળ આધાર છે - સમતોલ આહાર. શરીરને આવશ્યક આહાર-તત્વોનો કે જે દ્વારા શારીરિક ક્રિયા સંચાલન શક્ય બને છે, આપણા આહારમાં સમાવેશ થયેલો હોય તો તે આહાર સમતોલ માની શકાય. આમ સમતોલ આહારથી શરીર તંદુરસ્ત અને ક્રિયા કરવામાં સૂક્ષ્મ રહે છે.

માનસિક સ્વાસ્થ્યઃ મન સ્વસ્થ રહે - એ આપણા માટે અત્યંત આવશ્યક બાબત છે. આપણા મનની ક્રિયાઓ પર ભોજનની અસર ઘેરી પડે છે. આપણા મસ્તિષ્કમાંની રાસાયણિક પ્રક્રિયાઓથી

પ્રભાવિત થાય છે. મસ્તિકમાંથી રાસાયણિક પ્રક્રિયા લીધેલા આહારથી પ્રભાવિત થાય છે. આમ ખોરાક માત્ર શરીરને જ પોષણ નથી આપતો પણ મનને પણ તેના દ્વારા પોષણ મળે છે. મન કે મસ્તિષ્ક, તે વડે પુષ્ટ થાય એવો દ્રષ્ટિકોણ ભોજનમાં લેવાતો નથી. સમગ્રતયા સ્વાસ્થ્યપ્રદ આહાર લેવાનો હેતુ એ છે કે તેનાથી મન વિકૃત, ઉત્તેજિત અને ક્ષુબ્ધ ન બને.

ભોજનનાં જે તબક્કાઓ છે, તે શરીર અને મનમાં સ્વાસ્થ્ય ને નજર સમક્ષ રાખીનેજ નક્કી કરવામાં આવ્યા છે. આહારશાસ્ત્રી તથા ચિકિત્સાશાસ્ત્રી તેનાં આધારેજ ભોજનનાં તત્વ અને માત્રાનો નિર્દેશ કરે છે.

ભાવ સ્વાસ્થ્ય કે આધ્યાત્મિક સ્વાસ્થ્ય : -

શરીરનાં સ્વાસ્થ્ય મૂલ્ય માત્ર દસ ટકા છે. માનસિક સ્વાસ્થ્યનું મૂલ્ય ત્રીસ ટકા છે. ત્રણ ગણું વિશેષ મૂલ્ય છે. જ્યારે તેથી પણ આગળ જઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે માનસિક સ્વાસ્થ્યનું મૂલ્ય પણ ઓછું છે. ભાવ સ્વાસ્થ્ય કે આધ્યાત્મિક સ્વાસ્થ્યનું મૂલ્ય સાઠ ટકા છે. આમ સૌથી વધારે મૂલ્ય ભાવ-સ્વાસ્થ્ય કે આધ્યાત્મિક સ્વાસ્થ્યનું છે. જે વ્યક્તિએ આધ્યાત્મિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું છે, તેને માનસિક સ્વાસ્થ્ય માટેની ચિંતા કરવાની જરૂર નથી, તે તો આપોઆપ જ મળી જાય છે. જે વ્યક્તિએ ભાવ-સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી લીધું છે તેણે શારીરિક-સ્વાસ્થ્ય માટેની ચિંતા કરવાની જરૂર નથી, તે તો સ્વયં મળે જ છે.

मायन्ने असणेपाणस्सः ભગવાન મહાવીર

શ્રમણ ભગવાન મહાવીરે જૈન સાધુઓનાં બાવીસ પરીષહ (કષ્ટો) વિષે ઉત્તરાધ્યયન સૂત્રમાં સચોટ ઉપદેશ આપ્યો છે. બાવીસ પરીષહમાં સૌથી પ્રથમ સ્થાન ક્ષુધા પરીષહને આપવામાં આવ્યું છે. ક્ષુધા પરીષહ સહન કરનારા સાધુઓ માટે તેમણે કહ્યું છે કે તેઓ ખાનપાનની માત્રાનાં મર્યાદાનાં જાણકાર હોવા જોઈએ. જૈનો, વિશેષતઃ જૈન મુનિઓ માટે ઈન્દ્રિય સંયમ, જીવદયા, કર્મ સિધ્ધાંત ઈત્યાદિની દ્રષ્ટિએ ખાનપાનની, ભક્ષ્યાભક્ષ્યની ઝીણવટપૂર્વક વિચાર વિમર્શ થયો છે. કારણકે સમ્યક્ આચાર ઉપર આહારનો મહત્વનો પ્રભાવ પડે છે.

ભગવાન મહાવીરે પણ સાધનાનાં પ્રથમ ચરણમાં આહારને ખૂબ મહત્વ આપ્યું છે. તપશ્ચર્યાનાં બાર પ્રકાર છે. તપશ્ચર્યા શરૂ કયાંથી થાય છે ? આહારનાં સંબંધથીજ શરૂ થાય છે. બાર પ્રકારમાંથી ચાર પ્રકાર આહાર સંબંધી છે - ઉપવાસ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ અને રસ-પરિત્યાગ. ચારેયનો સંબંધ ભોજન અને અભોજન (ઉપવાસ) સાથે છે. ખાવું જેટલું મહત્વનું છે, 'ન ખાવું' પણ એટલું જ મહત્વનું છે. સાથોસાથ, ભગવાન મહાવીરે આહારનાં સમય, પ્રમાણ, અને ગ્રાહ્ય વસ્તુઓ વિશે બહુ ગહન વિચાર કર્યો છે. રાત્રિભોજનનો નિષેધ તેમનું મહત્વનું પ્રદાન છે.

ભગવાને મિતાશન પર ખૂબ ભાર મુક્યો. મદ્ય, માંસ, માદક પદાર્થ અને વિકૃતિનો ત્યાગ એમની સાધનાનાં અનિવાર્ય અંગ છે.

તદ્ઉપરાંત, ભોજન સાત્વિક હોવું જોઈએ. આ તથ્ય ઉંડા સંશોધન પછી પ્રગટ થયું છે. જે ભોજન ચિત્તની વૃત્તિઓમાં વિકૃતિ જન્માવે નહિ તે સાત્વિક ભોજન છે. જે ભોજનથી શુક્લ લેશ્યાના (શુભ) વિચારો આવે, પરિશુધ્ધ સંવેદના જાગે તે સાત્વિક ભોજન.

જે ભોજનને આરોગ્યા બાદ મન દૂષિત થાય, ખરાબ વિચાર આવે, ઉત્તેજના અને વાસના જાગે, ક્રોધ અને લાલચની ભાવના પ્રબળ બને, હિંસાના ભાવ જાગે, તે ભોજન તામસી કે રાજસી હોય છે. વિષાદને પ્રોત્સાહન આપનારું ભોજન પણ સાત્વિક હોતું નથી. તે ભોજન તામસી હોય છે, જે શરીરનાં નીચેનાં કેન્દ્રોને સક્રિય કરે છે. સાત્વિક ભોજન શરીરનાં નાભિથી ઉપરનાં કેન્દ્રોને જગાડે છે, સક્રિય કરે છે. આ ભોજનથી આનંદ-કેન્દ્ર, વિશુધ્ધિ-કેન્દ્ર, જ્ઞાન-કેન્દ્ર, દર્શન-કેન્દ્ર અને જ્યોતિ-કેન્દ્ર સક્રિય થાય છે. ભોજનની સાથે શરીરનો, ચૈતન્ય-કેન્દ્રનો, વૃત્તિઓનો કેટલો ગાઢ સંબંધ છે તે જાણવું અત્યંત જરૂરી છે.

શક્તિઓનાં રૂપાન્તર માટે 'આહાર-શુદ્ધિનો' અભ્યાસ જરૂરી છે. હિત-આહાર, મિત્ત આહાર અને સાત્વિક આહારનાં અભ્યાસથીજ આ રૂપાન્તર શક્ય થવા લાગે છે. જેમ જેમ આ અભ્યાસ વધે છે, તેમ તેમ શરીરની વિદ્યુત બદલાય છે, રસાયણ બદલાય છે. અને ચૈતન્ય કેન્દ્રોની સક્રિયતા વધે છે.

ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં, હિન્દુ ધર્મમાં અન્નને બ્રહ્મ તરીકે ઓળખવામાં આવે છે. અન્નને આધારે આખું વિશ્વ ચાલ્યા કરે છે. અન્ન ન હોય તો પ્રજોત્પતિ ન હોય, અન્ન ન હોય તો જીવન ન હોય, શક્તિ ન હોય અને શક્તિ ન હોય તો સાધના ન હોય. शरीर माद्यम खलु, धर्म साधनम्। ધર્મ સાધના માટે શરીરની પહેલી આવશ્યકતા છે. શરીર માટે આહારની પહેલી આવશ્યકતા છે. માટે અન્નનું મહત્વ આધ્યાત્મિક ક્ષેત્રે પણ સ્વીકારાયું છે. તો ગીતામાં પણ સાત્વિક, રાજસી, તામસી ભોજન અને તેનાં પરિણામો વિશે વિગતવાર જણાવેલ છે.

આહારનાં વિવિધ પ્રકારનાં પ્રયોગો થાય છે. અમુક પ્રકારની વિશિષ્ટ શક્તિ આહાર દ્વારા મેળવાય છે. કેટલીક લબ્ધિ-સિધ્ધિ પણ આહાર ઉપર આધારિત છે. ભગવાન મહાવીરે ગોશાલકને તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત કરવી તેની જે વિદ્યા શીખવી હતી એમાં બાફેલા અડદનાં દાણાનું મહત્વ ઘણું હતું. ચોવીસ કલાકમાં અનાજ નો ફક્ત એકજ રાંધેલો દાણો લઈને એનો વિધિપૂર્વક આહાર કરવાની તપશ્ચર્યા (એક સિત્ય તપ) પણ વિશિષ્ટ પ્રકારની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિ જન્માવે છે. અકબર પ્રતિબોધક શ્રી હીર-વિજયસૂરિ મહારાજે આવી 'એક સિત્ય'ના પ્રકારની કેટલીક તપશ્ચર્યા કરી હતી.

દેહનું પ્રગતીશીલ સક્ષમીકરણ અને શુધ્ધિકરણની સાથોસાથ

ચીત્તનું ઉર્ધ્વગામી ઉદાત્તિકરણ તથા સમર્પીકરણ સધાતું રહે તો જીવન સમ્યક્ આચાર પ્રાપ્ત કરી શકે. એકાગ્ર થયેલા ચીત્તનું જ્યારે અદ્રશ્ય ચૈતન્ય અર્થાત વીરાટતમ ચેતનાપુંજ સાથે ચેતનાના તાંતણે જોડાણ સધાય છે ત્યારે આત્મવિશ્વાસયુક્ત હકારાત્મકતા સ્વરુપ ઉર્જાવલય સર્જાવાથી નકારાત્મક સ્વરૂપ અંધકાર આપમેળે અલોપ થઈ જાય છે.

જેમ શરીરગત પ્રક્રિયાથી તનોવેગો સર્જાય છે, તેમ આહારગત પ્રક્રીયાથી મનોવેગો સર્જાય છે. આહારની શરીરનાં વેગો/આવેગો ઉપર સીધી તેમજ પ્રભાવક અસર પડે છે. વાસ્તવમાં સત્વગુણી, તમોગુણી કે રજોગુણી આહારનો જે તે આવેગોનાં સર્જનમાં મોટો ફાળો હોય છે. હિંસક કે તામસી આહારથી કામ, ક્રોધ, લોભ, મદ, માયા કે મત્સર જેવા ષડરીપુ આવેગો સર્જાતા હોય છે. જ્યારે સત્વગુણી, સંતુલિત. સુપાચ્ય આહારથી શાંતી, આનંદ, પ્રેમ, સાત્વિકતા, સર્જનશીલતા અને કૃતજ્ઞતા જેવા ષડમિત્ર આવેગો સર્જાય છે. ઓર્ગેનિક, કેમિકલ પ્રદુષણ મુક્ત અનાજ, શાકભાજી ફળો, મરી-મસાલા, ગાય આધારિત ખેત પેદાશો અને ગાયનાં દુધ-દહીં-ઘી ખાનારની સૌમ્યતા કે માંસાહારીનુ ઝુનુન તેનો સ્વભાવ નથી, પરંતુ આહારનું પરિણામ છે.

બ્રહ્માંડિય જૈવચક્રનું સાતત્ય તેમજ સમયબધ્ધ પાલનનો પાયો છે સંતુલન. જેટલા પ્રમાણમાં સર્વગ્રાહી સંતુલન જળવાતુ રહે એટલા પ્રમાણમાં ઉત્ક્રાંન્તી જન્ય પરીવર્તન સર્જાતુ રહે છે. જે કાંઈ ગડબડ (ડીસઓર્ડર) કે સમસ્યા સર્જાય છે તેનું સ્રોત (કારણ) હોય છે અસંતુલન.

અર્વાચીન વિજ્ઞાન પણ દર્શાવે છે કે મોટા ભાગનાં રોગો, સંભવતઃ ૭૫ થી ૮૦ ટકા મનોદૈહિક પ્રક્રિયાગત હોય છે. શરીર ઉપર મનનાં પડતા પ્રભાવનું વિજ્ઞાન હજુ પા-પા પગલીની ગતીથી આગળ વધી રહ્યું છે.

સમ્યક્ વૃધ્ધિ, વિકાસ તથા સ્વાસ્થ્ય માટે પોષક તત્વોની સમતુલા હંમેશાં જરૂરી છે. સમતોલ ભોજનમાં પ્રોટીન, વસા (એક પ્રકારની ચરબી), કાર્બોહાયડ્રેટ આ ત્રણેય તત્વો ઉપરાંત વિટામીન, ખનિજ અને મીઠું તથા પુરતાં પ્રમાણમાં જળ, હવા તથા સૂર્ય પ્રકાશનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

સંપ્રદાય-સત્તા-સંપત્તિનાં સ્પર્ધાત્મક દુષ્પ્રભાવથી સમાજનું સાંસ્કારીક આરોગ્ય કથળે છે. ભોગવાદનાં દુષ્પ્રભાવથી સમષ્ટીનું આરોગ્ય કથળે છે. રાસાયણીક ખાતરો અને ઝેરી જંતુનાશકોનાં દુષ્પ્રભાવથી ભૂમીનું આરોગ્ય કથળે છે. દવાખોરીનાં દુષ્પ્રભાવથી માનવનું આરોગ્ય કથળે છે. અને માનવનાં વિવેકભ્રષ્ટ અકુદરતી જીવનથી બ્રહ્માંડનું સંતુલીત આરોગ્ય કથળે છે. આ વિષચક્રનાં વગ-વેગ-વ્યાપ વધ્યા કરવાથી વિકાસનો પણ રકાસ થઈ રહ્યો છે.

આધ્યાત્મ એટલે વીરાટતમ્ ચૈતન્ય અર્થાત બ્રહ્માંડીય ચેતનાપુંજ સાથે વામનતમ સ્વરૂપ ચીત્તનો સંવાદ સાધવાનું વિજ્ઞાન.

ધર્મ એટલે વ્યક્તિગત સ્તરે થવા પાત્ર ક્રિયામાં સ્વાયત્તતા, અન્ય સાથે થવા પાત્ર આંતરક્રિયામાં સહીષ્ણુતા તથા સર્જાવાપાત્ર પ્રક્રિયામાં સાત્વિકતા અને સમાજગત આદાન-પ્રદાનમાં સમર્પણભાવનું પ્રાધાન્ય પ્રસ્થાપિત કરનારૂ પ્રેરણાશ્રોત.

પંથ એટલે વિશિષ્ટ પ્રતિલક્ષી પ્રવૃત્તિની પધ્ધતિનું પ્રાધાન્ય પ્રેરતો સમુદાય.

આયુર્વેદમાં પણ અધર્મને રોગનું કારણ માનવામાં આવ્યું છે. અધર્મનું મુળ પ્રજ્ઞાપરાધ છે. પ્રજ્ઞાનું સ્વરૂપ ત્રિવિધ છે. બુદ્ધી, ધૃતિ અને સ્મૃતિ. સત્યાસત્ય કે હીતાહીતનો યોગ્ય વિવેક કરવો, તે બુદ્ધીનું કામ છે. એ વિવેક સમ્યક રીતે ન થાય અને સત્યમાં અસત્ય અને અસત્યમાં સત્ય જૂએ, હિતમાં અહિત અને અહિતમાં હિત જૂએ તે બુદ્ધિનો અપરાધ છે. સત્ય કે હિતનો જે નિશ્ચય થયો એને દ્રઢતા પૂર્વક વળગી રહેવું. એ ધૃતીનું કાર્ય છે. સત્ય કે હિત જાણવા છતાં તેનું આચરણ ન કરે તે ધૃતીનો અપરાધ છે. સ્મૃતિ એટલે સતત જાગૃતી... સતત સાવધાન વિષયનાં સંસર્ગમાં આવીએ ત્યારે ખ્યાલ જ ન રહે કે આ વિષય મારા માટે અહીતકર હોઈને ત્યાજ્ય છે, અથવા આ કાર્ય અસત્ય છે. ભલે બુદ્ધીએ સમ્યક્ વિવેક કર્યો હોય, ધૃતિ બળવાન હોય પણ સ્મૃતિ યથાર્થ અને યથા સમયે કામ ન આપે અથવા ઉલટી સ્મૃતિ રહે તે સ્મૃતિનો અપરાધ છે. આ અપરાધોને લીધે શારીરિક અને મનોદૈહિક રોગો થાય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાની વ્યાખ્યા મુજબઃ "Health is a state of complete physical, mental and social well being and not merely the obsense of disease or infirmity"

આ વ્યાખ્યામાં ઉમેરો કરતા મહર્ષિ મહેશ યોગીનાં શિષ્ય ડૉ. દીપક ચોપરા કહે છે, "to this may be added spiritual well being, a state in which a person feels at every moment of living a joy and gest for life, a sense of fulfillment and awareness of harmony with the universe around him. It is a state in which one feels ever boyant and ever happy. Such a state is not only desirable but quite possible. And it is not quite possible it is easy to attain."

હોલીસ્ટીક મેડીસીન સ્વસ્થની વ્યાખ્યા આપતા જણાવે છે, 'A state of health considered to be an equilibrium among man, his environment and the various forces at work in the body. Disease occured when the equilibrium is disturbed'.

આ દરેક નો અંગુલી નિર્દેશ જૈન ધર્મનાં સિધ્ધાંતો મુખ્યત્વે સમ્યક્ આચાર અને આહાર વિજ્ઞાન તરફ છે.

❑❑❑

૪૦૪, સુંદર ટાવર, ટી.જે. રોડ, શીવરી,
મુંબઈ - ૪૦૦૦૧૫. મોબાઈલ : ૯૩૨૩૩૩૧૪૯૩

# આચાર્યશ્રી વિદ્યાસાગર : એક વિભૂતિ

ઉષા નરેશ સંઘવી

અનાદિ અનંતકાળથી અહિંસાની સૂક્ષ્મતા માટે જેઓ રત્નત્રયરૂપી મોક્ષમાર્ગ દ્વારા કર્મની નિર્જરા થાય છે તેવાં સાધનને અપનાવી મોક્ષને પ્રાપ્ત કરી અનંત સુખના સ્વામી બની ચૂક્યા છે. શ્રી ભગવાન મહાવીરના નિર્વાણ પછી અનેક આચાર્યો થયાં તેમાં એક આચાર્યશ્રી કુંદકુંદ આચાર્ય જેમણે ૮૪ પાહુડની રચના કરી જૈન ધર્મને જીવંત રાખવાનું મહત્વનું કાર્ય કર્યું હતું. ત્યાર પછી ઉત્તરભારતમાં શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુઆચાર્ય સંઘને ૧૨ વર્ષનો ભયંકર દુકાળનો સામનો કરવાનો સમય આવ્યો ત્યારે ધર્મ અને સંયમની રક્ષા માટે દક્ષિણ તરફ વિહાર કરવાનું વિચાર્યું પણ ઘણા શિષ્યોની વિહાર માટે અસમર્થતાને કારણે ત્યાંજ નિવાસ કરવાનું બન્યું હતું. દુકાળને કારણે આહાર માટે મુશ્કેલી ઉભી થતાં વલ્કલ-વસ્ત્રોનો ઉપયોગ કરી શ્રાવકો પાસે ભિક્ષા માંગી સાધુ પણું ટકાવતાં શિથિલતા ઉભી થવા લાગી અને આ રીતે મૂળ દિગંબર ધર્મ સાથે શ્વેતાંબર ધર્મનો પણ ઉદ્ભવ થયો. જો કે આવી વિકટ પરિસ્થિતિમાં પણ દિગંબર સાધુઓએ આગમયુક્ત રત્નત્રયની રક્ષા કરી હતી.

આચાર્યશ્રી કુંદકુંદની પરિપાટીમાં બનેલાં મહાન આચાર્યો શ્રી ઉમાસ્વામિ, શ્રી જિનસેનઆચાર્ય, શ્રી અમૃતચંદ્રાચાર્ય, શ્રી શાંતિસાગર આચાર્ય, શ્રી વિરસાગરજી, શ્રી શિવસાગરજી અને તેમના પ્રખર વિદ્વાન આચાર્ય શ્રી જ્ઞાનસાગરજી મહારાજ સંસ્કૃત ભાષાના પ્રખરવેત્તા અને અનેક કૃતિઓના રચયિતા, જિનશાસનના મહાન સેવક એવા ગુરુ પાસે કર્ણાટકના સદલગા ગ્રામનો એક ૧૮ વર્ષનો યુવક છેક દક્ષિણમાંથી ઉત્તર ભારતમાં અજમેરમાં જ્ઞાનાર્જન હેતુ આવ્યો. જ્ઞાનપિપાસાની ઉત્કંઠતા દર્શાવી ત્યારે ગુરુજીએ કસોટી કરતા કહ્યું કે જ્ઞાન મેળવી ઉડી જતાં લોકોને જ્ઞાન કરાવવાનો શો લાભ? ત્યારે યુવકે તુરતજ ''સવારી (વાહનનો)નો ત્યાગ કરું છું.'' આવા કઠોર નિયમથી ગુરુજીએ પ્રભાવિત થઈ શિષ્યને સ્વીકારી લીધો જેણે બ્રહ્મચર્યવ્રત નિયમથી પાળતો જ હતો અને પછી તો રાત-દિવસ જ્ઞાન મેળવવામાં કઠીન પુરુષાર્થ કર્યો. ત્રણેક વર્ષમાં ગુરુએ સમયસાર, પ્રવચનસાર, અષ્ટપાહુડ, અષ્ટસહસ્ત્રી, સર્વાર્થસિધ્ધિ, પંચાસ્તિકાય, કાતંત્રમાલ, પ્રમેયરત્નમાલા, પ્રમેયકમલ માર્તન્ડ, ભગવતી આરાધના વગેરે સંસ્કૃતભાષામાં અધ્યયન ચાલું કરાવ્યું. શિષ્યને એક કન્નડ જ ભાષાનું જ્ઞાન હોવા છતાં મહાનશાસ્ત્રોનું જ્ઞાન મેળવીને વિદ્વાન બની ગયા. સાથે વૈરાગ્યથી ઝળહળતો જોઈ હિરાપારખુ ઝવેરી એવાં ગુરુએ તેને ૨૨ વર્ષની ઉંમરે દિગંબરી દીક્ષા માટે યોગ્ય છે તેવું જણાવતાં સમાજનાં માંધાતાઓ ચોંકી ગયા. તે સમયે સાધુઓ ૫૦-૬૦ વર્ષના વયોવૃધ્ધ જ દીક્ષા લેતા હોવાથી આશંકા દર્શાવી કે સંયમને નિરતિચાર પાલન આ યુવક કરી શકશે ખરા? કસોટીએ કસીને ચકાસીને આત્મવિશ્વાસપૂર્વક કહ્યું કે ૧૦ વર્ષ પછી આ સાધુ બનેલાનો ચમત્કાર જોઈ શકશો. યુવકની દીક્ષા પછી શ્રી વિદ્યાસાગરજી પાસે ૪ વર્ષ પછી ગુરુએ શિષ્યને પોતાની સંલ્લેખના (સમાધિ મરણ)ની ભાવના દર્શાવી. પણ સાથે એ પણ અરજ કરી કે તે માટે મારી આચાર્યની પદવી જે પરિગ્રહરૂપે છે તે તમને સોંપી મારી સાધના શરૂ કરું. પણ શિષ્યને પદવી સ્વીકાર કરવાની મરજી ન હોવાથી ગુરુએ સંઘપતિઓને કહી તેને મનાવવાનું સોંપ્યુ. અંતે ગુરુદક્ષિણા રૂપે ઉપકાર-ઋણ ચૂકવાશે તેમ વિચાર સ્વીકાર કરવો પડયો. સંલ્લેખનાનો સમય ચાલુ થઈ ગયો તે દરમિયાન તેમણે જે ગુરુની સેવા કરી તે નોંધનીય હતી. તેમણે દિવસ રાત ભગવતી આરાધનાનું વાંચન-ઉપદેશ કરાવ્યો. એકવાર રાત્રે ગુરુજીનું માથું પોતાના ખોળામાં રાખી સુવડાવ્યાં ત્યારે અચાનક વિંછીએ વિદ્યાસાગરજીની જાંઘ પર ડંખ મારતાં લોહીની ધાર થઈ પણ નિદ્રામાં ખલેલ ન પડે માટે સહન કરી રાત વિતાવી. એકવાર તો રેતીમાં વિહાર નો પ્રસંગ બનતાં ચાલવામાં મુશ્કેલી અનુભવતા એવા ગુરુને ૪ કિ.મી. સુધી ખભા પર બેસાડી વિહાર કરાવ્યો. રાજસ્થાનની અસહ્ય ગરમીમાં પણ ગુરુજીની સાથે નાની ઓરડીમાં સુવાનું રાખતાં હતાં. ગુરુ તેમને બહાર હવામાં સુઈ જવાનું કહેતા પણ તેઓ ગુરુજીને એકલાં મૂકતાં ન હતાં. ગુરુ પ્રત્યેનો વિનય, સેવા, ઉપકારી અને અહોભાવનાની ઝલક દેખાય છે. સાથે સાથે તેમની સાધનાની કઠીનતાને સહજ બનાવી હતી. ૩૬ કલાક સુધી ખડગાસનમાં સ્મશાનમાં સામાયિક કરવી, ચાર મહિના સુધી આહરમાં ફક્ત ઘઉં, દૂધ અને પાણી જ લેવું, નમક અને ગળપણનો જીવનભર માટે ત્યાગ કરવો વગેરે ઘણી જ તપસ્યાથી સાધુ જીવન જીવતાં હતાં. તેમની નિસ્પૃહતા અને વૈરાગ્યતાથી આકર્ષાઈને બાળબ્રહ્મચારીઓ લગભગ ૧૨૦ થી પણ વધુ યુવાનોએ તેમની પાસે દીક્ષા લીધી હતી. અને બાલ બ્રહ્મચારી બહેનો ૨૩૦ ની આસપાસે આર્યિકા દીક્ષા ગ્રહણ કરી છે. એક જ દિવસમાં દીક્ષા લેનારની સંખ્યા ૨૪ હોવા છતાં આગળથી કોઈ પ્રચાર-પ્રસાર કે કંકોત્રી છપાવવી એવા દરેક આરંભથી દૂર રહેનાર ફક્ત આગલે દિવસે દીક્ષાર્થીઓને ''કાલે તમારે ઉપવાસ કરવાનો છે'' એમ કહી દીક્ષાનો સંકેત આપનાર ગુરુજી એ નવું ઉદાહરણ પ્રસ્તુત કરેલ છે.

પ્રાત:સ્મરણીય સંત શિરોમણી આચાર્ય શ્રી વિદ્યાસાગરજીનું જીવન એક દર્પણની સમાન સ્વચ્છ અને ખુલ્લી કિતાબ જેવું છે.

તેમની દિનચર્યા પર દૃષ્ટિ નાખીએ ત્યારે સહજતાથી આપણને અફસોસ થાય કે કયાં તેમની દૈનિક પ્રવૃત્તિ અને કયાં આપણું વેડફાઈ રહેલું જીવન. દિવસે તો ક્યારે તેમને સૂતાં કે આરામ કરતાં જોયા નથી. પણ રાત્રે પણ ૧૦ ની આસપાસ સૂતાં બાદ ૨ થી ૨।। કલાકથી પણ ઓછી નિદ્રા લેનાર અને પડખું ફેરવતી વખતે પણ જીવની રક્ષાર્થે પાટનું પરિમાર્જન કરી અહિંસાનું પાલન કરતાં સંયમપંથે ચાલી રહ્યાં છે. રાતે જાગી જતાં સામાયિક માટે અચલ આસને બિરાજીને એક મૂર્તિ સમાન લાગતાં મુનિના દર્શન કરવા એ એક અમૂલ્ય લહાવો હોય છે. ચારેક વાગ્યાથી સ્વયંભૂસ્તોત્રનું અને બીજા સ્તોત્રનું ઉચ્ચારણ કરી આચાર્ય ભક્તિ કર્યા બાદ ૧।। કિ.મી. થી પણ દૂર શૌચ ક્રિયા માટે જાય છે. ત્યાર બાદ શુધ્ધિ કરી શિષ્યોને શાસ્ત્રનું અધ્યયન કરાવવું. ૯।। વાગ્યા પછી આહાર માટે નીકળતાં પહેલાં મંદિરમાં ભગવાન પાસે સ્તુતિ વંદના કરી અભિગ્રહની વિધિ અને મૌનપૂર્વક નિકળે ત્યારનું દૃશ્ય આંખોમાં ભરી લેવા જેવું હોય છે માનો સાક્ષાત મહાવીર ભગવાન જ નિકળ્યા હોય તેવું લાગે છે. અભિગ્રહ જે શ્રાવક દ્વારા પૂરો થાય તે પોતાના ચોકામાં નવધા ભક્તિપૂર્વક લઈ જઈ અહાર કરાવે મુનિ મહારાજ ઉભાં ઉભાં કરપાત્રમાં જ આહાર કરતાં હોવાથી શ્રાવકો ધ્યાનપૂર્વક તેમનાં હાથમાં જોઈ-તપાસી ગ્રાસ મૂકે. આચાર્યશ્રીનો આહાર દાળ, રોટલી, કઠોળ અને ભાત વગેરે હોય છે. તે પણ મીઠું-ગળપણ વગરનું. શાકભાજી, ફળો અને ડ્રાયફ્રુટનો તેમને ૩૫ વર્ષથી ત્યાગ છે. ૩ વર્ષથી દૂધનો પણ ત્યાગ છે. ગમે તેવી કડકડતી ઠંડીમાં ચટાઈ કે બીજુ કાંઈપણ વાપરવાનો ત્યાગ છે.

આચાર્યશ્રી પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ૩ ગુપ્તિ, ૬ આવશ્યકો, ૫ ઈન્દ્રિય નિરોધ અને ૭ ગુણ જેવાં અદંત ધોવન, અસ્નાનતા, નગ્નતા, કેશલૌચ, ભૂશયન, એકવાર ભોજન, ઉભાં ઉભાં ભોજન. આમ તપ-ધ્યાન, ''જ્ઞાનમાં રત રહેતા સાધુના દર્શન આ કાળમાં દુર્લભ છે એવાં સંતોના દર્શન કરીને મનુષ્યભવને સાર્થક કરવો જોઈએ.

આચાર્યશ્રી અહિંસા વ્રત માટે કહે છે કે ''અહિંસા વિશ્વ હિત ધારિણી છે. આ વ્રત બધાં વ્રતોનું મૂળ છે. તેમાં કમી રહે તો બધાજ વ્રતોમાં દોષ લાગે છે અને જેની પાસે દયા નથી તે ભલે તીર્થંકરની શરણમાં જાય તો પણ તેનું હિત થવું મુશ્કેલ છે. પોતાનું કામ બીજા પાસે કરાવીએ તો આ વ્રતમાં નિર્દોષતા રહેતી નથી. પરની પીડા પોતાની કરુણાની પરીક્ષા લેતી હોય છે. એટલે કે બીજાનું દુઃખ જોઈને આંખ ભીંજાય છે ખરી?''

સત્યવ્રત માટે કહે છે કે ''જે સત્ય દ્વારા બીજાને પીડા પહોંચે તે સત્ય-અસત્ય છે. વધારે પડતું બોલવામાં સત્ય વ્રત ખંડિત થાય છે. હંમેશા હિતકારી, મર્યાદિત અને મીઠું બોલવું જોઈએ. બોલતા પહેલાં સ્વ-પરહિતનો વિચાર કરવો જોઈએ. સત્યવાદી દૃઢ, ધીર ગંભીર હોય છે.

અચૌર્યવ્રત માટે કહે છે કે ''અન્ય પદાર્થ પર અધિકાર-સ્વામિત્વની આકાંક્ષા તથા વિચાર પણ રાખવો તે ચોરી છે. કોઈપણ વસ્તુની યાચના, મમત્વભાવ રાખવો કે કોઈને ઈચ્છા વિરુધ્ધ જબરદસ્તી પૂર્વક આપણા વિચારને થોપવા તે પણ ચોરીનો પ્રકાર છે.

બ્રહ્મચર્ય વ્રત માટે કહે છે કે ''બ્રહ્મચર્ય એટલે ભૌતિક વસ્તુના ભોગથી નિવૃત્તિ, ચેતનનો ભોગ કરવો - આત્માનો અનુભવ તેને બ્રહ્મચર્ય કહ્યું છે. પરમાર્થમાં આંખ ખુલ્લી રાખવી. વિષય-વાસનાના ક્ષેત્રમાં આંખ બંધ રાખવી જોઈએ. બ્રહ્મચર્યનું પાલન કરનારે કોમળ પથારીનો ત્યાગ કરી ચટાઈનો ઉપયોગ કરવો જોઈએ. નૃત્ય, ગાન, સંગીત વગેરે પ્રોગ્રામો કે ગલત સાહિત્યથી બચવું જોઈએ.''

અપરિગ્રહવ્રત માટે કહે છે કે ''બાહ્ય અને અંતરંગ પરિગ્રહના ત્યાગ વગર અહિંસા ધર્મની મહેક પણ નથી આવતી, આત્માનુભૂતિ તો દૂરની વાત છે. ત્યાગ વગર આત્માની વાત કરવી તે સન્નિપાત રોગ જેવું છે. તીર્થંકરોની પૂજા તેમના અપરિગ્રહના કારણે થાય છે. સંયમના ઉપકરણ પીંછી તથા કમંડલુ સિવાય સર્વનો ચેતન-અચેતન વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. કોઈનો પણ પરિચય ન રાખવો. ગુરુ માટે શિષ્ય અને શિષ્ય માટે ગુરુ પરિગ્રહ થઈ શકે છે. અંદરના ભાવ વગર પરિગ્રહ નથી થતો. પરિગ્રહના ત્યાગથી ઉકળતાં દૂધની નીચેથી અગ્નિને દૂર કરવાથી દૂધ શાંત થઈ જાય છે તેમ શાંતિ થશે. સ્વસ્થતા આવશે.''

આમ મહાવ્રતીઓ જેમ ચતુર્થ કાળમાં સંયમનું પાલન કરતાં હતાં તેવું જ પાલન અત્યારે આવા હુંડાવસર્પિણી કાળમાં પણ સંયમનું પાલન કરતાં નજરે પડે છે. ગમે તેવી શરીરની પ્રતિકૂળતામાં પણ કોઈ સાધુને સૂતાં જોયા નથી. એકવાર આહાર લેતાં મુનિને જો આહારમાં નરી આંખે ન દેખાય તેવો વાળ પણ આવી જાય કે ન દેખાય તેવો મૃત જીવ હોય તો આહારનો ત્યાગ કરી તે દિવસનો ઉપવાસ થઈ જાય છે. કઠીન આહાર ચર્યામાં પ્રસન્નચિત્તથી સાધનામાં મશગુલ રહે છે. આચાર્યશ્રીએ હર્પિસ જેવી બિમારીમાં પણ વિલાયતી દવા તો નથી લીધી. પણ કોઈ આયુર્વેદિક દવા આપવા માટે આગ્રહ કરે તો ઘણી વાર મના કરે છે. ગમે તેવી કડકડતી ઠંડીમાં શરીર પણ કપડા ન હોવાથી તે શીત પરિષહ તથા મચ્છર ડાંસનો પરિષહ સહન કરવો તે આ મુનિમહારાજો પાસે જોવા મળે છે. એક સાથે ૪૦ મહારાજનો સમૂહ ક્યારે વિહાર કરે તેની ખબર પણ શ્રાવકોને રહેતી નથી. બીજે કયાં-ક્યારે કેવી રીતે આહાર મળશે તેનો વિકલ્પ સુધ્ધાં ન કરતાં એવા અનિયત વિહારીઓના પગમાં જ્યારે ફોડલાં પડે ત્યારે તે જોઈને મોક્ષમાર્ગના કપરા પંથનો વિચાર કરતાં કરતાં આપણું મન થોભી જાય છે કે આવા જીવો પણ અત્યારે વિચરી રહ્યાં છે?

આચાર્યશ્રી ધર્મધ્યાનની વ્યાખ્યા કરતાં કહે છે કે અપાયવિચય ધર્મ ધ્યાનને છે કે જે બીજાના દુઃખે દુઃખી થાય છે તે ખરેખર સમ્યગ્ દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિના ચાર ગુણ સંવેગ, નિર્વેગ, આસ્થા અને અનુકંપા - જીવો પ્રત્યે અનુકંપા-દયાભાવ તે ધર્મનું મૂળ છે. કોઈપણ ક્રિયા કરતી વખતે મારાથી બીજાને હાનિ કે દુઃખ તો નથી થતું ને. અડચણરૂપ તો નથી બનતાં તેવો વિચાર કરવો તે ધર્મધ્યાન છે. મનને થોડું મારવું પડે છે. મનની વાત ન માનવી પણ મન પાસે મોક્ષમાર્ગમાં કામ લેવું તે ચતુરાઈ છે. સ્વકલ્યાણ સાથે પરનું કલ્યાણ કરવું તે ખાસ દૃષ્ટિમાં હોવું જોઈએ. તીર્થંકર ભગવાન પણ સર્વ જીવ કરું શાસન રસી એટલે કે બધાજ જીવો સર્વ દુઃખથી છૂટી અનંતસુખની પ્રાપ્તિ કરે. એવી ભાવના ભાવવી જોઈએ.

શ્રી કુંદકુંદઆચાર્યાદિ પોતાની જ્ઞાનધ્યાનની સાધનામાં રત રહેવા છતાં જ્યારે શુભોપયોગમાં આવતાં તેઓને શુધ્ધોપયોગ છૂટવાથી પીડા ઉત્પન્ન થતી. તે પીડામાંથી જ પરનું કલ્યાણ કરવાની ભાવના જન્મ લેતી અને એથી જ મહાન શાસ્ત્રોની રચના થતી જોઈએ છીએ. એવી જિનવાણી ન મળી હોત તો શ્રાવક તથા સાધુ ધર્મ અવિરતપણે કેવી રીતે ચાલુ રહેત?

આચાર્યશ્રી વિદ્યાસાગરજીએ પણ એવું જ એમના જીવનમાં કર્યું છે. પોતાની સાધનામાં રત રહેતાં જ્યારે તેમને અત્યારના પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર જોતાં તેમણે છોકરીઓ માટે C.B.S.C કોર્સની ૪ થી ૧૨ ધોરણ માટે બાળ બ્રહ્મચારી બહેનો જેમણે એમ.કોમ., એમ.એ., એમ.એડ. જેવાં કોર્સ કરેલી શિક્ષિકાઓ દ્વારા જ્ઞાન આપતી પ્રતિભાસ્થલી ચાર જગ્યાએ ચાલુ કરી છે. જબલપુર, નાગપુર, ડોંગરગઢ, પપોરાજીમાં ૧૫૦૦ થી ૨૦૦૦ વિદ્યાર્થીનીઓને બધી જ પ્રવૃત્તિમાં પારંગત કરવામાં આવે છે. સંસ્કારનું સિંચન કરવું સાથે એવા સંસ્કાર જે તે જૂઠ્ઠુ ન બોલાવે, ચોરી ન કરે, ઉધ્ધત અને સ્વચ્છંદી ન બનાવે વધારે પડતું આધુનિકતાના મોહરા નીચે પછાત જેવું વર્તન ન કરે. વાત્સલ્ય દરેક જીવો પ્રત્યે દાખવે તેવું શીખવાડવામાં આવે છે. અનુશાસન અને શિસ્તબધ્ધ જીવન જીવવાથી પુરા સમાજમાં શાંતિ, પ્રેમ અને ભાઈચારાનું વાતાવરણ થાય તેવી કોશિષ છે.

એજ રીતે તેમનાં માર્ગદર્શનથી બ્રહ્મચારી ભાઈઓ બહેનો અલગ અલગ ૫૦ સ્થાનોમાં ૧૦૦ ટકા અહિંસક હાથવણાટ થી કપડું બનાવી અને સીવેલાં પેંટ, શર્ટ, કુર્તા, પાયજામાં લેડીઝ ડ્રેસ જેકેટ ધોતી જોટાં, સાડીઓ, ટુવાલ, નેપકિન, ચાદર, ગરણાં વગેરે બધી જીવન જરૂરિયાત વસ્તુ બનાવી રહ્યાં છે. તેનો ઉદ્દેશ છે કે (૧) લોકો અહિંસક વસ્ત્રનો ઉપયોગ કરે. (૨) કપડું વણતાં જેને શીખવે તે લોકોને વ્યસનોથી મુક્ત કરાવે છે. (૩) બેરોજગાર લોકો હાથવણાટ શીખી પોતાના કુટુંબનું તારણ પોષણ કરી શકે. (૪) જેલના કેદીઓ પણ જેલમાં કપડું, સાડી વગેરે બનાવી રહ્યાં છે જેથી કરી ગુનાખોરવૃત્તિનો નાશ થાય. (૫) આ વસ્ત્રો પહેરવાથી ચામડીનાં રોગોથી મુક્તિ મળે છે. (૬) ગામડાંઓ જેનો નાશ જેવું થતું હતું તે અટકી ગામડાંને જીવંત રાખવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. આવા હસ્તઉદ્યોગો ગામે ગામમાં કરવાનું લક્ષ્ય છે. કારણ કે અત્યારે સુતરાઉ કપડાં જે પાવર લુમથી બની રહ્યાં છે તેમાં મટનટેલો વપરાય છે.

સાગરમાં ભાગ્યોદય હોસ્પિટલ પણ ચાલુ કરી છે જ્યાં લોકોને ઓછા દરે સારવાર મળે છે. આયુર્વેદ માટે પણ ત્યાં બનતાં પ્રયાસ થઈ રહ્યાં છે. એ જ રીતે જીવદયાનું કામ મોટા પાયા પર લગભગ ૧૦૦ થી વધુ ગૌશાળાઓ આચાર્યશ્રીની પ્રેરણાથી ચાલુ છે જ્યાં ૫૦,૦૦૦ વધુ ગોધનને કસાઈ ખાનેથી સંરક્ષિત કરીને પાલન થઈ રહ્યું છે. આવા ધર્મગુરુ અને રાષ્ટ્રસંત, જનના દિવાદાંડી રૂપે લાખો જીવોના ઉધ્ધારકને આપણાં સહુના કોટી કોટી નમન.

❑❑❑


૯ વિરલ એપાર્ટ, ૧૧૨ ગારોડિયાનગર,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૭.
મોબાઈલ : ૯૮૯૨૪૪૧૮૭૨


**અશ્વિનાબેન મહેતાએ સમ્યક્ત્વદર્શનની શિબિરમાં હાજરી આપી હતી, તેમના અનુભવ વિષે વાત કરતાં કહે છે,**

**તીન લોક તિહુંકાલ માંહિ નહિ દર્શન સો સુખકારી,**
**સકલ ધરમકો મૂળ યહી, ઈસ બિન કરની દુઃખકારી.**

**સમ્યકદ્રષ્ટિનો વિકાસ એ બહુ મહત્વની આવશ્યકતા છે આજના જીવનમાં એ આપણા સુખ અને રાગ-વિરાગથી મુક્ત થવાનું સોપાન છે. જાતને શોધીને, પોતાને સમજીને, પોતાના સુખ અને શાંતિ પોતાની અંદર જ શોધવાના છે, કાયોત્સર્ગ એ સૌથી મહત્વની પ્રક્રિયા છે, એ દ્વારા કર્મો ખપાવી શકાય છે, પોતાને આ દ્વારા સત્ય અને સુખ મળી શકે છે. ભક્તિ, તપ કે મંત્રને મહત્વ ન આપવું. સમ્યકત્વ એટલે રાગ-દ્વેષ વગરની સ્થિતિ. દ્વેષ વગરની સ્થિતિ, આત્માને સમજો અને ધ્યાન કરો. આ શિબિર કદાચ જીવન બદલાવનો વળાંક બને.**

# ભક્તામર સ્તોત્ર

## ડૉ. રતનબેન ખીમજી છાડવા

*(વિદ્વાન રતનબેનની કલમે આ મણકાથી દરેક વખતે ભક્તામર સ્તોત્રની એક એક ગાથાનું રસમય પાન કરીશું - તંત્રીશ્રી)*

ભારતીય પરંપરામાં ધર્મની મુખ્ય ત્રણ ધારાઓ છે. વૈદિક, જૈન અને બૌધ્ધ ધર્મ. પ્રત્યેક ધર્મનો ધ્યેય એક જ છે... પરમાત્મપદ પામવાનું. પરંતુ બધાના માર્ગ ભિન્ન ભિન્ન છે. ઉપનિષદમાં જ્ઞાનયોગની મુખ્યતા બતાવી છે. જ્ઞાનયોગ વિશિષ્ટ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ વિના શક્ય નથી. વળી શાસ્ત્રોના ગૂઢ રહસ્યોને જ્ઞાન વિના સમજવા કઠિન છે. ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કર્મયોગની મહત્તા બતાવતાં કહે છે, હે પાર્થ! ફળની આશા રાખ્યા વગર કર્મ કર. પરંતુ તે માટે શરીરની શક્તિ, જોમ કે હૈયામાં હામ જરૂરી છે જે આબાલ - વૃદ્ધ માટે શક્ય નથી. ત્યારે ભક્તિયોગનો મહિમા જગતના દરેક દાર્શનિકોએ અપનાવ્યો છે. ભક્તિ એ પરમાત્મા સુધી પહોંચવાનો રાજમાર્ગ છે.

ભક્તિ એટલે પરમાત્મા સાથેનું સંવિધાન. ભક્ત અને ભગવાનની એકરૂપતા. 'अर्हदाचार्य बहुश्रुत प्रवचनेषु भावविशुध्धियुपत्तोऽनुरागः भवितः।' અર્થાત્ અર્હંત, આચાર્ય, ઉપાધ્યાય, બહુજ્ઞાની સંત તેમજ જિનવાણી પ્રત્યે જેને વિશુદ્ધ અનુરાગ છે તે ભક્તિ છે. જૈનધર્મના મહાન આચાર્યોએ જેમ જ્ઞાનની અંજનશલાકાથી સત્યને ઓળખવાની દ્રષ્ટિ આપી છે તેમ ભક્તિ રચના દ્વારા ઈશ્વર પ્રત્યે સમર્પિત થવાની પ્રેરણા પણ આપી છે. ભક્તિની આ પરાકાષ્ઠાને કારણે ભક્તિને યોગ સમકક્ષપદ પ્રાપ્ત થયું છે. એટલે જ ભારતીય દર્શનોમાં ભક્તિયોગની સર્વાધિક મહત્તા માની છે.

પ્રત્યેક ધર્મ દર્શનમાં ભગવત ભક્તિ હેતુ સ્તવન, સ્તોત્ર, સ્તુતિ, પ્રાર્થના, મંત્ર વગેરેનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. કારણ કે આરાધ્યના ગુણગાન, મહત્તા, અલૌકિકતા એના માધ્યમ દ્વારા જ વ્યક્ત કરી શકાય છે. જિનભક્તિનો મુખ્ય ઉદ્દેશ છે જિનેશ્વર પ્રત્યે શ્રદ્ધા, અહોભાવ, પ્રેમભાવ કેળવવાનો અને તેમના વિવિધ ગુણોનું સ્મરણ કરી નિજઆત્મમાં તે ગુણો પ્રગટાવવા. તેથી જ ભક્તિમાર્ગમાં સર્વત્ર સ્તુતિ-સ્તવન-સ્તોત્રનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે, હે ભગવન! સ્તવ અને સ્તુતિરૂપ ભાવમંગલથી જીવ કયા લાભને પ્રાપ્ત કરે છે? ત્યારે પ્રભુ મહાવીર કહે છે કે, હે શિષ્ય! સ્તવ-સ્તુતિરૂપ ભાવમંગલથી જીવને જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ બોધિ લાભ થતાં તે જીવ મોક્ષ મેળવવા યોગ્ય આરાધના કરી વૈમાનિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે અને ભવાંતરમાં મોક્ષમાં જાય છે. શ્રી હરિભદ્રસૂરિએ ચતુર્થ પંચાશકમાં કહ્યું છે કે, સારભૂત સ્તુતિ, સ્તવનો, સ્તોત્રના અર્થાવબોધથી, કલ્યાણકારી અધ્યવસાયો જાગે છે અને તેનાં સુંદર ભાવો અર્થ ન સમજનાર એવા અજ્ઞાત લોકોના પણ કુશલ પરિણામો જગાડે છે. જેમ કે બિમારી વ્યક્તિ હોય તેના દર્દને શમાવે તેવા રત્નોના ગુણ જાણ્યા ન હોય છતાં તે રત્નો દર્દોને શમાવે છે. તેમ પ્રશસ્ત ભાવ રચનાવાળા અજ્ઞાન ગુણવાળા સ્તુતિ-સ્તોત્રરૂપ ભાવરત્નો પણ કર્મરૂપી જ્વરને શમાવે છે.

શાસ્ત્રમાં સ્તોત્રના છ લક્ષણોનો ઉલ્લેખ છે : નમસ્કાર, આશીર્વાદ, સિધ્ધાંતપૂર્વકનું કથન, શૂરવીરતા આદિનું વર્ણન, ઐશ્વર્યનું વિવરણ તથા પ્રાર્થના. આ છ પ્રકારના લક્ષણોવાળું સ્તોત્ર હોય છે, પરંતુ ક્યારેક કોઈ લક્ષણો ઓછા પણ હોય છે. સામાન્ય રીતે રચનામાં આ ધોરણ જળવાય છે. વળી મહાપુરૂષોએ તેમાં ગુઢ તત્ત્વો (મંત્રો) એવી ખૂબીથી ગૂંથ્યા છે તેનો નિયમિત પાઠ કરવાથી અનેક જાતના લાભો થાય છે અને પ્રગતિનો માર્ગ ખુલી જાય છે. મહાપુરૂષોનું ભક્તહ્રદય જ્યારે ઈષ્ટદેવના અલૌકિક મહિમાનું ભાવોલ્લાસ સાથે સ્તોત્ર રચે છે ત્યારે તે સ્તોત્ર કે સ્તુતિ સ્વયં જ મંગલકારી બની જાય છે.

આવું જ એક સ્તોત્ર... એટલે... ભક્તામર સ્તોત્ર...

શ્રી માનતુંગ આચાર્ય ઉપર જ્યારે આપદા કે વિપતિ આવી ત્યારે તેમણે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કર્યું. પોતાના આરાધ્યદેવની સ્તુતિમાં એવા લીન બની ગયા કે તેમના મુખમાંથી ઉત્તમ શ્લોકના ગુણોથી અને ભાવોથી યુક્ત આસ્વાદ્યરૂપે જે શબ્દો સરી પડ્યા... તે ભક્તામર સ્તોત્ર રૂપે રચના થઈ. હકીકતમાં આ સ્તોત્રની રચના પાછળ તેમનો આશય એવો ન હતો કે મારી આપદા દૂર થાય. જેમકે, સાંકળ તૂટે કે પછી તાળાં તૂટે... તેઓ તો માત્ર ને માત્ર પ્રભુભક્તિની આરાધનામાં જ મગ્ન હતા. અને જે બન્યું... તેને લોકોએ ચમત્કારમાં ખપાવ્યું.

**ભક્તામરના રચયિતા :-**

ભક્તિપૂર્ણ કાવ્યના સ્રષ્ટા કવિના રૂપમાં આચાર્ય માનતુંગજી પ્રસિદ્ધ છે. એમનું પ્રસિદ્ધ સ્તોત્ર ભક્તામર દિગંબર તેમજ શ્વેતાંબર બંને સંપ્રદાયોમાં સમાનરૂપથી પ્રસિદ્ધ છે. એમની રચના એટલી બધી લોકપ્રિય બની છે કે પ્રત્યેક પદ્યના (ગાથાના) પ્રત્યેક ચરણને લઈને સમસ્યા પૂર્તિ-આત્મક સ્તોત્ર કાવ્યો લખાયા છે. તેમાં વિશેષ કરીને મૂળ ભક્તામરનું ચતુર્થ ચરણ લઈને પાદપૂર્તિ કરેલી છે. તેમણે 'ભયંહર સ્તોત્ર' અને 'ભત્તિબ્ભર' નામના બે શાસ્ત્રો રચ્યાં છે.

**સ્તોત્રની ઉત્પત્તિ અને કર્તા સંબંધી ધારણાઓ :-**

આચાર્ય કવિ માનતુંગજી જીવન વૃત્તાંતના સંબંધમાં અનેક વિરોધી વિચારધારા જોવા મળે છે. ભટ્ટારક સકલચંદ્રના શિષ્ય બ્રહ્મચારી પાયમલ્લકૃત ભક્તામર વૃત્તિમાં (વિ.સં. ૧૬૬૭) અનુસાર ધારાશીષ ભોજની રાજસભામાં કાલિદાસ, ભારવિ, માઘ વગેરે કવિઓ હતા. માનતુંગસૂરિએ ૪૮ સાંકળો તોડીને જૈનધર્મની પ્રભાવના કરી, તેમજ રાજા ભોજને જૈનધર્મના ઉપાસક બનાવ્યા.

ભટ્ટારક વિષ્યભૂષણકૃત 'ભક્તામર ચરિત' અનુસાર ભોજ, ભર્તૃહરિ, કાલિદાસ, ધનંજય, વરુરુચિ અને માનતુંગજી વગેરેને સમકાલીન બતાવ્યા છે. અને દર્શાવ્યું છે કે માનતુંગજીએ ભક્તામર સ્તોત્રના પ્રભાવથી ૪૮ કોટડીઓના તાળા તોડીને જૈનધર્મનો પ્રભાવ દેખાડ્યો હતો.

એવી જ રીતે આચાર્ય પ્રભાચન્દ્ર કૃત ક્રિયા-કલાપની ટીકાની અન્તર્ગત ભક્તામર સ્તોત્ર ટીકાની ઉત્થાનિકામાં લખ્યું છે કે માનતુંગજી શ્વેતાંબર મહાકવિ હતા. એક દિગંબર આચાર્યએ એમને વ્યાધિથી મુક્ત કરી આપ્યા. આથી એમણે દિગંબર માર્ગ ગ્રહણ કરી લીધો અને પૂછ્યું કે હવે હું શું કરું? ત્યારે આચાર્યએ આજ્ઞા આપી કે પરમાત્માના ગુણોનું સ્તોત્ર બનાવો. ફલતઃ આદેશાનુસાર તેમણે ભક્તામર સ્તોત્ર રચ્યો.

શ્વેતાંબર આચાર્ય પ્રભાચંદ્રસૂરિકૃત 'પ્રભાવક ચરિત' (વિ.સં. ૧૩૨૪)માં આચાર્ય માનતુંગજીના સંબંધમાં લખ્યું છે કે, તેઓ કાશી નિવાસી ધનદેવ શેઠના પુત્ર હતા. પહેલાં તેમણે દિગંબર મુનિ પાસે દીક્ષા લીધી હતી. તેમનું નામ ચારુકીર્તિ મહાકીર્તિ રાખ્યું. એક વાર એક શ્વેતાંબર સંપ્રદાયની શ્રાવિકાએ એમના કમંડલમાં રહેલાં પાણીનાં ત્રસ જીવો બતાવ્યા. આથી તેમણે દિગંબરપંથ છોડી શ્વેતાંબર સાધુ પાસે દીક્ષિત થયા અને પોતાના ગુરુ પાસેથી અનેક વિદ્યાઓ શીખ્યા. આચાર્ય બન્યા. તેમજ ભક્તામર સ્તોત્રની રચના કરી.

શ્રી માનતુંગ આચર્યાના સંબંધમાં અતિરોચક કથા શ્વેતાંબર આચાર્ય ગુણાકારની ભક્તામર વૃત્તિમાં ઉપલબ્ધ છે. જેમકે ધારાનગરીમાં રાજા ભોજ રાજ્ય કરતા હતા. તે સમયમાં ભિન્ન ભિન્ન ધર્માવલંબીઓ પોત-પોતાના ધર્મના ચમત્કાર બતાવતી હતી. રાજા ભોજની સભામાં મયૂર અને બાણભટ્ટ જેવા વિદ્વાન કવિઓ હતા. તેમણે સૂર્યશતક અને ચંડીશતક રચી ચમત્કાર બતાવ્યા. ત્યારે રાજાએ શ્રી માનતુંગ આચાર્યને આગ્રહ કર્યો કે તમે પણ આવો ચમત્કાર બતાવો. આચાર્ય મૌન રહ્યા. ત્યારે રાજાએ ૪૮ સાંકળોથી તેમને બાંધી દીધા. માનતુંગ આચાર્યએ ત્યારે આદિનાથ પ્રભુની સ્તુતિનો પ્રારંભ કર્યો. પ્રભુની સ્તુતિમાં લીન બની ગયા. જેમ જેમ શ્લોક રચાતા ગયા, બોલતા ગયા, તેમ તેમ સાંકળો તૂટતી ગઈ અને આ આદિનાથ સ્તોત્રનું નામ જ ભક્તામર સ્તોત્ર પડ્યું.

આમ પ્રસ્તુત સ્તોત્રની ઉત્પત્તિ સંબંધી તથા આચાર્યશ્રી સંબંધી સમુદાયગત થોડી ઘણાં ફેરફારવાળી અનેક કિંવદન્તીઓ પ્રચલિત છે.

**સ્તોત્ર-કૃતિનું નામકરણ - ગાથાની સંખ્યા :-**

ઉપરોક્ત વિવેચન અનુસાર ભક્તામર સ્તોત્રની રચના શ્રી માનતુંગ આચાર્યએ કરી છે. આ સ્તોત્રનું બીજું નામ આદિનાથ સ્તોત્ર છે. આ સ્તોત્ર સંસ્કૃતિમાં લિપિબદ્ધ થયેલ છે. જેનો પ્રથમ અક્ષર 'ભક્તામર' હોવાના કારણે જ આ સ્તોત્રનું નામ 'ભક્તામર સ્તોત્ર' પડી ગયું. આ સ્તોત્ર વસંતતિલકા છંદમાં રચાયું છે. એક વાયકા પ્રમાણે આચાર્યશ્રી કૃત ભક્તામર સ્તોત્રમાં ૫૨ ગાથા (શ્લોક) હતી. પરંતુ ચાર ગાથા અપ્રાપ્ય છે. શ્વેતાંબર સંપ્રદાયમાં વર્તમાનમાં આ સ્તોત્રમાં ૪૮ ગાથાઓ છે. દરેક ગાથામાં મંત્રશક્તિ નિહિત છે. તેમજ ૪૮ (બધી જ) ગાથાઓમાં મ, ન, ત, ર આ ચાર અક્ષરો મળે છે. પ્રાયેઃ હસ્તલિખિત પ્રતોમાં પણ ૪૮ ગાથાઓ જ મળે છે.

દિગંબર સંપ્રદાયમાં કેટલીક હસ્તલિખિત પ્રતોમાં સિંહાસન, ભામંડલ, દુંદુભિ અને છત્ર આ ચાર પ્રાતિહાર્યોની બોધક ગાથાઓ જોડીને ગાથાઓની સંખ્યા ૫૨ બતાવી છે.

એવી જ રીતે કોઈ કોઈ હસ્તલિખિત પ્રતોમાં ભક્તામર સ્તોત્રના પઠનનું ફળ બતાવી અંતમાં ચાર ગાથાઓ આપી છે. પણ તે પાછળથી આચાર્યોએ ઉમેરી હોય એવું લાગે છે.

**સ્તોત્ર - કૃતિની મહત્તા :-**

સ્તોત્ર-કાવ્યોનું મહત્ત્વ દેખાડવા માટે જ એની સાથે ચમત્કારપૂર્ણ આખ્યાનોની યોજના કરવામાં આવી હોય એવું લાગે છે. મયૂર, બાણ, પુષ્પદંત, પ્રભુત બધા કવિઓના સ્તોત્રોની પાછળ કોઈ ને કોઈ ચમત્કારપૂર્ણ આખ્યાન વિદ્યમાન રહેલાં છે. ભગવદ્‌ભક્તિ ભલે પછી તે વીતરાગીની હોય કે સરાગીની, ઈચ્છા કે અભીષ્ટ પૂર્તિ કરે છે. પૂજા પદ્ધતિના આરંભથી પૂર્વે સ્તોત્ર દ્વારા ભગવદ્‌ગુણોનું સ્મરણ કરી પોતાના આત્માને પવિત્ર બનાવે છે. આ જ કારણથી ભક્તામર, કલ્યાણમંદિર વગેરે સ્તોત્રોની સાથે ચમત્કારપૂર્ણ આખ્યાન જોડાયેલા છે. જો કે આ આખ્યાનોમાં તથ્યાંસ હોય કે ન હોય પણ એટલું સત્ય છે કે એકાગ્રતાપૂર્વક આ સ્તોત્રોનું પઠન કરવાથી આત્મશુદ્ધિની સાથે મનોકામના પણ પૂરી થાય છે. સ્તોત્રોનું પઠન કરવાથી જે આત્મશુદ્ધિ થાય છે, તે આત્મશુદ્ધિ કામનાપૂર્તિનું સાધન બને છે.

**સ્તોત્રનો સમય-વિચારધારણા :-**

માનતુંગ આચાર્યજીના સમય નિર્ધારણમાં ઉક્ત વિરોધી આખ્યાનોથી એ ખબર પડે છે કે તેઓ હર્ષ અથવા ભોજના

સમકાલીન છે. દિગમ્બર સંપ્રદાયમાં બાણ-મયૂરવાળી ઘટના ભોજ અને કાલિદાસના સમયમાં બન્યાની અનુશ્રુતિ પ્રચલિત છે. આ રીતે તેઓ આચાર્યશ્રીનો સમય વિક્રમની અગિયારમી સદીનો માને છે. આચાર્યશ્રીના ભક્તામર સ્તોત્રની શૈલી મયૂર અને બાણની સ્તોત્ર શૈલી સમાન છે. તેવી શૈલી તથા ઐતિહાસિક તથ્યોના આધારે કહી શકાય કે તેમણે ભક્તામર સ્તોત્રની રચના ભોજરાજ્ય કાળમાં નહીં કરી હાયે. સુપ્રસિદ્ધ ઈતિહાસકારક પં. ગૌરીશંકર અનુસાર આચાર્યશ્રીનો સમય હર્ષકાલીન બતાવ્યો છે. તેથી તેમનો સમય ઈ.સ.ની સાતમી શતાબ્દી હોવો જોઈએ. આ તથ્ય વધુ સુસંગત લાગે છે.

**સ્તોત્રની અમરતા :-**

જૈન જગતમાં શ્રી માનતુંગ આચાર્યનો મહિમા અને ગરિમા આ ભક્તામર સ્તોત્રની રચનાને કારણે જ પ્રસિદ્ધ છે. ભક્તામર સ્તોત્રના આજ સુધી લગભગ ૧૩૦ વાર અનુવાદ થઈ ચૂક્યા છે. મોટા મોટા ધાર્મિક ગુરુ, ભલે તે હિન્દુ ધર્મના હોય તો પણ ભક્તામર સ્તોત્રની શક્તિને માને છે. તેઓ એમ પણ માને છે કે ભક્તામર જેવો બીજો કોઈ સ્તોત્ર નથી. આ સ્તોત્રની લોકપ્રિયતા તેમજ શ્રદ્ધાનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે ભારતની વિભિન્ન ભાષાઓમાં - પ્રાકૃત, હિંદી, ગુજરાતી, મરાઠી, બંગાળી, ઉડિયા, તમિલ, તેલુગુ, અંગ્રેજી, ઉપરાંત ઉર્દૂ, ફારસી વગેરેમાં અનુવાદ કરવામાં આવ્યો છે.

આ સ્તોત્ર અત્યંત પ્રભાવશાળી તેમજ અપૂર્વ આત્મ-પ્રસન્નતા આપવાવાળો છે. આ સ્તોત્રની ગાથાઓમાં ગૂંથિત શબ્દોનું સંયોજન એટલું અદ્ભુત છે કે તેના શબ્દોચ્ચારથી ઉત્પન્ન થતા ધ્વનિ પરમાણુ વાતાવરણને આંદોલિત કરી ચારે બાજુ ફેલાઈ જાય છે. સમયની પાબંદી વગર ગમે ત્યારે આ ભક્તિ પ્રધાન સ્તોત્રનું પઠન કરી શકાય છે. ખરેખર! સ્તોત્રના શબ્દો જ સ્તોત્રને - કૃતિને અમરતા બક્ષે છે.

**ભક્તામર સ્તોત્ર - મંત્ર ગર્ભિત સ્તોત્ર :-**

ભક્તામર સ્તોત્ર મંત્ર ગર્ભિત સ્તોત્ર છે. ઋદ્ધિ, મંત્ર અને યંત્રોથી એની ચમત્કારિતા વિશ્રૃત છે. ભક્તામર સ્તોત્રના ચમત્કારોની સેંકડો કથાઓ પ્રસિદ્ધ છે. સ્તોત્રના પ્રણેતા આચાર્ય માનતુંગજીએ પ્રભાવશાળી મંત્રોના બીજ આ સ્તોત્રમાં ખૂબ જ ચાતુર્યપૂર્વક નિવિષ્ટ કર્યા છે. અતઃ આ સમગ્ર સ્તોત્ર જ મંત્રરૂપ છે. આ સ્તોત્રના પ્રત્યેક કાવ્ય છંદના પૃથક્ પૃથક્ યંત્ર તથા મંત્ર મંત્ર વ્યાકરણના અનુસાર વિનિર્મિત છે. પ્રાચીન મંત્રશાસ્ત્રમાં ભક્તામર સ્તોત્રનું બીજું નામ મંત્રશાસ્ત્ર પ્રસિદ્ધ હતું. એની પ્રત્યેક ગાથા (શ્લોક)ના પ્રત્યેક ચરણમાં બીજમંત્ર એટલી વિલક્ષણતાથી ગૂંથ્યા છે કે તે અજાણતા જ પોતાનું ચમત્કારિક ફળ દેખાડે છે. આજે આપણી પાસે આવા મંત્રશાસ્ત્ર નથી; જે આટલી વિશુદ્ધ વિવેચના કરી શકે અને આપણને ભક્તામરની ગાથાઓમાં છુપાયેલ બીજમંત્રોનું જ્ઞાન અપી શકે. પરંતુ એટલું નિશ્ચિત છે કે આ સ્તોત્રના પઠનથી પોત-પાતાની શ્રદ્ધા-ભક્તિ અનુસાર ભક્તજન વિવિધ ચમત્કારોનો અનુભવ કરે છે. શ્રદ્ધામાં અનંત બળ છે. અસંભવને સંભવ બનાવવાની શક્તિ છે. ભક્તામર સ્તોત્રનો શુદ્ધ, નિયમિત તેમજ શ્રદ્ધાપૂર્ણ પઠન સમસ્ત ભય, વિઘ્ન, બાધા, રોગ, શોક, દુઃખ, દરિદ્રતા, અંતરના વિકારોને નષ્ટ કરવામાં પૂર્ણ સમર્થ છે. આ સ્તોત્ર ભક્તિથી મુક્તિ અને શાંતિ પ્રાપ્ત કરવાનું સબળ સાધન છે.

**ભક્તામર સ્તોત્રના પ્રસિદ્ધ મંત્ર તંત્ર :-**

ભક્તામર સ્તોત્રનો પ્રસિદ્ધ તથા સર્વસિધ્ધિદાયક મહાંમત્ર ॐ ह्रीं क्लीं श्रीं अर्हं श्री वृषभनाथतीर्थंकराय् नमः। છે. શ્વેતામ્બર પરંપરામાં શ્રી હરિભદ્રસૂરિકૃત ભક્તામરના મંત્ર તેમજ યંત્ર ઉપર વિસ્તૃત ગ્રંથ પ્રસિદ્ધ છે. આ ગ્રંથમાં અડતાલીસ ગાથાના અડતાલીસ યંત્ર આપવામાં આવ્યા છે. યંત્ર રચનાની વિધિ પણ બતાવવામાં આવી છે. અને આ યંત્રોની આકૃતિઓ પણ મળે છે. યંત્રોની આકૃતિઓ બે પ્રકારની શૈલીમાં મળે છે. એક પરંપરામાં ચતુષ્કોણ શૈલીમાં મંત્ર આકૃતિઓમાં અનેક એની ઋદ્ધિ તેમજ મંત્રને વિવિધ બીજમંત્રોથી વેષ્ટિત કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય બીજી પરંપરામાં યંત્રોની કોઈ એક આકૃતિ ન મળે, કોઈ ચતુષ્કોણ, કોઈ વર્તુળ આકારમાં મળે છે. એની રચનામાં પણ મૂળ કાવ્ય (શ્લોક) નથી. ફક્ત ઋદ્ધિ, મંત્ર તેમજ બીજાક્ષરોથી વેષ્ટિત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે અડતાલીસ ગાથાના અડતાલીસ વિશેષ મંત્રોનો ઉલ્લેખ છે. તેમજ દરેક ગાથાઓનું ફલાગમ પણ ભિન્ન ભિન્ન પ્રકારે આપેલ છે. પ્રત્યેક ગાથાની સાથે આપેલ ઋદ્ધિ-મંત્ર પ્રાચીન હસ્તપ્રત પર આધારિત છે. એની સત્યતાના વિષે નિશ્ચયતા હોવા છતાં એના પ્રયોગ મંત્રસિદ્ધ ગુરુવર્યની આમ્નાયપૂર્વક થાય એ ખૂબ જરૂરી છે.

**મંત્રયંત્રની મહત્તા :-**

ભારતવર્ષ અનાદિકાળથી જ્ઞાનવિદ્યાની શોધ અને અનુસંધાનની પૃષ્ઠભૂમિ રહ્યો છે. વિદ્યાઓની વિભિન્ન શાખાઓમાં ભારતીય મનીષિઓ, ઋષિઓ તેમજ અધ્યેત્તાઓએ વિશિષ્ટ વિચાર-વિમર્શ તેમજ ચિંતન દ્વારા અલૌકિક લબ્ધિઓ મેળવી છે. જેના પરિણામ સ્વરૂપે મંત્ર-યંત્ર આદિ સાધનાનો ઉદ્ભવ થયો હોવો જોઈએ.

મંત્રમાં ધ્વનિ હોય અને ધ્વનિના સમૂહને મંત્ર કહેવામાં આવે છે. અથવા તો જે વિશિષ્ટ પ્રભાવક શબ્દો દ્વારા નિર્મિત કરવામાં આવેલ વાક્ય હોય તે મંત્ર કહેવાય છે. મન્ ધાતુને 'ષ્ટન' (ત્ર) પ્રત્યય લગાવાથી 'મંત્ર' શબ્દ બને છે. આ વ્યુત્પત્તિના અનુસાર જેના દ્વારા પરમ પદમાં સ્થિત પાંચ ઉચ્ચ આત્માઓના અથવા શાસનદેવોનો સત્કાર કરવામાં આવે તે મંત્ર છે. મંત્રોનો વારંવાર ઉચ્ચારણ કોઈ સૂતેલાને વારંવાર ઉઠાડવા સમાન છે. અર્થાત્

આત્માની શક્તિને જગાડવા માટે છે. જ્યારે મંત્ર સિદ્ધ થઈ જાય છે ત્યારે આત્મિક શક્તિથી આકૃષ્ટ દેવતા માંત્રિક (સાધક)ની સામે પોતાનો આત્મ-સમર્પણ કરે છે. અને એ દેવતાની બધી શક્તિ તે માંત્રિકમાં આવી જાય છે. અતઃ મંત્ર પોતે જ દેવરૂપ છે. ઉચ્ચકોટિના મંત્રના પૂજન-અર્ચન કરવા માટે યંત્ર હોય છે. મંત્ર દેવ છે તો યંત્ર દેવગૃહ છે. એવું માનવામાં આવે છે. મંત્રવિદોનું કહેવું છે કે, તપોધન ઋષિ-મુનિઓ દ્વારા જ રેખાકૃતિ બનાવવામાં આવે છે, મનોરથ પૂર્ણ કરવા માટે જે શક્તિ બીજાક્ષરોમાં છે તેને સ્વયં જ મંત્ર સામર્થ્યથી રેખાકૃતિઓ યંત્રોમાં ભરી દે છે. મંત્ર અને મંત્રદેવતા આ બંનેના શરીર યંત્રકલ્પમાં હોય છે. કારણકે યંત્ર આ મંત્ર અને મંત્રદેવતાનું શરીર હોય છે. જેમાં સિદ્ધ કરેલ મંત્રો, અભિમંત્રિત ભોજપત્ર અથવા કાગળ અથવા કોઈ વિશિષ્ટ પ્રકારના નિર્ધારિત અંકો, આકૃતિને કોઈ ધાતુ વિશેષના પત્રો પર લખીને ઉચિત સ્થાન પર રાખવામાં આવે અથવા ચોંટાડવામાં આવે તેને યંત્ર કહેવામાં આવે છે. જેનાથી કાર્યની સિદ્ધિ થાય છે. આ યંત્રો અને મંત્રોની અધિષ્ઠતા દેવ-દેવીઓ ચોવીસ તીર્થંકરોની સેવા કરવાવાળા યક્ષ-યક્ષિણીઓને માન્યા છે. તીર્થંકર તો વીતરાગી હોવાથી કાંઈ પણ આપે કે લે નહિ. ધર્મ પ્રભાવનાની દ્રષ્ટિથી યક્ષ-યક્ષિણી આદિ શાસનદેવતા મંત્ર-યંત્ર સાધકોનો લાભાન્વિત કરે છે.

ભારતીય મંત્રવિદ્યા માત્ર કપોલ કલ્પના નથી પરંતુ એની પાછળ વૈજ્ઞાનિક સિદ્ધાંત કામ કરે છે. મંત્રોમાં શબ્દો હોય છે. અને શબ્દોના ઘર્ષણથી સૂક્ષ્મ શક્તિ ઉત્પન્ન થાય છે. સ્થૂલ શરીરમાં કોઈ પણ શક્તિ નથી. પણ સૂક્ષ્મ શરીરમાં (આત્મામાં) અનેક પ્રકારની શક્તિઓ છે. જેને મંત્રની સૂક્ષ્મ શક્તિથી જગાડી અસાધારણ કાર્યો પણ કરી શકાય છે. જેમકે મેઘ મલ્હારથી વર્ષા વરસાવી શકાય છે. આધુનિક વિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં શબ્દનું સામર્થ્ય જાણી શકાય છે, ને આ વાતની નિશ્ચિત જાણકારી આપણા ઋષિ-મુનિઓના દિવ્ય જ્ઞાનમાં આવી, જેના કારણે તેમણે મંત્રવિદ્યા, યંત્રવિદ્યા વગેરેનો વિકાસ કર્યો. ભારતીય મંત્ર શાસ્ત્રની આ વિશાળ પરંપરામાં જૈનધર્મમાં પણ મંત્ર યંત્ર સંબંધિત વિદ્યાનુવાદ પૂર્વ નામના પૂર્વમાં મંત્ર યંત્રનો વિસ્તારપૂર્વક વિશ્લેષણ-વિવેચન થયું, જેના આધારે વર્તમાનમાં ઉપલબ્ધ મંત્ર સાહિત્ય રચાયું.

મનુષ્યના જીવનમાં જ્યારે સમસ્યાઓ સર્જાય છે ત્યારે તેના સમાધાન માટે ઉપાયો શોધવામાં આવે છે. તે સમસ્યાઓ અને અવરોધોથી પાર થવા પૂર્વાચાર્યોએ સ્તોત્રોને મંત્ર આલંબન બનાવ્યા છે. બૌદ્ધદર્શન કે વૈદિક દર્શનોમાં અનેક સ્તોત્રોની રચના થઈ છે. અનેક મંત્રો રચાયા છે. જેના દ્વારા અનેક વિઘ્નો, સમસ્યાઓ દૂર થયેલ છે. માટે સ્તોત્ર-મંત્રોનું આલંબન મુખ્યરૂપે રહ્યું છે. કાર્યસિદ્ધિ માટે મંત્રની સાધના એક પ્રયોગરૂપે છે. જે કાર્ય અસંભવ હોય તે પણ મંત્ર આરાધનાથી સંભવ થઈ જાય છે. મંત્રની આરાધનાથી સાધક મન, વચન અને કાયશક્તિનો વિકાસ કરી શકે છે. પરંતુ સાધકનો હેતુ એવો હોવો જોઈએ કે સાંસારિક વાસનાઓ છૂટે અને કર્મબંધનથી મુક્તિ મળે. એવી જ રીતે મંત્રની સાધના માટે દેહશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, સ્થાનશુદ્ધિ તેમજ માનસિક સ્વસ્થતા જરૂરી છે. તેમજ વિધિવિધાન પણ જરૂરી છે.

**શ્રી ભક્તામર સ્તોત્રનો ભાવપક્ષ :-**

શ્રી માનતુંગસૂરિએ ભક્તામર સ્તોત્રમાં નવા નવા પ્રતીકોના માધ્યમથી સ્તોત્રના ગૂઢ રહસ્યોને બતાવ્યા છે. ૪૮ સાંકળથી બંધાયેલ શરીરની તુલના કર્મપ્રકૃતિથી બંધ આત્માની સાથે કરી છે. અને તેમાંથી મુક્ત થવા માટે સાચી ભક્તિ જ જરૂરી છે, પ્રભુનું સ્મરણ જ મુક્તિ અપાવે છે.

આચાર્યશ્રી આદિનાથ પ્રભુને બુદ્ધ, શંકર, બ્રહ્મા, વિષ્ણુ વગેરે વિશેષણોથી સંબોધિત કરે છે. આ સંબોધનમાં અવતારની કોઈ વાત નથી પરંતુ ગુણવાચક વિશેષણો વાપર્યા છે. 'બુદ્ધ' શબ્દ કેવળજ્ઞાનરૂપી બોધિ માટે, શંકર શબ્દ કલ્યાણકર્તા અને આત્માને પવિત્ર બનાવવાનો પ્રતીક છે. બ્રહ્મા યોગમાર્ગના પ્રશસ્તના રૂપમાં છે. 'વિષ્ણુ' દર્શન, જ્ઞાન, ચારિત્રની દઢતા માટે આત્મસ્વરૂપના જ્ઞાતા-દૃષ્ટા માટે છે.

એવી જ રીતે તેમણે અષ્ટ પ્રતિહાર્ય પણ પ્રતીકાત્મક બતાવ્યા છે. અશોક વૃક્ષ શોક મુક્તિનું પ્રતીક છે, તો સિંહાસન નિર્ભયતાનું પ્રતીક છે. ઘાતીકર્મોને જીતી જે સિંહની સમાન નિર્ભય છે તે જ તેનો અધિકારી છે. ચૌસઠ પ્રકારના ચામર ચૌસઠ કલાના પ્રતીક છે, જે પ્રભુએ વિશ્વને જીવન જીવવા માટે શિખવાડી હતી. ત્રણ છત્ર રત્નત્રયના પ્રતીક છે, જે નિર્દેશ કરે છે કે રત્નત્રયના ગુણોનો ધારક સિધ્ધત્વ પ્રાપ્ત કરી શકે છે. દુંદુભિ પણ ધર્મના શરણનું પ્રતીક છે. પુષ્પવૃષ્ટિની શોભા શાંતિનું પ્રતીક છે. આભામંડલ શુભલેશ્યાનું પ્રતીક છે અને દિવ્યધ્વનિ એ વચનોનું પ્રતીક છે જેનાથી દ્વાદશાંગ વાણીનું સર્જન થયું છે.

શ્રી માનતુંગસૂરિએ નામ સ્મરણમાં પણ પ્રતીકોને જ પ્રસ્તુત કર્યા છે. મદોન્મત હાથી ક્રોધ અને મનોવિકારોનો પ્રતીક છે. સિંહ હિંસાનો પ્રતીક છે. સર્પને કામ જ્વરના પ્રતીકરૂપ દર્શાવે છે. આ પ્રકારે તેમણે ઉત્તમ પ્રતીકોના માધ્યમથી પોતાની વાત વ્યક્ત કરી છે. વળી આ સ્તોત્રમાં તેમની દાસ્યભાવની ભક્તિ હોવાને કારણે અથથી ઈતિ સુધી નમ્રતા અથવા લઘુતા પ્રગટ થઈ છે.

આ સુંદર સાહિત્યિક કૃતિનો ભાવપક્ષ જેટલો ઉત્કૃષ્ટ છે તેટલો જ કલાપક્ષ સમૃદ્ધ છે. વસંતતિલકા જેનું અપર નામ મધુમાધવી નામક છંદમાં રચિત સંસ્કૃતમાં ૪૮ પદ્યોવાળો આ મનોમુગ્ધ કરી સ્તોત્રમાં સહજગમ્ય ભાષા પ્રયોગ, સાહિત્યિક સુષમા, રચનાની ચારુતા, નિર્દોષ કાવ્ય કલા અને ઉપયુક્ત અલંકારો મનનીય છે. અથથી ઈતિ સુધી ભક્તિરસની અવિછિન્ન ધારા અસ્ખલિત ગતિથી

પ્રવાહિત રહી છે. સંપૂર્ણ સ્તોત્રમાં ક્યાંય પણ વાણી વિલાસની વિકૃતિ અથવા વાચાળતા નથી. ભાષાની લક્ષણા, અને વ્યંજના શક્તિનો સુંદર પ્રયોગ થયો છે. ભાષાની ચિત્રાત્મકકતાને કારણે બધા શબ્દ મૂર્તિરૂપ ધારણ કરી સજીવ બને છે. જેના કારણે સ્તોત્રનું પઠન જીવંત લાગે છે. આમ આ ભક્તામર સ્તોત્ર ભાષા, ભાવ રસ બધી જ દ્રષ્ટિથી ઉત્કૃષ્ટ કાવ્ય છે. સ્તોત્રના પ્રત્યેક પદમાં સંસારની નશ્વરતા, પ્રભુ ચરણોમાં સમર્પણતાથી આંતરિક અને બાહ્ય વિઘ્નો દૂર થાય છે એવી અતૂટ શ્રદ્ધા ઉપજાવનારા ભાવો ગૂંથ્યા છે. લક્ષણ, ગુણ, ભાવ, અલંકારોથી અલંકૃત ભક્તામર સ્તોત્ર કલિયુગનું કલ્પવૃક્ષ છે. જેનું પઠન કરતાં હૃદયમાં અનેરો ભાવોલ્લાસ જાગે છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, તીર્થંકરના ગુણગ્રામ કરતાં જઘન્યરસ આવે તો કર્મની ક્રોડો ખપે અને ઉત્કૃષ્ટરસ આવે તો જીવ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. માટે રોજ સવારે નિત્ય પઠન કરી જીવનને ધન્ય બનાવી આત્માનું કલ્યાણ કરીએ... એ જ શુભ ભાવના...

ભક્તામર સ્તોત્ર (રાગ : વસંતતિલકા વૃતમ્)

૧ સર્વવિઘ્ન વિનાશક : શ્રી આદિનાથ પ્રભુનું આલંબન

ભક્તામર - પ્રણત મૌલિ - મણિ - પ્રભાણા
મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનમ્।
સમ્યક્ પ્રણમ્ય જિનપાદ યુગં યુગાદા
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ।।૧।।

**ભાવાર્થ :-** હે આદિ ધમં પ્રણેતા! ભક્તિવંત દેવતાઓના નમેલા મુગટોના મણિઓની પ્રભાને ઉદ્યોત કરનારા, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનારા તથા યુગના પ્રારંભમાં જ સંસારરૂપી સાગરના અથાગ પાણીમાં ડૂબી રહેલાં જીવોના આધારભૂત શ્રી આદિનાથ જિનેશ્વરના ચરણયુગલને સમ્યક્ પ્રકારે નમસ્કાર કરીને...

**વિવેચન :-** શ્રી માનતુંગસૂરિએ ભક્તામર સ્તોત્રનો પ્રથમ શ્લોક મંગલાચરણરૂપે દર્શાવ્યો છે. જે નિર્વિઘ્નપણે સ્તુતિની સમાપ્તિ માટે હોય છે. નમસ્કાર એ વિનયગુણની પ્રતિપત્તિ છે. ગુણવાનને કરવામાં આવેલ નમસ્કાર, પોતાને પણ ગુણવાન બનાવે છે, અહંકારનો નાશ કરી નમ્રતા-લઘુતા પ્રગટાવે છે. તેમજ આરાધનાનું પ્રવેશદ્વારા પણ વિનય અને સરળતા છે.

આ ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવ થયા. તે યુગમાં કલ્પવૃક્ષ દ્વારા જીવનની જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવતી હતી. સમય જતાં કલ્પવૃક્ષના ફળ ઓછા થવા લાગ્યા. લોકોને મુશ્કેલી પડવા લાગી તે સમયે ભગવાન ઋષભદેવે નવનિર્માણ કર્યું. લોકોને જીવન જીવવાની કળા શીખવાડી. અસિ-મસિ અને કૃષિ વિદ્યાનું જ્ઞાન આપ્યું. રાજ્ય અને સમાજની વ્યવસ્થા કરી. એક નવું જ માર્ગદર્શન આપ્યું. સમય જતાં તેમણે સંસારનો ત્યાગ કરી ધર્મતીર્થની સ્થાપના કરી, ભરતક્ષેત્રમાં ધર્મયુગનો પ્રારંભ થયો. સર્વજ્ઞતા પ્રાપ્ત કરી ભવ્ય જીવો માટે મોક્ષમાર્ગ ખુલ્લો કરી અનેક જીવાત્માઓને ભવસાગરથી તાર્યા. ધર્મયુગના પ્રણેતા એવા શ્રી આદિનાથ જિનેન્દ્રના ચરણોમાં વંદન-નમસ્કાર કરી શ્રી માનતુંગસૂરિ સ્તોત્રનો પ્રારંભ કરે છે.

આ પ્રથમ શ્લોકમાં પ્રભુને વંદન છે, જ્યારે બીજા શ્લોકમાં આચાર્યશ્રીનો સંકલ્પ બતાવ્યો છે. તેઓ ભાવવિભોર બનીને કહે છે હે પ્રભુ! ભક્તિ ભરેલા હૃદયથી, ચિત્તની પ્રસન્નતાથી ઈન્દ્રિયાદિ દેવો જ્યાં આપના ચરણોમાં નમે છે ત્યારે આપના નખની ક્રાંતિથી દેવતાઓના મુગટના મણિ ઝળઝળી ઊઠે છે. પ્રભુના ચરણોની મહત્તા દર્શાવતા તેઓ કહે છે કે, આપના અંગૂઠામાંથી નીકળતા કિરણો એટલા તેજસ્વી છે કે પેલા મણિ ઝાંખા પડી જાય છે. કારણ કે મણિઓની અંદર ઈન્દ્રના મોહનો અંધકાર છુપાયેલો છે જ્યારે પ્રભુનું તો આંતરિક અને બાહ્ય સ્વરૂપનું તેજ વીતરાગતાથી પૂર્ણ પ્રકાશિત છે. જ્યારે ઈન્દ્રના મુગટના મણિથી પ્રભુના એક નખની પ્રભા અનેકગણી વધી જાય છે.

ચરણમાં જ વંદન-નમસ્કાર થાય છે. કારણ કે ચરણ સ્પર્શ એ વિનમ્રતાનું લક્ષણ છે. માથા સાથે માથા અથડાય તો અહંકાર આવે, જ્યારે ચરણમાં શીશ ઝુકતા નમ્રતા ગુણ પ્રગટે છે. દેવોના સ્વામી એવા ઈન્દ્રો પણ પ્રભુના ચરણોમાં ભક્તિને નમે છે, તેમની સર્વજ્ઞતાનું બહુમાન કરે છે. તેથી સમજાય છે કે વીતરાગતાથી મળતું પદ સૌથી શ્રેષ્ઠ છે. કારણ કે ભૌતિક શક્તિથી દૈવીશક્તિ અધિક ગણાય છે, અને દૈવી શક્તિથી પણ વિશેષ આધ્યાત્મિકશક્તિ છે. માટે જ સર્વજ્ઞપદ આગળ જગતના બધા પદ સામાન્ય છે. અહીં આચાર્યશ્રીએ પ્રભુનો પૂજાતિશયનો ઉલ્લેખ કર્યો છે.

ત્યારપછી આચાર્યશ્રીએ પ્રભુના આત્મગુણોનો મહિમા બતાવ્યો છે કે પ્રભુમાં બાર ગુણો તો મુખ્યપણે હોય. અકષાયીપણું, અતીન્દ્રિયપણું, ક્ષાયકપણું, યથાખ્યાત ચારિત્ર, પાંચ દાનાદિ લબ્ધિ અને અનંતુજ્ઞાન, અનંતુદર્શન, અનંતુવીર્ય, વગેરે અનંતગુણો સૌને આકર્ષિત કરે છે. અન્ય દર્શનીઓ પણ શંકાનું સમાધાન કરીને પ્રભુના માર્ગે આવે છે. માટે હે નાથ! આપના ચરણની ભક્તિથી ભક્તોના જીવનમાં વ્યાપેલ પાપરૂપી અંધકાર દૂર થાય છે. સાગરમાં ડૂબતાં જીવોને જેમ પાટીયું કે નાવ મળી જાય તો તે કિનારે પહોંચી જાય છે. તેમ આ સંસાર સાગરમાં ડૂબતા જીવોને પરમાત્માના ચરણકમલ આધારભૂત છે, ભવસાગર તરવા માટે આલંબનરૂપે છે.

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં નમો અરિહંતાણં નમો જિણાણં, હ્રાઁ હ્રીં હૂઁ હ્રૌં હ્રઃ અસિઆઉસા અપ્રતિચક્રેફટ્ વિચક્રાય ઝ્રૌં ઝ્રૌં સ્વાહા।

મંત્ર : ૐ હ્રાઁ હ્રીં હ્રૂઁ શ્રીં ક્લીં બ્લૂઁ ક્રૌં ૐ હ્રીં નમઃ।

વિધિ : આ મંત્રના ધ્યાનથી સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. સકલ ઉપદ્રવનું નિવારણ થાય છે. તથા સૌભાગ્યની વૃદ્ધિ થાય છે. સફેદ વસ્ત્ર પહેરી, પૂર્વ દિશા સન્મુખ બેસી એક લાખ જાપ કરીને યંત્ર પાસે રાખવાથી સકલ ઋદ્ધિ સિદ્ધિ સંપદા-લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

લાભ : રિદ્ધિ-સિદ્ધિ અને સંપદાની પ્રાપ્તિ થાય.

**શ્રી ભક્તામર સ્તોત્રની સૂચિ**


**પુસ્તકગ્રંથ સૂચિ**

૧. સચિત્ર શ્રી જિનેન્દ્રભક્તિ - સાધ્વી શ્રી પવિત્રાકુમારી

૨. ભક્તામર સ્તોત્ર - શ્રી વનિતાબાઈ મહાસતીજી

૩. ભકતામર ભારતી - સંકલન -સંપાદન-સાહિત્ય મનીષી પં. કમલકુમાર જૈન શાસ્ત્રી

૪. દિવ્ય ગહન જૈન યંત્ર મંત્ર સ્તોત્ર - પ્રેમલ કાપડિયા

૫. સચિત્ર ભક્તામર સ્તોત્ર - વિદુષી સાધ્વીશ્રી લીલમબાઈ મહાસતીજી


**(ક્રમશઃ)**

❑❑❑


૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ,
મુંબઈ - ૪૦૦ ૦૧૨.
મો. ૯૮૯૨૮૨૮૧૯૬


# ઉપનિષદમાં રથવિદ્યા


**ડૉ. નરેશ વેદ**


ઉપનિષદના ઋષિઓએ મનુષ્ય શરીરને ઓળખાવવા માટે જુદા જુદા ઉપનિષદોમાં જુદા જુદા રૂપકો યોજીને અનેક વખત પ્રયત્ન કર્યો છે. 'કઠ ઉપનિષદ' માં રથ અને રથીનું રૂપક લઈ આ વાત સમજાવતાં કહ્યું છે : હે નચિકેતા! શરીરને રથ જાણ, આત્માને રથમાં બેસનારો જાણ, બુદ્ધિને સારથિ જાણ અને મનને લગામ જાણ. ઇન્દ્રિયો ઘોડા કહેવાય છે અને એમના વિષયો તેના માર્ગો કહેવાય છે. જ્ઞાનીઓ શરીર, ઇન્દ્રિયો અને મન સાથે જોડાયેલા આત્માને ભોક્તા કહે છે. જેમ તોફાની ઘોડા સારથિના કાબૂમાં રહેતા નથી, તેમ જે સદા ચંચળ મનવાળો અને અજ્ઞાની છે તેની ઇન્દ્રિયો તેને વશ રહેતી નથી. પરંતુ જેમ શાંત ઘોડા સારથિના કાબૂમાં રહે છે, તેમ જે સદા સ્થિર મનવાળો અને જ્ઞાની છે તેની ઇન્દ્રિયો તેને વશ રહે છે. જે સદા અપવિત્ર, મનની એકાગ્રતા વિનાનો અને અજ્ઞાની છે, તે એ આત્મતત્ત્વને પામતો નથી અને સંસારને પામે છે. પરંતુ જે સદા પવિત્ર, મનની એકાગ્રતાવાળો અને જ્ઞાની છે, તે આત્મપદને મેળવે છે, અને પાછો જન્મતો નથી. જે મનુષ્ય બુદ્ધિરૂપી સારથિવાળો અને મનરુપ લગામવાળો છે, તે પોતાની સંસારયાક્ષાને છેડે પહોંચી જાય છે. તે જ વ્યાપક પરમાત્માનું પરમ પદ છે.

'છાગલેય ઉપનિષદ' મા ઋષિ આ રૂપકમાં ઝીણી વિગતો ઉમેરે છે. તેમના કહેવા મુજબ, આ શરીરનો પ્રેરક સાક્ષી આત્મા છે. આ શરીર રથ છે. ઇન્દ્રિયો તેના ઘોડા છે. નાડીઓ એ આ રથને બાંધનાર દોરડીઓ છે. હાડકા એ આ રથને ટટ્ટાર ઊભો રાખનારાં લાકડાં છે. લોહી એ આ રથને ઊંજવાનું દ્રવ (ઊંજણ) છે. કર્મ ચાબુક છે. શબ્દ એ રથનો ધ્વનિ છે. ત્વચા (ચામડી) આ રથનું આવરણ (ઢાંકણ) છે. જેમ પ્રેરક (હાંકનાર) સારથિ દ્વારા ત્યજી દેવાયેલો રથ ચાલી શકતો નથી. તેવી જ રીતે જ્ઞાનસ્વરૂપ આત્મા દ્વારા છોડી દેવામાં આવતાં શરીરમાં કોઈ ચેષ્ટા (ક્રિયા) અથવા ગતિ રહેતી નથી. તે નથી બોલી શકતું કે નથી શ્વાસ લઈ શકતું, પરંતુ સડી જાય છે.

'મૈત્રાયણીય ઉપનિષદ' ના ઋષિ આ જ રૂપકમાં થોડી બીજી વિગતો ઉમેરે છે. તેઓ કહે છે, મનુષ્યની અંદર જે અગ્નિ છે તે જ વૈશ્વાનર છે. આંગળીઓ ઘાલીને કાન બંધ કરવાથી તેનો જ ધમકાર સંભળાય છે. મરણ પામવાના થોડાક વખત પહેલાં આ અવાજ સંભળાતો નથી. મનુષ્ય જીવની હૃદયગુફામાં આ વૈશ્વાનર અગ્નિ પાંચ રૂપે રહેલો છે. મન, પ્રાણ, તેજ, સત્ય સંકલ્પ અને અવકાશ એ આત્માનાં પાંચ રૂપ છે. તે જ શરીરમાં છિદ્રો બનાવીને પાંચ પ્રકારના વિષયોનો ઉપભોગ કરે છે. બુદ્ધિ અને ઇન્દ્રિયો એ વિષયના ઉપભોગ માટેની આત્માની દોરડીઓ રૂપ છે. કર્મેન્દ્રિયો આત્માના ઘોડા છે, શરીર રથ છે, મન સારથિ છે, સ્વભાવ ચાબુક છે. આ આત્માની શક્તિથી આ શરીર રથના પૈડાની પેઠે ગતિ કરે છે. તેમાં શ્વેત (ધોળાં) અને શ્યામ (કાળા) કર્મો છે અને તેવાં જ તેનાં ફળ છે. આ આત્મા અવ્યક્ત, સૂક્ષ્મ, અદૃશ્ય, અગ્રણ્ય, નિર્મમ, અવસ્થારહિત, અકર્તા, શુદ્ધ, સ્થિર, અચળ, નિર્લેપ, અવ્યગ્ર, નિસ્પૃહ, સ્વસ્થ, દ્રષ્ટા અને ઋત્ભૂક્ (સત્યના નિયમોને સ્વીકારનાર અને એના વડે જ પ્રકાશિત) થનાર છે. તંતુઓથી વણાયેલા વસ્ત્રની પેઠે તે પોતે જ શરીરથી પોતાને ઢાંકીને રહેલો છે.

'બૃહદારણ્યક' ઉપનિષદના ઋષિ મનુષ્યના સ્થૂળ શરીરને પ્રાણનું નિવાસસ્થાન કહે છે, જેમાં મસ્તક છત છે અને પ્રાણ થાંભલો છે, જેની સાથે એ અન્નરુપ દોરડીથી બંધાયેલો છે.

એ કાળના ઋષિઓએ શરીર અને આત્માનો વિચાર કરતાં મનુષ્ય શરીર તેનાં અંગઉપાંગો અને સ્વભાવના નિંદાત્મક ચિત્રણો પણ કર્યા છે, તેમાં એ સમયની પ્રચલિત મનોદશા અને વિચારધારાનો પ્રભાવ દેખાય છે. જેમકે, 'મૈત્રાયણી ઉપનિષદ'માં

આગળ ચાલતાં આવું વર્ણન છે : સ્ત્રી-પુરૂષના સંયોગથી, જે શરીર ઉત્પન્ન થાય છે એ ચેતનાશૂન્ય છે તથા નરક જેવું જણાય છે. મૂત્ર દ્વારથી બહાર આવનારૂં આ શરીર, હાડકાં દ્વારા નિર્મિત થયેલું છે. માંસથી ભરેલું છે તથા ચામડીથી મઢાયેલું છે. મળ, મૂત્ર, પિત્ત, કફ, મજ્જા, ચરબી, મેદ વગેરેથી યુક્ત છે. એ સિવાય બીજા કેટલાય પ્રકારના મળોથી પણ ભરેલું છે. જાણે બધા વિકારયુક્ત પદાર્થોનો આ શરીર ભંડાર છે. આ વાક્યોમાં ભલે શરીરની નિંદા છે, પણ તત્કાલીન ઋષિઓને શરીર માંસ, મજ્જા, અસ્થિ, મેદ વગેરેથી બનેલું છે, એમાં વાત, પિત્ત, કફ જેવા પ્રકોપો છે અને એને અનેક મનવિકારો અને ભાવવિકારો વળગેલા છે એની જાણ છે, એ વાત ઘણી નોંધપાત્ર છે.

આગળ ચાલતાં એ ઉપનિષદના ઋષિ કહે છે : આ દુર્ગંધપૂર્ણ, અસ્થાયી શરીર અસ્થિ, ત્વચા, સ્નાયુ, મજ્જા, માંસ, રેતસ્, રક્ત, લાળ, અશ્રુ, મળ, મૂત્ર, કફ અને પિત્તનું બનેલું છે. એમાં આપણે કેવી રીતે આનંદ માણી શકીએ ?

'આત્મોયનિષદ' કહે છે : ચામડી, અસ્થિ, માંસ, મજ્જા, કેશ, આંગળીઓ, અંગૂઠા, કરોડ, નખ, ઉદર, નાભિ, નસો, સાથળ વગેરેનું બનેલું જન્મતું અને મરતું આ શરીર સ્થૂળ છે.

'ગર્ભોપનિષદ' માં શરીરનું વિગતવાર અને પૂર્ણ વિવરણ છે. મનુષ્ય શરીર ક્ષિતિ (પૃથિવી), જલ, પાવક (અગ્નિ), ગગન (આકાશ), સમીર (વાયુ) જેવા પાંચ ઋણભૂતોનું બનેલું છે. જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોના પાંચના સમૂહો પર નિયંત્રણ કરનાર છે. મધુર, અમ્લ, લવણ (ખારૂં), કટુ (કડવા), કષાય (તુરા) અને તીવ્ર (તીખા) અન્ન રસોથી પોષાય છે. જન્મ, વૃદ્ધિ, વિકાસ, આજાર, અપક્ષય અને મરણ એવા છ ભાવવિકારોવાળું છે. શ્વેત, રક્ત, કર્બૂર, ધૂમ્ર, પીત, કૃષ્ણ અને ઝાંખા એમ સાત રંગના રસોથી વૃદ્ધિ પામે છે. વાત, પિત્ત અને કફ એમ ત્રણ શ્લેષ્મોવાળું છે. માતાના રક્ત અને પિતાના વીર્યથી ઉત્પન્ન થનારૂ દ્વિજ છે. ભક્ષ્ય, ભોજ્ય, ચોષ્ય અને લેહ્ય એમ ચાર પ્રકારના અન્નથી પુષ્ટ થનારું છે.

પછી શરીરની આંતરિક સંરચના સમજાવતાં કહે છે. મનુષ્ય શરીર મસ્તક ચાર કપાલ અસ્થિઓથી અને પ્રત્યેક સોળ ગોખલાઓથી બનેલું છે. એમા ૧૦૭ સાંધા છે, ૧૮૦ છિદ્રો છે, ૯૦૦ સ્નાયુ-રજ્જુઓ છે, ૭૦૦ નાડીઓ છે, ૫૦૦ સ્નાયુઓ છે, ૩૬૦ અસ્થિઓ છે, સાડા ચાર કરોડ રોમ (રૂંવાડા) છે. પછી શરીરનાં જુદાં જુદાં અંગઉપાંગોના વજનનો નિર્દેશ કરે છે. હૃદય આઠ પલ (એટલે ૩૬૪ ગ્રામ) નું છે. જીભ ૧૨ પલ (૫૪૬ ગ્રામ) ની છે. પિત્તાશય પ્રસ્થ (૭૨૮ ગ્રામ) જેટલું છે. કફ એક આઢક (૨૯૧૨ ગ્રામ) છે. રેતસ્ (વીર્ય) કુડપ (૧૮૨ ગ્રામ) જેટલું છે. ચરબી બે પ્રસ્થ (૧૪૫૬ ગ્રામ) જેટલી છે. મળમૂત્ર અનિશ્ચિત વજનવાળાં છે, તેનો આધાર અન્નજળ પર છે.

આ સાતે પ્રાણોમાં સાત 'અક્ષિતિ' એટલે કે અક્ષય શક્તિઓ છે. એ શક્તિઓ ત્રણ છે. ઇચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ. આજની ભાષામાં કહીએ તો Willpower, knowledge power અને action power. આ શક્તિઓ ક્ષયિષ્ણુ નથી, સદૈવ જીવંત રહેતી હોય છે. તેઓ આપણા શરીરના જન્મથી માંડી શરીરના મૃત્યુ સુધી પ્રાણસ્પંદનના કાર્યમાં સક્રિય રહે છે, પણ ક્ષીણ થતી નથી.

'છાંદોગ્ય ઉપનિષદ' માં જીવની ઉત્પત્તિની વિગતો આપી છે અને નવ-દસ મહિનાનો ગર્ભવાસ કહ્યો છે. 'ગર્ભોપનિષદ' મા તો ગર્ભવિકાસની તબક્કાવાર માહિતી પણ આપી છે. એ ઉપનિષદ અનુસાર, રજોવીર્યના સંયોગથી ગર્ભ વિકસે છે. એક રાતમાં બિંદુ બને છે, સાત રાત દ્વારા પરપોટો અને પંદર દિવસમાં ગાંઠ બને છે, જે એક મહિને ઘન બને છે, બે મહિને મસ્તક, ત્રણ મહિને પગ, ચોથે મહિને ઘૂંટીનાં હાડકાં, પેટ અને નિતમ્બ, પાંચમે કરોડરજ્જુ, છઠ્ઠે મોઢું, નાક, આંખો અને કાન બને છે. સાતમે માસે જીવ પ્રવેશ કરે છે. આઠમે પૂર્ણપણે વિકસિત થાય છે. છેવટે નવમે માસ સર્વાંગે પૂર્ણ બનતાં જન્મ થાય છે.

જોઈ શકાશે કે એ વખતે પણ શરીર વિજ્ઞાન કેટલું વિકસિત હતું. આજના તબીબીશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓને ઉપયોગી બને એવી ઘણી બધી માહિતી આ વિદ્યામાં પડેલી છે. આપણે એનાથી દૂર રહીને આપણને જ અજ્ઞાન રાખ્યા છે. પણ હવે જાગ્યા ત્યારથી સવાર.

❑❑❑

૩૫, પ્રોફેસર્સ સોસાયટી
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર
ફોન : ૦૨૬૯૨-૨૩૩૭૫૦ / મો : ૦૯૭૨૭૩ ૩૩૦૦૦

## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.
૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# એક વરદાનની નજીક જવા જેવું

**ડૉ. ગુલાબ દેઢિયા**

'તમે મારા માટે શું ઈચ્છશો ?' આ પ્રશ્ન કદી કોઈને પૂછ્યો છે ? આ પ્રશ્ન મનમાં જાગ્યો છે ખરો ? પ્રિયજનની નજીક જઈ એના મુખારવિંદને જોતાં જોતાં આ પ્રશ્ન પૂછીએ અને પછી વિચારમાં પડી જઈએ કે એ પ્રિયજન આપણા માટે શું ઈચ્છે છે ?

રાબેતા મુજબ દીર્ઘાયુ, આરોગ્ય, સુખ-સંપત્તિ કે પ્રગતિની વાત ન કહેતાં જરાક પોરો ખાઈ પ્રિયજન જો એમ કહે : 'તને તારી ક્ષણો પ્રાપ્ત થાઓ.'

બત્તી થતાં વાર તો લાગે એવી આ નોખી શુભેચ્છાઓ છે. અથવા એમ પણ થાય કે બીજું કંઈ નહિ ને ક્ષણો મળે એમાં વળી શું ? કેટલીય, અસંખ્ય ક્ષણો, કલાકો, દિવસો, વર્ષો મળ્યાં જ કરે છે. બધું આવ્યા જ કરે છે.

જરાક વિચાર કરતાં એમ પણ થાય કે, પ્રિયજને કહ્યું છે તો કંઈક મર્મ પણ હશે જ ને !

તને તારી ક્ષણો પ્રાપ્ત થાઓ. અહીં ક્ષણ તો મહત્ત્વની છે જ પણ 'તારી' શબ્દ વધુ વજનદાર છે. આપણા રોજના ભર્યાભાદર્યા જીવનમાં, ભરચક કાર્યકલાપોમાં પોતાની, પંડની, સુવાંગ ક્ષણો કેટલી ?

આ પ્રશ્ન જરાક અઘરો છે અને જાતને પૂછવા જેવો છે. રોજની ક્ષણો ઘેરાયેલી, વેરાયેલી, નંદવાયેલી કે ઉભડક લાગે છે. સમય પાસેથી આપણે પસાર થતાં રહીએ છીએ. જાતજાતના કામ કરતા રહીએ છીએ.

જ્યારે અહીં તો કહ્યું છે તારી ક્ષણો તારી પોતાની આગવી, અબાધિત, અભંગ તારી જાત સાથેની ક્ષણો. કોઈ વળગણ, છોગા, સંદર્ભ, ભીડ, આયોજન, ઉતાવળ ન હોય. જે ક્ષણોમાં તું હોય અને તું તું જ હોય. તું સમયમાં ભળી ગયો હોય, ઓગળી ગયો હોય. તારી ભાવદશા જ અનોખી હોય. શરીર, મન, ચિત્તતંત્ર, વિચાર અને શ્વાસ બધાં સાથે જ ઊભાં હોય અડોઅડ.

આ તો મોટા વરદાન જેવું છે. સારું થયું આપણા માટે કોઈએ એવું ઈચ્છયું તો ખરું. આપણે પોતે એવી ભાવના ભાવીએ કે એ ક્ષણો આવે. વારંવાર આવે, ગમે ત્યારે આવે. સૌના જીવનમાં આવે. જે અબોટ હોય. અદ્‌ભુત હોય, અવાચ્ય હોય, અનન્ય હોય. છતાં સહજ અને સરળ હોય. ઘણું બધું હોય છતાં દેખીતી રીતે કંઈ ન પણ હોય.

ક્યારેક કોઈ શબ્દ મનમાં જાગે છે પછી મનનો કબજો લઈ લે છે. એ શબ્દ કયો હોય તે કહી ન શકાય. ઘણી વાર જેનો પરિચય થયો છે તે 'મથામણ' શબ્દનો પ્રભાવ અત્યારે મારા મન ઉપર છે. આમ તો જાણીએ છીએ કે, મંથન પરથી આવેલો આ શબ્દ 'મથામણ' છે. તરત જ 'વલોણું' શબ્દ આવ્યો. વલોણા વખતે મંથન વખતે મહત્ત્વ તો માખણનું જ હોય છે ને ! એ નવનીત પ્રાપ્ત કરવા તો દહી વલોવીએ છીએ. માખણ મળી ગયું એટલે વાત પૂરી થઈ જતી નથી. માખણ પહેલા ખોળાનું અને છાશ છીછરી એવી ભાગલા પાડનાર વૃત્તિ જ તપાસવા જેવી છે. માખણની પ્રાપ્તિ સાથે મંથનની આખી પ્રક્રિયા મહત્ત્વની છે. માખણના અંશ અંશમાં છાશ છે તેમ છાશમાં પણ માખણનો અતિ સૂક્ષ્મ અંશ છે જ વળી ! માખણ આવ્યું ક્યાંથી ? આપ્યું કોણે ? છાશે. પોતાની જાત નીચોવી કોણે ? છાશે. સમગ્રને જોતાં પૂર્ણતાનો ભાવ સમજાય છે. બધું જ બરાબર છે. બાદબાકી શબ્દમાં બાદ કર્યા પછી બાકી તો રહે જ છે. પૂરું કશું નથી તેમ અધૂરું પણ કશું નથી.

કોઈ પણ પ્રકારની સર્જકતા પોતીકી ક્ષણોનો અનુભવ કરાવે છે. આ થંભી જવું, રોમાંચ થવો, આંખો પહોળી થઈ જવી, શ્વાસનો લય અનુભવવો, અનુભૂતિ તો એ જ છે ને !

કોઈ ગીત પાસે થંભી જવું, ઊંડા ઊતરી જવું. દૃશ્ય, શ્રવણ, સ્પર્શ, સ્વાદ કે શ્વસન બધાં આવી જ કોઈક નોખી ક્ષણોની ફોરમ ધરી દે છે. નામ પાડીને લેબલ લગાડી ન શકાય એ જ યોગ્ય છે.

આ રાસ ચાલ્યા કરે છે. શ્વાસનો લય, લોહીનો લય, સ્વરનો લય, સ્મરણનો લય, સ્મિતનો લય, શોકનો લય સમય પાસે આવું બધું અપાર, અમાપ કે અગાધ છે.

એ પોતીકી ક્ષણોને આત્મસાત કરવા ઉત્સુક-ઉત્કંઠ બનીએ. આ વરદાનની પ્રતીક્ષા કરવી, એ પણ ઓછા સદ્‌ભાગ્યની વાત કયાં છે !

❑❑❑

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર,
ચાર બંગલા, અંધેરી પ. મુંબઈ - ૪૦૦ ૦૫૩.
મો. ૯૮૨૦૬૧૧૮૫૨

**McGuireની એ 'બારી'**

સાગરમાં જયમ આવે ભરતી
દૃશ્ય નિહાળુ હું બારીમાંથી
નીલ ગગનમાં ફરતાં વાદળ
યાદ દિલાવે ઘૂંઘવતો સાગર

''હેંગર''ની એ કપરી કહાણી
McGuire ના સરોવર ઉપર
ધોવાતી હર-દિન હર પળ-પળ
''બારી'' બની છે રાહ-દિલાવર!!

# Building Strong Character Through Twelve+ Four Reflections-concepts - ભાવના

Bakul Gandhi

This Article is intended for the benefit of generation whose medium of learning academic education is or was in English. Being Jain by birth, they do have desire to learn and understand, Jainism, in their preferred language English, and thereby gradually enhance the level and standard of practicing Jainism. It is relevant to note that today's youth have in them imbibed core values of Jainism in heart. It is primarily because of their insistence and adherence to Jainism, today eateries at most countries world over, be it hotels, airlines, railways, places of tourism and even Sea Cruises know and provide specially made Jain Food. It is a pious duty of our Learned Scholars to impart spiritual knowledge of Jainism to next generation. Of course, a sea of knowledge and information on Jainism is already available on Internet. In this context, this is an humble attempt to write in English about (બાર ભાવના) meaning 'Twelve Concepts' and (ચાર પરા ભાવના) for building strong character in youth. They are living in a world that constantly moves at jet speed. They do not have time nor have they inclination to listen or read which is microscopic and difficult to practice or digest. However, they do want to live happy and healthy life. How do they achieve this and what things will help them achieve healthy and happy life?

Jainism, as preached in Jain Agams, believes that more than the Action, the Thought behind action decides the intensity of karma. Human mind intends, thinks or opines, it is termed as Bhav. Whenever such thoughts, intentions, opinions or understandings occur repeatedly, it is termed as Bhavnas in Gujarati and as Sacrament, values, beliefs or spirit or concepts in English. For the purpose of this Article, **"Bhavnas"** in Gujarati will be referred as **Concepts** for the sake of consistency and continuity. It is advisable and desirable to follow these auspicious Concepts to live a positive and meaningful life as human being. Before dealing with these concepts, let us understand the present materialistic environment in the world and why there was and is a need to lean on spirituality.

At present, in our day to day life we do experience that Science and technology has made available many materialistic facilities to human beings by advancement and innovations in the fields of Physics, chemistry, biology, agricultural science, telecommunication etc. Air conditioners against heat, Heater against cold, Television-Radio for entertainment and information, Mobiles+ computers for communication and information, Microwave-cooking range with pipe gas, washing machine, fast-food at door delivery........... and what not..... the list goes on and on. The economic policies of the Governments world over, on one hand have provided huge business and employment opportunities and on the other hand artificially created demand and supply of homes, cars, consumer goods under 'Buy now Pay later'. This gives an impression that human being must be happy and enjoying possession and use of various materialistic facilities. However, generally this feeling of happiness turns out to be illusionary as we do witness human being restless, helpless, intolerant and suffering from mental and psychological problems. High Blood Pressure, Depression, Heart Attacks, Diabetes................The question is why does this happen?

First, it is to be understood that Human Being is one of the four forms of Jeeva-Life. Other three being Devata,Tiryanch and Narki. Of these forms, Human birth is believed to be the best because from here only purity can be obtained – effort for moksha can be made. The reason for this is that human being has, besides five senses (Touch, Taste, Smell, See and Hear), power to think, power to understand and analyse what is good and what is bad, what is right and what is wrong.

Next, Jainism explains that Soul and physical body are two different and distinct elements. When soul gets attached to particles due to the karmas, it takes form of a Life- Jeeva. The theory of karma explains how, why, and what happens to us. It also explains the role that karmas play in our lives, how we accumulate karmas, and how we get rid of them.

As human being, whenever we think (મન), speak

(વચન), or act (કાયા), Karman Varganas around us are attracted to our souls. When Varganas become bonded to our soul they are called Karma. The Karma can be further divided into two concepts, Bhav Karma and Dravya Karma. Bhav Karma is the non-physical thinking or mental activity that attracts the Karman Varganas. Dravya Karma is the physical Karman Varganas themselves that have attached to the soul. There cannot be Dravya Karma without the Bhav Karma and both of these concepts occur at the same time.

From the above stated basics of Soul (Atma), Jeeva (Life) and Karmas, this article will discuss relevance and significance of human being's Bhav Karma. Jainism believes that more than the Action, the Thought behind action decides the intensity of karma. Human mind intends, thinks or opines, it is termed as Bhav. The presence of intent acts as an aggravating factor, increasing the vibrations of the soul, which results in the soul absorbing more karma. The intentional act produces a strong karmic bondage and the unintentional produces weak, short-lived karmic bondage. The intent to kill, to steal, to be unchaste and to acquire property, whether these offences are actually carried or not, leads to bondage of evil karmas. The following narrative aptly explains the consequences of a thought and immediate subsequent change of thought.

"Once Lord Mahavir arrived in the city of Rajgruhi. He was accompanied by the royal sage (Rajarshi) Prasannachandra. Rajarshi Muni used to perform severe penance by staring at the fire-emitting Sun, with his one leg up and both arms raised straight. Magadh king Shrenik was deeply impressed by such severe penance and politely asked Lord Mahavir, "O Lord, suppose this monk performing severe penance, dies this moment, what state would he achieve after his death?" Lord Mahavir said, "He is Prasannachandra Rajarshi. In case he dies at this very moment, he would have the state of the seventh hell (narak)." The gathering was shocked to hear this. King Shrenik was puzzled; he thought that a saint's soul could never go to hell. How was it then that Lord Mahavir forecast such a 'narak' for Muni Prasannachandra? Thinking that perhaps he had not listened to the Lord's utterance properly, king Shrenik asked again, "O Lord! In case this sage Prasannachandra dies at this moment, what state his soul would attain?" Lord Mahavir said, "He would attain the liberation." Equally puzzled by these utterances of Lord Mahavir, king Shrenik said, "Lord, in the first instance you said that he would attain the state of narak and now within just a few seconds you say that he would attain the moksha state – the ultimate liberation. Why such contradictory statements?" Lord said, "When you asked the first time, the monk had just heard Durmukh saying that king Dadhivahan of Champanagari had attacked and had laid a siege to the city of king Prasannachandra. His ministers had betrayed Prasannachandra and had conspired to deprive him of the kingdom by killing the child-king. On listening this Monk Prasannachandra's mind was occupied by the thought of his kingdom and child and soon his mind had become a battlefield of violence and aggressive thoughts. As a result, he was entangled in such namkarma (karma that determines destinies and body type) like gati-jati etc. which would have sent him to seventh hell. Had he died in such a violent state of mind, he would surely have gone to hell. Prasannachandra, fighting a battle in his mind, touched his head to ensure that he had his helmet on before making a fatal attack on the enemy king. As he touched his completely shaven head, he was awakened to the reality. Soon he began to think, "Though I am engaged in saintly penance, I did indulge in violent thoughts. I almost performed cruel sinful deeds. Awakened to such a realization, monk Prasannachandra felt repentant. Having critically reviewed his serious lapse, the monk once again concentrated on quiet meditation. Hence when king Shrenik asked Lord Mahavir the second time, the monk had already become worthy of the state of liberation. By this time divine music surrounded Prasannachandra Muni. Lord Mahavir said, "He has attained 'kevalgyan' – pure and absolute knowledge. Gods rejoice at this moment of his attaining pure knowledge." Monk Prasannachandra's character-sketch acquaints us with a self-vigilant monk. What a wonderfully vigilant soul! One who would be awakened to self-realization by just touching the shaven head! His repentance being that of an awakened soul, he attained pure and absolute knowledge".

In essence, Jainism addresses the true nature of

reality. Mahavir explained that all souls are equal in their potential for perfect knowledge, perfect vision, perfect conduct, unlimited energy and unobstructed bliss. However, from eternity the soul is in bondage of karmic particles of matters and is ignorant of its true nature.

It is due to karma that the soul migrates from one life cycle to another and seeks pleasure in materialistic belongings and possessions and suffers. It is due to ignorance that the soul continuously accumulates new karma as it feeds the passions such as anger, ego, deceit, greed, lust, hatred, and self-centred violent thoughts. These are part of inauspicious, bad, ill-boding or negative thoughts or concepts. On the other hand, the Twelve Concepts that we discuss below are good, positive, auspicious continuous thoughts. To understand in details about birth cycle and consequences of good and bad deeds one may study Uttaradhyayan Sutra 3. On the present subject, it is sufficient to understand that if the man using his discretions continues to earn auspicious karma and avoid inauspicious karma, then with such progressive purity he will surely get human birth.

Out of many Concepts spelt out in various Jain Agams and other related literature, - following Twelve Concepts are collections and classified as such. They are also called/ known as Anuprekshas, longings, thoughts, and aspirations. Even on a cursory reading, it may be seen that one or the other of these Concepts are something subconsciously experienced on one or more occasions during life time. But such experience is temporary and fades away in short time. Take the occurrences death of close relative, friend, neighbour on many occasions and have attended funerals and prayer meetings. We have seen and experienced sadness, sorrow within ourselves and that of our relatives or friends. The immediate impact is that of disenchantment with life. But such impact is temporary and fades away as the time passes and we get involved in worldly activities. We are constantly subjugated to the pulls and desires of this worldly life. We remain exposed to materialistic illusionary and whispers that can stray us from the straight path.

The immediate impact is that of disenchantment with life whenever a death occurs. If such disenchantment continues, the process of clinging goes down, thin down. With the tranquilization of clinging, detachment sets in. When this knowledge develops, detachment develops. When wisdom is complete, detachment too is complete. The process of disenchantment to detachment is the CONCEPT. May be with deeper conscious understanding, if these twelve concepts are imbibed, inculcated and practiced as a way of life then the life will be innocent, natural and free from inauspicious karmas.

**1. ANITYA BHAVNA - (અનિત્ય ભાવના) - NOTHING IS PERMANENT.**

The FIRST of twelve concepts is 'Nothing is permanent'. Body is also destructible. As the time passes, it becomes old. Beauty of the youth worns-out in the old age – muscles and the healthy body wrinkles, eyes sink, hairs turn grey, body becomes weak, it soon becomes tired even after little exertion, and because of weakness different diseases attack the body. All relations- that of mother, father, wife, sister, brother, son and daughter come into existence at one time fades and disappears at some other time. Similarly, other materialistic things that one acquires possess like wealth does not remain at some other time.

The story of the Alexander the Great who died aged 32, having conquered an empire stretching from modern Albania to new Bangladesh will aptly explains underlining message of ANITYA BHAVNA. In India Alexander the Great is also known as "Sikandar", meaning "World winter". Reproduced a Gujarati Stavan-' Sikandar Na Chaar Farmaan' with translation in English.

અનેક દેશો ઉપર જીત મેળવી પાછા ફરતાં સિકંદર ગંભીર માંદગીમાં ઘેરાયો. જ્યારે તેને ખાતરી થઈ કે તેણે હાંસિલ કરેલ માલ-ખજાનો, મિલકત, કોઈ વૈભવ કે હકિમ તેને મૃત્યુના પંજામાંથી છોડાવી શકતો નથી ત્યારે સિકંદરે છેલ્લો સંદેશો આપતો ગયો.

મારા મરણ વખતે બધી મિલકત અહિં પથરાવજો, મારી નનામી સાથે કબ્રસ્તાનમાં પણ લાવજો; જે બાહુબળથી મેળવ્યું તે પણ ભોગવી ના શક્યો, અબજોની દોલતો આપતા પણ એ સિકંદર ના બચ્યો; મારું મરણ થતાં બધાં હથિયાર લશ્કર લાવજો, પાછળ રહે મૃતદેહ, આગળ સર્વેને દોડાવજો; આખા જગતને જીતનારૂં સૈન્ય પણ રડતું રહ્યું, વિકરાળ દળ ભુપાલને નહિં કાળથી છોડાવી શક્યું; મારા બધા વૈદો હકીમોને અહીં બોલાવજો, મારો જનાજો એજ વૈદોને ખભે ઉપડાવજો; કહો દર્દીઓના દર્દને દફનાવનારું કોણ છે, દોરી તુટી આયુષ્યની તો સાંધનારૂં કોણ છે ?; બાંધી મુઠ્ઠી રાખીને જીવો જગતમાં આવતાં, ને ખાલી હાથે સૌ જનો આ જગતથી

ચાલ્યાં જતાં; યૌવન ફના, જીવન ફના, જરને જવાહર છે ફના. પરલોકના પરિણામ ફળશે પુણ્ય અને પાપનાં.

ENGLISH TRANSLATION:

After conquering many countries of the world, while returning to his home, Sikandar fell seriously ill. He realised that he would not be immortal. When he realized that his acquired, possessed wealth and well-known Doctors-Vaids-Hakims at his command would not bring him out of clutches of death, Sikandar gave following message:

AT THE TIME OF MY DEATH LAY ALL MY WEALTH BESIDE ME, CARRY TO CEMETRY WITH MY DEAD BODY; WHATEVER WEALTH PROCURED WITH MY MUSCLE POWER, I COULD NOT ENJOY IT, EVEN GIVING OF WEALTH OF BILLIONS COULD NOT SAVE SIKANDER; UPON MY DEATH, BRING ALL WEAPONS AND ARMY, LET ARMY RUN IN FRONT KEEPING MY DEAD BODY BEHIND; ARMY THAT CONQURED WORLD REMAINED CRYING, FEROCIOUS ARMY COULD NOT SAVE ITS KING; CALL MY DOCTORS-PHYSICIANS-DOCTORS HERE, MAKE THEM CARRY MY COFFIN; TELL WHO WILL BURY PAINS OF PATIENTS, WHEN LIFE-LINE BREAKS, WHO CAN STITCH? A LIFE COMES TO WORLD WITH CLOSE FISTS, AND GOES AWAY WITH OPEN HANDS; YOUTH DEMOLISHES, LIFE DEMOLISHES, GEM JEWELLARY DEMOLISHES, ONLY PUNYA AND SINS IN THIS LIFE WILL RESPOND IN NEXT LIFE.

We know the story of rags to riches of Dhirubhai Ambani and paralytic strokes he suffered and his wealth, latest medical facilities at his family's command could not prevent his death in 2002. and after his death there arose dispute on sharing massive wealth that he created. ANITYA BHAVNA helps us to weave, inculcate and imbibe in our life when the inevitable end is known to us, we live a simple pure life and do not crave or run after materialistic things and commit sins such as anger, hatred, deceit, greed, lust, ego……

2. **ASHARAN BHAVNA -(અશરણ ભાવના) NO ONE CAN & NO ONE PROVIDES PROTECTION**

The SECOND CONCEPT is when nothing is permanent, no such thing can provide you refuge- help when you desire it. The logical consequence of understanding and realization of ANITYA BHAVNA-NOTHING IS PERMANENT is that in Life no one can provide protection to a person from inevitable death. In the narrative of Alexander-Sikandar, it is seen that Mass Army, Doctors-Physicians and huge wealth at his command could not prevent, delay miserable painful death at a very young age. The end of rags to riches life style of Shri Dhirubhai Ambani ended with death after paralytic stroke attack. With huge money power and massive manpower and latest medical facilities at family disposal were helpless. It is common to hear from Doctors that "whatever best we could do, we did, we tried our best, now only prayers can do miracle"……This explains when nothing else can give refuge or protection to you, live your life taking refuge of Dharma, follow the tenets of religion. If we do not get any one's support; and if we do not get the feeling of cordiality from others, then we should think thus, ' Who can be our refuge if not the Paramatma, in this world which abounds in physical, psychological and inherited ailments?" Only Dharma can give us true company and the right refuge. We need not expect help or assistance from others.

3. **SANSAR BHAVNA- (સંસાર ભાવના)- MATERIALISTIC WORLDLY LIFE**

The THIRD concept is having realized and understood that nothing is permanent and no one can help you give protection, live in this family and worldly life with all its limitations firmly in mind. Having taken birth as human being, he/she learns to recognize mother, father, brother, sister and as he grows the list goes on increasing. He develops attachment and a sense of cozy family life is yearned. Sometimes he witnesses death of his near and dear one. That moment results in sorrow, grief. Thus, there is continuous change in relationship with birth, marriage and death. There is no permanent relationship. With moral standard deteriorating, the dissipation has set in and trend of Live in Relationship, extra marital relations, Divorces, marriage, children without wedlock….the family sense is already shaken. The mode of living changes and in accordance with those changes, even relatives and friends keep changing. The friends and enemies change. Sometimes, an enemy becomes a friend and vice-versa. How can there be a strong and permanent relationship in this strange way of life. Desire of a strong attachment and continuity of such relationship will end in unhappiness and the soul continuously accumulates new karma as it feeds the passions such as anger, ego, deceit, greed, lust,

hatred, and self-centred violent thoughts. These are part of inauspicious, bad, ill-boding or negative thoughts or concepts. Therefore, so long as a human being lives a family life, live it with minimum attachment to such extent that he does not resort to and does not accumulate inauspicious deeds. His aim should be to move away from attachment to gradual detachment.

4. **Ekatva Bhavana - (એકત્વ ભાવના) Thinking of being alone - Solitude of the soul**

The FOURTH concept is to realise that Soul is different than body (Pudgal). The first concept of Anitya- Impermanency explains that body is perishable. The soul assumes birth alone and departs alone from this world. The soul is responsible for its own actions and karmas. The soul will enjoy the fruits and suffer the bad consequences of its own action alone. Soul is alone, soul has pure form. In reality Soul has no form. What is seen and felt outside- body, relatives, wealth and other possessions are separate and different. This Concept states that from eternity, the soul is bounded by karma and is ignorant of its true nature. It is due to karma soul migrates from one life cycle to another and continues to attract new karma, and the ignorant soul continues to bind with new karma. This way it provides a logical explanation of our sufferings on Earth. To overcome the sufferings, Jainism addresses the path of liberation in a rational way. It states that the proper Knowledge of reality, when combined with right Faith and right Conduct leads the worldly soul to liberation (Moksha or Nirvän). This way one can break the continual binding process of karma to the soul and attain liberation from karma. Such thoughts will stimulate his efforts to get rid of karmas by his own initiative and will lead religious life.

5. **ANYATVA BHAVANA-(અન્યત્વ ભાવના) SEPARATENESS**

The FIFTH concept is to understand that everything else is different and separate from soul. The preceding. Ekatva Bhavna concept propagates that the Soul is alone, Soul comes alone and Soul goes alone. The natural question then arises, "the body that is connected to soul, relatives like mother, father, wife, son, daughter...who are they/ what are they?". They are different souls with their bodies and they act, behave and think on their own karmas. If the Soul thinks or believes that they are his own, he develops attachment towards them. While he cannot in any way change them but it will result in his anger, ego, deceit, greed, lust, hatred etc. Remember Mythology story of Ramayana? Since Sita got attracted to a Deer, Rama went after Deer leaving his brother Laxman to take care of his wife Sita. As Rama did not return for quite some time, Laxman decided to go to help Rama. He warned Sita of danger of being alone in forest and advised her not to go beyond a line he drew for safety of Sita. Yet Sita was lured to come beyond the safety line and she was kidnapped by Ravanna. This part of the story highlights the attachment of Rama, Laxman and Sita to each other, and Ravanna's deceit and lust. Though Sita was wife and Laxman was brother of Rama, both of them were separate Individual and followed their own karmas over which Rama did not have control. You have no control over others karma, but you have complete control over your own.

6. **Ashuchi Bhavana -(અશુચિ ભાવના) Internal Beauty matters and Not External Beauty**

The SIXTH concept is that of ASHUCHI which means Filthiness (of body). We all know, experience that our body discharges perspiration or sweating, stool or faeces, urine, mucus-phlegm............Even when we take steps to clean our body, it regularly discharges foul material and smell. We take bath, brush teeth and take all steps to remain healthy. We take extra step to cover up foul smell by using deodorants, make up etc to be presentable in society. But such efforts do not last beyond few hours. We also know that as we grow, our hairs turn grey, we lose hairs, our skin gets affected by wrinkles, muscles loosen. Moreover, even after taking all steps to impress others and be presentable, if we react to someone angrily, if we insult someone, if we deceit someone, then our external beauty or presentable outlook will be completely ignored and a fight creep up. This makes it amply clear that what matters is our internal beauty- our behaviour and not our external physical outlook. To us, what should matter is our soul and the karmas that we make. If we follow and undertake auspicious karmas, our soul will have peace and no quarrel with any other person.

7. **Ashrav Bhavana- (આશ્રવ ભાવના) source of influx of Karma**

The SEVENTH concept is that of Ashrav which

means source of inflow. Today computers- WhatsApp, Facebook, mobile are being looked as life moving gadgets and without which the youth and even kids feel lonely and handicapped. He is aware of the potential source of getting affected by viruses in downloading any software, or browsing the Internet, an Internet advertisement or installing or updating a program, or opening the email attachments or connecting or inserting any disk, disc, or thumb drive connected or inserted into your computer. The Ashrav meaning entry points-source to permit inflow of undesirable karmas to your soul is like SOURCE of receiving unchecked and undesirable information in the computer or gadget that invites entry of viruses that play havoc in and with your computer or gadget. The virus makes your gadget slow and at times down and ineffective. Asrav means inflow and according to Jain philosophy defined as the inflow of karmas to the soul. The influx of karmas occurs at every second in life. It is this process that keeps our souls wandering in this universe and prevents it from being free. In the same way, we know that karmas are accumulating in our souls through one or more of our activities and unless we stop them they are going to choke our souls. These asrav can also be named in eighteen different forms (sins), such as; violence, falsehood, stealing, sexual activity, possessiveness, anger, ego, deceit, greed, attachment, hatred, quarrelsomeness, false accusations, divulging someone's secrets, backbiting, taking delight in committing sins, being unhappy with religious acts, lying maliciously, trusting false belief, religious teachers, and religions. Evil propensities and actions pollute and corrupt the soul. Just as One must remain alert from viruses to safeguard one's computer, one must remain alert from sins and wicked passions and inauspicious karmas to safeguard one's soul.

**8. Samvar Bhavna-(સંવર ભાવના) - Plugs to stop influx of karma**

The EIGHTH concept of Samvar Bhavna is to stop influx of Karmas. Extending the analogy of the computer viruses further, to protect from entry of viruses will be to install Anti-Virus software. Anti-virus software typically uses two different techniques to accomplish this: Examining files to look for known viruses by means of a virus dictionary then the anti-virus software can then either delete the file, quarantine it so that the file is inaccessible to other programs and its virus is unable to spread or attempt to repair the file by removing the virus itself from the file. Second -Identifying suspicious behaviour from any computer program which might indicate infection and if one program tries to write data to an executable program, for example, this is flagged as suspicious behaviour and the user is alerted to this and asked what to do. Similarly when we realize any of our activity falls in the dictionary of eighteen different forms (sins), such as; violence, falsehood, stealing, sexual activity, possessiveness ,anger, ego, deceit, greed, attachment, hatred , quarrelsomeness, false accusations, divulging someone's secrets, backbiting, taking delight in committing sins, being unhappy with religious acts, lying maliciously, trusting false belief, religious teachers, and religions and the effects of such activities, we need to work towards overcoming them so that we can stop new karmas coming in before they further sink the soul. The physical way is to actual shutting of our activities which lead to stoppage of the inflow of karmas. The mental way is to consciously striving to stop our passions. Discarding the evil propensities of the mind, voice and the body and concentrating the mind on noble propensities since that would release the soul from the bondage of Karma; and enabling noble propensities to surround the mind. To plug influx of karmas, the Jains are prescribed to practice twelve mini vows- 1. Non-violence, 2. Speaking Truth, 3. Not to steal anything that does not belong to you, 4. Celibacy meaning not to have sexual relationship outside marriage, 5. Do not accumulate and develop possessiveness beyond a limit, 6 Restrict movements beyond determined geographical limits, 7. Avoid use and or consumption beyond a limit, 8. Avoid purposeless activities, 9. Regular Meditation by one or more 48 minutes period, 10. Restrictions of geographical limits by others for your benefits, 11. On specified day or days in a month live life like a monk and 12. Share with and care for others.

**9. Nirjara Bhavana- (નિર્જરા ભાવના)- Shedding and Shredding of Karmas**

The Ninth concept is reducing or wiping out past inauspicious deeds. Having understood and realized sources of influx of karma and ways to plug these sources, our Endeavour should be to reduce and gradually wipe out all karmas that we may have

committed, knowingly or unknowingly, and whether during this birth or earlier births, so as to ascend at a place and time where we are free from cycle of birth and rebirth. There are twelve types of nirjara. They are divided into two groups; external nirjara which disciplines the human body against passions and desires and internal nirjara which purifies the soul. The internal nirjara is the true austerities because it exhausts the attached karma before their maturity from the soul. External six are 1. Complete abstinence of eating any food and drinking liquid for certain time, 2. Reduction in the quantity of food one normally eats, 3. Limiting the number of food items to eat and material things for use, 4. Restricting or abstinence of eating or drinking juicy and tasty foods, 5. Sitting or sleeping in a lonely or isolated place, devoid of animate beings, 6. Mortification of the body so long as the mind is not disturbed. Internal six are 1. Repentance for the breach of vows for spiritual purification, 2. Politeness (appropriate behaviour) towards teachers and elders, 3. Rendering selfless service and care to the saints, elders and those who suffer illness, 4. Self Studying and listening of religious scriptures, 5 Religious meditation, and 6. concentration of mind. All these external and internal kinds of austerities are practiced with the object of burning or shedding out all karmic impurities from the soul. These austerities are meant mainly for the ascetics, but it has also been enjoined upon the householders to practice them to the best of their abilities.

**10. Dharma Bhavna- (ધર્મ ભાવના)- Benefits and Reality of Religion**

The Tenth concept of Dharma Bhavna brings clarity to right path of life. Amidst possessing or using all materialistic facilities provided by Science and technology, we have secured only temporary and illusionary happiness which fades away quickly. The soul seeks permanent happiness and peace. It is the religion that provides reasons as to why we are restless and unhappy. It is the religion that teaches us the way to live life peacefully. It explains negatives of materialistic world. All the Concepts that are being discussed here have emanated or originated from Dharma and help us to look at it as valuable investment in building Strong positive character that paves the way to lead the life on right side. This life is possible only if there is dharma. We have attained comforts and happiness by the benevolence of Dharma. It would be difficult to live without Dharma. Think of Dharma from the practical and emotional points of view.

**11. Lok Swarup- (લોકસ્વરૂપ ભાવના) Transitory of universe**

The study and understanding of all concepts and in particular Dharama Bhavna explains and provides exposition of six substances that characterize the Jain view of the world: Living beings and Non-living objects. Non-living objects are further classified into five categories Matter, Space, Medium of motion, Medium of rest, Time. They are also known as six universal entities, substances or dravyas. These six entities of the universe however do undergo countless changes, but nothing is lost or destroyed. Everything is recycled in another form. It explains us who resides where and why. It describes the environment in each part-loka. Upper World (Udharva loka) is divided into different abodes and are the realms of the heavenly beings (demi-gods) who are non-liberated souls. Madhya Loka, at the centre of the universe where Human beings, Animals, Birds and Plants reside. Adho Loka, the lower world which consists of seven hells which is inhabited by the hellish beings.

**12. Bodhidurlabh Bhavana- (બોધિદુર્લભભાવના) Right Vision, Right Knowledge & Right conduct**

Jainism bases itself on the concepts of Jiva (living souls), Ajiva (non-living objects) and the bondage that arises between them due to their interaction (karmic flow) as starting point for the development of its knowledge and practice. The spiritual goal in Jainism is to attain the true nature of soul by removing the karmic masks on it. This mission provides the direction to Jains in making the right choices and living with right discipline. *RIGHT VISION* which has determination to find out the meaning of the essence of reality. An intelligent conviction and profound faith in the essential nature of the soul, of matter, and of their mutual relationships, actions and reactions, is a necessary condition for launching upon the path of liberation. Each soul when completely free from karmic influences acquires the state of perfection. A person with the right vision will have spiritual calmness, desire for liberation from the endless birth-life-death cycles, without any attachment or aversion to anything, kindness. Right knowledge reveals the true nature of reality. Right Vision and Right knowledge

are inter-dependent. Right conduct is the application of the knowledge developed, so as to exercise control over our inner desires and reach a stage where there is no attachment or aversion. Jainism has well-developed processes for applying the knowledge in the right manner. It prescribes vows(vrats) in the areas of Non-violence, Truthfulness, Non-stealing, Control of senses, and Non-possessiveness. The Jain shravaks follow the vows as far as their lifestyles will permit.

**13. Maitri Bhavana- (મૈત્રી ભાવના) BE FRIEND & KIND AND LOVE ALL**

A human being has a basic instinct to prefer friendly intentions over malicious ones. It is on this foundation that adult morality is built. It is a natural instinct to socialize with others and to form friendship by traits of trustworthiness, honesty, dependability, loyalty, and, as an interrelated quality, the ability to trust others, empathy, the ability to withhold judgment, effective listening skills, and the ability to offer support in good times and bad. These traits require personal insight, self-discipline, and unconditional positive regard for our friends. The individual's mind, at an early stage, is like wet concrete into which virtually any impression can be made. Once the individual has imprinted on something or someone, however, when the concrete begins to set, and it hardens around the impressions made in it. Jainism takes this basic instinct to a higher level. It propagates that your soul is affected only by own karmas-bad or good and not by anyone else's deeds. This core principle helps in realizing that no one else can make you sad or happy. Therefore, you do not need any negative thinking or actions against others. Lord Mahavira said that we must be a friend to all living beings. The feeling of friendship brings love and respect for others. It also initiates a feeling of brotherhood among all and in turn leaves no room for harm, deceit or quarrelsomeness with anybody. If we contemplate on Maitri Bhavna, our thoughts, words, and actions will not be harsh and we will not hurt anybody. On the contrary, we will support and protect everybody. Friendship will lead us to be tolerant, forgiving and caring for one another. It can be seen that if we develop a friendship with all living beings, we will avoid bad karma. Thus Maitri bhavna imbibes in you not to be just sensitive, but love and respect for and towards all.

President Abraham Lincoln used to respond in friendly way with his critics. This was disturbing to his colleagues and they asked Abraham Lincoln that when we thought of wiping them out, why are you trying to be friend with them? Abraham replied that I am also doing same. You desired to wipe them out but I desired to wipe out enmity in them. I destroyed my enemies when I make them friends.

**14. Pramod Bhavana - (પ્રમોદ ભાવના)- SENSE OF APPRECIATION AND RESPECT**

Jealousy is one of the eighteen sins that should be avoided at all cost. True practice of Maitri Bhavna warrants that - do not entertain feelings of jealousy and envy; and do not look at anyone maliciously and with a sinister eye, remain cheerful and happy at the sight of spirituals and virtuous people; and express cordial happiness and affection on success of such people. Think of having heartfelt affection, regard and esteem for people who are superior to us in virtues, knowledge and ability. As jealousy subsides, negative impulses are turned into positive ones, and in time you will be at peace. Thus, friendship combined by admiration, destroys jealousy.

**15. Karuna Bhavna- (કરૂણા ભાવના) COMPASSION**

Karuna meaning compassion is a natural preferred instinct of human being. When you see someone suffering, even if the sufferer is a stranger, your first instinct will be to reach out to him and help. Showing compassion to those who are in distress, want; and to those who are weak and helpless. Helping them; giving support to them; desiring to remove their sorrows and agonies. Doing all such efforts is compassion. When young children and adults feel compassion for others, it is reflected in very real physiological changes: Their heart rate goes down from baseline levels, which prepares them not to fight or flee, but to approach and sooth. Thus compassion is not just something you feel. You visualize as if you are suffering from that pain, distress or sorrow. That pushes you to help them, support them and apply soothing balm to mitigate-remove or reduce the agony. You will experience that helping others brings the same pleasure you get from the gratification of personal desire.

**16. Madhyasthya Bhavna- (માધ્યસ્થ ભાવના) - Neutrality**

We witness many happy moments and many

unhappy moments. When any situation or event is favourable or to our liking, it gets reflected as happiness. Similarly, when any situation or event is unfavourable or not to our liking, it gets reflected as unhappiness. However, we do note and do experience that the favourable moments – events or unfavourable moments-events are only temporary and transitory. They do not last long. At times the cycle of happiness and unhappiness is like a rollercoaster ride. Since we have experience of favourable and unfavourable circumstances, it will be advisable to stay neutral in both circumstances. Neither be happy nor be unhappy.

Life appears to be nothing but involvements. Sometimes life works out favourable and sometimes it does not. So instead of getting disappointed, angry, or more involved, you should contemplate on Madhyastha Bhavana which leads to feeling that I did my best to resolve the situation. If someone does not want to understand, then leave them alone without getting further involved. You should simply hope that one of these days they may understand and change. By observing Madhyastha Bhavana you will remain in equanimity instead of provoking turmoil in your mind. When your mind stays neutral and uninvolved it keeps karma away. Treating with indifference those people who even after realization and knowing the right from wrong, arrogantly and obstinately refuse to walk on the path of righteousness. Desiring the welfare of even such people without treating them with anger or contempt or abhorrence. Not being involved in others' affairs.

If one understands, imbibes and acts the above twelve plus four concepts in our daily life, he/she will attain strong and determined character to progress on path of liberation.

❑❑❑

M. No. 9819372908

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૯

**કિશોરસિંહ સોલંકી**

(ગતાંકથી ચાલુ...)

## ૧૨. તાક્સંગ લાખંગ અને કીચુ લાખંગ

આજે પારોનો દિવસ શરૂ થાય છે. સવારે તૈયાર થયાં. ગાડીમાં ગોઠવાયાં. પારોના બજારમાં થઈને આગળ જવાનું હતું. પારોમાં સૌથી પ્રથમ આકર્ષિત કરતી કોઈ વસ્તુ હોય તો તે છે ગલીઓમાં મકાનો ઉપર વિખરાયેલા રંગોનો નજારો. રસ્તામાં આવતાં ગામડાઓમાં પણ પારંપારિક ઘર જોવા મળે છે. એમના ઘર, એમની માન્યતા, એમના જીવનની પ્રતિબદ્ધતા, આપણાને ઊડીને આંખે વળગે છે.

બધાં જ મકાનો પરંપરાગત રંગો, ચિત્રો અને શિલ્પ થકી શણગારેલાં છે. મકાનોની બનાવટ અલગ પ્રકારની જોવા મળે છે. પરંપરાગત ભુતાનનાં ઘર માટી, લાકડાં અને વાંસથી બનાવેલાં હોય છે. જો કે એમનાં ઘરોની સૌથી મોટી વિશેષતા એ છે કે એમના ઘરોની વચ્ચોવચ પ્રાર્થના-ધ્વજ લગાવવામાં આવે છે. નાની-નાની બારીઓ, અતિ બારીક ચિત્રકલા અને મજાનું શિલ્પકામ આપણને આકર્ષિત કરે છે; એને બૌદ્ધધર્મની સાથે સાંકળવામાં આવે છે. ઘરો અને દુકાનોની આગળના ભાગમાં ડ્રેગન પ્રકારનાં ચિત્રો દોરવામાં આવે છે તે પરિવારની સુખાકારી અને ઘરમાં રહેનારાંની સુરક્ષા માટે હોય છે.

આખા ભુતાનમાં ક્યાંય ગગનચુંબી ઈમારતો બનાવવામાં આવતી નથી. વધારેમાં વધારે પાંચ માળ સુધી જ મંજુરી મળે છે. દરેકે સરકારી નિયમોનું પાલન કરવું જ પડે છે. જો તમારે ઘર બનાવવું હોય તો સરકારી કર્મચારી આવે, એની તપાસ કરે, એનો પ્લાન કયા પ્રકારનો છે એની ચકાસણી કરે અને પછી જ એને મંજુરી આપે અને એ પછી જ તમે ઘર બનાવી શકો. એમાં આપણી જેમ કર્મચારીને પત્રમ્પુષ્પમ્ આપીને ખુશ કરવાનો વિચાર પણ ન આવે, એવી નીતિવાળી પ્રજા.

પોતાની પરંપરા અને સંસ્કૃતિને અનુરૂપ ઘર બનવું જોઈએ એવો નિયમ છે છતાં અત્યારે ક્યાંક નવા મકાનો આધુનિક રીતે બનાવવામાં આવે છે પણ એમાંય ચિત્રાંકનો અને એના રંગોથી તમારે એને સજાવવાં જ પડે છે.

અમારો પ્રથમ પડાવ છે કીચુ લાખંગ (Kychu Lhakhang) આ બે મંદિરોનો સમૂહ છે જે તક્સંગ (Taktsong) અને દુકીયેલ જોન્ગ (Drukyel Dzong) ના ડાબી બાજુના માર્ગ પર આવેલ છે. ભૂતાનની પરંપરા પ્રમાણે કિચુનું પ્રથમ મંદિર એ બૌદ્ધ તિબેટીયન રાજા સૉન્ગસેન ગામ્પા (Songtsen Gamyo) એ ૭મી સદીમાં બંધાવ્યું હતું.

એક દંતકથા એવી છે કે, સમગ્ર તિબેટ અને હિમાલયના વિસ્તારોમાં એક મહાકાય રાક્ષસીનો વાસ હતો. તે બૌદ્ધધર્મના પ્રસારને અટકાવતી હતી. તેને હરાવવા માટે સૉન્ગસન ગામ્પોએ તેના શરીર ઉપર ૧૦૮ મંદિરો બાંધવાનો નિર્ણય કર્યો. ઇ.સ. ૬૩૮માં લાસા (Lhasa) જૉખન્ગ (Jokhang)નું મંદિર રાક્ષસીના

હૃદય ઉપર બાંધવામાં આવ્યું. પારોનું કિચુ મંદિર તેના ડાબા પગ ઉપર બાંધવામાં આવ્યું હતું. તે ચાર મંદિરો પૈકીનું એક છે જેને 'સરહદની આગળના વિસ્તારોને કબજે કરવાની' શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવે છે. આ મંદિરના શરૂઆતના બાંધકામ પછી ગુરૂ રિંપોંચે (Guru Rinpoche) સાધના માટે પારોમાં આવ્યા હતા.

૧૩મી સદીની શરૂઆત સુધી કિચુનો ઇતિહાસ સ્પષ્ટ નથી. તે સમયે બૌદ્ધધર્મના (લાહપા) લાપા (Lhapa) સંપ્રદાયની દેખરેખ નીચે હતું. પણ ૧૩મી સદીમાં ડુકપાસ (Drukpas) સંપ્રદાયે લ્હાપા સંપ્રદાયને હરાવીને મંદિરનો કબજો મેળવ્યો. ઇ.સ. ૧૮૩૯માં શેરાબ ગૅલસૅન (Sherab Gyelsen)ના આદેશથી મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. તેમણે હજાર હાથ અને હજાર આંખોવાળા અવલોકિતેશ્વરની પ્રતિમા મંદિરને દાનમાં આપી, જે આજે પણ ગર્ભગૃહમાં જોવા મળે છે.

ઇ.સ. ૧૯૬૮માં ભુતાનનાં રાજમાતા અશી કેસંગે આ જ મંદિરની બાજુમાં તેવી જ શૈલીમાં બીજું મંદિર બંધાવ્યું. મંદિરમાં દાખલ થતાંની સાથે જ એક નાની કોટડી છે, જ્યાં ભક્તો માખણના દીવડા ચડાવે છે. અમે અંદર દાખલ થયા ત્યારે એક સંત હારબંધ અનેક દીવાઓનું પ્રગટીકરણ કરી રહ્યા હતા. સામેની બાજુએ બારી પાસે ધર્મગુરૂને બેસવાનું આસન હતું. દીવાલો પર ચાર દિક્પાલ, એક જળ દેવતા અને લાલ ઘોડા ઉપર સવાર બૌદ્ધધર્મના રક્ષક સ્થાનિક પર્વતીય દેવતા ગેનીયન દોરજે ડ્રાકુલમાં ચિત્રોથી સુશોભિત છે. મંદિરના પ્રાંગણમાં એક સંતરાનું ઝાડ છે, જેના ઉપર સંતરાં લટકતાં હતાં. અમે એના ફોટા પણ પાડ્યા.

અહીં જે પ્રાચીન મંદિર છે તે ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. મંદિરની દીવાલો ઉપર બુદ્ધના અવતારો અને જીવન પ્રસંગોનું આલેખન છે. ગર્ભગૃહોની બારીની ડાબી બાજુ ત્રણ વ્યક્તિઓનાં ચિત્ર છે. સૌથી ઉપર ગુરૂ રિંપોંચે, તેની નીચે ભુતાનના પ્રથમ ધર્મરાજા સબડ્રુન્ગ ગવાન્ગ નાન્ગેલ (Shabdruna Ngawang Namyel) ચિત્ર છે. તેની નીચે મંદિરનો જીર્ણોધ્ધાર કરાવનાર શેરાબ ગ્યાલસેનનું ચિત્ર છે. મંદિરની બારીની જમણી બાજુએ બુદ્ધનું ચિત્ર છે અને સોળ અરહતનાં ચિત્રો છે. દીવાલના ખૂણા ઉપર સફેદ સિંહ પર બિરાજમાન પર્વતીય દેવી શેરીગ્મા (Tsheringma) નું ચિત્ર છે. અને તેની નીચે લાલ ઘોડા ઉપર ગેનીયન દોરજે દ્રાડુલ (Genyen Dorje Dradul) નું ચિત્ર છે.

મંદિરનું ગર્ભગૃહ બંધ રહે છે. પણ બારીમાંથી પગથિયાં પર ઉપર ઊભા રહીને જોતાં આઠ બોધિસત્વની પ્રતિમા જોવા મળે છે. ભુતાનની સૌથી પવિત્ર પ્રતિમા એટલે કે આઠ વર્ષની ઉંમરના રાજકુમાર બુદ્ધની પ્રતિમાનાં દર્શન થાય છે. આધુનિક મંદિર ગુરૂ રિંપોંચેને સમર્પિત છે અને તેમાં તેમની વિશાળ પ્રતિમા આવેલી છે.

હવે અમારી સવારી તાક્સંગ લાખંગ (Taksang Lhakhang) તરફની છે. કિચુ મંદિરથી ઢોળાવમાં આગળ તાક્સંગ મંદિરનું સંકુલ જમણી બાજુ સમુદ્રની સપાટીથી ૨૯૫૦ મી.ની. ઊંચાઈ પર આવેલું છે. તાક્સંગ સંકુલ સમગ્ર હિમાલયના પર્વતીય વિસ્તારમાં સૌથી પવિત્ર યાત્રાધામ માનવામાં આવે છે. જેની અંદર તેર પવિત્ર સ્થાનકો આવેલાં છે. પરંતુ મોટા ભાગના લોકો તે પૈકી એકની જ મુલાકાત લે છે તાક્સંગ પેલફૂગ, જ્યાં ગુરૂ રિંપોંચેએ સાધના કરી હતી.

જે લોકો પર્વતીય હવામાનથી ટેવાયેલા ન હોય એમને મંદિર સુધી પગપાળા પહોંચતા ત્રણ કલાક લાગે છે. અમે વચ્ચે આવરી નદી પસાર કરી. ત્યાંથી જંગલની શરૂઆત થઈ. વચ્ચે એક નાનું ગામ પણ આવ્યું. લોકો પ્રવાસી-ગાડીઓથી ટેવાઈ ગયા છે. રમતાં બાળકોએ હાથ ઊંચા કરીને અભિવાદન કર્યું. ત્યાં પાસે જ એક અદ્ભુત દશ્ય જોવા મળ્યું. પર્વતોમાંથી આવતું અકળ ઝરણું છે, જ્યાં તે પ્રગટે છે, ત્યાં ધર્મચક્રને એ રીતે ગોઠવ્યું છે કે, એ પાણીના પ્રવાહથી પ્રાર્થનાની ઘંટડીઓ ફર્યા જ કરે છે અને એનો મધુર અવાજ હવામાં ફેલાયા કરે છે. આગળ જતાં ઘાસનાં મેદાનો આવે છે. ઘાસની લીલાશના બદલે ભૂખરાશ વર્તાતી હતી. ડાંગરાં ખેતરો પણ ખરાં અને નાના નાના ઘઉં પણ ફરફરતા હતા. એ પછી ઑકનાં જંગલમાંથી ખરું ચઢાણ શરૂ થાય છે.

ચઢાણનો પ્રથમ તબક્કો પસાર કર્યા પછી એક સપાટ મેદાન આવે છે, જ્યાં ધર્મ-ધજાઓ જોવા મળે છે. ઊંચા ઊંચા લાકડાના થાંભલાઓમાં બાંધેલી ધર્મ ધજાઓ પવનમાં ફરફરી રહી હતી. એનો અવાજ આપણને લલચાવે એવો હતો. ત્યાંથી ૧૦૦ મી. આગળ જઈએ ત્યારે અહીંની સરકારે પ્રવાસીઓ માટે ટી-હાઉસ અને ફ્રેશરૂમની સગવડ કરેલી છે. ત્યાં ઊભા રહીને મંદિરનો ભવ્ય નજારો જોવા મળે છે. ત્યાં ટિકિટ બારી પણ છે. તમે ટિકિટ લઈને આગળ જાઓ એટલે પ્રવાસીઓને ઊભા રહેવા માટે લોખંડની પાઈપ લાઈન બનાવવામાં આવી છે. ત્યાંથી તમે અંદર પ્રવેશો એટલે રસ્તાની બંને બાજુએ સિમેન્ટથી ઊંચો પથારો બનાવીને ત્યાં લોકો ભુતાનની પારંપારિક ઘરેણાં - વસ્તુઓનું વેચાણ કરે છે. મેં એનો વિડીયો લેવાની શરૂઆત કરી, તો એ લોકોએ વિરોધ કર્યો. ફોટા પણ પાડવા દેતાં નથી. છતાંય એ બધું જ અમે કર્યું.

અહીંથી તાક્સંગ તરફ જવાનો માર્ગ શરૂ થાય છે. ત્યાં ઘોડાની પણ વ્યવસ્થા હતી. અહીં ઑકનાં વૃક્ષોની ઊંચાઈ અને એનો નજારો આપણને હળવા ફૂલ બનાવી દે છે. આ વૃક્ષો એટલાં ગાઢ છે કે નીચે વહેતું પાણી પણ ઠંડુ જ રહે છે. એમાં શેવાળ બાજી ગઈ છે અને સડી પણ ગયાં છે, એમાંથી આવતી દુર્ગંધ આપણને ગમે તેવી નથી.

બીજા તબક્કામાં ફરી સપાટ મેદાન આવે છે અને ત્યાં પણ ધર્મ-ધજાઓ જોવા મળે છે. આ પ્રદેશ તાક્સંગ મંદિરના ઉપરના ભાગમાં આવેલો છે. અહીંથી મંદિર સુધી પહોંચવા ઢોળાવ ઉતરીને

જવું પડે છે.

રસ્તામાં એક નવું ઝરણું જોવા મળ્યું. એના વિશે દંતકથા છે કે, ગુરુ રિંપૉચેને ઘણી પત્નીઓ હતી, એમાં એક પત્ની કમ શિષ્યા યેશે સૉન્ગલેએ પોતાની માળા પથ્થર ઉપર ફેંકી હતી અને એમાંથી આ ઝરણું ફૂટી નીકળ્યું હતું. એનું પાણી ઠંડુ છે, અહીં ઘટાદાર વૃક્ષોનો છાંયો રહ્યા કરે છે. અહીંથી પગથિયાં ચડીને છેલ્લે તાક્સંગના પ્રવેશ દ્વાર સુધી પહોંચાય છે. અહીંનું રમણીય દૃશ્ય આપણને તાજા બનાવી દે છે.

તાક્સંગનો અર્થ 'વાઘની ગુફા' એવો થાય છે. ભુતાનમાં પ્રચલિત દંતકથા પ્રમાણે ૮મી સદીમાં ગુરૂ રિંપૉચે ખેનપા જૉન્ગ પ્રદેશથી સ્થળાંતર કરીને એક વાઘણ ઉપર બેસીને ઊડતા તાક્સંગ પહોચ્યા. દંતકથા પ્રમાણે આ વાઘણ એ બીજું કોઈ નહિ પણ તેમની શિષ્યા યેશા જ હતી જેણે વાઘણનું સ્વરૂપ લીધું હતું.

ગુરૂ રિંપૉચેએ એક ગુફામાં ત્રણ મહિના તપ કર્યું અને સમગ્ર વિસ્તારમાં બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો. તાક્સંગના તેમના વસવાટ દરમ્યાન ગુરૂ રિંપૉચેએ આઠ પ્રકારના દુરાત્માઓનો સંહાર કર્યો, ત્યાર પછી તેઓ તિબેટ પાછા ફર્યા અને પોતાના શિષ્યોને ઉપદેશ આપ્યો. તે શિષ્યો પૈકીના એક લૅન્ગચેન પેલ્કી (Langchen Pelkyi) સિંગી ઇ.સ. ૮૫૩ માં પોતાના ગુરૂની જેમ તપ કરવા માટે તાક્સંગ આવ્યા. ત્યાંથી તેઓ નેપાળ ગયેલા અને ત્યાં એમનું મૃત્યુ થયેલું. તેમના દેહને ચમત્કારિક રીતે સ્થાનિક દેવતા દોરજે દેગપાની કૃપાથી તાક્સંગ લાવવામાં આવ્યો અને આજે એક સ્મારકની અંદર અકબંધ રાખવામાં આવ્યો છે એ જ રીતે ઘણા તિબેટીય સંતો અહીં તપ કરવા માટે આવ્યા હતા.

તાક્સંગ પેલફુગમાં સૌ પ્રથમ ગર્ભગૃહ ૧૪મી સદીમાં બાંધવામાં આવ્યું હતું. તિબેટથી આવેલા લામા સોનમ ગેલસેનેએ (Sonam Gyeltshen) તેનું નિર્માણ કરાવેલું. ૧૭મી સદી સુધી તાક્સંગ સંકુલ કઠોગ્પા (Kathogpa) લામાના સંચાલન હેઠળ રહેલું. ઇ.સ. ૧૬૪૫માં આ સમગ્ર સંકુલ શાબડુન્ગ નામગેલ (Shabdrung Namayel) ને સોંપી દીધું. શાબડુન્ગની ઇચ્છા અહીં એક નવા સંકુલનું નિર્માણ કરવાની હતી. પરંતુ તે સમયે તે પારો જૉન્ગના બાંધકામમાં વ્યસ્ત હતા. અને એમનું સ્વપ્ન પૂરું થાય એ પહેલાં એમનું મૃત્યું થયું.

ચોથા ધર્મરાજા તેનઝીંગ રાબગેલે (Tenzin Rabaye) શાબડુંગનું સ્વપ્ન પૂરું કર્યું. અને ઇ.સ. ૧૬૯૨માં મંદિરનું નિર્માણ પૂર્ણ થયું. ઇ. સ. ૧૯૯૮ સુધી આ મંદિરો હતાં પણ પછી એમાં આગ લાગી અને તે નાશ પામ્યાં. ૧૯૯૮થી ભુતાનની સરકારે પ્રાચીન ભવ્યતાને પુનઃજીવિત કરવા તાક્સંગનું ફરીથી નિર્માણ કર્યું છે.

તમારે તાક્સંગ સુધી પહોંચવું હોય તો પારોથી વહેલી સવારે નીકળી જવું પડે. જેથી તમે બપોર સુધી પાછા ફરી શકો. સવારમાં આછા ધુમ્મસમાં આ પર્વતોની ભવ્યતા અને વનરાજિનો માહોલ આપણને આનંદનો ઓડકાર ખવડાવે છે. આ માત્ર પ્રવાસ નહિ પણ યાત્રા બની રહે છે. ઊંચા ઊંચા ઑકનાં વૃક્ષોને તો સતત જોયા જ કરીએ.

અહીં કચરો નાખવાની મનાઈ. આપણે ત્યાં તો આવાં સ્થળ હોય તો પ્લાસ્ટીકના ઢગલા જોવા મળે. ખાડા અને પથ્થરાળ રસ્તામાં તમે ટેકા માટે ત્યાં મળતી લાકડી પણ લઈને ચાલી શકો. અહીંની હવાનો જે અનુભવ છે તે અનન્ય છે. ઊભા ઊભા દૂરથી દેખાતા ઝાંખાપાંખા પારોને પણ પામી શકીએ, આપણને થાય કે આટલી ઊંચાઈએ આવાં મંદિરો કેમ બનાવ્યાં હશે! પણ અહીં તો પર્વતે પર્વતોની શિલાએ શિલાએ ભગવાન બુદ્ધના ઉપદેશની સુવાસ મહેંકતી અનુભવાય છે. આ એક આધ્યાત્મિક અનુભવ હતો. કુદરતની લીલા અપરંપાર છે. એનો અનુભવ અત્યારે થઈ રહ્યો છે.

હવે જવાનું છે, જેને જે ખરીદવાનું હતું તે ખરીદે છે. કોઈ કચકચ નહિ, કોઈ ઉતાવળ નહિ, ગ્રાહકને લૂંટવાની કોઈ જ વાત નહિ. તમને ગમ્યું, એણે ભાવ કહ્યો, તમે એનાથી ઓછો ભાવ કહ્યો અને ગમે તો હા, નહિતર તમે જઈ શકો છો. કોઈ જ ચીટીંગ નહિ, હસતાં હસતાં તમને ના પડે.

સુખી પ્રજાની આ બધી વિશિષ્ટતા અંકે કરીને અમે ડુકેલ જૉન્ગ તરફ જઈ રહ્યાં છીએ.

❑❑❑

'ઋત' ૪૩, તીર્થનગર, વિ૦૧, સોલા રોડ, ઘાટલોડીયા,
અમદાવાદ - ૩૮૦૦૬૨. મો. ૯૮૨૫૦૯૮૮૮૮

**સ્થળાંતર થયેલ ઑફીસ**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
**૯૨૬, પારેખ માર્કેટ,**
**૩૯, જે. એસ. એસ. રોડ,**
**કેનેડી બ્રિજ,**
**ઑપરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.**
**મોબઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯**
**પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.**

**રક્ષાબંધન એટલે...**

રક્ષણ કાજેની હાર્દિક લાગણીઓનું ગૂંથણૂં
ક્ષારોનું દહન અને નિઃસ્વાર્થ ભાવનાઓનો લેપ
બંધનની અખૂટ શક્તિ ધરાવતો પવિત્ર તહેવાર
ધરા અને આકાશના ઉંડાણોનું સંકલન
નમ્રતાથી પ્રગટાવેલ દિવ્ય જ્યોતનું અજવાળું!

# સ્વમાન અને અભિમાન

**શ્રી નટવરલાલ દેસાઈ**

મનુષ્ય માત્રમાં પોતાના સ્વમાન અને પોતે જે કાંઇ છે તેનું અભિમાન ઓછીવત્તી માત્રામાં હંમેશા હોય છે. "Self Respect and Ego" ને જુદા પાડતી ખૂબ જ સુક્ષ્મ રેખા હોવાને કારણે પોતાનું સ્વમાન જળવાય છે કે નહીં તે ઓઠા નીચે માણસ પોતાના અભિમાનમાં સરકી જતો હોય છે, જેને કારણે આ જગતમાં મોટા ભાગની સમસ્યાઓ ઊભી થાય છે. આ વ્યક્તિગત અહમ્ માણસને સમાજમાં અળખામણો કરે છે.

કોઇપણ વ્યક્તિમાં અતિ વિશિષ્ટ પ્રકારની ક્ષમતા અથવા શક્તિ હોય તેની નોંધ અન્ય લોકો લે, તે યોગ્ય કહેવાય, પરંતુ તે પોતે આ બાબતમાં પોતાની જાતને વિશિષ્ટ માની પોતાના અહમ્‌ને પોષે તે માનવ સહજ નબળાઇ છે. નાનામાં નાની વ્યક્તિનું પણ સ્વમાન જળવાવું જોઇએ અને મોટામાં મોટી વ્યક્તિએ પોતાના અહમ્ - અભિમાનને પોષવું જોઇએ નહીં. માનવ સમાજમાં આ બે વૃત્તિઓ હંમેશા જોવા મળે છે. ખૂબ જ મોટા વિદ્વાન તથા સમર્થ અને શક્તિવાન લોકો પણ ક્યાંક ને કયાંક પોતાના અભિમાનમાં રાચતાં હોય છે. આપણે જે પણ કાંઇ છીએ તે ઈશ્વરની આપણાં ઉપરની કૃપાને કારણે છીએ, તેને કારણે આપણે આપણી જાત માટે ગર્વ લેવાનાં અધિકારી નથી તે સમજણ દરેકમાં હોવી જરૂરી છે. મોટા માણસોની ફરજ છે કે તેઓ સામાન્ય લોકોનું સ્વમાન જળવાય તે રીતે વર્તન રાખે, જેથી સમાજમાં અરસપરસ વૈમનસ્ય પેદા થાય નહીં.

આજના સમાજમાં આપણો અનુભવ એવો છે કે લગભગ દરેક વ્યક્તિ કોઇક ને કોઇક બાબતમાં પોતાના અહમ્‌ને પોષતી હોય છે અને હંમેશા પોતે બીજાથી કાંઇક વિશેષ છે તે બતાવતો હોય છે. ઈશ્વરે મનુષ્ય માત્રમાં અનેક જાતની નાની મોટી શક્તિઓ મૂકેલ છે અને તે રીતે જીવ માત્ર જે કાંઈ પામેલ છે તે ઈશ્વરે આપેલ છે તે વાસ્તવિકતા સ્વીકારીએ તો આપણાં અહમ્ ભાવમાં થોડી ઓટ આવે. ઊંચનીચનાં ભેદ આર્થિક રીતે, ધાર્મિક રીતે, સામાજિક રીતે અને અન્ય ઉપલબ્ધિઓને કારણે થતાં હોય છે અને હું ઊંચો અને તું નીચો એ ખ્યાલ ખોટા અહમ્‌ને પોષે છે. પોતાનું જ્ઞાન અને વિદ્વતા બીજા કરતાં વિશેષ છે તે હકીકત સાચી હોય તો પણ તેને માટેનું અભિમાન કરવું તે યોગ્ય નથી. આ વૃત્તિ લગભગ બધે જ ઠેકાણે જોવા મળે છે અને જે સંત મહાત્માઓ છે કે જેઓએ આધ્યાત્મિક જ્ઞાન મેળવેલ છે તેઓ પણ અહમ્ ભાવમાં રાચતા જોવા મળે છે. અનેક સંત મહાત્માઓના અંગત પરિચયમાં આવ્યા પછી તેઓ બધામાં નાનો મોટો અહમ્ ભાવ જોવા મળે છે. આ બધું જ ઈશ્વરદત્ત અને ઈશ્વરકૃપાથી પ્રાપ્ત થયેલ છે તે જ્ઞાન હોવા છતાં અભિમાનનો ભાવ મૂકાતો નથી.

આવું શા કારણે બને છે તે બાબતમાં એક જાણીતા સંત સાથે લેખકે આ બાબતની ચર્ચા કરેલ અને દરેક વ્યક્તિમાં અહમ્ ભાવ જોવા મળે છે તેનું કારણ શું તે જાણવાનો પ્રયત્ન કરેલ. તેના જવાબમાં આ સંતે જે જવાબ આપ્યો તે જાણવા જેવો છે. તેમણે કહ્યું કે મનુષ્ય જ્યારે જન્મે ત્યારે સામાન્ય રીતે એના જન્મનાં છઠ્ઠા દિવસે વિધાતા એના જન્મના લેખ લખવા માટે આવે છે. આ રિવાજ લગભગ બધે ઠેકાણે હોય છે. આ વખતે નવા જન્મેલા બાળકનું ભવિષ્ય વિધાતા લખી જાય છે તે આપણે સૌ જાણીએ છીએ, પરંતુ એ વખતે વિધાતા નવા જન્મેલા બાળકના કાનમાં એક ફૂંક મારીને જાય છે અને તેમાં વિધાતા બાળકને જણાવે છે કે 'તું આ જગતમાં આવ્યું એટલે જીવન પર્યંત એક વસ્તુ ભૂલીશ નહીં કે અત્યાર સુધીમાં તારી કરતાં વિશેષ હોંશિયાર કોઇ જન્મેલ નથી અને બીજી વાત એ ખાસ ધ્યાનમાં રાખજે કે હવે પછી પણ આ જગતમાં તારા કરતાં વિશેષ હોંશિયાર જીવ પેદા થવાનો નથી.' વિધાતાના આ શબ્દો માણસ માત્ર પોતાના જીવનભર ભૂલી શકતો નથી અને તેને કારણે તેનામાં અહમ્ ભાવ સ્થાયી થઇ જાય છે. સંતે આ વાત કરી અને કહ્યું કે અહંકાર છે એ ઈશ્વરે મનુષ્યમાં મૂકેલ માયાનો પડદો છે જેને કારણે મનુષ્યને ઈશ્વર પ્રાપ્તિ થતી નથી. જો આ અહમ્‌નો પડદો માણસ હટાવી શકે અને જે કાંઇ છે તે ઈશ્વર થકી છે તેવો દૃઢ વિશ્વાસ તેને થાય તો તે પ્રભુ પ્રાપ્તિ કરી શકે. આ વાત ખૂબ કઠિન હોવા છતાં સમજીને જીવનમાં ઉતારવા જેવી છે અને તમે ગમે એટલા વિશિષ્ટ વ્યક્તિ હોવા છતાં તમને અહંકારનો અધિકાર નથી અને નમ્રતાપૂર્વક ઈશ્વરના ચરણોમાં વંદન કરી તેમને શરણે જવું જોઇએ તો જ તમારો ઉદ્ધાર થાય. બીજાનું સ્વમાન જાળવી પોતાનો અહમ્ નાબૂદ કરી આપણે સૌ સરખા છીએ તે ભાવના તમારામાં આવે અને તેને વિકસાવો તો જરૂર તમે ઈશ્વરની નજીક જઇ શકો.

આ જગત માયાનો ખેલ છે અને આપણે સૌ ઈશ્વરનાં બાળકો છીએ. તેમાં આપણી પોતાની કોઇ વિશિષ્ટતા નથી અને આપણામાં જે કાંઇ છે તે સૌ ઈશ્વરદત્ત છે એટલું સમજીને પ્રભુની શરણાગતી સ્વીકારી તેમની કૃપાથી, માયાનો પડદો હટી જાય અને પરમની પ્રાપ્તિ થાય તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ.

સ્વમાન તથા અભિમાનને બાજુ પર મૂકી વાસ્તવિકતાને સ્વીકારી આપણા જીવનમાં આપણો સ્વધર્મ આચરીએ અને ઊંચનીચના ભેદ ભૂલી જઇએ એવી પ્રાર્થના આપણે સૌ કરીએ.

❑❑❑ ફોન નં. ૯૩૨૧૪૨૧૧૯૨

# સમાજને ગ્રંથ મંદિરોની જરૂર છે..

ડૉ. ભદ્રાયુ વછરાજાની

ઈશ્વરે પણ એવું પાસું ફેંક્યું કે બેન્કની નોકરી છોડી શિક્ષક થયો. આજે લાગે છે કે કદાચ ત્રીજાં ધોરણથી પડેલી વાચન ટેવે મને શિક્ષક થવા અંદરથી પ્રેર્યો. બેંકની નોકરીમાં બપોર પછી કેરમ કૂટવાને બદલે શિક્ષક થઈને સતત વાંચતા રહેવાની જાહોજલાલી મીઠી લાગી..પછી તો પુષ્કળ વાંચ્યું. અમૃતા પ્રિતમ, અશ્વિની ભટ્ટ, ઓશો,..થી લઈ કવિતા-લલિત નિબંધ-આધ્યાત્મિક-વિજ્ઞાન-સાહિત્ય એમ અનેક ક્ષેત્રોમાં વાંચતો ગયો અને આજે પણ વાંચતો રહું છું. બાવીસ વર્ષ પહેલાં રાજકોટથી જૂનાગઢ અધ્યાપનાર્થે અપડાઉન કરતો. સવાર-સાંજ ત્રણ-ત્રણ કલાક ચાલુ બસે સ્વસ્થતાથી વાંચવાની મને હઠીલી ટેવ પડી. આ ત્રણ વર્ષોનાં વાંચને મને વાંચનનો વ્યસની બનાવ્યો છે. આજે મને સેલ્ફ ડ્રાઈવ કરવું ગમે છતાં ગાડીમાં પાછળ બેસી નિરાંતે વાંચી શકાય એટલે ડ્રાઈવરને તકલીફ આપું છું..છેલ્લાં દસેક વર્ષોથી તો વાચન અમારાં કુટુંબનો ખોરાક બની ગયેલ છે. પ્રેમ લગ્ન કર્યાં શિક્ષિકા સાથે, મેં પણ અને મારા દીકરાએ પણ..એટલે વાંચનનો ચાર પાત્રોથી ગુણાકાર થયો. દીકરાએ ઘણાં અંગ્રેજી પુસ્તકોના રવાડે પણ ચડાવ્યો..વચ્ચે તો એવો શોખ કેળવેલો કે જે એક વિષય લઉં તેના વિષે શક્ય તેટલું વાંચી જવું, તેમાં ઘણાં ક્ષેત્રોનું ખેડાણ ઊંડાણથી શક્ય બન્યું.

બે વાત કહીને મારી વાત ચોક્કસ પૂરી કરું :

આજે પણ કેટલાંય ઢગલાબંધ પુસ્તકો ભેગાં કર્યા કરું છું અને નિવૃત્તિમાં લાંબું અને આનંદિત જીવવાનું ભાથું બાંધ્યા કરું છું. જો કે, મારે તો એક આખો ભવ માત્રને માત્ર વાંચવા માટે જ ઈશ્વર પાસે વરદાનરૂપે માંગવો છે.

બધી જ શ્રદ્ધા મરી જાય ત્યારે પણ એક સુંદર પુસ્તક તમને જીવાડી શકે છે તેવો અમારા 'પ્રેમમંદિર' પરિવારનો અનુભવ છે.. અઢી વર્ષ પહેલાં 'પ્રેમમંદિર'નું ધબકતું જીવન ખોરવાયું. અમારા ચતુષ્કોણના આધાર સમ મારાં પત્ની કેન્સરને ગમવાં લાગ્યાં. ટોપ ગિયરમાં મસ્તીથી દોડતી ગાડીને કોઈ અચાનક બ્રેક મારવાનો પ્રયાસ કરે તો ?. ખૂબ સંઘર્ષ-યાતના-વ્યથા વચ્ચે અમારા પ્રેમમંદિરને પુસ્તકે, ગોવર્ધન ઊંચક્યા જેટલો ટેકો આપ્યો. કિમોથેરાપિની અપાર વેદનામય આઈસોલેટેડ પળોમાં અમે પોલો કોયેલોનું 'કીમિયાગર' રોજ આઠ-દસ પાન જાહેર વાંચન કરવાનું આયોજન કર્યું. (મેં ઘણા સમય પહેલાં ને મૂળ 'અલ્કેમિસ્ટ' નામથી વાંચેલ..) કીમિયાગરનો શ્રદ્ધાનો કીમિયો ચમત્કાર કરી ગયો.. આજે ફરી અમારો ચાર દિશાએ વળેલો સ્વસ્તિક મંગળ કરે છે..

મને કરોડોની લોટરી લાગે તો હું શું કરું ? કશું જ નહીં, કેટલીયે લાયબ્રેરીઓ બાંધું અને તેનાં પ્રાંગણમાં મંદિર બાંધી તેમાં એક ગ્રંથ રાખી તેની નિત્ય સવાર-સાંજ આરતી ઉતારું.. મારો માંહ્યલો સતત પોકારે છે કે : કોઈ તો સમજાવો લોકોને કે સમાજને મંદિરની નહીં, ગ્રંથમંદિરોની જરૂર છે..

❑❑❑

મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩ /ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com
સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### ફંડ રેઈઝીંગ પ્રોગ્રામ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૧,૦૦,૦૦૦/- | શ્રી પિયુષભાઈ શાંતિલાલ કોઠારી |
| ૨,૫૦,૦૦૦/- | શ્રી નીતિનભાઈ કે. સોનાવાલા |
| ૧૩,૫૦,૦૦૦/- | |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨,૦૦૦/- | બાબુલાલ ગગલદાસ અદાણી |
| ૨,૦૦૦/- | માતુશ્રી જીવીબેન મણીલાલ શેઠ |
| ૨,૦૦૦/- | વિનયચંદ મણીલાલ શેઠ |
| ૧,૧૦૦/- | શ્રી ભરત વાડીલાલ શાહ |
| ૫૦૧/- | શ્રીમતી દેવીબેન રજનીકાંત ગાંધી હસ્તે : રમાબેન મહેતા |
| ૭,૬૦૧/- | |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૧,૫૦૦/- | શ્રી ભરત વાડીલાલ શાહ |
| ૫૦૧/- | શ્રીમતી દેવીબેન રજનીકાંત ગાંધી |
| ૨,૦૦૧/- | |

### જનરલ ડોનેશન

| | |
|---|---|
| ૧,૦૦૦/- | બાબુલાલ ગગલદાસ અદાણી થરેડ |
| ૫૦૦/- | ગૌતમ નવાબ |
| ૧,૫૦૦/- | |

### પ્રબુદ્ધ જીવન નિધી

| | |
|---|---|
| ૧૧,૦૦૦/- | સંજય વી. ભગત (તેમના પિતાશ્રી ૧૮-૧-૧૮ના દિવસે અરિહંતશરણ થયા-શ્રદ્ધાંજલી નિમિતે) |
| ૨,૦૦૦/- | બાબુલાલ ગગલદાસ અદાણી થરેડ |
| ૧૩,૦૦૦/- | |

## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૫

### પ્રાચીન અને અર્વાચીન સાહિત્યના વિરલ સંશોધક અને મહેનતકશ સંપાદક

# અક્ષરના અનન્ય અને અનોખો આરાધક : ડૉ. હરિવલ્લભ ભાયાણી

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

શ્રેષ્ઠ પંડિત, ઉત્તમ સંશોધક અને ઉમદા માનવી તરીકે જેનું સ્મરણ કરવું ગમે તેવા ડૉ. હરિવલ્લભ ભાયાણી આઝાદી પછીના સમયમાં ઝળકેલા જ્ઞાનાલોકના વિરલ નક્ષત્ર છે. પુરાતત્ત્વાચાર્ય શ્રી જિનવિજયજીના સંપર્કમાં આવીને અને તેમનું શિષ્યત્વ ગ્રહણ કરીને ડૉ. ભાયાણીએ સંશોધન ક્ષેત્રમાં જે કેડી કંડારી તે અભૂતપૂર્વ છે.

શ્રી જિનવિજયજી તે સમયે ભારતીય વિદ્યાભવનમાં સંશોધન કાર્ય કરતા હતા. કનૈયાલાલ મુન્શીએ અનેક વિદ્વાનોને પોતાના ભારતીય વિદ્યાભવનમાં સાચવી લીધા. ડૉ ભાયાણી તેમાંનાં એક. ભારતીય વિદ્યાભવન દ્રષ્ટિ સંપન્ન આગેવાનોને કારણે દેશ ભરમાં વિસ્તર્યું અને તેનું વિદ્યાક્ષેત્ર પણ સમૃદ્ધ થયું. આ સંસ્થામાં જોડાયેલા તમામ વિદ્વાનોએ પોતાનું શ્રેષ્ઠ તેને અર્પણ કરીને તેનું બહુમાન કર્યું.

ડૉ. ભાયાણીએ પોતાની સંસ્મરણ કથા પણ આલેખી છે. તેનું નામ છે 'તેહી નો દિવસાઃ' મહુવાએ અનેક વિભૂતિઓ આપી છે. ડૉ. ભાયાણી પણ મહુવાના હતા. બાળપણમાં અને થોડોક સમય યુવાનીમાં પણ પારાવાર મુશ્કેલીઓની વચમાં તેમણે જે સંઘર્ષ વેઠ્યો, તેમને જે સ્નેહ મળ્યો, તેમને જે રીતે ભણવા મળ્યું અને તે બધામાંથી તેઓ જે રીતે પાર પડ્યો તેની તે સંસ્મરણ કથા છે. તે સમયના વિદ્વાનોએ આલેખેલી આવી કથાઓ કેટલી બધી પ્રેરણાત્મક છે!

હરિવલ્લભ ભાયાણી સતત વાંચનને કારણે જે પામ્યા છે તે અદ્ભુત છે. દરેક વિદ્વાનની પછવાડે એક વિરલ વાચન કથા પડી હોય છે. હરિવલ્લભ ભાયાણીએ નોધ્યું છે કે નારણજી માસ્તર પાસે જે ભણવા મળ્યું તે જીવનનો પાયો હતો. પણ બાળપણમાં પ્રશિષ્ટ ભાષા, પ્રશિષ્ટ પુસ્તકો અને પ્રશિષ્ટ વ્યક્તિત્વ એમના ઘડતર માટે નિમિત્ત છે અને તે માટે તેઓ મોનદાસભાઈ નામના એક સરળ ગૃહસ્થને યાદ કરે છે. મોનદાસભાઈ ખૂબ વાંચતા. લાઈબ્રેરીમાં પૈસા ખર્ચીને મેમ્બર થયેલા. જાત-જાતના પુસ્તકો વાંચવા લઈ આવે. હરિવલ્લભભાઈની ઉંમર બિલકુલ નાની છતાં તેમને વાંચવા આપે. હરિવલ્લભ ભાયાણી વાંચે અને ડોલે. આ વાચન કથામાંથી તેમને અદ્ભુત વિશ્વના દર્શન થયા. નવું નવું જાણવાની તાલાવેલી મળી. ગુજરાતીના અને દુનિયાના મહાન લેખકો શું વાંચે છે, શું વિચારે છે, શું લખે છે તે સમજવા મળ્યું. એમાંથી જે આંતરીક પિંડ બંધાયો તેણે આ દુનિયાને ઉત્તમ વિદ્વાન અને શ્રેષ્ઠ સંશોધક આપ્યા, જેનું નામ છે ડૉ. હરિવલ્લભ ભાયાણી.

હરિવલ્લભ ભાયાણીએ શ્રી જિનવિજયજીના માર્ગદર્શન હેઠળ 'પઉમચરિયમ્' ગ્રંથ વિશે સંશોધન કરીને પીએચ.ડી. કર્યું. તે સમયે તેમણે રામ અને સીતા વિશે અનેક વિશેષ વાતો ઉપલબ્ધ કરી આપી. ડૉ. ભાયાણી મહેનતકશ સંશોધક હતા. જે વિશે સંશોધન કરતા તે ક્ષેત્રની અનેક અજાણી વાતો સહજ રૂપે પ્રગટ કરી આપતા. શબ્દોની વ્યુત્પત્તિ અંગે જ્યારે તેઓ વાત કરવા બેસતા ત્યારે કેટલીય અનન્ય અને અવનવી વાતો જાણવા મળતી. એક દાખલો લઈએ : તેમણે નિશાળ શબ્દની વ્યુત્પત્તિ આવી રીતે કરી છે. પ્રાચીન ગ્રંથોમાં લેખશાલા શબ્દ હતો. તે પ્રાકૃતમાં લે સાલ અને લિ સાલ બન્યો. લોકોને બે 'લ' બોલવાના ફાવ્યા નહિ એમાંથી બન્યું નિશાળ!

ડૉ. હરિવલ્લભ ભાયાણી વિદ્વદવલ્લભ સજ્જન માનવી હતા. પદ્મભૂષણ ડૉ. દલસુખભાઈ માલવણીયા સાથે તેમને સ્નેહનો ગાઢ નાતો હતો. ડૉ. ભાયાણી ગુજરાતી ભાષા અને નાટક વિશે પણ જે મંતવ્ય પ્રગટ કરતા હતા તે આજે પણ નોંધનીય છે. તેઓ કહેતા કે ગુજરાતી નાટ્ય સાહિત્યના અમૂલ્ય વારસાને જાળવવા અને ફરી ચેતનવંતો કરવા સૂઝબૂઝવાળાઓએ જૈન સમાજમાં જાગૃતિ પ્રગટાવવી જોઈએ. મિત્ર ગોવર્ધન પંચાલે 'પ્રબુદ્ધ રોહિણેય' ભજવ્યું. તે માટે ગુજરાતમાંથી કશો પુરસ્કાર ન મળ્યો. જૈન સાંસ્કૃતિક પરંપરાના હિતચિંતકોએ આવા નાટકો રંગમંચ પર પ્રસ્તુત કરવા વહેલી તકે આયોજન કરવું જોઈએ.

ડૉ. ભાયાણી જન્મે જૈન નહોતા પણ જૈન શ્રુતપરંપરાના ઊંડા અભ્યાસી હતા. હેમચંદ્રાચાર્યના પ્રાકૃત અને અપભ્રંશ વ્યાકરણ તથા છંદોનુશાસન, કાવ્યાનુશાસન વગેરેના અભ્યાસી હતા. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિશે તેમણે જે વિચાર્યું છે તે તેમની ભક્તિ તો પ્રગટ કરે જ છે, ઉપરાંત હેમચંદ્રાચાર્ય વિશે તેમનો અભ્યાસી અધિકાર પણ પ્રગટ કરે છે. તેઓ કહે છે : 'કાવ્યરચનામાં હેમચંદ્રાચાર્યએ લીધેલો બૌદ્ધિક પરિશ્રમ તેમાં વ્યક્ત થતી પરંપરાગત કાવ્યસાહિત્યની પરંપરા, શીઘ્રરચનાશક્તિ, કલ્પનાશક્તિ વગેરે તેમના વ્યક્તિત્વને નિખારે છે. હેમચંદ્રાચાર્યએ જે ભગીરથ જ્ઞાનયજ્ઞનું (હિંસક અભિધેય અર્થને બાદ કરીને કહીએ તો અશ્વમેધનું) અનુષ્ઠાન આદર્યું હતું. તેમાં તેમણે સમગ્રપણે ભાષાનો સમાવેશ કર્યો હતો. 'વચસ્' એટલે વ્યવહાર અને શાસ્ત્રની

ભાષાઓ અને 'ક્તિ' એટલે કાવ્ય ભાષાઓ. કાવ્ય, દર્શન અને શાસ્ત્રના ક્ષેત્રોને આવરી લેતો એ શકવર્તી પુરુષાર્થ હતો.'

સતત વાંચનના પ્રતાપે નાનપણથી તેમને જ્યાંથી જે વાંચવા મળેલું તેની અનોખી છાપ તેમના ચિત્તમાં અખંડ સચવાયેલી રહી. ડૉ. હરિવલ્લભ ભાયાણીએ પરંપરાગત કાવ્ય સૃષ્ટિને અનુવાદ દ્વારા દુનિયા સમક્ષ મૂકીને અનોખી સેવા કરી છે. તેમણે મુક્તકોને અનુવાદ દ્વારા રસાળ બનાવીને ભાષાની અને સાહિત્યની જે સેવા કરી છે તે અવિસ્મરણીય છે.

કવિ મકરંદ દવે સાથેનો તેમનો પત્ર વ્યવહાર વાચક માટે શિક્ષા પોથી છે.

જૈન ધર્મ વિશે તેમણે સણોસરામાં પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળામાં બે પ્રવચનો કર્યા. જૈન ધર્મનો અતીત અને જૈન ધર્મનો વર્તમાન. જે તેમના ચિત્તમાં છાપ ધરાવે છે તેનું વલોણું આ વ્યાખ્યાનોમાં છે. ગાંધીયુગીન વિદ્વાનો અને વિચારકો હમેશા ક્રાંતિની તરફેણ કરે છે. આ પ્રવચનોમાં પણ એ જ ધ્વનિ સંભળાય છે. છતાં પણ એક તટસ્થ વિદ્વાન પોતાના હૃદયમાં આ ધર્મ વિશે જે સમજ્યા છે તેનું નિરીક્ષણ તો તેમાં છે જ. વાંચો : 'જે સાચો જૈન હોય એ સાચો વૈષ્ણવ હોય જ, એ સાચો બૌદ્ધ હોય જ, એ સાચો ખ્રિસ્તી કે સાચો મુસ્લિમ હોય જ. પરંતુ એ ત્યારે જ બની શકે જ્યારે ધર્મનાં પાયાનાં તત્ત્વો એકરૂપ હોવાનું આપણે પ્રીછીએ, અને તેને આધારે ઘડાયેલા આચરણથી આપણું વ્યક્તિત્વ બંધાય. ત્યારે જ સર્વધર્મ-સમભાવની, સર્વધર્મ-મમભાવની પ્રતીતિ થાય.'

ડૉ. ભાયાણીએ તે જ પ્રવચનમાં માર્મિક ટકોર પણ કરી જ છે. વાંચો : 'જૈન ધર્મ વર્તમાનમાં જે સ્વરૂપે પ્રવર્તે છે, એમાં એટલો ભાર ચારિત્ર્ય ઉપર અપાતો નથી એમ આપણને લાગે છે. એટલે કે બાહ્ય તપ, પૂજાવિધિ વગેરે ઉપર જ ભાર અત્યારે રહ્યો છે. ઉપવાસો કરવા, મોટાં મોટાં મંદિરો બાંધવા એ જ કેન્દ્રમાં રહ્યું છે. નહીં કે આંતરિક તપ-ધ્યાન કરવું, પરિગ્રહ ઓછો કરવો વગેરે. પરિગ્રહની વાત કરીએ તો કદાચ જૈન વેપારીઓમાં વધારેમાં વધારે પરિગ્રહ હશે. ભોગ-ઉપભોગની વાત કરીએ તો હાલની જૈન પરંપરામાં ભોગવિલાસનું જીવન જીવતો વર્ગ નાનોસૂનો નથી. આંતરિક તપમાં તમારે ભોગ-ઉપભોગ અલ્પતમ રાખવાના હોય, જરૂરિયાતો પૂરી થાય પછી બાકીની સંપત્તિ સમાજને વહેંચી દેવાની હોય. આવા આવા જે આચારનિયમો છે, તેમની ઉપેક્ષા થઈ. જ્ઞાનની ઉપાસના, નિસ્પૃહતા વગેરેનું પ્રમાણ બીજા ધર્મોમાં થયું છે તેમ એમાં ઘણું ઓછું થયું.'

ડૉ. ભાયાણી પાસે અનેક વિદ્વાનો આવ્યા અને પ્રાચીન તથા અર્વાચીન સાહિત્ય વિશે નવીન દ્રષ્ટિ પામ્યા. તેમની નિશ્રામાં અનેક વિદ્વાનો તૈયાર પણ થયા. તેમના સુપુત્ર ઉત્પલ ભાયાણી આજે કેળવણી ક્ષેત્રે કાર્ય કરે છે. ડૉ. ભાયાણીએ મેં લખેલી વાર્તાઓ વિશે મને પત્ર લખીને પોતાનો મૂલ્યવાન અભિપ્રાય પણ મોકલેલો. તે સમયે હું અભિભૂત થઈ ગયેલો.

સરળ અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતા ડૉ. હરિવલ્લભ ભાયાણીને જેઓ મળ્યા તેમને જ્ઞાન સરોવરના કિનારે જવાનો આનંદ પ્રાપ્ત થયો. તેઓ જૈન સાહિત્યના સંશોધક હતા અને સાથોસાથ જૈન પરંપરાગત સાહિત્ય વિશે થયેલી અવગણનાની તેમના મનમાં ગ્લાની પણ હતી. તેઓ કહેતા કે જૈન સાહિત્યનું સરસ મૂલ્યાંકન કરવાનું હજું બાકી છે. ભારતીય અને જૈન સાહિત્યમાં સાથે રાખીને જ્યાં સુધી સંશોધન કરવામાં નહિ આવે ત્યાં સુધી અનેક વાતો અધૂરી રહેવાની.

ડૉ. ભાયાણી જેવા સમર્થ વિદ્વાનો આ દેશને સમયે સયમે મળતા રહે તે સતત ઈચ્છવા જેવું છે.

શ્રુતદેવી સરસ્વતીના પંથે ચઢેલા આવા વિરલ સજ્જનોને જ્યારે સંભારીએ ત્યારે જેટલું પણ લખીએ તેટલું ઓછું છે.

❑❑❑

ફોન નં. ૮૭૮૦૭૭૫૭૩૫


**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બૅંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.
**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ................ દ્વારા આ સાથે મોકલું છું / તા. .............. ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ.......................................................

સરનામું.......................................................

.......................................................

પીન કોડ........................... ફોન નં. ...........................

મોબાઈલ ........................ Email ID ...........................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે. એસ. એસ. રોડ, કેનેડી બ્રિજ,
ઑપેરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪. મોબાઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯
ટેલિફોન : ૦૨૨ ૨૩૮૨૦૨૯૬.
Email ID : shrimjys@gmail.com

# દાદા ધર્માધિકારીનું સુંદર પુસ્તક : 'ગાંધી કી દૃષ્ટિ'

સોનલ પરીખ

ગાંધીપુસ્તકોમાં દાદા ધર્માધિકારીનાં પુસ્તકોની એક જુદી ભાત છે. તેઓ સર્વોદય દર્શન અને ગાંધીવિચારના વિદ્વાન વ્યાખ્યાતા હતા. 'ગાંધી કી દૃષ્ટિ'માં ગાંધીયુગના મુદ્દાઓ પર તેમનું મૌલિક ચિંતન અને મુક્ત, નિર્ભય સમીક્ષા તેમની આગવી શૈલીમાં વાંચવા મળે છે.

૧૮ જૂન ૧૮૯૯માં જન્મેલા શંકર ત્ર્યંબક ધર્માધિકારી દાદા ધર્માધિકારીના નામે જાણીતા હતા. તેઓ ગાંધીશૃંખલાની અંતિમ કડીઓમાંના એક. ગાંધી ગયા પછી પણ એમના વિચારોને જીવતા રાખનારાઓમાંના એક. સ્વભાવે ક્રાંતિકારી, ક્રિયાશીલ અને તત્ત્વશોધક. ગાંધીના સાદથી કૉલેજ તો છોડી તે છોડી, પણ શંકરાચાર્યની વેદાન્તિક કૃતિઓનું અધ્યયન વર્ષો સુધી કર્યું. કદી કોઇ પદ, પદવી કે પદક સ્વીકાર્યાં નહીં. પદ્મશ્રી, પદ્મભૂષણ, માનદ ડૉક્ટરેટના પ્રસ્તાવોનો વિવેકપૂર્વક અસ્વીકાર કર્યો. જીવનભર માનવતા, દેશ, ગાંધીજીવનદર્શન અને સર્વોદય આંદોલનો સાથે સંબદ્ધ રહ્યા. અધ્યાપન કર્યું, વ્યાખ્યાનો આપ્યાં પણ તેના પ્રકાશન માટે નિસ્પૃહ રહ્યા. ફિલોસોફી તેમનો પ્રિય વિષય. ગાંધીના અનન્ય ભક્ત છતાં અંધભક્તિમાં બિલકુલ ન માનતા. કહેતા, 'મારા ખભા પર મારું જ માથું રહેશે.' તેમનાં પત્ની દમયંતીબાઇ પણ સ્વાતંત્ર્યસેનાની હતાં.

ગાંધીજીના જીવતાં જ ટીકાઓ થવા લાગી હતી કે ગાંધીની કૉંગ્રેસ રાજકીય સંસ્થા નથી, સદ્‌ગુણવિકાસનું કામ કરતી સંસ્થા છે. દાદા કહે છે, 'બે વિશ્વયુદ્ધો પછી વિશ્વની શું સ્થિતિ છે ? વિશ્વયુદ્ધો લડનારાઓએ કહ્યું હતું કે અમે એટલા માટે લડીએ છીએ કે નાનાં રાષ્ટ્રોની સલામતી અને સ્વતંત્રતા જોખમમાં ન મુકાય. પણ જે આઝાદી માટે બીજા કોઇનો આશ્રય લેવો પડે તે આઝાદી નથી પણ આઝાદીના મહોરા નીચે રહેલી ગુલામી છે અને તે પ્રત્યક્ષ ગુલામી કરતા બધુ ખતરનાક હોય છે. આ રસ્તો વિશ્વશાંતિનો નથી, વિશ્વકલહનો છે. આજની અસાધ્ય પરિસ્થિતિને નવા વિચારની જરૂર છે. નહી તો બધાં રાષ્ટ્રો એકબીજાથી ડરતા ડરતા લડી પડશે. ભયભીત ને કાયર લોકોની ખૂનામરકીની કોઇ હદ નથી હોતી. જો લડાઇખોર તાનાશાહોને ઠેકાણે લાવવા હોય, તો તેનો એક જ ઇલાજ છે - ગાંધી.'

આગળ કહે છે, 'ગાંધી ક્રાન્તિકારી સુધારક છે. પરંપરાનો વિરોધ કરશે જ અને તેથી પ્રગતિવિરોધી પરંપરાવાદીઓને તકલીફ થશે જ. ગાંધી જીવનના શાસ્ત્રી છે. જીવનના દરેક ક્ષેત્ર પર તેમણે વિચાર કર્યો છે. ગાંધીના મતે જીવો અને જીવવા દો નહીં, જીવો અને જીવાડો તે પૂરું સૂત્ર છે.'

જેમ જેમ પુસ્તકમાંથી પસાર થતા જઇએ તેમ તેમ ગાંધીની દૃષ્ટિ અને એ દૃષ્ટિને પ્રમાણનારની લેખકની દૃષ્ટિનો પરિતૃપ્ત કરતો પરિચય થતો આવે છે. ગાંધીની શિક્ષણદૃષ્ટિની છણાવટ કરતા દાદા નોંધે છે કે ગાંધી શિક્ષણ અને વ્યવસાય અંગે આગવા વિચારો ધરાવતા. બાળકને રમવા જેટલી જ મજા શિક્ષણમાં પણ આવે, પણ આપણે શિક્ષણને પુસ્તકિયું બનાવ્યું છે, લખવા-વાંચવામાં સીમિત કરી નાખ્યું છે. હર્બર્ટ સ્પૅન્સર કહેતા તેમ શિક્ષણનું ધ્યેય આપણને પૂર્ણ રીતે જીવતા શીખવવાનું છે, પણ શિક્ષિત મનુષ્ય તો ઊલટો વધારે પરાવલંબી હોય છે. શિક્ષણનું માધ્યમ માત્ર શબ્દ નથી અને તેની ફલશ્રુતિ એ માત્ર કમાણી નથી. પેટ ભરવું એ જ શું સર્વસ્વ છે ? મન, મગજ, આત્માનું શિક્ષણમાં કોઇ સ્થાન નથી ? ગાંધી કહેતા કે વ્યવસાય એવો હોવો જોઇએ કે જેનાથી પેટ પણ ભરાય અને સામાજિક ઉન્નતિ પણ થાય. જીવન ગંભીર અને શ્રમભર્યું છે. નિરોગી શરીરમનને શ્રમમાં આનંદ આવે છે.

ગાંધીને ઉત્કટ સાધક, અનાસક્ત અને મુમુક્ષુ કહેતા દાદા નોંધે છે કે સંસ્થાઓનો મોહ ભલભલા બુદ્ધિમાનોને પ્રગતિવિરોધી અને જડ બનાવે છે. ગાંધીએ કહ્યું છે કે સંસ્થાઓ સ્થાયી ફંડથી નહીં, દર વર્ષે ઊભા કરાતા ભંડોળથી ચાલવી જોઇએ. સમાજને સંસ્થાની જરૂર હશે તો ભંડોળ આપશે, નહીં તો સંસ્થા સંકેલી લેવી બહેતર છે. ગાંધી કહેતા કે હું કોઇ સંપ્રદાયમાં નથી અને કોઇ સંપ્રદાય ઊભો કરવાનો પણ નથી. દાદા કહે છે કે ગાંધીને ગાંધીવાદ શબ્દનો પણ વિરોધ હતો. ગાંધી પોતાને ગાંધીવાદી માનતા ન હતા.

ગાંધીવિચારોની છણાવટ કરતા દાદા નોંધે છે કે શ્રદ્ધા હો કે નિષ્ઠા, વિચારનિષ્ઠ હોવા જોઇએ; બુદ્ધિનિષ્ઠ હોવા જોઇએ. બુદ્ધિનિષ્ઠ ન હોય તેવી શ્રદ્ધામાં તર્કનું બળ ન હોવાથી કાર્યનું બળ પણ ઘટી જાય છે. એટલે પછી શ્રદ્ધા નક્કર ન રહેતા નબળી બને છે. આપણે સત્ય, ન્યાય કે પ્રેમને સદ્‌ગુણ માનીએ છીએ પણ તેમાં શ્રદ્ધા રાખતા નથી. સંશયાત્મા વિનશ્યતે. દુષ્ટતાનો પ્રતિકાર સજ્જનતાથી થઇ ન શકે તેમ માનતા હોઇએ તો આપણે પણ દુષ્ટતાના પૂજારી થયા, ને તો પછી દુષ્ટતાનું આચરણ ન કરવું તે અપરાધ થયો.

સમાજપરિવર્તનનું કોઇ ધ્યેય, ઉપાયયોજના ને તેનો ક્રમ હોય તો તે ક્રાંતિ છે. અવ્યવસ્થિત સંક્ષોભ ને ઉટપટાંગ આંદોલનો એ ક્રાંતિ નથી. ગાંધી પોતાને ક્રાંતિકારી કહેતા - અહિંસક ક્રાંતિકારી.

ક્રાંતિમાં અહિંસાનું બળ ઊમેરાય ત્યારે તેનો પ્રભાવ શુભ ને પરિણામ સ્થાયી હોય છે.

વેદમંત્રો ન સમજાય કે ઓછા સમજાય તો પણ પ્રભાવિત તો કરે, પણ તેમાં નિહિત અર્થને પૂરો પામવો હોય તો કોઇ વેદજ્ઞાતાની જરૂર પડે છે. ગાંધીદર્શનનું પણ આવું છે. તેની આભા આકર્ષે છે, પ્રેરે પણ છે, પણ તેના મર્મને પૂરો પકડવો હોય તો ગાંધીદર્શનના મર્મજ્ઞની મદદ લેવી પડે. દાદા ધર્માધિકારી આવા એક મૌલિક અને પ્રાજ્ઞ ગાંધીમર્મજ્ઞ છે. તેમના પુસ્તક 'ગાંધી કી દૃષ્ટિ'ના ઉજાસમાં ગાંધીને જોવાની મઝા લેવા જેવી ખરી.

(ગાંધી કી દૃષ્ટિ' - દાદા ધર્માધિકારી, સર્વ સેવા સંઘ પ્રકાશન, રાજઘાટ, વારાણસી. ફોન ૦૫૪૨ ૨૪૪૦૩૮૫ પ્રાપ્તિસ્થાન : ગાંધી બુક સેન્ટર, મુંબઇ સર્વોદય મંડળ, ૨૯૯, તારદેવ રોડ, નાના ચોક, મુંબઇ - ૭. ફોન ૦૨૨ ૨૩૮૭ ૨૦૬૧. પૃષ્ઠ ૧૭૫, મૂલ્ય રૂા. ૫૦ )

❑❑❑

મો : ૯૮૩૩૭૦૮૪૯૪

# સત્યનું આચરણ એજ ધર્મ

તત્વચિંતક વિઠ્ઠલભાઈ પટેલ

સત્ય એટલે આપણાં પોતાના આત્માનો અવાજ, એ જ આપણાં માટે આપણું સત્ય છે, બીજાનું સત્ય આપણું સત્ય હોઈ શકે જ નહીં અને થઈ શકે પણ નહીં કારણ કે આત્મા સત્ય સ્વરૂપ છે, અને આત્મા એજ પરમાત્મા છે, માટે આત્માનો અવાજ પરમાત્માનો અવાજ છે, અને પરમાત્મા જ સત્ય છે, માટે જ આત્માનો અવાજ સાંભળીને તે પ્રમાણે જીવનમાં આચરણ કરવું અને વ્યવહાર કરવો એનું નામ સત્ય સ્વરૂપ ધર્મ છે,.બીજાનું સાંભળીને મનથી કર્યા વિના ચાલવું તે અધર્મ છે, એટલું જો જાણો અને સમજો ને તે પ્રમાણે આચરણ કરો તો જ તમે સત્યવાદી છો, સાચા ધાર્મિક છો ધાર્મિક સ્થળોમાં આંટા મારવા, કથાઓ, સત્સંગ અને ધર્માત્માઓને સાંભળવા, તે વાતોને શુદ્ધ મનથી કસવી જ નહીં ને આત્માના અવાજ પ્રમાણે સત્ય સ્વરૂપ થઈને વ્યવહાર કે આચરણ જ કરવું નહીં તે ધર્મ નથી. કે ધાર્મિકતા પણ નથી, કારણ કે તેથી અહંકારને પોષણ મળે છે, દંભને પ્રોત્સાહન મળે છે અને રાગ દ્વેષમાં વધારો થાય છે, એટલે આત્મસ્થ થવાતું નથી કે હૃદયસ્થ થઈને કોઈ વ્યવહાર કે આચરણ થતું જ નથી. શુદ્ધ સાત્વિક અને પવિત્ર આચરણ તે જ ધર્મ.

આત્માનાં અવાજ પ્રમાણે ચાલવું અને તે પ્રમાણે જીવનને પરિવર્તિત કરવું એજ સાચી ધાર્મિકતા છે. જયાં સત્યના આચરણ દ્વારા જીવનનું સમગ્ર રીતે આંતરિક પરિવર્તન નથી, ત્યાં ધર્મ નથી અને આત્માનું સત્ય જીવનની રગેરગમાં ઉતરી ન શકે તે ધાર્મિકતાને ધર્મ કહી શકાય નહીં અને જો જીવનની તમામ બાહ્ય ક્રિયાઓ સાથે શુદ્ધ મનનું જોડાણ ન હોય તો તે ક્રિયાઓ સાવ જ નકામી જ છે.

આત્માના અવાજને સાંભળવા માટે આપણા અહંકારને ઓગાળવો પડે છે, રાગ દ્વેષથી મુક્ત થવું પડે છે, કતૃત્વરહિત થવું પડે છે, અસંગ થવું પડે છે, મન, બુદ્ધિ અને વાસના શુદ્ધ સાત્વિક અને પવિત્ર કરવા જ પડે છે, સાક્ષીભાવમાં અને વિવેકમાં સ્થિર થવું પડે છે, જે શુદ્ધ ભાવો વિચારો આપણા મનમાં ઊઠે તે પ્રમાણે આચરણ કરવું તેનું નામ ધર્મ છે, આને જ સદાચાર, સદ્‌ગુણ અને સદ્‌વ્યવહાર કહેવામાં આવે છે.

જીવનમાં વિવેક અને સાક્ષીભાવ ધારણ કરીને વ્યવહાર, આચરણને અનુસરણ કરવામાં આવશે, એટલા પ્રમાણમાં સદ્‌ગુણમાં વૃદ્ધિ થશે. તો જ આપણે જીવનને સમગ્ર રીતેને પરિવર્તિત કરી શકીશું. માણસના મનમાં સદાને માટે બે વૃત્તિઓ કામ કરતી હોય છે,એક વૃત્તિ કહે છે, આપણે સત્ય રૂપ જીવન જીવવું જોઈએ, જેને સદ્‌વૃત્તિ કહેવામાં આવે છે, બીજી વૃત્તિ છે, તે હંમેશા ખંડનાત્મક અને નકારાત્મક હોય છે, જેને દુવૃત્તિ કહે છે. આ બન્ને વૃત્તિની વચ્ચે માણસનું જીવન ચાલતું હોય છે, પણ જો આપણે જાગૃત અવસ્થામાં, સાક્ષીભાવમાં અને વિવેકમાં સ્થિર થઈને જીવતા હોઈશું, સદ્‌વર્તનનું પ્રમાણ વધારે હશે તો જીવનમાં સત્યનું આચરણમાં વધુ હશે.

જો આપણી અજાગૃત અને અજ્ઞાન અવસ્થા હશે, તો દુવૃત્તિનું પ્રમાણ વધુ હશે અને અસત્યનું આચરણ વધુ હશે, એટલે આપણા સમગ્ર જીવનનો આધાર જાગૃતતા અને અજાગૃતતા, જ્ઞાન અને અજ્ઞાન ઉપર આધારિત હોય છે, જેટલી જીવનમાં જાગૃતતા, વિવેક અને સાક્ષીભાવમાં સ્થિરતા એટલું સુખ શાંતિ અને અમૃતમય જીવન અને જેટલી અજાગૃતતા અને અજ્ઞાન એટલું દુ:ખ ચિંતા તનાવગ્રસ્ત જીવન. આ જીવનનો શાશ્વત નિયમ છે, એટલે જો સુખ શાંતિ જ જોઈતી હોય તો આત્મસ્થ અને હૃદયસ્થ થઈને જાગૃતપૂર્વક જીવવા માંડો, આજ સત્ય સ્વરૂપ જીવવાનો માર્ગ છે.

આપણા ઉપનિષદે અને ગીતાએ કહ્યું છે કે જો માણસે જ્ઞાનમાં અને પૂર્ણતામાં સ્થિર થઈને જીવવું હોય અને પરમ આનંદમાં સ્થિર થવું હોય તો, સત્ય સ્વરૂપ થઈને જીવનમાં આચરણ કરવુ અને સાક્ષીભાવમાં, વિવેકમાં અને જાગૃતિમાં સ્થિર થઈને જીવનના તમામ વ્યવહારો કરવા. આ સાચો માર્ગ છે. એટલે આ જીવનમાં જ પૂર્ણતા પ્રાપ્ત કરી જ શકશો, અને જ્ઞાનમાં સ્થિર થઈ જ શકશો, આ જગતમાં જ્ઞાન જેવી કોઈ પવિત્ર ચીજ નથી, જેની પ્રાપ્તિ થતાં સમગ્ર જીવન અમૃતમય બની જાય છે, જે જીવનની સિદ્ધિ છે, આ માટે માત્ર ને માત્ર આંતરિક રીતે શુદ્ધ જ થવાની જરૂર છે. જ્ઞાનની પ્રાપ્તિ માટે કોઈ કર્મ ક્રિયા કે કર્મકાંડ કરવા જરૂરી જ નથી કે ઉપયોગી પણ નથી એટલી સ્પષ્ટ ઘોષણા ઉપનિષદોએ અને વેદોએ અને જ્ઞાની માણસોએ કરેલ છે, જગતમાં અનેક માણસો જ્ઞાની

થઈ ગયા છે, જેમકે મહાવીર, બુદ્ધ, ઈશુ, કૃષ્ણ, જરથુસ્ત, ગાંધીજી વગેરે. તેઓએ મૂર્તિ સમક્ષ ઉભા રહીને કર્મકાંડ કે કર્મક્રિયા કર્યાનો કોઈ દાખલો નથી, તેમ છતાં જ્ઞાનમાં સ્થિર થયા જ છે, જ્ઞાન અંદર છે, તેને ઉજાગર જ કરવાનું હોય છે, તે માટે માત્ર ને માત્ર આંતરિક રીતે શુદ્ધ જ થવું પડે છે, જગતમાં જે શુદ્ધ થાય છે, આત્માના અવાજ પ્રમાણે ચાલે છે તે પોતાના જ્ઞાનને ઉજાગર કરી જ શકે છે, ચાલુ જમાનામાં મહર્ષિ અરવિંદ, મહર્ષિ રમણ વગેરે જ્ઞાનીઓ થઈ ગયા તેમને કોઈએ કર્મકાંડ કે કર્મક્રિયા કર્યા જ નથી, તે આપણી સમક્ષ દાખલા છે, એટલે જરા અંતરથી શાંત ચિત્તે વિચારો પછી જ ધાર્મિક સ્થળે જાવ, સાચું ધાર્મિક સ્થળ તમારો આત્મા જ છે, તેને જાણો તેમાં સ્થિર થાવ તે જ સાચી ધાર્મિકતા છે તે જ સત્યતા છે.

આ સૃષ્ટિમાં ખુદા, ઈશ્વર, પરમાત્મા, સર્વ શક્તિમાન છે, પૂર્ણ છે, સર્વજ્ઞ છે, સર્વવ્યાપી છે, આખા અસ્તિત્વમાં પ્રકાશી રહેલ છે અને પ્રકાશ સ્વરૂપ છે, એમની દયા અને એમના ન્યાયની કોઈ સીમા જ નથી. જો આ વાત આપણે વિવેક સાથે માનતા હોઈએ, સ્વીકારતા હોઈએ તો પછી સત્ય એજ પરમાત્મા છે, તો સત્ય સ્વરૂપ થઈને જ જીવવું જોઈએ, તો જ પરમાત્માની કૃપા ઊતરે, અને આત્મા એજ પરમાત્મા છે, માટે આત્મસ્થ થઈને જીવીએ તો જ ધન્ય બની જઈએ, જગતમાં જે જે માણસો જ્ઞાનમાં સ્થિર થયા છે, આત્મસ્થ થયા છે, જેને આપણે ભગવાન કહીએ છીએ તે તમામ સત્ય સ્વરૂપ થયા ત્યારે જ જ્ઞાન અંદરથી ઉજાગર કરી શક્યા છે, પછી તે બુદ્ધ હોય, મહાવીર હોય, મહમદ હોય કે કૃષ્ણ હોય કે જરથુસ્ત હોય કે ઈશુ હોય બધા જ સત્ય સ્વરૂપ થયા આત્મસ્થ થયા ત્યારે જ જ્ઞાન અંદરથી ઉજાગર થયું છે, જ્ઞાન બહારથી મળતું જ નથી અને કૃપા પણ આત્મસ્થ થઈને અંદરથી જ મેળવવાની હોય છે, કારણકે પરમાત્મા અંદર જ છે, પથ્થરની મૂર્તિમાં નથી.

આમ આપણે આપણો જ સત્ય સ્વરૂપ નીતિ માર્ગ કઈ રીતે છોડી શકીએ ? કદાચ સત્ય સ્વરૂપ નીતિવાન માણસ જીવનમાં કોઈ કર્મમાં નિષ્ફળ જાય તો પણ તેમાં સત્ય સ્વરૂપ નીતિનો વાંક હોય શકે જ નહીં, પણ આપણે વિવેક સાથે સત્ય સ્વરૂપ થઈને જાગૃતપૂર્વક આચરણ કરેલ નહીં હોય કે કર્મ કરેલ નહીં હોય તેવું બને, એટલે કે સત્ય સ્વરૂપ નીતિનો વાંક નથી હોતો, પણ આપણે ક્યાંક ને ક્યાંક અહંકારમાં, રાગ-દ્વેષમાં અને લાભ અને લાભમાં ફસાઈ ગયા હોઈએ છીએ એટલે જ નિષ્ફળતા મળતી હોય છે, અન્યથા નિષ્ફળતા મળવાનું કારણ જ હોતું નથી, જ્યાં જીવનમાં વિવેક, સાક્ષીભાવનો અને જાગૃતિનો સ્વીકાર છે, ત્યાં કદી નિષ્ફળતા સંભવે જ નહીં તે આ જગતનો શાશ્વત નિયમ છે.

માણસ શુદ્ધ બુદ્ધિથી નિષ્કામભાવથી, વિવેકથી સ્થિર થઈને, સાક્ષીભાવનો સ્વીકાર કરીને, ફળની આશા છોડીને અને કર્તૃત્વભાવથી મુક્ત થઈને કર્મ કરતો હોય છે, ત્યારે તેનામાં રાગ દ્વેષ અને અહંકાર હોતો જ નથી, તેથી કોઈની શાબાશી કે પ્રશંસા પ્રાપ્ત કરવા માટે કર્મ કરતો નથી કે લાભ અને લોભની વૃત્તિ સાથે કર્મ કરતો નથી, પણ તે પોતે પરમાત્મા સ્વરૂપ બનીને ભલાઈ કરવા સિવાય જીંદગીમાં રહી શકતો નથી. માટે જ પરમાત્માનું કર્મ છે, એમ માનીને કર્મ કરતો હોય છે. આવું કર્મ કરવું તે સત્ય સ્વરૂપ નીતિ ધર્મનું અંગ છે. આ રીતે કર્મ કરવું તે પોતાની ફરજ સમજીને કરતો હોય છે, આવો માણસ જ જીવનમાં પરમ શાંતિ, પરમ સુખ અને આનંદ આ જીવનમાં જ મેળવી શકે છે, ને અમૃતમય જીવન જીવે છે, આ રીતે જીવતો માણસ સંસારમાં રહેતો હોય તો પણ સાચો સાધુ છે, સાચો સંત છે અને સાચો ત્યાગી છે. જે આ જીવનમાં જ મોક્ષનો અધિકારી બને, મોક્ષ એટલે પરમ આનંદની સ્થિતિ, જેને શંકરાચાર્ય જીવન મુક્તિ કહે છે.

આજે ઘણા લોકો માને છે કે જીવનમાં સત્ય સ્વરૂપ નીતિની કોઈ પરવા કરવાની જરૂર નથી. લાભ અને લોભમાં વ્યસ્ત થઈને કમાવું, આજના સંપ્રદાયો અને પંથોમાં લાભ અને લોભનો ભયંકર લગાવ હોય છે. તેને ધર્મ કહી શકાય જ નહીં, જ્યાં સત્ય જ નથી અને જ્યાં લાભ અને લોભની જ બોલબાલા છે ત્યાં ધર્મ હોય શકે જ નહીં.

સમાજ જીવનનો જો વિચાર કરીએ તો આખુ સમાજજીવન સત્ય નીતિ અને સત્ય ધર્મ ઉપર જ ટકેલું છે તે પણ સત્ય છે, એટલું આપણે સૌએ સ્પષ્ટ સમજી લેવું આવશ્યક છે કે કોઈપણ સત્ય સ્વરૂપ ધર્મ સત્ય સ્વરૂપ નીતિ વિના સત્યધર્મ ટકી શકે જ નહીં અને સત્ય નીતિમાં સત્ય ધર્મ સમાવેશ થઈ જ જાય છે. એટલે માણસે પોતાના લાભ અને લોભને છોડીને વિશાળતા ગ્રહણ કરીને સત્ય સ્વરૂપ નીતિ ધર્મનું પાલન કરવું જ જોઈએ. તે જ વાત સંપ્રદાયો અને પંથોને લાગુ પડે છે, ધર્માત્માઓને પણ લાગુ પડે છે, એમાં જ શાંતિ અને સુખ સમાયેલા છે ને તમામ પ્રકારના તનાવથી મુક્તિ છે, તે જ જીવન જીવવાની સત્ય સ્વરૂપ ચાવી છે, આ ચાવી લગાડવાથી જ મુક્તિનો દરવાજો ખુલે છે અને શંકરાચાર્ય કહે છે તેમ જીવનમુક્ત થઈને જીવન જીવી શકીએ છીએ. ચાલો આપણે જીવન મુક્ત અવસ્થા પ્રાપ્ત કરીને જીવીએ.

આપણે આપણા જીવન મુક્તિના અમૃતમય જીવન દરમ્યાન આપણી ઈચ્છાઓ, કામનાઓ, વાસનાઓ, તૃષ્ણાઓ, અપેક્ષાઓ, આશાઓ, રાગ અને દ્વેષ વગેરેનું અવલોકન નિયમિત કરતા જ રહેવું જાઈએ, તેમાં ક્યાંય પણ આસક્તિ અને મોહ ભળી ન જાય, અહંકારનો છોડ ઉગી ન નીકળે, રાગદ્વેષ ફૂલીફાલી ન જાય, તેની સતત કાળજી રાખવી જોઈએ ને આખું જીવન ઉપયોગના ભાવમાં જ જીવવું જોઈએ. ભૂલેચુક ઉપભોગ વૃત્તિભાવ દાખલ મનમાં થઈ જાય નહીં તેની સતત કાળજી લેતાં જ રહેવી જોઈએ. આમ જીવન મુક્તઅવસ્થામાં પણ જાગૃતતા વિવેક અને સાક્ષીભાવમાં સતત જીવવું જોઈએ, એટલે કે જીવન સમજપૂર્વક સરળ રીતે, સહજ રીતે સમતાપૂર્વક, સરળતાપૂર્વક જીવે જીવું જોઈએ એ જ અમૃત અવસ્થા છે. કોઈ પણ પરિસ્થિતિમાં આત્માના અવાજને અવગણવાનો નથી તેની કાળજી રાખવી જરૂરી છે. ધૈર્ય અને શાંતિ એ જ મંત્ર બની રહેવો જોઈએ. એ જ અમૃતમય જીવન છે.

❑❑❑

# કચ્છી ભવન પાલીતાણામાં નિર્માણ થતા 'રૂપકડા જિનાલયની ઝલક'

હંસા ખુશાલ રાંભિયા

શિલ્પ સ્થાપત્યનો વિશેષાંક વાંચી ચંદુલાલ ફ્રેમવાળાએ કચ્છી ભવનના દેરાસરની વિગત અને તેની સ્થાપત્ય લાક્ષણિકતાએ મોકલાવી છે.

સિતારમાંથી જેમ સૂરોનું સંગીત સર્જાય છે, તેમ કચ્છી ભવનના દેવાલયની કલામાંથી કસબી કારીગરોની સાધનાનું સુમધુર સંગીત ગૂંજે છે.

કચ્છી ભવનના દેરાસર માટે હોકાયંત્રની મદદ વડે ચોક્કસ પૂર્વ દિશા જાણી પૂર્વ દિશા સન્મુખ ભગવાન બેસાડયા. આ દિશાના દેવગણ-પુનર્વસુ મૃગશીલ અને પુષ્ય નક્ષત્ર, ગર્ભગૃહમાં મૃગશીલ અને રંગમંડપમાં પુષ્યનક્ષત્ર આવે છે. કચ્છી ભવનમાં નિર્માણ થયેલ જિનાલય જેમણે ઝીણવટથી જોયું હશે તેમને ખ્યાલ હશે કે જિનાલય થોડું ત્રાંસું દેખાય છે. એનું ખરું કારણ એ છે કે દેરાસર બરાબર પૂર્વ દિશા સન્મુખ ૭૦' x ૪૨' નું ક્ષેત્રફળમાં નિર્માણ છે. જેમાં મૂળનાયક શ્રી આદિનાથ દાદા અને તોરણિયા ભગવાન જમણી બાજુ પદ્મપ્રભુસ્વામી અને ડાબી બાજુ મહાવીર સ્વામી બિરાજીત છે. જેનું ગર્ભગૃહ ૬' x ૭' નું તથા રંગમંડપ ૧૮'x૧૮' નું છે. રંગમંડપમાં જમણી બાજુ નેમનાથ ભગવાન અને ડાબી બાજુ ગોડી પાર્શ્વનાથ પ્રભુજી શાસ્ત્રોક્ત રીતે બિરાજીત છે. જમણી બાજુ ગોમુખ યત્ર અને ચક્રેશ્વરી દેવી ડાબી બાજુ બિરાજીત છે.

શિલાન્યાસમાં નવ શિલાઓ છે. મધ્યની કુર્મશિલા અને આઠ શિલાઓ ચાર દિશા અને ચાર ખૂણાની છે. મધ્યની શિલા પર મૂળનાયક ભગવાન બિરાજમાન થાય તે શિલાની નીચે નાણા-રૂપું-ઝવેરાત તથા દેરાવાસી મહાજન ત્રાંબા ઉપર કોતરાયેલો લેખ પધરાવવામાં આવ્યો છે. દેરાસરમાં કોતરણીવાળા સ્તંભો છે તેવી જ અતિ સુંદર બારીક કોતરકામની કારીગીરવાળી નવ શિલાઓ દેરાસરની નીચેની ભૂમિમાં બેસાડવામાં આવી છે. ૪૨ સ્તંભો કળશ અને બીજા અનેક આકારોમાંથી અંકિત થયેલ છે. સ્તંભો સિવાયની બાકીની જગ્યા પણ કોતરણી છે.

● દેરાસરમાં પગથિયાં ચઢીને સામે શણગાર ચોકી છે. પછી ત્રિચોકી, કવારી મંડપ અને ગર્ભગૃહ અને બાજુમાં બે રૂપ-ચોકી બનાવી છે. રંગમંડપની બાજુમાં કોરી મંડપમાં યક્ષયક્ષિણી, ગર્ભગૃહમાં મૂળનાયક ભગવાન, તેની બન્ને બાજુ તોરણિયા ભગવાન અને રંગમંડપના ગોખાલામાં બે ભગવાન બિરાજીત કર્યા છે.

● રંગમંડપમાં રૂપ કાર્યમાં ૧૬ વિદ્યાદેવી અને નવ ગ્રહ બેસાડ્યા છે જે અતિ મનોરમ્ય કલાકારીગરીવાળા છે.

● રંગમંડપમાં ઘુમ્મટની રચના-રેખાંકન તીર્થાધિરાજ માઉન્ટ આબુ દેલવાડાના વિશ્વવિખ્યાત દેરાસરોના રંગમંડપ જેવી કોચલા આકારની રચના અને અન્ય ભાગમાં વેલ અને કલાકારીગરીવાલા હંસ તથા હાથીઓની હારમાળાથી રંગમંડપ સુશોભિત કરાઈ છે.

● હર ચોકીના છતના મધ્યમાં પાટલીમાં સરસ્વતી દેવી, પદ્માવતી દેવી, ચક્રેશ્વરી દેવી, મહાલક્ષ્મી દેવી તથા ખૂણામાં હાથી તથા અન્ય કોતરકામ સાથે બનાવવામાં આવ્યું છે.

● ખજૂરાહો અને તારંગાજીમાં મૂકવામાં આવેલ યુગલો જેવા આઠ રૂપકામના યુગલો તેમજ અન્ય દેવદેવીઓ મંડોવરની ચારે બાજુ મૂકવામાં આવશે, જે પ્રાચીન સ્થાપત્ય કલાની યાદ તાજી કરાવે છે.

● ચોકીના દરેક થાંભલા પર બે-બે પૂતળીઓનું રૂપકામ જેમાં ૮૫ થી ૯૦ દેવાંગનાઓના વિવિધ વાજિંત્રો તથા પૂજાની સામગ્રી સાથે વૈવિધ્યભર્યા ભાવો વ્યક્ત કરતી અને દેરાસરના પગથિયાં ચઢતાં સામેના બે સ્તંભો પર નમસ્કાર કરી દર્શનાર્થીઓનું સ્વાગત કરતી બે પૂતળીઓ મૂકવામાં આવી છે. જેમાં નારીની રમણીયતા, કમનીયતા નીરખી નિર્માણ કરાવનારાઓનો નિરવધિ કલા-પ્રેમ તથા કાલાકારોને માં શારદાએ બક્ષેલ નૈસર્ગિક કલાનું હીર નજર ચઢ્યા વિના નહિ રહે.

● દેવાલયમાં દાખલ થતાં દ્વાર પર કચ્છી પાઘડીધારી બે છડીદાર, તેની ઉપર ૫' x ૫'ના હાથીઓ બંસીપાલ પથ્થરમાંથી બનાવવામાં આવ્યા છે.

● જિનાલયના છ દરવાજા મકરાણાના શ્વેત આસરપાહાણ-માંથી પાંચ પાસા અને પાંચ ખૂણિયાવાળા અતિ બેનમૂન ઊંડાણ-વાળી (depth) કલા કારીગરીવાળા બતાવવામાં આવ્યું છે.

● મુખ્ય દરવાજાની બન્ને બાજુએ, ગર્ભગૃહના દરવાજે તથા ત્રિચોકીના દરવાજે જય-વિજય ઈંદ્ર-ઈંદ્રાણીનું રૂપકામ બેનમૂન બનશે જેમાં શંકાને સ્થાન નથી.

● આખીયે ભમતી, રંગમંડપની અંદરની દિવાલો, ફ્લોરીંગ અને પગથિયાં આરસ-પહાણના બની રહ્યા છે.

● સિંહ અને વાઘ - જે સૂક્ષ્મ રીતે શક્તિનો ભાવ વ્યક્ત કરે છે તેમજ મોર હાથી વગેરે શામરણની ચારે દિશા અને ચાર ખૂણે મૂકવામાં આપ્યા છે.

● શિખરની ચારે બાજુ કળશ તથા અન્ય કોતરણીનું કાર્ય અતિ ભવ્ય બની બન્યું છે.

● રાણકપુર અને આબુ તીર્થની અતિ ભવ્ય જગવિખ્યાત કારીગરી જેવા કોતરકામવાળા તોરણો હર ચોકી પર બધી દિશામાં સોળ તોરણ અને રંગમંડપમાં આઠ તોરણો મૂકવામાં આવ્યા છે.

● દેરાસરમાં ઉપરતિલ તરફ દોરી જનારી સોપાન પરંપરા

અદ્ભૂત બની રહી છે.

● જગતીની ચારે બાજુ ખાલી જગ્યામાં ૧૬'' x ૧૬''ના તીવરી પથ્થરના ચક્રોથી સુશોભન થશે. જગતીની બન્ને બાજુના ૨૨-૨૨ ચક્રો વીજળીથી ગતિમાન કરવામાં આવશે, જે આ જિનાલયની અજાયબી હશે. અને જેનાથી જિનાલય દેવ-વિમાન જેવું લાગે છે.

● પ્રવેશદ્વાર ધર્મચક્ર તથા હરણના રેખાંકનથી સુશોભિત છે. જૈન ધર્મ-પ્રસંગોની કારીગરીવાળા બર્મા-ટીકમાંથી બનાવાયેલ દરવાજા જોઈ અનેક આત્માઓ અધ્યાત્મિક અનુભૂતિ આરાધશે.

● ''દેવાલયોમાં વપરાતા પથ્થર વિષે થોડી જાણકારી...

| | |
|---|---|
| પોરબંદર પથ્થર | : ૩૦૦ થી ૩૫૦ વર્ષ ટકે. |
| ધ્રાંગધ્રા પથ્થર | : ૩૫૦ થી ૪૫૦ વર્ષ વિદ્યામન રહે. |
| ગ્વાલિયરનો શિવપુરી પથ્થર | : ૫૦૦ થી ૬૦૦ વર્ષ અસ્તિત્વમાં રહે. |
| જેસલમેરનો પથ્થર જે કારીગરી માટે અદ્ભૂત છે | : ૭૦૦ થી ૮૦૦ વર્ષ ટકી શકે. |
| જોધપુરની ડાબી બાજુથી મળતો તિવરી પથ્થર | : ૧૦૦૦ થી ૧૧૦૦ વર્ષ રહે. |
| જોધપુરની જમણી બાજુથી મળતો બાલસિનોર પથ્થર | : ૧૧૦૦ થી ૧૨૦૦ વર્ષ સલામત રહે. |
| લાલ બંસીપાલ પથ્થર | : ૧૨૦૦ થી ૧૫૦૦ વર્ષ ટકે. |
| ચોક્કસ ગુણવત્તાવાળું આરસપહાણ | : ૧૮૦૦ થી ૨૦૦૦ વર્ષ ટકી શકે. |

તેમ છતાં ૯ મી સદીમાં લગભગ ૧૧૦૦ વર્ષ પહેલા બનેલ મહેસાણા તાલુકાના મોઢેરાનું સૂર્યમંદિર ધ્રાંગધ્રા પથ્થરમાંથી બનાવેલ હોવા છતાં હજી પણ થોડું જીર્ણ થવા છતાં ઊભું છે. જોકે આમાં વાતાવરણ, હવામાન તથા કાળની થપાટો અગત્યનો ભાગ ભજવી શકે. મોઢેરાના સૂર્યમંદિર જેવા જૂજ વીરલ અપવાદો આમાં મળી શકે.

કલા કારીગરીની ઊંડી સૂઝ ધરાવતા અન્ય સમાજોના કેટલાક જૈન અગ્રગણ્ય આગેવાનો જેને જોઈને અત્યંત પ્રશંસાપૂર્વક વખાણ્યું છે.

**ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા**
**૯૮૭૦૦૦૦૪૨૨**

# જ્ઞાન-સંવાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

**પ્ર.૧ આત્મા છે, તેની સાબિતી શું છે ?**

**જ.૧** હું છું એ જ્ઞાન સૌ કોઈને સ્વાનુભવે સિદ્ધ છે. પરંતુ હું નથી એવું જ્ઞાન કોઈને પણ થતું નથી. હું છું એ જ્ઞાનનો વિષય જે કોઈ છે, તે જ આત્મા છે. એટલે આત્મા સૌ કોઈને સ્વાનુભવ પ્રત્યક્ષ છે. વળી હું છું એની પ્રતીતિ ઈન્દ્રિયોની સહાય વિના જ થાય છે. તેથી તે આંતરિક ક્રિયા છે, નહિ કે શારીરિક ક્રિયા. એની પ્રતીતિ અંતરને થાય છે. આત્માના ગુણો અવગ્રહાદિ પણ સૌ કોઈને પ્રત્યક્ષ છે. જ્યાં સ્મરણ થાય છે ત્યાં તેની પૂર્વે અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા હોય જ છે. રૂપ, રસાદિ ધર્મોથી જેમ ઘટ-પટ આદિનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. તેમ અવગ્રહાદિ ધર્મોથી આત્મારૂપી ધર્મીનું પણ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે.

દર્શન, સ્મરણ, પ્રત્યભિજ્ઞાજ્ઞાન અને આલોચના આદિ કરનાર ચૈતન્ય ધર્મયુક્ત અહં પ્રતીતિનો વિષય આત્મા, જડ દેહરૂપી જુદો છે.

હું જાડો છું - પાતળો છું એ તો ખ્યાલ થવાનું કારણ શરીર પરનું આત્માનું મમત્વ છે. આત્માના સઘળા કાર્ય શરીર દ્વારા થાય છે. પરિણામે આત્મા પોતાપણાનો આરોપ શરીરમાં કરી દે છે. અને શરીરના કેટલાંક ધર્મોને પોતાના ઘટાવી લે છે. વસ્તુતઃ એ સઘળા ખ્યાલો શરીરમાં થતાં નથી. પરંતુ આત્મામાં થાય છે. કારણ કે ચૈતન્ય એ શરીરનો ધર્મ નથી. પણ આત્માનો ધર્મ છે. જે પોતે ચૈતન્યવાળો ન હોય, તેનો ચૈતન્ય સાથે સંબંધ થાય તો પણ તે ચેતન બની શકતો નથી. જેમ કે પ્રકાશ આપવાનો સ્વભાવ ઘટનો નથી. તો હજાર દીપકના સંબંધથી પણ ઘટ પ્રકાશ આપી શકતો નથી. ચૈતન્ય એ સ્વપર પ્રકાશક છે. જ્યારે શરીર એ જડ છે, તેથી સ્વપર પ્રકાશક નથી. શરીર એ રૂપી આકારવાળું અને ઈન્દ્રિયોથી જાણી શકાય એવું છે. જ્ઞાન વગેરે ગુણો અરૂપી આકાર વિનાના અને ઈન્દ્રિયો વડે ન જાણી શકાય તેવા છે. તેથી શરીર અને આત્મા વચ્ચે ગુણ ગુણી ભાવ પણ ઘટી શકતો નથી. ગુણનો આધાર ગુણી ગુણોના જેવો જ અરૂપી આદિ હોવો જોઈએ.

સ્વ શરીર ગત ચૈતન્ય સ્વસંવેદન પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે. પર શરીર ગત ચૈતન્ય ચેષ્ટાવત્વ હેતુથી સિદ્ધ થાય છે. કારણ કે પ્રત્યેક સચેતન પ્રાણીમાં હિતાહિત પ્રાપ્તિ પરિહારાનુકૂળ ચેષ્ટા નજરે પડે છે. અર્થાત્ હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર કરવા માટે પ્રાણી માત્ર પ્રવૃત્તિશીલ દેખાય છે. વળી માતાનું ચૈતન્ય પુત્રાદિ ચૈતન્યનું ઉપાદાન હોય તો સંમૂર્છિમ થૂકાદિ જંતુઓને વિષે ચૈતન્ય ન હોવું જોઈએ. કારણ કે તેઓને માતાદિક નથી. પરંતુ માતાદિક નહિ હોવા છતાં યુકાદિમાં ચૈતન્ય પ્રત્યક્ષ જણાય છે. તેથી માતાનું ચૈતન્ય પુત્રાદિ ચૈતન્યનું ઉપાદાન નથી.

ચૈતન્યનો પ્રતિષેધ કરનાર પ્રત્યક્ષ કે અનુમાન એક પણ પ્રમાણ નથી. જ્યારે ચૈતન્યને સિદ્ધ કરનાર સ્વસંવેદન પ્રત્યક્ષ પ્રમાણ ઉપરાંત સર્વજ્ઞ વચન સ્વરૂપ શ્રી જિનેશ્વર ભગવંતોનું આગમ વિદ્યમાન છે. આગમ પ્રમાણ અનુસાર ઉપયોગ લક્ષણવાળો જીવ સંસારમાં

અનાદિકાળથી ભટકે છે.

વળી જીવનો જે નિષેધ કરે છે તે જ જીવ છે, કારણ કે અચેતનમાં નિષેધ કરવાનું સામર્થ્ય નથી. વળી આત્માનો નિષેધ અસંભવ છે. 'माता मे वन्धया। अहं नाऽस्मि। सुप्तोऽहम्।' ઈત્યાદિ વાક્યો જેમ અસંભવિત છે તેમ આત્માના નિષેધવાચક સર્વ વાક્યો અસંભવ દોષથી ગ્રસ્ત છે.

વ્યુત્પત્તિમત્ શુદ્ધપદનો નિષેધ પોતાની વિરૂદ્ધ અર્થને સાબિત કરે છે, જેમકે અઘટ કહેવાથી ઘટની પણ સિદ્ધિ થાય છે. તેમ અજીવ કહેવાથી પણ જીવની સિદ્ધિ થઈ જાય છે.

'આત્મા' શબ્દ જ આત્મા નામના પદાર્થને જણાવે છે. જે વસ્તુનો ભ્રમ થાય તે વસ્તુનું અસ્તિત્વ હોય છે. નહિ તો તે શબ્દકારમાં આવતું નથી. જેમ છીપમાં ચાંદી હોવાનો ભ્રમ થાય છે તે દર્શાવે છે કે ચાંદી જેવી કોઈ વસ્તુ છે ખરી?

આત્માની સાબિતી માટે એટલું સમજીએ કે રૂપ, રસ વગેરે ગુણો જેમ કોઈ આધારભૂત દ્રવ્ય વિના રહી શકતા નથી તેમ રૂપજ્ઞાન, રસજ્ઞાન વગેરે ગુણોનો પણ આધાર કોઈ હોવો જોઈએ. અને તે આધાર આત્મા સિવાય બીજું કોઈ નથી. શરીરમાં રહેલી ઈન્દ્રિયોના ભિન્ન ભિન્ન વિષયો છે પણ તે દરેકનું ભાન આત્માના ઉપયોગ દ્વારા જણાય છે. જો ઈન્દ્રિયોને ભાન (જ્ઞાન) હોય તો શબ (મૃત શરીર)માં ઈન્દ્રિયો કાર્યકારી રહી શકે. પણ ચેતનના સંચાર વિના મૃત શરીરમાં ઈન્દ્રિયો કાંઈ કરી શકતી નથી. મૃત શરીરમાંથી એવું શું નીકળી જાય છે કે તેની બધી જ ક્રિયા બંધ થઈ જાય છે. કોઈ કહેશે વાયુ... કોઈ કહેશે શક્તિ... અરે! જે તત્ત્વ ગયું તે જ આત્મા છે.

ઘટ-પટ આદિ પુદ્ગલોનો સમૂહ છે. તેને આત્મજ્ઞાન ઉપયોગ વડે જાણે છે. ઘટપટાદિ આત્માથી ભિન્ન છે. તેમ દેહ પણ આત્માથી ભિન્ન છે પરંતુ એક જ ક્ષેત્રમાં વ્યાપીને રહ્યા હોવાથી અભિન્ન જણાય છે. પણ તે બંને પોતાના લક્ષણોથી ભિન્ન છે. ઘટપટાદિ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા તેમ જ જડ છે. આત્મા ચૈતન્ય લક્ષણે યુક્ત છે. ઘટપટાદિને જાણનારા જ આત્મા છે.

આત્મા એક સત્ દ્રવ્ય છે. કોઈ પણ સત્ વસ્તુનો એકાંતે નાશ થતો નથી. ઘટના ઠીકરા થવાની વચ્ચે ઘટ એક ક્ષણ પણ રહેતો નથી કિંતુ ઘટ પોતે જ ઠીકરારૂપે પરિણમે છે. તેમ આત્મા એક શરીર છોડી તુરત અન્ય ભવને પ્રાપ્ત કરી લે છે. પરંતુ એક ક્ષણવાર પણ પોતાની હયાતી ગુમાવતો નથી. જેમ સત્‌નો એકાંતે નાશ નથી તેમ અસત્‌નો ઉત્પાદ પણ નથી. અન્યથા કર્મ રોગાદિથી રજૂ આદિની ઉત્પત્તિ થઈ જવી જોઈએ પણ તેમ બનતું નથી. આત્મા છે, સત્ છે અને પરલોકગામી પણ છે.

**પ્ર.૨ શરીરથી આત્મા અલગ છે. એની પ્રતીતિ શી રીતે કરવી?**

**જ.૨** પ્રથમ તો સુખ-દુઃખની જે લાગણી થાય છે તે શરીર સ્પર્શી નથી પણ અંતઃસ્પર્શી છે. કેમકે મૃત શરીરને કોઈ પણ જાતની લાગણી થતી નથી. તે ઉપરથી કહી શકાય કે શરીરથી ભિન્ન કોઈ શક્તિ વિશેષ શરીરમાં હયાતી ધરાવે છે. આનંદ અને સુખનો અનુભવ એ એક પ્રકારના ગુણો છે. આ ગુણો શરીરના નથી કારણકે મૃત શરીરમાં ઈષ્ટ વિષયો પ્રાપ્ત થવા છતાં આનંદ કે સુખની લાગણીઓ થતી નથી. તેથી આ આનંદ અને સુખ ગુણ જેના છે તે ગુણોનો ગુણી એવો આત્મા (જીવ) છે. ગુણી વિના એકલા ગુણ રહી શકે નહિ. તેથી આનંદ કે સુખાદિ ગુણનો આધારભૂત જે ગુણી દ્રવ્ય છે તે જ આત્મા છે.

ઈન્દ્રિયો વિષય ગ્રહણના સાધન છે. પરંતુ ઈન્દ્રિયોની મદદથી વિષયને ગ્રહણ કરનાર કોઈ તત્ત્વ અલગ છે. એમ સિદ્ધ થાય છે. સાધકને સાધનની અપેક્ષા રહે છે. તેથી સાધક અને સાધન એક ન હોઈ શકે. જો ઈન્દ્રિયો જ જાણનારી હોય, તો ઈન્દ્રિયોનો વ્યવહાર ન હોય તો પણ તે જાણેલા વિષયનું અનુસ્મરણ થાય છે તે ઘટે નહિ. જેમ કે આંખે જોયેલું રુપ કે દૃશ્ય આંખ બંધ કર્યા પછી પણ સ્મરણમાં આવે છે. માટે આંખ જોનારી નથી પરંતુ આંખ દ્વારા દેવદત્ત જોનારો છે. એવીજ રીતે ઈન્દ્રિયોનો વ્યવહાર ચાલુ હોય છતાં ક્યારેક વિષય જણાતો નથી. જેમ કે આંખ ખુલ્લી હોય, વિષય સામે જ હોય છતાં જીવનો ઉપયોગ બીજે હોય તો વિષય જણાતો નથી. ત્યાં જો ઈન્દ્રિય જ જાણનારી છે, એમ માનીએ તો વિષય જણાવો જોઈએ. પરંતુ એમ બનતું નથી. માટે ઇન્દ્રિય પોતે જાણનારી નથી. પરંતુ ઇન્દ્રિયો દ્વારા આત્મા જ જાણનારો છે. તેથી શરીર કે ઈન્દ્રિય આત્મા નથી, પરંતુ તેનાથી ભિન્ન સ્વતંત્ર આત્મા છે. તેવી જ રીતે પાંચે ઈન્દ્રિયો પોત-પોતાના વિષયને જ જાણે છે, જ્યારે અંદર રહેલો આત્મા પાંચે વિષયનું જ્ઞાન ધરાવે છે. તેથી પાંચ ઈન્દ્રિયોથી ભિન્ન એવો આત્મા દ્રવ્ય છે.

પુદ્ગલના રૂપ-રસાદિ ગુણો જાણીતા છે; એમાં કોઈ પણ એવો ગુણ નથી કે જે ચૈતન્ય તરીકે સાબિત થાય. ચૈતન્ય ગુણ એ સર્વ કોઈને સ્વાનુભવ સિધ્ધ છે. એ ગુણના ધર્મી તરીકે જે તત્ત્વ સાબિત થાય છે તે જ આત્મા છે. ચૈત્નયનું ઉપદાન મસ્તક સિધ્ધ થતું નથી, કારણ કે મસ્તક એ ભૌતિક છે અને ચૈતન્યના વેદનામાં નિમિત્ત માત્ર છે.

જેમ કે પૂર્વભવના શરીરનો ત્યાગ થવા છતાં તેમાં રહેલું જ્ઞાન અને જ્ઞાનવાળો આત્મા આ ભવમાં આવીને નવા ભવ સંબંધી શરીર રચના કરે છે અને તેવા પ્રકારની શરીર રચનાનું જ્ઞાન તેમાં વર્તે છે. તેથી તે પૂર્વભવના શરીરનો ત્યાગ કરીને વિજ્ઞાનપૂર્વક આવનારો જે પદાર્થ છે તે જ પદાર્થ શરીરથી ભિન્ન એવો આત્મા છે. જેમ કે પ્રથમ ક્ષણે બાળકને થતી સ્તનપાન અભિલાષા છે તે પૂર્વભવી વારંવાર ગ્રહણ કરાયેલા આહારની અભિલાષા છે. અને તે અભિલાષાવાળો પદાર્થ શરીરથી અન્ય છે અર્થાત્ આત્મા છે.

એવી જ રીતે એક જ માતાપિતાના સંતાનોમાં અથવા એક જ સાથે જન્મેલ યુગલમાં ડહાપણ, રૂપરંગ કે વર્તન વગેરેમાં ફરક

જોવા મળે છે, કારણ કે પૂર્વજન્મોપાર્જિત કર્મો અનુસાર રૂપરંગ, ડહાપણ વગેરે મળે છે. અર્થાત્ આત્મા પૂર્વભવના કર્મ સંસ્કાર બીજા ભવમાં સાથે લઈ આવે છે. જ્યારે શરીર નાશવંત છે. બીજા ભવમાં સાથે જતું નથી. એટલે જ કહી શકાય કે શરીરથી ભિન્ન એવો આત્મા દ્રવ્ય છે.

જેવી રીતે ભોજન ભોગ્ય હોવાથી તેનો કોઈ ભોક્તા છે. તેવી જ રીતે દેહાદિ ભોગ્ય હોવાથી તેનો પણ કોઈક ભોક્તા છે. તથા જેમ ઘર એ વ્યવસ્થિત તેના વિભાગોમાં સમૂહરૂપે છે તેથી તેનો કોઈક બાંધનાર માલિક છે તેમ શરીર પણ વ્યવસ્થિતપણે અવયવોના સંઘાતાત્મક છે. તેથી તે શરીરનો પણ કોઈક રચયિતા છે. અર્થાત શરીરથી ભિન્ન એવો આત્મા દ્રવ્ય સિધ્ધ થાય છે.

નોંધ : પરમ પૂજ્ય પુણ્યપાલસૂરિજી મહારાજ દ્વારા સંપાદિત 'આધ્યાત્મિક પ્રશ્નોત્તર'ના આધારે જવાબ આપ્યો છે.

જિનઆજ્ઞા વિરુધ્ધ કંઈ લખાયું હોય તો 'મિચ્છામિ દુક્કડં'

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ,
મુંબઈ - ૪૦૦ ૦૧૨.
મો. ૯૮૯૨૮૨૮૧૯૬

# ભાવ-પ્રતિભાવ

તંત્રી :- પ્રિય વાચકો, 'આપ અમ આધાર, અમ દાતાર.' વાચક વિના સામાયિકનું શું અસ્તિત્વ? આપના વધુને વધુ સૂચનો મળે તેવી અપેક્ષા તો છે. આપને શું ગમ્યું અને શું ન ગમ્યું તે જણાવતાં રહેશો. હવેથી દરેક અંક વિશે એક વિશેષ પ્રતિભાવક પોતાનો પ્રતિભાવ આપશે, એમ વિચાર્યું છે.

– આપની ઋણી તંત્રી સેજલ શાહ

## જીવનનો અર્થ સમજાવે તે સાહિત્ય

'પ્રબુદ્ધ જીવન'નો એપ્રિલનો અંક 'ગુરુ દૃષ્ટિએ ગ્રંથ-ભાવના' ઉત્તમ કોટીનો જ્ઞાનરસથાળ આપના સુજ્ઞ વાંચકોને મળ્યો છે, તે માટે શ્રી હર્ષવદનભાઈ ત્રિવેદી, ડૉ. પાર્વતીબેન ખીરાણી ને તેના પ્રણેતા ડૉ. સેજલબેન શાહને ખુબ ખુબ અભિનંદન. અંકના ટાઈટલ ગ્રાફિકથી જ સમજાઈ જાય કે આ અંકમાં કેવા કેવા ઉત્તમ આગમ ગ્રંથોનો પરિચય આપ્યો હશે, દરેક કૃતિના ઉત્તમ જ્ઞાનવાળા લેખકોએ સુંદર, સરળ ને સર્વગ્રાહી રીતે ગ્રંથોનો પરિચય આપ્યો છે કે જેથી વાંચનારને તેનો વિશેષ ઊંડો અભ્યાસ કરવાની તાલાવેલી લાગે. ડૉ. પાર્વતીબેનનાં જણાવ્યા મુજબ આ અંકમાં સમાઈ ના શકેલા બીજા ગુરુભગવંતોનાં લખાણ આવ્યા હોય તો હવે પછીનાં અંકમાં તેને સમાવશો, તેવી આશા-ઇચ્છા. આવા ઉત્તમ જ્ઞાનલક્ષી સમયાંતરે આપતા રહેજો.

લિ. ગૌતમ નવાબ
(અમદાવાદ)

●●●

પ્રબુદ્ધ જીવનમાં વિશેષાંકની સંખ્યા વધારવાથી માસિકની ઉપયોગિતા અને જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય છે. અંકના સૌજન્યદાતાની આર્થિક સહાયથી સંસ્થાને બોજારૂપ પણ નથી થતું. અન્ય વાચકોમાંથી પણ નવા સૌજન્યદાતાને પ્રેરણા મળશે અને વધારે સૌજન્યદાતા મળી રહેશે. ગ્રાહકોની સંખ્યા પણ વધશે.

વિશેષાંક માટે એક સૂચન છે કે વિષયને લગતાં પ્રકાશિત પુસ્તકોની યાદી સંદર્ભગ્રંથો-bibliography જો ઉમેરવામાં આવે તો સંશોધકોને-વિદ્યાર્થીઓને વધુ અભ્યાસાર્થે ઉપયોગી નીવડે. જો આ શક્ય ન હોય તો દરેક લેખને અંતે તેમાં ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથની માહિતી પણ ઉમેરશે તો ઉપયોગી થાય. દા.ત. વ્યાકરણ અંગેનો લેખ (પૃ. ૧૦૭) જે ખુબજ સરસ-વિચારનીય છે. તેના અનુસંધાનમાં ''જોડાક્ષર વિચાર'' નામનું પુસ્તક જે એક મહારાજસાહેબે લખેલ છે તેની વિગત હોય તો વધુ વાચનાર્થે ઉપયોગી થાય.

આવા ખાસ અંકોમાં જોડણી અને પ્રુફ રીડીંગ બરાબર થાય તે કાળજી રહે તો સારું મને ખબર નથી કે ક્યાં અંગ્રેજી શબ્દો હવે ગુજરાતીમાં સ્વીકાર્ય થયા છે પણ ''બુક'', ''રી-પ્રીન્ટ'', ''કોમ્પેરીંગ'', ''કોલમ'', ''રેડીમેડ'' (રેડીમેઈડ હોવું જોઈએ), જેવા શબ્દો લેખોમાં વાંચતાં આવ્યા છીએ. ''સિમ્બોલિક'' ''લોજીક કે બુલિય્ય એલજીબ્રા'' એટલે શું?

ઇમેઈલ દ્વારા અંક મોકલવાની વિચારણાનું શું પરિણામ આવ્યું તે ખબર નથી પણ જો તે રીતે મોકલાય તો વિદેશના કે બહારગામના ગ્રાહકોને ટપાલખાતાની વ્યવસ્થાની રાહ ન જોવી પડે. વેબસાઈટ પર અંક જો તરત જ મૂકાય તો પણ સારૂ થાય. અંક આ રીતે મૂકવામાં-વાચકો લવાજમ નહી ભરે તેવી બીક રાખવાની જરૂર નથી. જેને પરવડતું નથી, તેઓ તો લાયબ્રેરીમાં જઈને વાંચે જ છે. ઇમેઈલથી હું બીજાને એકવાર મોકલું છું. જેને ગમે તે લવાજમ ભરીને મંગાવશે.

લિ. પ્રકાશ મોદી (ટોરન્ટો) 4prakash@gmail.com

(તંત્રી : ભાઈશ્રી Symbolic અર્થાત પ્રતીકાત્મક, Logic અર્થાત તાર્કિક અને Boolean Algebra અર્થાત બુલિયન બીજગણિત. બુલિયન બીજગણિત ગણિતનું વિભાજન છે, જે તાર્કિક મૂલ્યો પર કામગીરી સાથે વહેવાર કરે છે.)

●●●

અત્યાર સુધી શિલ્પ અને સ્થાપત્યને નિહાળ્યાં છે અને માણ્યાં છે, પણ એનો જીવન સાથેનો સંબંધ અને એની રચનાનું કારણ મહત્ત્વ અને હેતુ સમજાતા નહોતાં! પ્રબુદ્ધ જીવનનો મે ૨૦૧૮નો અંક વાંચ્યા પછી શિલ્પ અને સ્થાપત્યના ગૂઢ રહસ્ય અને એનો જીવન સાથેનો સંબંધ જાણવા મળ્યો! કનુભાઈ, ડૉ. મધુસૂદન ઢાંકી, સોમપુરા અને કુમારપાળ દેસાઈના લેખ માણ્યાં. તમારો તંત્રીલેખ, જૈન ધર્મનું અને એનું શિલ્પ અને સ્થાપત્ય સાથેનું જોડાણ અને વર્ણન સુંદર છે! શિલ્પ અને સ્થાપત્ય ઉપરના અન્ય લેખ પણ માહિતીસભર અને રસપ્રદ છે! તમને અને કનુભાઈને હાર્દિક અભિનંદન!

**લિ. ગોપાલભાઈ ત્રિવેદી**

●●●

'પ્રબુદ્ધ જીવન'નો મંદિરોના શિલ્પ સ્થાપત્ય અંગેનો વિશેષાંક મળ્યો. પરંતુ, આપનું ધ્યાન ખાસ દોરવાનું કે, આ શિલ્પ સ્થાપત્યોની પાછળના તે વખતના જે વિચારો હોય તે વિચારસરણી શું હતી તે અંગે તમારા પ્રબુદ્ધજીવનના વાચકોમાંથી જે કોઈ જાણતાં હોય, તેમણે લખવું જોઈએ.

દા.ત. પાનાં ૭૪ ઉપર હઠીસિંહનાં જૈન મંદીરો અમદાવાદમાં છે, તેનો સરસ લેખ શ્રી મિત્તલ પટેલે લખ્યો છે, પરંતુ એ મંદીરો બંધાયા ત્યારે જૈન ધર્મની શું પરિસ્થિતિ હતી. કેટલા વિસ્તારમાં જૈન ધર્મ ફેલાયેલો હતો અને શા માટે હઠીસિંહના દેરા તે વખતના અમદાવાદની બહાર, આજે પણ અમદાવાદની ફરતે કોટની બહાર છે. અલબત્ત, તેની જાળવણી બહુ સારી રીતે થાય છે અને બહુ જોવાલાયક છે. તેમાં પણ કોઈ બેમત નથી. તેના ટ્રસ્ટીઓમાં આજે જે લોકો છે તેમાંથી કેટલાંકને હું જાણું છે અને મંદીર બાબત વાર્તાલાપ થાય છે.

મારો એક મુખ્ય પ્રશ્ન છે કે, એ મંદીરો જ્યારે થયા હોય ત્યારે તે બનાવનાર હઠીસિંહ કુટુંબના મનમાં એવું હતું કે પાલીતાણા જેવા તીર્થમાં લોકોને દુર જવું ન પડે અને અમદાવાદમાં જ પાલીતાણા જેવા મંદીરોના દર્શન થાય. એ દૃષ્ટિએ તે વખતે આ મંદીરો બંધાયા હશે એમ માનવાને પુરતું કારણ છે.

અલબત્ત, આજે અમદાવાદ શહેરની તે શોભા છે. હઠીસિંહના મંદીરોની ગણતરી થાય છે અને હઠીસિંહ કુટુંબના સંતાનો હજી પણ જીવે છે.

આ પ્રબુદ્ધજીવનનો વિશિષ્ટ અંક બહુજ ઉપયોગી છે. અને તેના કેટલાંક પ્રકરણોની નાની ચોપડી પણ કરી શકાય એમ છે. ડૉ. સેજલબહેનને વિનંતી કે, આ અંકમાં આવેલ મંદિરો અંગે નાની ચોપડીઓ પણ જો જૈન યુવક સંઘ છાપી શકે તો પ્રયત્ન કરવા જેવો છે, તે છતાં પ્રબુદ્ધજીવનને ખુબ ખુબ અભિનંદન.

**લિ. સૂર્યકાન્ત પરીખ - સ્વાતંત્ર્ય સેનાની**

●●●

Today I hv recd my copy of the issue. While I am dud in this arena, I am simply stupefied feeling the volume of your teams efforts, volumes of Beauty created and placed before us, layman as well knowledgeable.

I dare not say : keep it up. I say now take rest.

Kanu Suchak ne pranam.

**શ્રી કિર્તી શાહ**

---

## જ્ઞાનની બારી

આધુનિક શૈલીમાં જૈન પુસ્તકોનો વિશાળ ભંડાર જ્ઞાનની બારી નામે અમદાવાદમાં ખુલ્યો છે. શ્રુતપ્રેમીઓ ત્યાંની મુલાકાત લે અને પોતાની જ્ઞાન ક્ષુધા સંતોષી શકશે.

જી - ૧, લાભ કોમ્પ્લેક્ષ, સત્તર તાલુકા સોસાયટી,
નવજીવન, ઈન્કમટેક્ષ, અમદાવાદ ૧૪
સંપર્ક : ૯૪૦૮૩૭૧૨૦૬
gyannibari.com વેબ સાઈટ પર વધુ વિગતો મળશે.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એડ્રેસ લીસ્ટ અપડેટ કરી રહ્યા હોવાથી, વાચકોને વિનંતી છે કે આપનું નામ, નંબર, અને ગ્રાહક નંબર અમને જાણ કરશો. જેથી અમે આપના સંપર્કમાં આવી શકીએ. આપ અમને અમારા નવા મોબાઈલ પર મેસેજ અથવા ફોન કરીને તમારી વિગત જાણ કરી શકો છો.**

**મો. નં. ૯૧૩૭૭૨૭૧૦૯**

## બાબુલાલજી પી. સંઘવી (કે.પી. સંઘવી)ને શ્રદ્ધાંજલિ

જૈન શાસનના રત્નસમાન શ્રી બાબુલાલજી સંઘવીને નતમસ્તકે વંદન કરી શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ. સરળ, સહજ, જીવદયા પ્રેમી, શાસનસેવામાં પોતાને રત રાખનાર તરીકે સહુ તેમને ઓળખે છે. જીરાવાલા તીર્થના જીર્ણોધ્ધારમાં તેમની ભૂમિકા મહત્વની રહી છે. એ જ રીતે અનેક તીર્થોની ઐતિહાસિકતા જાળવી તેના જીર્ણોદ્ધારમાં મહત્ત્વની ભૂમિકા તેમને ભજવી છે. છરીપાલ સંઘ, અઠ્ઠમ તપ, ઉપધાન તપ ચાતુર્માસ આરાધના ઉપરાંત અનેક સામાજિક અનુકંપાના મહત્વના કર્યો તેમને કર્યા છે. એમને કરેલા જીવદયાના કાર્યો અત્યન્ત સરાહનીય છે. ગુરૂભગવંત પ્રત્યે તેમને અખૂટ સેવાની ભાવના હતી, માનવ સમાજ, જૈન સમાજમાં તેમના સામાજિક, ધાર્મિક અને અનુકંપાના કાર્યો વર્ષો સુધી યાદ રહેશે, તેમની ખોટ ન પૂરી શકાય એવી છે.

**સૌજન્ય : શ્રી મુકેશ જૈન**

## શાસન સમાચાર

### વિશ્વનો સૌથી વિશાળ વ્યાખ્યાગ્રંથ 'ગૂઢાર્થ તત્ત્વાલોક'

**૨૧મા વર્ષે ૪૦૦ શ્લોક પર ૯૦,૦૦૦ શ્લોકોની રચના.**

- જગતમાં બનતા ચમત્કારો પોતાનો ચમકારો દાખવીને થોડા સમયમાં વિલીન થઈ જતા હોય છે. પરંતુ જ્ઞાનના ક્ષેત્રે એ ચમત્કાર એવો હોય છે કે જે એકવાર પ્રગટ થયા પછી શાશ્વતકાળ પર્યંત ટકે છે.
- એવા એક ચમત્કારનું સર્જન માત્ર ૨૧ વર્ષની વય અને ૧૪ વર્ષનો દીક્ષાકાળ ધરાવતા પૂ. પ્રેમ - ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પૂ.આ.ભ.શ્રી યશોવિજયસૂરિજી મ.સા.ના શિષ્ય પૂ.મુ.શ્રી ભક્તિયશવિજયજી મહારાજે કર્યું છે.
- પૂર્વે સંસ્કૃત બુકના ૫ ભાગ બહાર પાડ્યા બાદ ખુબ ગહન, કઠિનતમ ગ્રંથ 'ગુઢાર્થ તત્ત્વાલોક' નામક અજૈન ગ્રંથને હાથમાં લઈ વિશિષ્ટ વિશાળ સર્જન કર્યું છે.

* લગભગ ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ લખાણ.
* ૧૪ જેટલા ભાગમાં મોટા વોલ્યુમ.
* અજૈન ગ્રંથ પર આટલું વિશાળ સાહિત્ય સર્જન.
* અન્યદર્શની ગ્રંથો પર Phd ડીગ્રીવાળા કરતાંય વધુ વખાણ.
* આટલા લખાણમાં ક્યાંય ભૂલને સ્થાન નહિં.

- માત્ર ૮ વર્ષની વયે દીક્ષા અને તે જ વખતે મોટું વિઘ્ન છતાં તેમાંથી પાર ઉતરીને આજે ૨૧વર્ષની વયે ખૂબ જ અકલ્પનીય સર્જન કરનાર મુનિશ્રીને શત શત વંદન.
- સંસ્કૃત ભાષાનો અભ્યાસ ઓછો થઈ રહ્યો છે અને તેમાં'ય નવ્યન્યાય જેવા ગ્રંથોનો અભ્યાસ તો ક્રમશઃ દુર્લભ બની રહ્યો છે ત્યારે મુનિશ્રીએ આ અજોડ સેવા કરી છે.
- સામાન્ય રીતે ન્યાય ગ્રંથોનો અભ્યાસ જૂજ સાધુઓ અને વિદ્વાનો પર્યંત જ સીમિત છે. એની જટિલતાને પાર પામવી અઘરી છે. આવા સમયે આવું ઐતિહાસિક કાર્ય કરીને મુનિશ્રીએ સમાજમાં નવો માપદંડ રચ્યો છે.
- એમના ગુરુદેવ પૂ. આ.ભ.શ્રી યશોવિજયસૂરિજી મહારાજે ષડ્દર્શનોના લગભગ બધા જ ગ્રંથોનો અભ્યાસ જ નહીં પણ સમન્વય કર્યો છે. આવા દિગ્ગજ ગુરુદેવની નિશ્રામાં રાજકોટ મુકામે પ્રસ્તુત ગ્રંથનું વિમોચન ગત મહિને થયું હતું.
- શ્રીમતિ અમીબેન-નયનકુમારના કુલરત્ન ધવલકુમારમાંથી ભક્તિયશવિજયજી મ. બનેલા મુનિશ્રી તરફથી આવા જ ગ્રંથો જગતને મળતા રહે એ જ શુભાશા.


## જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ

**મુંબઈ યુનિવર્સિટી : ડિપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી**

પાર્ટ ટાઈમ સર્ટિફિકેટ કોર્સ અઠવાડિયામાં એક દિવસ ફક્ત ચાર કલાક.

- એક વર્ષ કોર્સની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૬૫૦.
- સરળ ભાષામાં ફિલોસોફીની સમજ.

(અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં ઉત્તપ પત્રિકા)

**મરીન લાઈન્સ :** શકુંતલા સ્કૂલ : દર ગુરૂવાર બપોરે ૩ થી ૭
એડમિશન સંપર્ક :
ભરત વિરાણી : 9869037999, રૂપલ શાહ : 9967061303

**બોરીવલી (વેસ્ટ) :** એમ.કે. સ્કૂલ : દર રવિવાર સવારે ૯ થી ૧
એડમિશન સંપર્ક :
જયશ્રી દોશી : 9323761513, પારૂલ શાહ : 8898965677

**ઘાટકોપર (ઇસ્ટ) :** રામજી આશર સ્કૂલ : દર રવિવાર સવારે ૯ થી ૧
એડમિશન સંપર્ક :
રિતેશ ભાયાણી : 9867209804, પ્રીતિ દોશી : 9833137356

**સાંતાક્રુઝ (ઇસ્ટ) :** કલિના યુનિવર્સીટી કોમ્પલેક્સ : દર શનિવાર બપોરે ૧ થી ૫
એડમિશન સંપર્ક :
મહેન્દ્ર ધોલકિયા : 9820856535, મુકુંદ મણિયાર : 9820233138

સમગ્ર કુટુંબ, ખાસ કરીને યુવા વર્ગ સાથે કરવા જેવો અભ્યાસ. ૧૯૯૬ થી ચાલતા આ કોર્સમાં અત્યાર સુધી આશરે ૪૫૦૦ વિદ્યાર્થીએ લાભ લીધેલ છે.

કોર્સ કરવા માટેની લાયકાત : જુનું એસ.એસ.સી. (11th Matriculation) અથવા એચ.એસ.સી. પાસ, એડમિશન ફોર્મ સાથે લાસ્ટ એજ્યુકેશન સર્ટિફિકેટની ઝેરોક્ષ કૉપી, મેરેજ સર્ટિફીકેટની ઝેરોક્ષ કૉપી (ફક્ત મહિલાઓ માટે) અને બે કલર પાસપોર્ટ સાઈઝ ફોટો આપવા જરૂરી છે.

**એડમિશન ફોર્મ મેળવવાના સેન્ટર**

(૧) મુકુંદ મણિયાર, અરિહંત પેપર કંપની, ૪૩, બી.એમ.સી. માર્કેટ, બેપટિસ્ટા રોડ, વિલેપાર્લા (વે.), મુંબઈ - ૪૦૦૦૫૬.
મો. ૯૮૨૦૨૩૩૧૩૮, સમય : ૧૨થી ૬, સોમવાર થી શનિવાર

(૨) લબ્ધી ફાયનાન્સ : શામલ માન્ઢરે, ૧૦૪-૧૧૧, ભાવેશ્વર માર્કેટ, પુજા હૉટલ પાસે, એમ.જી.રોડ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭.
ફોનઃ ૨૫૦૨૯૨૦૦, સમય :૧૦ થી ૧ તથા બપોરે ૨ થી ૫ સોમવાર થી શુક્રવાર

(૩) જયશ્રી દોશી, દોશી મેટરનીટી એન્ડ નર્સીંગ હોમ, માણેક નગર, પંજાબી ગલી, બોરીવલી (વે), મુંબઈ - ૪૦૦૦૯૨.
મો. ૯૩૨૩૭૬૧૫૧૩, સમયઃ સવારે ૧૦ થી ૧ સોમવાર થી શનિવાર

(૪) ભરત વિરાણી, બી.એ.ફાર્મા, ૫૬/૯, પોપટવાડી લેન, ૧લે માળે, હનુમાન મંદિરની સામે, કાળબાદેવી પ્રીન્સેસ સ્ટ્રીટ જંક્શન, મુંબઈ- ૦૨
મો.: ૯૮૬૯૦૩૭૯૯૯ સમય : ૧૨ થી ૬ સોમવાર થી શનિવાર

**એડમિશન ફોર્મ અને ફી ભરવાનું સેન્ટર : ડિપાર્ટમેન્ટ ઓફ ફિલોસોફી, સંત જ્ઞાનેશ્વર ભુવન, યુનિવર્સિટી ઓફ મુંબઈ, કલિના, સાંતાક્રુઝ (ઇ), મુંબઈ - ૯૮. તારીખ : ૩૦ જુન અને ૭ જુલાઈ ૨૦૧૮ સવારે ૧૯ થી બપોરે ૩ કલાકે (By Cash Only)**

# ડૉ. કલાબેન શાહ - સ્મરણાંજલિ

## ડૉ. રેખા વોરા

**(ડૉ. કલાબેન શાહ 'પ્રબુધ્ધ જીવનમાં' ૧૬મી ફેબ્રુઆરી ૨૦૦૭ થી સર્જન સ્વાગત વિભાગમાં લખતાં હતાં. અનેક વિવિધ પુસ્તકોની માહિતીથી તેમને અંકને સમૃધ્ધ કર્યા છે. પરમ આદરણીય ડૉ. ધનવંતભાઈ શાહના તંત્રીલેખ વિષયક બંને પુસ્તકોનું સંપાદન પણ એમને જ કર્યું તેમના દેહવિલયથી 'પ્રબુધ્ધ જીવન' પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે, ડૉ. રેખાબેન વોરા એ મારી લાગણીને માન આપી પ્રસ્તુત શ્રધ્ધાંજલી તરત જ શબ્દાંકીત કરી આપી માટે હું તેમની આભારી છું. - તંત્રી સેજલ શાહ)**

જીવનભર વિદ્યાઉપાસના કરનાર વિદુષી ડૉ. કલાબેન શાહે ટૂંકી માંદગી બાદ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. પરંતુ એમની એકનિષ્ઠ વિદ્યાઉપાસના કદી પણ ભૂલાશે નહીં.

જૈન યુવક સંઘના સઘળા કાર્યોમાં એમનો ઉમદા સાથ અને સહયોગ રહ્યો હતો અને જીવનના અંતકાળ સુધી પ્રબુદ્ધ જીવન માટે 'સર્જન-સ્વગત' કોલમ હેઠળ પુસ્તકોની સમીક્ષા લખતાં રહ્યા હતા.

આવી વિદુષીનો જન્મ ૧૯મી નવેમ્બર ૧૯૩૮માં માતા સુભદ્રાબેનની કુક્ષીમાં બારેજામાં થયો હતો. પિતાશ્રીનું નામ મનુભાઈ હતું. માત્ર એક વર્ષની નાની ઉંમરે માતાનું છત્ર ગુમાવ્યું. બાળપણની શરૂઆતના વર્ષો મોસાળ બારેજા (ગુજરાત)માં વીત્યા થોડા જ સમયમાં નવી માતા આવી. આ નવી મા વિષે 'જ્ઞાન સાગરના મોતી ભાગ-૧'ના અર્પણમાં લખ્યું છે કે, ''મને ક્યારેય માની ખોટ સાલવા ન દેનાર મારી પ્રેરક અન્નદાત્રી પાલક માતા, પુજ્ય તપસ્વી 'વસુબા'!''

જીંદગીમાં એમને બે જણ સૌથી વધુ વહાલા, એક વસુબા અને બીજા વસુબાના પુત્ર સ્વ. અતુલભાઈ! જીવનના અસ્તાચળ સુધી તેઓના અંતિમ સંસ્કાર સુધી તેઓની સેવા-સુશ્રુષા કરી. આ બન્નેના કારણે જ કલાબેન આજીવન એકલા હોવા છતાં તેમનું રોજીંદુ જીવન હર્યું ભર્યું હતું.

કલાબેને ગુજરાતી વિષય સાથે એમ.એ. કર્યું હતું અને એમના જ સ્વાધ્યાયી હતા. આપણા સૌના ખૂબ લાડીલા - આદરણીય એવા પ્રબુદ્ધ જીવનના ભૂતપૂર્વ તંત્રી સ્વ.ડૉ. ધનવંતભાઈ શાહ જેમને યાદ કરતાં આજે પણ મારું મન અહોભાવથી ગદ્‌ગદ્ થઈ જાય છે. કલાબેન, ધનવંતભાઈ, કિશોરભાઈ પારેખ સાથે મળતાં ત્યારે તેમની વચ્ચેની પ્રગાઢ મિત્રતાની સાક્ષી બનવાનો મને અમુલ્ય લાભ મળ્યો હતો.

કલાબેને ૧૯૮૧/૮૨ માં પીએચ.ડી. માટે સંશોધન કાર્ય આરંભ્યું. તેમનો વિષય હતો, 'કવિ વિદ્યારુચિકૃત - ચંદરાજાનો રાસ'.

ફરી પાછો યોગસુયોગ જુઓ! એમના પી.એચ.ડી.ના માર્ગદર્શક હતા - પ્રબુદ્ધ જીવનના તંત્રી, જૈન સાહિત્યના મહાન વિદ્વાન વિદ્વતવર્ય સ્વ. શ્રી રમણભાઈ શાહ. રાસા સાહિત્ય પર મહાનિબંધ લખવાનો વિચાર કલાબેનને કેવી રીતે આવ્યો? તે વિષે મહાનિબંધની પ્રસ્તાવનામાં તેઓશ્રી જણાવે છે કે, ''મધ્યકાલીન જૈન સાહિત્યની હસ્તપ્રત લઈ તેના વિષે સંશોધન કરવાનો વિચાર મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત મહુઆ (સૌરાષ્ટ્ર)ના જૈન સાહિત્ય સમારોહ દરમ્યાન આવ્યો.'' તે પ્રસંગ મારા જીવનનો અવિસ્મરણીય પ્રસંગ બની ગયો. જૈન સાહિત્યના વટવૃક્ષ સમાન મહાનુભાવો માનનીય મુરબ્બી શ્રી અગરચંદ્રજી નાહટા, ડૉ. દલસુખ માલવણીયા, ડૉ. શ્રી ભોગીલાલ સાંડેસરા, ડૉ. હરિવલ્લભ ભલાણી, ડૉ. રમણભાઈ શાહ, પ્રૉ. તારાબેન શાહ વગેરેની જૈન સાહિત્ય વિષયક ચર્ચા વિચારણાનું રસપાન કર્યું. તે શુભ ઘડીએ હસ્તપ્રત પર સંશોધન કાર્ય કરવાનો વિચાર આવ્યો. ડૉ. રમણભાઈ સાથે ચર્ચા વિચારણા કરી તેમના માર્ગદર્શનમાં આ કાર્ય શરૂ કર્યું અને અઢી વર્ષમાં પૂર્ણ કરી ઈ.સ.૧૯૮૪માં પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી. આમ ૪૬ વર્ષની ઉંમરે ડૉ. કલાબેને પીએચ.ડી.ની માનદ્ ડીગ્રી પ્રાપ્ત કરી.

મુંબઈની પરેલસ્થિત મહાનંદ કોલેજમાં ૧૯૬૫માં પ્રાધ્યાપક તરીકે જોડાયા અને ૧૯૯૮ સુધી અર્થાત્ ૩૩ વર્ષ સુધી ત્યાં અધ્યાપન કાર્ય કર્યું. મુંબઈ યુનિવર્સિટીના એમ.એ.ના વિદ્યાર્થીઓને ૨૫ વર્ષ સુધી ભાષાવિજ્ઞાન અને અપભ્રંશ વ્યાકરણ શીખવ્યું.

ડૉ. કલાબેને વર્ષો સુધી કોલેજ અને યુનિવર્સિટીમાં ગુજરાતી સાહિત્યના પ્રાધ્યાપિકા તરીકે કાર્ય કર્યું. તેમાં પણ એમનો સવિશેષ અભ્યાસ રહ્યો, ભાષાવિજ્ઞાનના વિષયમાં. પરંતુ અધ્યાપન કાર્યના અંતના વર્ષોમાં એમને રસ પડ્યો જૈન સાહિત્યમાં. જૈન વિષય વસ્તુને લઈને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કર્યા પછી એમના લેખનકાર્યનો મુખ્ય વિષય જૈન ધર્મ વધુ રહ્યો. માતબર ગુજરાતી દૈનિક 'ગુજરાત સમાચાર'માં દર ગુરૂવારે આવતી 'જૈન જયંતિ' કોલમનું સંપાદન ઈ.સ. ૧૯૮૮ સુધી કર્યું અને પર્યુષણ પર્વ નિમિત્તે દસ દિવસની વિશેષપૂર્તિ પ્રગટ કરતા હતા.

મુંબઈના સૌથી જુનાં, સૌથી વધુ વંચાતા દૈનિક 'મુંબઈ સમાચાર'નાં તંત્રી પીંકીબેન દલાલે ઈ.સ. ૨૦૦૧ના માર્ચ મહિનાના 'આચમન'ના પાના ઉપર 'આચમન'ની કોલમમાં જૈન ધર્મ વિષયક લેખો લખવાનું કાર્ય ડૉ. કલાબેનને સોંપ્યું. સતત બે વર્ષ સુધી જૈન ધર્મ, દર્શન, તત્ત્વજ્ઞાન, સાહિત્ય અને અન્યધર્મનો

તુલનાત્મક અભ્યાસ ઈત્યાદિ, વિષયો પર લેખો લખ્યા. આ કોલમમાં જૈન અને જૈનેતર વાચકોને રસ પડ્યો અને એક વિચારચાહક વર્ગ ઉત્પન્ન થયો.

વાચકોના અપ્રતિમ પ્રતિસાદના પરિણામે આગમના નેવુ જેટલા લેખોને ગ્રંથ સ્વરૂપે પ્રગટ કર્યા. એટલે કે 'જ્ઞાન સાગરના મોતી' સ્વરૂપે. આ લેખોની હારમાળામાં જૈન ધર્મનો ઉદ્ગમ-વિકાસ, પ્રથમ તીર્થંકર શ્રી ૠષભદેવ, તીર્થંકરોનાં પરિચયથી લઈને પ્રભુ મહાવીર, તેમના સિદ્ધાંતો, જૈન દર્શનના કર્મ લેશ્યા સંલેખના, મૌન, તપ, દાન, પુનર્જન્મ, જાતિ સ્મરણ જ્ઞાન, આચારનું મહત્ત્વ, પ્રાકૃત અને અર્ધમાગધી ભાષા, જૈન રાસા, જૈન કવિઓની કવિતામાં વસંત - ફાગ અને હોરી - પ્રભુ મહાવીરની સહધર્મિણી યશોદાથી લઈને સીતાનું પાત્રાલેખન અને સતી દ્રૌપદી, અન્ય ધર્મોની તુલાનામાં 'જૈન ધર્મમાં નારીનું સ્થાન' એવા અનેકાનેક લેખોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

'જૈન ધર્મની પ્રમુખ સાધ્વીજીઓ અને મહિલાઓ' આ પુસ્તકમાં જૈન ધર્મમાં નારીની ગરિમાનો અહેસાસ કરાવવામાં આવ્યો છે. જ્યાં નારીની પુજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ થાય છે. જૈન ધર્મ શ્રમણ પરંપરાનો એક ભાગ છે. તેમાં સ્ત્રી અને પુરુષની સમાનતા પર ભાર મૂકવામાં આવ્યો છે. આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે કે 'જે સ્ત્રી ધર્મ શ્રદ્ધાને કારણે કામાગ્નિથી પ્રતિભૂત થતી નથી તે સ્ત્રી પૂજાય છે, પૂજનીય છે, વંદનીય છે, તે સરસ્વતી છે, શ્રુતદેવતા છે, પરમ પવિત્ર સિદ્ધિ, મુક્તિ, શિવગતિ છે.' આવા નારી રત્ન સમાન સાધ્વીજીઓ, સતીઓ અને શ્રાવિકાઓનો પરિચય આ પુસ્તકમાં આપેલ છે.

ડૉ. કલાબેન પીએચ.ડી. થયાના ૨૭ વર્ષ બાદ એમનો મહાનિબંધ ગ્રંથ સ્વરૂપે પ્રગટ થયો.

'કવિ વિદ્યારુચિકૃત - ચંદ્ર રાજાનો રાસ', એક અધ્યયન.

આપણામાંથી ઘણા આ ગ્રંથના વિમોચનના સાક્ષી રહ્યા છીએ, કારણ ભગવાન મહાવીરના જન્મકલ્યાણકના શુભ દિવસે જૈન ધર્મના આંતરરાષ્ટ્રીય ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવકવાણીમાં ગુરૂ ગૌતમના જીવન અને ચિંતન વિષેના પ્રવચનોની અસ્ખલિત ધારા વહી રહી હતી અને તેમના હસ્તે વિમોચન થયું હતું, પ્રકાશન શ્રી મુંબઈ યુવક સંઘ દ્વારા થયું હતું. આ ગ્રંથની પ્રકાશકીય નોંધમાં ડૉ. ધનવંતભાઈ લખે છે કે 'આ મહાનિબંધની વિશિષ્ટતા અને સંશોધન રસાસ્વાદની રીતિમાં તો છે જ પરંતુ બીજી એક વિશિષ્ટતા એની ભાષાશૈલીમાં છે. ભારેખમ ભાષાને સંશોધનકારે ગૌરવપૂર્વક દૂર રાખી છે. સરળભાષામાં કૃતિનો અને કૃતિના હાર્દમાં રસાસ્વાદ કરાવ્યો છે. જે વાચકના ચિત્તમાં ગળ્યા શીરાની જેમ જલ્દી ઉતરી જઈ ચિત્તના ચેતનતંત્રને રસમાં તરબોળ કરી દે છે.'

આ ગ્રંથમાં કુલ પાંચ પ્રકરણો છે (૧) રાસાનું સ્વરૂપ અને વિકાસ (૨) રાસાનું વિવરણ (૩) રાસાની સમાલોચના (૪) રચાયેલા રાસાઓની સરખામણી (૫) મધ્યકાલીન સાહિત્યમાં ચંદ રાજા વિશેની અન્ય કૃતિઓ.

અન્ય પ્રકાશિત ગ્રંથોની યાદી :-

- પ્રથમ પુનિત પદાર્પણ
- સદ્ભાવનાના સેતુ
- પરમધ્યેયને ધ્યાવો
- રત્નવંશના ધર્માચાર્યો (હિંદીમાંથી અનુવાદ)
- સંપ્રતિ રાજા
- વીરાગની મસ્તી - શ્રી મયણાશ્રીજી મહારાજ સાહેબ રચિત કથાઓ (સંપાદન)

જૈન વિશ્વકોશમાં પૂર્વાચાર્યો - આચાર્યો અને અન્ય વિષયો પર અધિકરણો લખ્યાં છે.

આ સિવાય પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચનો આપતા હતા. ઈ.સ.૧૯૮૫માં મુંબઈ જૈન સંઘ આયોજિત સ્પોન્સોરશીપ પ્રોગ્રામમાં યુરોપના દેશોનો પ્રવાસ કર્યો હતો. ઈ.સ.૧૯૮૭માં એમ.ડી. કોલેજમાં ખાંતિલાલ લાલચંદ શાહ જૈન લીટરરી એન્ડ ફીલોસોફિકલ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી. તેઓ ઈ.સ.૧૯૭૭ થી ૨૦૦૦ સુધી મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા સી.ઈ.એમ. અને સી.ઈ.ઓ. તરીકે નિમણુક થયા હતા. તેમને જૈન ગુજરાતી પત્રકાર સંઘનો ૨૦૦૨ પ્રથમ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

ડૉ. કલાબેનની આ બધી સિધ્ધિઓ તો હતી પરંતુ સવિશેષ એક હતી, મુંબઈની યુનિવર્સિટીના પીએચ.ડી.ની પદવી માટે સંશોધનકર્તા વિદ્યાર્થીઓના ગાઈડ તરીકેની. તેમના માર્ગદર્શન હેઠળ ૨૯ વિદ્યાર્થીઓ આ પદવી પ્રાપ્ત કરી ચુક્યા છે. તેમાંથી ત્રણ સાધ્વીશ્રીઓ છે -

(૧) સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી જસુબાઈ મહાસતીજી જેમણે શ્રી આનંદઘનજી વિષય સાથે ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી છે.

(૨) શ્વેતાંબર સંપ્રદાયના સાધ્વીજી શ્રી વૃત્તિયશાશ્રીજી જેમણે 'જૈન કથા સાહિત્ય' - એક અધ્યયન.

(૩) શ્વેતાંબર સંપ્રદાયના સાધ્વીજી શ્રી ચૈત્યયશાશ્રીજી મ.સા. જેમણે 'માહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી રચિત સમકિતના ૬૭ બોલની સજ્ઝાય' - એક અધ્યયન

(૪) શ્રી સાગરચંદ્ર સાગર સુરીશ્રીજીના શિષ્યરત્ન શ્રી વૈરાગ્યરત્ન શ્રીજી મ.સા. :- પુજ્ય આગમોધારક પૂજ્ય સાગરજી મ.સા.નું સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્ય - સાહિત્ય દર્શન.

બાકીના છવીસમાંથી બે ભાઈઓ અને ચોવીસ બહેનોના તેઓ

માર્ગદર્શક (ગાઈડ) રહ્યા હતા. આ બધાના વિષયો પણ વૈવિધ્યસભર હતા. જેવા કે, નવકારમંત્ર, જીવવિચાર - એક અધ્યયન, વૃત્તવિચાર રાસ - એક અધ્યયન, જીન ભક્તિ, શત્રુંજય મહાતીર્થ, ચૈત્યવંદન, જૈન ધર્મની નારીઓ, સજ્ઝાય સાહિત્ય, પુજા સાહિત્ય, આચાર્યશ્રી ધર્મસુરિશ્વરજી, આચાર્ય બુદ્ધિસાગર સુરીશ્રીજી, જૈન સ્તોત્ર સાહિત્ય અને ભક્તામર સ્તોત્ર, નેમ રાજુલ ઈત્યાદિ વિષયોનો સમાવેશ થાય છે.

વિશેષમાં કાંદીવલી - મુંબઈના ૮૦ વર્ષની ઉંમરના વૃદ્ધ યુવાન એવા સ્વ. શ્રી હિંમતભાઈ શાહને 'શ્રી ધર્મસુરિશ્વરજી મ.સા.'પર સંશોધન કાર્ય કરાવી પીએચ.ડી.ની પદવી અપાવી ગૌરવવંત કર્યા હતા.

ઉપરોક્ત ૨૯ વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થીનીનો મહાનિબંધ ગ્રંથ તરીકે પ્રકાશિત થયો ત્યારે એના વિમોચન પ્રસંગે પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈએ કહ્યું હતું કે ''ડૉ. કલાબેનની ચીવટ, સંશોધન અને અભ્યાસીને માટે સતત જાગૃતિ અને વિદ્યાર્થીઓને સતત સહયોગ આપવાની વૃત્તિ વિદ્યાજગતમાં બહુ વિરલ જોવા મળે છે. આ કારણે ઘણી ગૃહિણીઓએ એમના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. એ ગૃહિણીઓનો અત્યારે જૈન ધર્મનો ઉંડો અભ્યાસ ચાલે છે અને 'વક્તવ્ય' આપે છે.''

આવી વિરલ વિભૂતિ ડૉ. કલાબેન શાહના ચરણોમાં કોટિ કોટિ વંદન.

❑❑❑

પીએચ.ડી. જૈન સ્તોત્ર સાહિત્ય અને ભક્તામર સ્તોત્ર
પુસ્તકો (૧) ભક્તામર તુભ્યં નમઃ (૨) આદિ તીર્થંકર ઋષભદેવ
મો. ૯૮૨૦૮૨૪૨૮૧

## હું તો આત્મા છું...

હું તો આત્મા છું જડ શરીર નથી
આ દેહ સ્મશાનની ભસ્મનો ઢગલો
વિખરે પળમાં ઠોકરથી ...... હું તો.....

કામ ક્રોધ મદ લોભ ને મત્સર
મોહ તણા ષડરિપુ અગોચર
હણવા છે હણનાર નથી ... હું તો....

આવ્યો હતો હું ખાલી હાથે
જઈ ના શકું કંઈ લઈને સાથે
આ કર્મ નો ધર્મ હું સમજ્યો નથી ... હું તો...

૧૨૫ મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે કલાપ્રતિષ્ઠાન દ્વારા કલાગુરુ રવિશંકર રાવળ ભાગ - ૧ અને ૨ કલાગ્રંથ સ્વરૂપે ભાગ ૧૮ અને ૧૯ માં ૫૬૮ પેજના દસ્તાવેજીકરણમાં સ્થાન પામ્યા. ગુજરાતના કલાકારો કલાભાવકો સુધી આ કલાગ્રંથો પહોંચતા ઘણી બધી માહિતી કલાપ્રતિષ્ઠાનને મળી અને આ સંપાદન પછી પણ ઘણી બધી માહિતી આપણે સંપાદિત કરી શક્યા નહોતા. આખરે મજબૂત મનોબળ સાથે ભાગ-૩ કરવાની સંકલ્પના લીધી. કુમારકોશના પ્રણેતા અને કલાવિવેચક આદરણીય મિત્ર રમેશ બાપાલાલ શાહે ખોખારો ખાઈને આ કાર્ય પૂર્ણ કરવાની હિંમત આપી. કલાયાત્રા આગળ વધી અને અનેક કલાસાધકો આ સંપાદનયાત્રામાં જોડાતા ગયા. વત્સલ પિતાના સંસ્મરણો - કનક રાવળ સાહેબે અમેરિકાથી મોકલી આપ્યા. લાભુબેન મહેતા સાથે કલાગુરુ રવિશંકર રાવળની કલાવિષયક પ્રશ્નોત્તરીથી સુંદર મજાનું ભાથું મળ્યું. કવિ પ્રદીપ સાથેના કલાગુરૂના મહત્ત્વના પ્રસંગો- સુપ્રસિદ્ધ સાહિત્યકાર રજનીકુમાર પંડ્યા એ આપ્યા. હાજીમંહમ્મદ અને રવિશંકર રાવળના સુભગ સમન્વયનો ચિંતન લેખ ગુજરાતમિત્રની અક્ષરની આરાધનાના કટાર લેખક ડૉ. કિશોર વ્યાસ તરફથી મળ્યો. સાથે અનેક ત્વરાલેખનો, રંગીન કલાકૃતિઓમાં વિદ્યાનગરના ચિત્રકાર અજીત પટેલ સહયોગી બન્યા. રવિશંકર રાવળનો કુલુ પ્રવાસ ''દીઠાં મે નવા માનવી'' એક શાંતિ અને સંસ્કારયાત્રા ચિત્રકલા સોપાનમાં ચિત્રકાર કનુ પટેલ અને ચિત્રકાર નટુ પરીખ સહયોગી બન્યા. રમેશભાઈનું કુમાર માટેનું અનન્ય ચિંતન અને મંથન એટલું જ મજબૂત પૂરવાર થયું. સાથે ભાવનગરના અગ્રણી ઉદ્યોગપતિશ્રી સંતોષભાઈ કામદારનું કર્મભૂમિ એ કલાગુરુની જન્મભૂમિનું તર્પણ ગુજરાતના કલાજગત માટે સાંસ્કૃતિક અનુષ્ઠાન બન્યું.

કલાગ્રંથ ભાગ- ૨૦માં ૩૦૬ પેજમાં સંપાદન પામ્યું એટલે ૯ના આંકડા સાથે પૂર્ણતા પામ્યું છે. આગામી દિવસોમાં આ કલાગ્રંથ ભાગ ૨૦નું ભવ્ય લોકાર્પણ કરીને ગુજરાતના ૧૦૦૦ કલાસાધકોને મહાપ્રસાદના ભાવથી નિઃશુલ્ક અર્પણ કરવામાં આવશે. અક્ષત કંકુથી ઓવારણા લઈને વધાવી લેજો... ધન્યવાદ...

# The True Perception... The Right Faith.. "Samayk Darshan"

Prachi Dhanvant Shah

Recently, while driving down the road, I read a beautiful quote on a hoarding. It said, "Life isn't about waiting for the storm to pass, but it is learning to dance in the rain". After I read this, I had an intense interrogation with myself. Several questions and this quote gave me every answer to it. We are given this life and are born on this universe for a reason. For all of us, this reason would be variable. But this reason possibly would be defined and justified by ourselves. Amongst all, a bit of a reason is to sustain right faith ( *Samyak Darshan* ) towards our religion and in accordance with this ideal jewel, experience the bliss to the path of liberation. And when we learn to relish in this shower of right faith, one can never be unhappy and distressed in life. Because the intensity of *Samyak Darshan* would keep our soul connected intensely to Tirthankar Bhagwaan and teachings of Mahavira. It is ideally insistent to keep our faith strong to rave blissfully during the fractional downpour of life and not to be shaken by its harsh intensity.

One who understands Jainism and constraints right faith towards this religion is the one who would be a blissful soul always. Ratnatarya, the three Jewels of Jainism – Right Faith (*Samyak Darshan* ), Right Knowledge (*Samyak Gyan*) and Right conduct ( *Samyak Charitra* ) are the upwellings to the path of liberation. This element is distinctly cited in the very first shloka of sacred Jain text – ***Tattvârthasûtra***. Allow me to put forth my ideology about Samayak Darshan, the true perception, the right belief. But before that, I would like to reconnoiter the benefits we would acquire through right faith. It is our human nature that unless we do not see any benefit out of it, we would not be inclined towards it wholeheartedly. In this worldly era of loss and profit, it is very much factual of a human nature to personify advantages and disadvantages of any act he performs. But this would be ideally applicable to materialistic substances of this worldly life. How about something that gives you immense profit but costs you nothing? How about you achieve a lifelong benefit which is invaluable, precious and peerless without any give away and losses? Such an incomparable and esteemed gem is acknowledged as *Samyak Darshan* – Right Faith. In absence of *Samyak Darshan*, immense penance, enormous knowledge, everything is insignificant. If there is no existence of right faith within oneself, it is unfeasible to step up on to the path of liberation. Although, you procure right knowledge and right conduct in life, but if there is no right faith, everything else is of no implication and is insignificant. In other words, *Samyak Darshan* is an idyllic and initial commencement to the spiritual journey in one's life. Adoration to right faith in our daily life is invariably significant for every individual, who seek for Moksha and salvation.

The word *Samyak Darshan* – Right faith can be expressed in several theoretical and metaphysical definitions. But to articulate in correlation to today's century, I would input *Samyak Darshan* as a deep connection to oneself and achieve self-realization. An individual who is conscious of all his acts ceaselessly has Samyak dhrasthti, be it worldly or religious, is inevitable to attain Samyak Darshan. Every minute act one performs in his daily life if it is implemented with absolute vigilance and cognizance, *Samyak Darshan* is conceivable incontestably. He who never disconnects himself from his soul and is always connected to his subconscious mind. *Samyak Darshan* could be said as a conceptual correlation to your subconscious mind. What we restore in our subconscious mind, if it is with right faith and belief, it would undeniably augment your spiritual journey to the path of liberation. There exists a foreseeable ability within ourselves to enhance our subconscious mind and contour our soul as per our aspiration. Science proves this fact that our thoughts are powerful enough to bring things into existence and heal ourselves. To be precise and to put it in scientific term, "Placebo" effect is the scientific proof to this fact. What we think in our subconscious mind, is absorbed by the neurons of your body cells and mind, enforcing you to act and react subsequently in accordance with your

subconscious mind.

This can be idealized as the "life energy", which flows from above in your brain, down to your spinal cord, to inside your nerves and releasing it out to every organ, cells, and tissues. As a result, we act what our subconscious mind commands. Science proves that our conscious mind controls our brain only for 5% of the day, whereas, subconscious mind has a hold over our thoughts for 95% of the time. Hence if we are conscious of our actions and if our subconscious mind beholds right faith, everything else would fall right.

For instance, when a bird flies in the sky, his conscious mind is consistently working in search of a safe place or food, but his subconscious mind enforces him to fly high invariably. Similarly, when we are driving a car, we might be talking to a person sitting next to us or might be looking for directions, but our subconscious mind enforces us to use break and speed as and when needed. And at this point, if our subconscious mind is not alert, it might lead to disaster. In this life when we are endowed with this devout religion, Jainism, and if our subconscious mind is not connected with right faith, the lifelong journey of our soul, on the path of deliverance is futile. While conducting religious rituals, while performing penance, while gaining knowledge through literature and lecture, if we are not connected to our subconscious self, and do not pursue the same with adoration and sadhana, everything is insignificant. If we have right faith towards our religion, guru, spiritual teachings contributed by Tirthankar Bhagwaan, it will be emblazoned profoundly in our subconscious mind. And if our subconscious mind beholds resolute *Samyak Darshan*, our acts in this worldly and social life would be insightful.

To start with, whatever we do in our life, if we are deeply connected to ourselves, to our subconsciousness, we have acquired *Samyak Darshan*. It is very much natural in this worldly and busy life, to lose our mental control at times, we might get angry, but if at that time, our subconscious is alert and sends you signals of being calm, we have acquired *Samyak Darshan*. Whenever we converse with another person, at that point of time, if our speech is connected to consciousness, that is an example of adulation to *Samayak Darshan*. Ideally when you pursue these simple acts initially, deliberately you would retreat yourself from this social and worldly life, materialistic world would hold no prominence in your life, understanding religion with right faith, right knowledge, would lead you to right conduct and be pursuing the same would be an absolute ideology of your life achieving spiritual bliss. At this locus, you would not have to practice beholding *Samyak Darshan* but would be imbibed within *Samyak Darshan*, leading you to the path of salvation and liberation. One who attains the true perception of this meaningful life would embrace strong determination to acquire the connotation of right vision towards religion-Jainism without any doubts. And one with this true credence would have strong persuasion in nature of the soul leading to primary strides towards the route of liberation. This "One" could be "You", and then, "You" have accomplished your aspiration for this one consequential life. At the same time, you must also have absolute optimism and conviction in your own perception of truth. When you achieve this, your consciousness and awareness become immortal and sparkles brightly for rest of your life. This would be your way of life!! A Jain way of life!!

In this worldly life, there are facts which are known, and there are things unknown, and in between, there is a wide platform of perception. When this platform pageants right faith, right perception and right vision, through right knowledge, and strong determination, life would be elated and idyllic.

Aristotle once mentioned somewhere, "we are what we repeatedly do, excellence then is not an act, but a habit." Incessant rehearse of *Samyak Darshan*, with conviction towards Jain scriptures would eventually become a convention and the initial step towards dharma would certainly lead to the last stage of Moksha, sooner or later.

*"Faith is not something to grasp,*
*it is a state to grow into..."*

*- Mahatma Gandhi*

❑❑❑

49, wood ave, Edison, N.J. 08820
U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

# JAINISM THROUGH AGES

Dr. Kamini Gogri

**(Contd.)**

The achievements of Chamundaraya are indeed stupendous. Filled with visions of Jaina unity, he was instrumental in carving out the statue of Gommata, one of the engineering marvels of the world at Sravanbelagola. A great scholar, he was the author of *Charitrasara* in Sanskrit and *Chamundaraya Purana* or *Trishahti Lakshana Mahapurana* in Kannada prose thus setting the trend for celebrated works of literature by Jaina scholars. The period of the Gangas also witnessed literary activity in Sanskrit, Prakrit and Kannada. Notable among these are a translation of Gunadhya's *Vaddakatha* from Prakrit to Sanskrit as well as a commentary on *Kiratarjunaaya* by Durvinitha, a learned Ganga king.

The literary zeal of the Jains continued well into the age of the Rashtrakutas, covering not only religion but also embracing many secular branches of learning including mathematics and astronomy. Giant literary figures like Pampa, Ponna and Ranna, thrived under the enlightened rule of the kings of this dynasty. Pamapa's works included *Vikramarjuna Vijaya* also known as *Pampa Bharata*, giving a Jaina version of the *Mahabharata Adipurana*, narrating the story of Rishabadeva, the first tirthankara. Another Jain, Ranna, was the author of *Sahasra-Bhima-Vijaya*, describing the fight between Bhima and Duryodhana. *Neminatha Purana*, a history of the 22nd tirthankara, interprets the story of Krishna and the Pandavas the Jaina way. *Ganithasarasangraha* was a work on mathematics by Mahaveera, under the patronage of Amoghavarsha I. These are the names of but a few men of letters who adorned the court of the Rashtrakutas.

The fact that Jainism exerted considerable influence over the cultural life of Karnataka during the rule of the Rashtrakutas is borne by the fact that several *basadis* were erected for the further propagation of the religion in the State. Important among them is the Parsvanatha Basadi at Ron with its exquisitely carved grills depicting *gandharvas* in scroll work.

The vast inheritance of early and medieval Jaina architecture has been effectively carried into the modern world by Shri Veerendra Hegde by setting up a statue of Gommata at Dharmasthala near Mangalore. This statue is nearly 40ft high and has been carved by Ranjal Gopal Shenoy. To assert the fact that Karnataka has been and continues to be the adobe of Jaina art and architecture.

## LESSON - 8

**In this article we will study the spread of Jainism in Gujarat.**

Royal patronage of Jainism has a long history in Gujarat. By the third century BCE Jainism had become a popular religion, which once formed part of the fabric of the kingdom of Samprati. In the Gupta period Gujarat was the chief centre of Jainism in India. This is indirectly shown by the fact that the Svetambar canon was finally redacted at Valabhi 980 (or 993) years after Mahavira's liberation. An earlier council of ascetics under Nagarjuna also met at Valabhi in the 4th century CE, which coincided with the Mathura council. Literary evidences also suggest that Valabhi was the main centre of Jainism in Gujarat until its destruction by the Muslims in 787 CE (Chatterjee 1978: pp.108-109).

It was a Jain ascetic, Silagunsuri, who was instrumental in the establishment of the Patan kingdom in the 9th century CE. Almost all subsequent kings patronised Jainism, regardless of their personal allegiance. The golden age of royal patronage in Gujarat was during the kingdom of Siddharaj and Kumarpal, when not only were temples and *upashrayas* were built, but Jainism permeated the whole culture of Gujarat, an influence that continues till the present day.

Gujarat has always been associated with the *Tirthankara* Neminatha and other leading figures of Jain history such as the Digambar ascetic scholar Dharasena, and the Svetambar ascetic scholar Hemcandra. The great places of pilgrimage, Satrunjay **(Palitana)** and **Girnar** and Valabhi, where two councils of ascetics were held, are in Gujarat. Even Muslim rulers and their representatives sought the co-operation and support of Jains. The long history of royal patronage owes much to the honesty and integrity of a large number of Jain officials, who occupied senior

posts in the royal administrations. Many such officials, Jain merchants and bankers used their own resources to promote Jainism, and contributed generously to keep the heritage of **Jain art** and culture alive. This culture flourished under the British Raj because of religious freedom and generous help from Jain merchants and the wider **sangha.**

Jains believe that their 22nd **Tirthankara** (propagators of Jain religion) **Neminath** attained salvation on **Girnar** in Gujarat. Many other monks have also got salvation; especially on the holy mountains of Girnar and **Shatrunjaya**. The **Jain councils** were held in **Vallabhi** c. 5th century CE Their canonical scriptures were written down during this council. King **Vanaraja Chavda** (c. 720-780 CE) of the **Chavda dynasty** was brought up by a Jain monk named Shilaguna Suri.

**Jain temples** are found in Gujarat from as early as the 6th and 7th centuries CE. It was patronized by the **Chalukyas** and **Chavadas**. **Dhank Caves** (3rd-7th century CE) in Rajkot district has Jain Tirthankara carvings. Northern Gujarat became a principle centre of Jainism in the 13th century CE.

The earliest known **Old Gujarati** text *Bharat-Bahubali Ras*, was written by a Jain monk. Of the most important people in Gujarat's Jain history were the Acharya **Hemachandra** Suri and his pupil, the **Chalukya** ruler **Kumarapala**.

Jaina-faith did not ever get in any region of India such a great significance as in Gujarat. It is said that the 22nd Tirthankara, Aristanemi exerted his influence here, that he obtained Nirvana here and that many pious men got their salvation here on the holy mountains of Girnar and Shatrunjaya. The important position which Gujarat enjoyed early among Swetambaras could be clearly explained by the fact that the council met there in a place called Valabhi in the year 980 (993) after Mahavira's Nirvana. The "white-dressed creed" gave the final form to its holy scriptures in the council.

Rulers and those in power from various aristocratic Houses acted in **Gujarat** as the patrons of **Jainism**. King Vanaraja (circa 720-780) from Chavada dynasty is said to have been brought up by the Jaina monk Silaguna Suriin a forest before he became a king and, therefore, kept up also later his contact with the religion of the Tirthankaras. When he founded the city of Anahilvada Pattana, he got it dedicated according to the Jaina Mantras and embellished it with a temple in which he was himself represented as a worshipper of Parshvanatha.

Jainism had great patrons, above all, among a few kings from the Chalukya-dynasty (Solariki). Its founder Mularaja, although he was a Shaivaite had built a Jaina temple. The pious layman Vimala built in the year 1032 the famous Jaina temples on the splendid peak of **Mount Abu** during the reign of King Bhima (1022-1064). These temples have brought glory to Abu by their name Vimala-vasahi.

Jaina-faith in Gujarat experienced a boom in the following period, mainly due to the activity of the famous **Hemachandra**, the most significant writer brought to the fore by Swetambaras. Hemachandra was born in the year 1088 or 1089 in Dhandhuka in Gujarat as a son of a Jaina-businessman. Monk Devachandra who took notice of the intelligent boy, requested his parents that he should be allowed to take up his education; he initiated him in holy orders at his age of eight. At this time, he gave him the name Somachandra. Educated in all the branches of Jainism, the youth acquired significant knowledge on account of his extraordinary talent; he even made the Brahmanic learnedness completely his own. At his age of 21, he was ordained under the name Hemachandra as an Acharya (master) and successor to his teacher. His knowledge and his ready wit in conversation won him the friendship of King Jayasinha Siddharaja (1094-1143) from the Chalukya-dynasty. This prominent ruler, who became famous on account of his campaigns and buildings, was an enthusiastic friend of literature and philosophy. Although he himself was a believing Shiva-worshipper, he attracted 1 million monks to his palace in Anahilvada-Pattana.

When Jaysimaha died in 1143, his grand nephew **Kumarapala** succeeded him to the throne of Gujarat. Hemachandra got an important position also in his regime. Kumarapala then gave up enjoyment of meat and hunting and forbade in his empire slaughtering of animals, eating of meat and enjoyment of alcoholic drink and gambling. These measures, transforming Gujarat into a Jaina-Model-State, were carried out most strictly. The butchers had to give up their occupation for which they were compensated by an amount which was equal to their three year's income; the Brahmanas had to the animal sacrifice

by offerings of corns. Hemachandra appears to have understood in the cleverest manner to keep the ruler true to his vow, even then when it clashed with the inherited kingly duties.

Kumarapala visited many holy places of Jainas and embellished them with buildings; it is said that he got 32 temples erected as atonement for enjoyment of meat in which his 32 teeth had indulged before he was converted to Jainism.

Ajayapala, the nephew of Kumarapala had succeeded Kumarapala in the state of Gujarat. It is said that he was a fanatic follower of **Shaivism** and during his regime the Jains were prosecuted in the state.

Jainism experienced a great bloom under the Vaghelas who had come to power in the place of the Chalukyas in Gujarat at the beginning of the 13th century.

**To Be Continued In The Next Issue**

❑❑❑

76-C, Mangal Flat No. 15, 3rd Floor,
Rafi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

**પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો**

**રૂ. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂ. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂ. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧. | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨. | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩. | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪. | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫. | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬. | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭. | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮. | જિન વચન | ૨૫૦ |
| ૯. | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦. | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧. | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨. | પાસપોર્ટની પાંખે ભાગ-૧ થી ૩ | ૫૦૦ |
| ૧૩. | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા.૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૫. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | |
| | **ડૉ. કે.બી. શાહ લિખિત** | |
| ૨૬. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૭. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૮. | વિચાર નવનીત | ૧૮૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂ. |
|---|---|---|
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૯. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૦. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૧. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૨. | પ્રભાવના | ૧૨ |
| ૩૩. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે. | ૩૯ |
| ૩૪. | મેરુથી યે મોટા | ૧૦૦ |
| ૩૫. | JAIN DHARMA [English] | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૬. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૭. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૩૮. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૩૯. | પંથે પંથે પાથેય | ૧૨૫ |
| ૪૦. | Inspirational Stories of Shravak | ૫૦ |
| ૪૧. | **જૈન તત્ત્વનું સંક્ષિપ્ત વિવરણ** રમાબેન વિનોદભાઈ મહેતા લિખિત ગુજરાતીમાંથી અનુવાદ - | વિના મૂલ્ય |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે. એસ. એસ. રોડ, કેનેડી બ્રિજ, ઑપેરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
9819372908

**आयंकदंसी न करेइ पावं- ભગવાન મહાવીર..**

આતંકદર્શી પાપ કરતો નથી- ભગવાન મહાવીર. આતંકનો શબ્દનો અર્થ થાય છે ભય, ત્રાસ, અત્યાચાર, દુ:ખ,પીડા, રોગ વગેરે. આતંકદર્શી એટલે દુ:ખના સ્વરૂપને જાણનારો, સમજનારો. દુનિયામાં આતંકવાદીઓ ઘણા છે, આતંકદર્શીઓ બહુ ઓછા છે.. વર્તમાનમાં આતંકવાદી પ્રવૃતિઓ દુનિયાભરમાં પ્રસરી ગઈ છે ત્યારે ભગવાનમહાવીરનો સંદેશ મહત્વનો છે...

**न य वुग्गहियं कहं कहेज्जा- ભગવાન મહાવીર..**

વિગ્રહ કરાવનારી વાત ન કહેવી- ભગવાન મહાવીરે અઢી હજાર વર્ષ પહેલાં કહેલું આ વચન વર્તમાન જગતમાં જ્યારે દુનિયાભરની વાતો એક ખૂણામાંથી બીજા ખૂણામાં ઘડીકમાં પહોંચી જઈને લોકોને ભડકાવી દે છે અને હિંસાત્મક અથડામણોમાં પરિણમે છે ત્યારે કેટલું બધું ઉપયોગી જણાય છે ! ટેલિફોન, ફેક્સ, ઈ-મેઈલ, ઈન્ટરનેટ, ટી.વી, વિડીયો વગેરે આધુનિક માધ્યમો દ્વારા માત્ર ખબર જ નહિ, જીવંત દ્રશ્યો પણ ધરતીના બીજા છેડે થોડીવારમાં પહોંચાડી દેવાય છે ત્યારે વિગ્રહનાં નિમિત્તો ઘણાં ઊભાં થાય છે...

રમણલાલ ચી શાહના તંત્રીસ્થાનેથી એપ્રિલ ૧૯૯૭ અને ઓગસ્ટ ૧૯૯૭ના લેખો પ્રસ્તુત થયા છે. For detailed reading of April 1997 and August 1997 Editorials visit **www. prabuddhjeevan.in.**

---

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૮ ● અંક : ૪ ● ● તા. ૧૬-૪-૯૭ ● ●Regd. No. MH / MBI-South / 54 / 97
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ. ૮૦ ● ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ

## आयंकदंसी न करेइ पावं

—ભગવાન મહાવીર

### આતંકદર્શી પાપ નથી કરતો

[illegible]

---

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૮ ● અંક : ૮ ● ● તા. ૧૬-૮-૯૭ ● ●Regd. No. MH / MBI-South / 54 / 97
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ. ૮૦ ● ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ

## न य वुग्गहियं कहं कहेज्जा

—ભગવાન મહાવીર

### (વિગ્રહ કરાવનારી વાત ન કહેવી)

[illegible]

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

ડૉ. ગંભીરસિંહ ગોહિલ

મારો આ અંતિમ પત્ર છે, તે હું આનંદપૂર્વક લખું છું, તે એટલા માટે કે હું મારું આટલું જીવન ભરપૂર સંતોષ અને આનંદથી જીવ્યો છું. બલ્કે મને મારું જીવન એક અજબ આશ્ચર્યની મિસાલ લાગે છે.

સૌરાષ્ટ્રના એક એવા ગામડામાં ગરાસદાર ખેડૂત કુટુંબમાં હું જન્મ્યો અને ઉછર્યો જેની વસ્તી ૨૫૦ માણસોની હતી. તેમાં ઉજળિયાતો નહિ, કારીગર નહિ, હરિજન પણ નહિ, અનાજ દળાવવાથી લઈને, રૂઈ - સૂતાર - લુહારના કામ માટે બાજુના ગામે જવું પડે. ગામમાં પ્રાથમિક શાળા નહિ, ટપાલની વ્યવસ્થા નહિ, બસ પણ ન આવે.

તેમાંય એક ભારે તાવમાં ૭ વર્ષની ઉંમરે મારી સાંભળવાની અર્ધી શક્તિ ચાલી ગઈ. વડીલોને લાગ્યું કે મને ભણાવી શકાશે નહિ, તેથી ખેતીમાં જ રાખવો પડશે. ઘરનાં ગોધણ ચરાવનાર ગોવાળ સાથે મને સીમમાં મોકલવાનું શરૂ થયું. ખેતી માટેની પ્રાથમિક આ તાલીમ હતી.

તેમાં એક આશ્ચર્ય, મારા પિતાના એક મિત્ર બાજુના ગામના નાગજીભાઈ સોલંકી આવ્યા. તેઓ મુંબઈની એક નાટક સંગીતની કંપનીમાં કામ કરતા હતા. ન ફાવ્યું એટલે પરત આવ્યા. કહે, કંઈ કામ આપો. મારા પિતા કહે ખેતીનું કામ તો તમને ન અપાય. ગામનાં બાળકોને ભણાવો તો મહિને દસ રૂપિયા આપું અને ગામ લોકો પાસેથી દસ રૂપિયા અપાવુ. ૧૯૪૨ આસપાસનો આ સમય નાગજીભાઈએ પ્રાથમિક શાળા શરૂ કરી. હું વાંચતો થયો એટલે ગિજુભાઈની બાળવાર્તાઓની પુસ્તિકાઓ લાવી આપે. સાંજે એક બાપુના ઓટલે બેસી રામચરિત માનસ, પ્રેમાવંદના આખ્યાનો વગેરે સુરીલા કંઠે સંભળાવે. તેના ઊંડા સંસ્કારો પડ્યા. બે વરસે શાળા બંધ થઈ.

બાજુના ગામે ત્રણ ચાર કિલોમીટર ચાલીને જઈ ભણવાનું આગળ ચલાવ્યું. પણ ત્યાં માત્ર પાંચ ધોરણ સુધી જ ભણવાની વ્યવસ્થા. તે પણ પુરું થયું. હવે ? ફરી ખેતીની દિશામાં જવાનું રહ્યું.

ત્યાં વળી બીજું આશ્ચર્ય. મારા એક માસીયાઈ ભાઈ મને કહે, તને બોર્ડિંગ જોવા લઈ જવા છે. બોર્ડિંગ એટલે ભાવનગરનું રાજદૂત છાત્રાલય. ત્યાં રહ્યો જમવાની સુંદર વ્યવસ્થા હતી અને તખ્તસિંહ પરમાર ગુરૂજી સાથે મુલાકાત કરાવવામાં આવી. તેઓ કહે, અહીં આવવું છે ? મેં કહ્યું હા. તે માત્ર હા નહોતી મારા હૃદયનો નિર્ધાર હતો. વડીલોની ઇચ્છા નહીં. પણ મારી જીદની જિત થઈ.

અહીંથી મારી વિદ્યાયાત્રા શરૂ થઈ અને ૧૯૬૩ માં હું શામળદાસ કૉલેજ, ભાવનગરમાંથી એમ.એ. થયો. ૧૯૬૬માં ઉપલેટા જિ. રાજકોટની કોલેજમાં ગુજરાતીનો અધ્યાપક થયો.

કોલેજના મારા ચોથા વર્ષે સંચાલક મંડળે નિયમવિરુદ્ધ આચાર્યને છૂટા કરતાં સંઘર્ષ થયો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને કોર્ટે આચાર્યને ટેકો આપી ઉપલેટાની કોલેજ બંધ કરવાનું વિચાર્યું. ઉપાચાર્ય તરીકે મેં મક્કમતાથી કામ લઈ સંકટ નિવાર્યું. સંચાલક મંડળે સદ્ભાવપૂર્વક આચાર્ય તરીકે મારી નિયુક્તિ કરી. મારી શરતો માન્ય રાખી. મેં અરજી ન કરી, મારી નિમણૂક કામ ચલાઉને બદલે કાયમી ધોરણે કરી. આચાર્ય તરીકેનાં મારા પાંચ વર્ષ દરમ્યાન ઉપલેટા કોલેજ બદનામ થયેલી હતી, તેમાંથી પ્રતિષ્ઠિત કોલેજ તરીકે બહાર આવી.

નિવૃત્તિ નજીક આવતાં વિદ્યાસંસ્થા શામળદાસ કોલેજ, ભાવનગરના આચાર્ય તરીકે વિવિધ યોજનાઓ દ્વારા મને યશ મળ્યો જેની મેં ક્યારેય કલ્પના કરી નહોતી.

નિવૃત્તિ પછીનું વધુ એક આશ્ચર્ય માત્ર મારો બાયોડેટા જોઈ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીએ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના ચેરમેન તરીકે ગુણવત્તા જોઈને મારી નિમણૂક કરી. તે હોદ્દો ગુજરાત રાજ્યના રાજ્ય કક્ષાના મિનિસ્ટર સમકક્ષ હતો. તે પદે રહી તેના નવા વિશાળ મકાનનું ઉદ્ઘાટન કરાવ્યું, ચેરમેનને વધુ સત્તાઓ આપતો બંધારણીય સુધારો કરાવ્યો અને પાઠ્યપુસ્તક મંડળ બે જુદા જુદા સ્થળે વિભાજિત થયેલું હતું, તેને ધોરણસર રીતે એકત્રિત કરાવ્યું. આ સેવાઓ યાદગાર બની.

સમય જતાં સાહિત્યકાર તરીકેની કારકિર્દીનો વિકાસ થયો. દસેક પુસ્તકો પ્રગટ થયાં. તેમાંથી 'પ્રજાવત્સલ રાજવી' ભાવનગરના મહારાજ કૃષ્ણકુમાર સિંહજીનું જીવનચરિત્ર છે. તેને બંને ટોચની સાહિત્ય સંસ્થાઓએ ઉત્તમ જીવનચરિત્ર તરીકે પારિતોષિકો આપ્યાં. તેના અંગ્રેજી અને હિંદીમાં અનુવાદો થયા. તમિલ ભાષામાં અનુવાદ માટેની દરખાસ્ત ગતિમાં છે.

એક અભાવગ્રસ્ત ગરાસદાર ખેડૂત પુત્રને આથી વિશેષ શું જોઈએ ? ધન્યતા જ ધન્યતા. મને સુવર્ણ રથ દેખાય છે.

અલવિદા!!!

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**

**Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.**